
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૩મું
જુન - ૨૦૧૮
અંક : ૪૮૧
મંગલ મંદિર ● જૂન-૨૦૧૮ ● ૧
(કુલ પાના : ૯૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



↑ ગઈકાલ

## Summer Vacation

આજ ↓



: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org



ઔષધીય વનસ્પતિઓ દ્વારા સ્વાસ્થ્ય જાળવવા માટે
અમારાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો
તુલસી
કુંવારપાઠું
ALOE VERA
અમૃતફળ
આમળાં
આહાર એ જ ઔષધ
તમારું રસોડું જ તમારું દવાખાનું ભાગ ૧
તમારું રસોડું જ તમારું દવાખાનું ભાગ ૨
પૃથ્વી પરની સંજીવની ઘઉંના જવારા
રસાહાર દ્વારા તંદુરસ્તી અને રોગમુક્તિ
પાણી
આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.
NAVNEET®
Knowledge is wealth
NAVNEET EDUCATION LIMITED
Correspondence Address : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380 052. India
Phone : (079) 6630 5000, 6630 5001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
email : navneet.ahd@navneet.com • Website : www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

# સાહિત્યરસિકોએ વસાવવા જેવાં પુસ્તકો




**ટુકડો ■ લે. ગિરિમા ઘારેખાન (રૂ. : 150)**
ચોવીસ કેરેટની અણિશુદ્ધ સામાજિક નવલિકાઓનો વિશિષ્ટ વાર્તાસંગ્રહ.

**ધબકતું શિલ્પ ■ લે. રેખાબા સરવૈયા (રૂ. : 125)**
સ્ત્રીજીવનની માર્મિક 15 નવલિકાઓ

**કથા-સરિત્સાગર ■ અનુ. હસુ યાજ્ઞિક (રૂ. : 600)**
પેન્ઝરે જેને વિશ્વની ઉત્તમ કૃતિ કહેલી અને જેમાંથી પ્રેરણા લઈને પંચતંત્ર-હિતોપદેશ, સિંહાસનબત્રીસી, વેતાળપચીસી, મુદ્રારાક્ષસ, મૃગાવતી જેવી કથાઓ લખાઈ તે પદ્યકથા 'બૃહત્કથા'ના ગદ્ય-અનુવાદ.




**પિંજરની આરપાર ■ લે. માધવ રામાનુજ (રૂ. : 370)**
પ્રાણીવિદ્ રૂબિન ડેવિડના જીવન પર આધારિત નવલકથાની તદ્દન નવી આવૃત્તિ.

**શાહજાદી ફીરોજા ■ લે. પુરુષોત્તમ પોમલ, અનુ. કે.જે. બારોટ (રૂ. 250)**
અલ્લઉદ્દીન ખીલજીની રાજકુમારી ફીરોજા અને સ્વર્ણગિરિ જાલોરના સોનગરા રાજકુમાર વીરમદેવના પ્રણયની અનોખી કથા ગુજરાતી ભાષામાં પ્રથમ વખત.


**મોજમાં રે'વું રે ■ લે. રતિલાલ બોરીસાગર (રૂ. : 130)**
ટેન્શન અને ઉચાટભર્યા જીવનમાં બે ઘડી મોજ કરાવતા હાસ્યલેખોનો સંગ્રહ.




**હાસ્યવર્ષા ■ લે. પલ્લવી મિસ્ત્રી (રૂ. 140)**
વ્યંગ્ય-કટાક્ષ વગર જ હાસ્યરસથી તરબોળ કરતા લેખો.

**કોઈ ઝબકે, કોઈ ઝબકાવે ■ લે. ધીરેન્દ્ર મહેતા (રૂ. 120)**
વર્તમાન સાહિત્યજગતના પ્રતિભાવંત સર્જકો સાથેના સંવાદ

**ગંગાસતીની અમરવાણી ■ લે. સ્વામી સચ્ચિદાનંદ (રૂ. 250)**
વીજળીના ઝબકારે મોતી પરોવતાં ભક્તિકાવ્યોનો આસ્વાદ




**દીકરો વહાલનું આસમાન ■ લે. નીલમ દોશી (રૂ. 280)**
દીકરી વહાલનો દરિયો છે તો દીકરો પણ વહાલનું આસમાન છે એ સત્યનું દર્શાવતા લેખો

**કસ્તૂરબા ■ લે. નારાયણ દેસાઈ (રૂ. : 65) (પુરસ્કૃત)**
મહાત્મા ગાંધીનાં જીવનસંગિની કસ્તૂરબાનું સમગ્ર જીવન ગૂંથતું અનોખું નાટક

**ભંવર ■ લે. ભાવના વકીલના (રૂ. 70) (પુરસ્કૃત)**
શાળા-કૉલેજમાં ભજવી શકાય તેવાં એકાંકીઓ




**ઇતની શક્તિ હમેં દેના દાતા ■ સંપા. દેવેન્દ્ર ભટ્ટ (રૂ. 60)**
શાળા-કૉલેજમાં તેમજ દૈનિક ઉપયોગી પ્રાર્થનાકાવ્યો

**મોહતરમા ■ લે. નરેશ કે. દોડિયા (રૂ. 85)**
ગઝલપ્રેમીઓને ઘેલા કરે એવી અનેક ગઝલોનો સંગ્રહ




**ફેસબૂકમાંના ચહેરા ■ લે. મનીષા ગાલા (રૂ. 300)**
નવી જનરેશનને ગમી જાય એવી શુદ્ધ અને સાત્ત્વિક કથા

**એવરી-ડે, પૅરન્ટ્સ-ડે ■ સંપા. રોહિત શાહ (રૂ. 201)**
માતા-પિતા પ્રત્યે રિસ્પેક્ટ કરવાની પ્રેરણા આપતા લેખો

**ગાંધીકથા ■ લે. ઉમાશંકર જોશી (રૂ. 170)**
બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરે એવું પ્રેરક જીવનચરિત્ર

*********

## આવાં અન્ય અનન્ય પુસ્તકો ખરીદવાનાં અમદાવાદનાં ગ્રંથતીર્થો

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

*********

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- તંત્રી લેખ : વેકેશન ....... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ....... ૮
- શ્રદ્ધાંજલી :
  વિનોદ ભટ્ટની વિદાય : વરિષ્ઠ પેઢીના સર્જકો સરકતા જાય છે ....... ૯

**લેખ વિભાગ**

**કચ્છની રસધાર**

- કચ્છનો કેસરી વીર કારાયલ અને સતી કપૂરી ....... **દુલેરાય કારાણી** ..... ૧૦

**કચ્છી કથા**

- રુઘો જોશી ....... **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૧૮

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ – (૨૦)
  બાળકો સાથે છેલ્લી મુલાકાત અને વિદાય ....... **હંસરાજ સાંખલા** ..... ૧૯

**નવલિકા**

- ખોવાઈ ગયેલું ગામ ....... **માવજી મહેશ્વરી** ..... ૨૨
- એક ખાનગી વાત ....... **ગિરા પિનાકીન ભટ્ટ** ..... ૨૬

**ટૂંકી વાર્તા**

- ગિરજા આન્ટી ....... **ગિરીશ ભટ્ટ** ..... ૩૦

**પર્વ**

- ગંગા દશેરા ....... **સ્વામી શિવાનંદ સરસ્વતી** ..... ૩૩
- રમઝાન મહિનો પવિત્ર કેમ ગણાય છે? ....... **કબીર સી. લાલાણી** ..... ૩૪

**શિક્ષણ**

- શિક્ષણના કેન્દ્રમાં કોણ છે? ....... **મનસુખ સલ્લા** ..... ૩૫

**શિક્ષણ ચિંતન**

- પરીક્ષાની પરખ ....... **ઇલા કે. શાહ** ..... ૩૬

**ચિંતન**

- અધ્યાત્મની કેડીએ પોપટપાઠ ભૂલો – વૈજ્ઞાનિકતા અપનાવો ....... **કીર્તિચંદ્ર શાહ** ..... ૩૮
- નશો નાશ અને વિનાશનું મૂળ છે ....... **રાઘવજી પાસડ** ..... ૪૧

**મંથન**

- જીવવાનું પ્લાનિંગ ....... **કૃષ્ણકાંત ઉનડકટ** ..... ૪૨

**ધર્મ**

- ધર્મ શું છે? ....... **મોહમ્મદ એ. ત્રવાડી** ..... ૪૩

**લોકકથા**

- મહીપત દીઠો મૂળવો ....... **નાનાભાઈ જેબલિયા** ..... ૪૫

**સમાજ ચિંતન**

- એક દિવસની દવા ....... **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૪૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## પ્રેરણા
● જ્યાં ચાહ હોય, ત્યાં રાહ હોય ........ **અમલા પરીખ** ..... ૪૮

## આધુનિક પ્રશ્ન
● પ્લાસ્ટિકની સમસ્યા અને સમાધાન ........ **સંકલિત** ..... ૪૯

## બાળ ઉછેર
● મા બાપે વિચારવા જેવી વાત ........ **જયશ્રી પીયૂષ** ..... ૫૨

## સ્વાસ્થ્ય
● શું આત્મહત્યાના વિચારો / પ્રયાસ બીમારી છે?....... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ (ગડા)** ..... ૫૩
● આંખનો રોગ : ઝામર
ઝામર માટેની તબીબી માહિતી ........ **ડૉ. દિલીપ મોદી** ..... ૫૫

## વિજ્ઞાન
● પોતાના જ ગ્રહને ભરખી જતો તારો : RZ Piscium ........ **વિહારી છાયા** ..... ૫૬

## સંસ્મરણ
● કાકાનું બટન ........ **ધીરુબેન પટેલ** ..... ૫૭
● ન હિંદુ બનેગા, ન મુસલમાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ, ઈન્સાન બનેગા. ........ **ડૉ. હર્ષદ કામદાર** ..... ૫૮

## વિભૂતિ વંદના
● એક નામ — જયપ્રકાશ ........ **ગોવિંદભાઈ રાવલ** ..... ૫૯

## હાસ્યની હેલી
● કોયલના ટહુકે વસંત ........ **વિનોદ ભટ્ટ** ..... ૬૧
● સહેલા કામો અઘરાં છે — મારા માટે ........ **રતિલાલ બોરીસાગર** ..... ૬૨
● મોટા થવામાં માલ નથી........ **શાહબુદ્દીન રાઠોડ** ..... ૬૪
● હાશ! મારો આજનો આખો દિવસ સુધરી ગયો ........ **મધુસૂદન પારેખ** ..... ૬૬
● એરિસ્ટોટલ અને શેઠ બ્રધર્સ ........ **હરીશ મહુવાકર** ..... ૬૭

## નિયમિત વિભાગો
● બાલુડેં જ્યું ગાલિયું........ **ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૯
● આંજો કાગર ........ ૭૦
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૦
● *Nano Nine* શબ્દ રમત-૧૪૧ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૧
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૮)........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૩
● જાણવા જેવું........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૪
● વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૭૫
● સમાજ દર્પણ ........ ૭૭
● સંસ્થા સમાચાર ........ ૭૮
● ઊડતી નજરે ........ ૮૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : શૈક્ષણિક લોન અરજી માટેનું ફોર્મ ........ ૮૫



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# વેકેશન

બાળપણથી દરેક વ્યક્તિએ એક શબ્દ સાંભળેલો છે અને તે છે 'વેકેશન'. આ શબ્દનું ગુજરાતીકરણ સાદી ભાષામાં 'સ્કૂલમાં ગરમીઓની રજાઓ' થાય છે. ખરેખર જે વ્યક્તિઆ આ પ્રથા ચાલુ કરેલ હશે તે ધન્યવાદને પાત્ર છે. આપણે ઉપર સ્કૂલની છુટ્ટીઓની વાત કરી તો શરૂઆત પણ ત્યાંથી જ કરશું. વિદ્યાર્થીઓ આખું વરસ ભણીને પરીક્ષા આપે એટલે માનસિક હળવાશ અનુભવે એટલે રજાની ખાસ જરૂરત હોય. ઉપરાંત ઉનાળાની ગરમીથી બાળકોને બચાવવા માટેનો પણ આ એક રસ્તો છે. સાથે સાથે નવા અભ્યાસમાં જોડાવવાની તૈયારી પણ કરવાની હોય છે. જૂના જમાનામાં વિદ્યાર્થીઓ કે વાલીઓને અભ્યાસ અંગેની ખાસ ચિંતા થતી ન હતી. ઘણીવાર તો વાલીઓને ખબર પણ નહોતી હોતી કે તેમનું બાળક કઈ કક્ષામાં ભણે છે અને બાળકને ફક્ત પાસ થવાની ચિંતા થતી હતી. કેટલા વધારે ટકા - માર્ક્સ આવ્યા એની ખાસ ચિંતા થતી ન હતી. ૪૦ / ૫૦% ઉપર આવે એટલે ખુશ થઈ જતાં અને તેઓ પોતાનું વેકેશન હળવાશથી માણી શકતાં.

જ્યારે આજે જમાનો ખૂબ જ આગળ વધી ગયો છે. જૂના જમાનામાં બધા જ વિષયો સાથેની જેટલી ચોપડીઓ થતી હતી એટલા બધા સાથેની આજે એક વિષયની ચોપડીઓ થાય છે. એટલે કે ભણતર લગભગ ૧૦ ગણું વધી ગયું છે. આજે વિદ્યાર્થીઓ ૮૦% ઉપર માર્ક્સ લાવે તે સારો અને ૯૦% ઉપર લાવે તે હોશિયાર ગણાય. પણ માર્ક્સ મેળવવાની હરીફાઈ તો ૯૫થી ૯૯% માર્ક્સ લાવવાની હોય છે. સ્પર્ધાના આ યુગમાં સારી સ્કૂલો / કૉલેજોમાં એડમિશન લેવા માટે ૧%નો ફરક પણ ઘણી વખત ભારે પડી જાય છે. પહેલાંના જમાનામાં વિદ્યાર્થીઓ આવી કાળજી લેતા ન હતા પણ અત્યારે વિદ્યાર્થીઓ સારા માર્ક્સ લાવવાની ખૂબ જ કાળજી લે છે. વળી તેઓ વેકેશનમાં આગામી અભ્યાસની તૈયારી સાથે કંઈક નવું શીખવા માટે વિવિધ ક્લાસો પણ ભરતા થઈ ગયા છે.

વેકેશન એટલે વિદ્યાર્થીઓને આરામ. ઉપર વિદ્યાર્થીઓની વાત થઈ. પણ ખરેખર તો દરેક વ્યક્તિએ તેના વ્યસ્ત જીવનમાં દર વર્ષે સમય કાઢી થોડો સમય આરામ કરી લેવો જોઈએ. આરામ એટલે ફક્ત શારીરિક જ નહીં; ખાસ તો માનસિક આરામની જરૂરત આ યુગમાં વધારે છે અને એટલે જ આપણા ધર્મમાં અલગ અલગ સંપ્રદાયોમાં એવા તહેવાર ગોઠવાયેલા છે જેમાં વ્યક્તિઓ પોતાની રોજિંદી ચિંતાઓ છોડીને મનની શાંતિ માટે વ્રત, ઉપવાસ કરે છે. સાથે સાથે આનંદ પ્રમોદ સાથે તહેવાર ઊજવે છે. એના દાખલાઓમાં જૈનોનાં પર્યુષણ પર્વ, વૈષ્ણવોમાં શ્રાવણ માસ અને મુસ્લિમોમાં રમજાન વગેરે ખાસ છે. સાથે સાથે હોળી - દિવાળી કે ઈદ વગેરે તહેવાર પણ વ્યવસાયિક વ્યક્તિઓ માટે વેકેશનની ગરજ સારે છે.

આ અંક વાચકોના હાથમાં આવશે ત્યારે વેકેશન પૂરું થવા આવશે પણ આપણે ઈચ્છીએ કે સ્પર્ધાના આ યુગમાં આપણા બાળકો સારી રીતે ભણી શકે તે માટે તેમને પૂરતી સગવડો આપીએ. ફક્ત શિક્ષણ જ નહીં પરંતુ રમત-ગમત ક્ષેત્રે પણ આગળ વધે તે માટે પ્રોત્સાહન આપીએ. એક ચિંતાજનક હકીકત એ પણ છે કે સ્પર્ધા અને હરીફાઈના આ યુગમાં બાળકોનું કુદરતી બાળપણ છીનવાઈ જાય છે. એ સતત પરીક્ષાની ધાકમાં રહ્યા કરતાં હોઈ ભારે સ્ટ્રેસ અનુભવે છે. એમની સાથોસાથ આખો પરિવાર પણ ભારે ટેન્શનમાં જીવે છે. કારકિર્દી પાછળ જિંદગીના સાચા આનંદની બલિ ચડાવી દેવાય છે. આ ખૂબ જ ગંભીર બાબત ગણાવી જોઈએ. વેકેશનમાં પણ હવે તો બાળકોને કોઈ ને કોઈ ટ્યૂશન ક્લાસ ભરવાના હોય છે. બાળપણ રમવા સાથે ભણવાની ઉંમર છે. પશ્ચિમના અનુકરણમાં અને કારકિર્દીની લાયમાં આપણે અજાણતાં જ આપણાં વહાલાં બાળકોને અન્યાય કરી રહ્યા હોય એમ નથી લાગતું? કારકિર્દી કરતાં જીવન વધારે મહત્ત્વનું છે. ■

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૯-૬-૨૦૧૮ અને રવિવાર, તા. ૧૦-૬-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | રાહત દરે નોટબુક - ચોપડા વિતરણ કાર્યક્રમ. |
| ● શનિવાર, તા. ૧૬-૬-૨૦૧૮ રાત્રે ૮.૨૯ વાગ્યાથી | બેઝમેન્ટ હોલ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | 'દેશી ડાયનેમો' – શ્રી અશોકા રોય (જાદુગર)નો કાર્યક્રમ. |
| ● રવિવાર, તા. ૧૭-૬-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | BLISS AQUA WORLD RESORTની મુલાકાતનું આયોજન. |
| ● સોમવાર, તા. ૨૫-૬-૨૦૧૮ સાંજે ૪.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | કમલેશ મહેતાનો 'ખાઈ પી ને વજન ઘટાડો' અંગે વાર્તાલાપ. ત્યારબાદ હાસ્યરસથી ભરપૂર નાટક. |
| ● શુક્રવાર, તા. ૨૯-૬-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે કાર્યક્રમ. બહેનોની સમસ્યાઓનું યોગ થેરાપીથી સમાધાન. |
| ● રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૮ | સેરેનીટી લાઈબ્રેરી અને બોટેનિકલ ગાર્ડન | યુવા વિકાસ સમિતિ | એજ્યુકેશન ટુર અને ડબ્બા ઉજાણી. |
| ● તા. ૧૧-૧૨-૨૦૧૮થી તા. ૨૨-૧૨-૨૦૧૮ | શિખરજી, પંચતીર્થી ભાગલપુર, બનારસ | યુવા વિકાસ સમિતિ | સમેત શિખરજીની યાત્રાનું આયોજન. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

શ્રદ્ધાંજલી

# વિનોદ ભટ્ટની વિદાય : વરિષ્ઠ પેઢીના સર્જકો સરકતા જાય છે

કેશુભાઈ દેસાઈ

ગુજરાતી સમાજ અને સાહિત્ય સાથે સંકળાયેલા જૂજ સાહિત્યકારોમાં વિનોદ ભટ્ટ મોખરે હતા. એમના નામ પર સભાગૃહો છલકાતાં અને એમની કટારની કદાચ સૌથી વધુ બે-ચાર લોકપ્રિય કટારોમાં ગણના કરવી પડે એવી મનોરંજક છતાં અર્થસભર રહેતી હતી. વિનોદ ભટ્ટની વિદાય ઉંમરની રૂએ બહુ વહેલી ન ગણાય પરંતુ ગુજરાતના વાચક સમુદાય માટે એ ક્યારેય ન પુરાઈ શકે એવી ખોટ પુરવાર થવાની છે. જ્યોતીન્દ્ર દવે અને બકુલ ત્રિપાઠી સાથે પાટલો માંડી એમણે ગુજરાતની સ્ટ્રેસ અનુભવતી પ્રજાને જીવનની અંતિમ ક્ષણ સુધી હસાવી - રાજી રાખી. એમણે વારંવાર મૃત્યુને થાપ આપી હતી પરંતુ પત્ની નલિનીબહેનની વિદાય પછી એ એકલતા અનુભવતા હતા. કિડની બગડી હોવાની ખબર હોવા છતાં અને તજજ્ઞ તબીબો ઉપરાંત વરિષ્ઠ સાહિત્યકારોની વિનંતી છતાં એમણે ડાયાલિસિસ કરાવી જિંદગી લંબાવવાનો વિકલ્પ ન સ્વીકાર્યો. એ દૃષ્ટિએ વિનોદ ભટ્ટે સામે ચાલીને મૃત્યુને પ્રેમપૂર્વક આવકાર્યું જ ગણાય. એમની વિદાયવેળાએ વાજાં વગડાવીને એમના પરિવારજનોએ પણ એમનું સુયોગ્ય તર્પણ કર્યું. એમણે દેહદાન કરીને માનવીના શરીરનો શ્રેષ્ઠ સદુપયોગ મૃત્યુ પછી પણ થઈ શકે એવો દાખલો બેસાડ્યો છે. આવા પ્રતિષ્ઠિત અને લોકપ્રિય સર્જક દ્વારા અપાયેલો આ મૂક સંદેશ ઘણા બધા માટે પ્રેરક બની રહેશે. જેમ પ્રેમાનંદ માટે કહેવાયું હતું એમ વિનોદ ભટ્ટ વિશે પણ કહી શકાય કે એમના પેંગડામાં પગ ઘાલનારો હાસ્યલેખક પાકે ત્યારે પાક્યો જાણવો. જ્યોતીન્દ્ર દવેની ખોટ વિનોદ ભટ્ટે પૂરી કરી હતી પણ વિનોદ ભટ્ટની ખોટ પૂરે એવી કોઈ કલમ હાલ તો દેખાતી નતી. એવું નથી કે ગુજરાતી સાહિત્યમાં હાસ્ય લેખનનો દુકાળ પડ્યો છે. રતિલાલ બોરીસાગરનું મરક મરક હાસ્ય કે અશોક દવેનું બૌદ્ધિક હાસ્ય, નિરંજન ત્રિવેદીનું અને મનુ શેખચલ્લીનું તીખું હાસ્ય આપણને ઉપલબ્ધ છે. પરંતુ વિનોદ ભટ્ટ એ વિનોદ ભટ્ટ હતા : . વિનોદ ભટ્ટની વિદાય સાથે ગુજરાતી સાહિત્યની વરિષ્ઠ પેઢીનાં કેટકેટલાં નક્ષત્રો અસ્ત થઈ ગયાં! લાભશંકર ઠાકર, ચિનુ મોદી, નિરંજન ભગત, જલન માતરી, ઉજમશી પરમાર, નાનુભાઈ નાયક, સુભાષ શાહ.... આ બધાની વિદાય પછી હવે જેમને મૂર્ધન્ય કહેવા પડે એવાં જૂજ નામ બચે છે. ગુણવંત શાહ અને ભગવતીકુમાર શર્મા ઘણા લાંબા સમયથી માંદા છે. ઈશ્વર તેમને લાંબું આયુષ્ય આપે!

***ગુજરાતીના ગરવા સર્જકોની વિદાયથી સ્વાભાવિક રીતે જ આપણી ભાષાના ભવિષ્યની ચિંતા જાગે છે....***

# પુણ્યકર્મનો પવિત્ર અધિક માસ — પુરુષોત્તમ માસ

દર ત્રીજા વર્ષે આવતો અધિક માસ પવિત્ર પુણ્યકાર્ય માટે પુરુષોત્તમ માસ તરીકે ઓળખાય છે. વર્ષ - માસ - દિવસ - પ્રહર - ઘડી - પળ - વિપળ એ કાળના અંશો છે. આ બધાની ગણતરી કરીને વાર્ષિક પંચાંગ તૈયાર કરવામાં આવે છે. તેની સૂક્ષ્મ રીતે ગણતરી કરતાં કરતાં દર ત્રણ વર્ષે એક વધારાનો માસ - મહિનો પ્રગટ થાય છે. તેમાં સૂર્ય સંક્રાંતિ ન હોવાથી તે મળમાસ તરીકે પણ ઓળખાય છે.

આ વર્ષે દેવોને પણ પ્રિય એવા અધિક માસ એટલે કે પુરુષોત્તમ માસનો પ્રારંભ તા. ૧૬મી મે થી થયો છે. જ્યાં પ્રથમ જેઠ માસ એ અધિક માસ - પુરુષોત્તમ માસ છે. જ્યારે બીજો જેઠ નીજ છે. તા. ૧૩મી જૂને અધિક માસ પૂરો થશે.

આપણે ત્યાં સામાન્ય રીતે પંચાંગ પ્રમાણે હેમંત ઋતુથી વસંતના પૂર્વાર્ધ સુધીમાં, એટલે કે કારતકથી ફાગણ સુધીમાં અધિક માસ આવતો નથી. ચૈત્રથી આસો સુધીના મહિનાઓમાં વચ્ચે અધિક માસ આવે છે તેમજ અધિક માસનું બીજું નામ મળ માસ પણ છે અને તેથી જ શુભ કાર્યો મળ માસમાં થતા નથી. અધિક માસના દેવ ભગવાન શ્રી પુરુષોત્તમ હોવાથી આ માસને 'પુરુષોત્તમ માસ' કહેવાય છે. આ માસમાં કરેલું દાન - પુણ્ય અધિક ફળ આપનારું છે. 'અધિકસ્ય અધિકં ફલં'. આ માસમાં ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના શ્રેષ્ઠ છે અને તેથી જ ઘણા ભક્તો એક ટાણા, ઉપવાસ, વારણા - પારણા કરે છે. પુરુષોત્તમ તત્ત્વ વિશે ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં જણાવે છે કે, 'હું આ ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું' — તેથી લોકમાં અને વેદોમાં હું 'પુરુષોત્તમ' એ નામથી પ્રસિદ્ધ છું.

***દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ) - અમદાવાદ (મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮)***

કચ્છની રસધાર

# કચ્છનો કેસરી વીર કારાયલ અને સતી કપૂરી

દુલેરાય કારાણી

## બહારવટાને પંથે

કચ્છનો ઓજસપૂર્ણ ઈતિહાસ ઘણે ભાગે અંધકારમાં હોવા છતાં તેને પાનેપાને પ્રકાશી રહેલાં શૌર્ય, વીર્ય, શક્તિ અને ભક્તિનાં તેજસ્વી કિરણો કાળના પ્રગાઢ પડને ચીરીને આજે પણ ચમકી રહ્યાં છે.

વીર વિક્રમની દશમી શતાબ્દીનો સમય હતો. કરોળિયાનાં જાળાં જેવી - કચ્છમાં ઠામઠામ બાઝી રહેલી - કાઠીસત્તા સમા વીરોના સપાટાથી વિખેરાવા લાગી હતી. કેટલાયે કાઠી શ્રીમંતો પોતાની અનર્ગળ દોલત ધરતી માતાના ઉદરમાં પધરાવીને રાતોરાત પોબારા ગણી ગયા હતા. કારણ કે, એમની સલામતી પર એ વખતે મોટું જોખમ ઝઝૂમી રહ્યું હતું.

સિંધમાં એ સમયે સમા સરદારો અને સૂમરાઓ વચ્ચે અવારનવાર લડાઈઓ ફાટી નીકળતી હતી. બંને પક્ષ બળવાન હતા. કોઈ કોઈને મચક આપે એવા ન હતા. આખરે આ સંઘર્ષથી કંટાળીને કેટલાક સમા સરદારો સિંધનો ત્યાગ કરીને કારીકચ્છી એટલે પચ્છમના પ્રદેશમાં આવી વસ્યા હતા. અહીં કુનરીઆ ગામમાં જામ લાખિયાર ભડના વંશજ નારાયણ સમાએ પોતાનું સ્થાન જમાવ્યું હતું.

નારાયણ સમાને સઘળી વાતે સુખ હતું. દુ:ખ એક જ હતું; એને શેર માટીની ખોટ હતી. તેણે પાણા એટલા પીર કર્યા પણ એના અંતરની અભિલાષ પરિપૂર્ણ થઈ ન હતી. તેની પ્રજા અને તેના નોકરોચાકરો પણ પ્રભાતમાં તેનું મુખ જોવા તૈયાર ન હતા. વાંઝિયાપણાના દુ:ખથી અકળાઈને નારાયણ સમો કોઈને કશી જાણ કર્યા વિના પોતાની રાજધાની બહાર ચાલ્યો ગયો.

કેટલાક દિવસે તેને કચ્છના ચિત્રાણા ડુંગર પર તપ કરી રહેલા એક સમર્થ યોગી ચિત્રનાથની ભાળ લાગી. આથી તે ચિત્રાણા ડુંગર પર મહાત્મા ચિત્રનાથ પાસે આવી પહોંચ્યો. તેણે પોતાની દુ:ખદ પરિસ્થિતિનું વર્ણન રડતા હૃદયે આ મહાત્માના સાન્નિધ્યમાં રજૂ કર્યું. સમા સરદારની દયાજનક સ્થિતિ પર યોગીને દયા આવી. તેણે થોડે દૂર ઊભેલા એક આમ્રવૃક્ષમાંથી એક આમ્રફળ તોડી લાવવાની તેને આજ્ઞા કરી.

યોગીની આજ્ઞાનો અમલ કરવા નારાયણ સમો આમ્રવૃક્ષ પાસે આવ્યો. તેને વિચાર આવ્યો, કે એકને બદલે બે ફળ લીધાં હોય તો શું ખોટું? તેણે આંબા પરથી બે ફળ તોડી લીધાં. એક પોતાની ભેઠમાં સંતાડી દીધું અને બીજું હાથમાં લઈને તે ગુરુમહારાજ પાસે હાજર થયો.

નારાયણ સમાની ચાલાકી યોગી સમજી ગયો હતો. તે બોલ્યો : 'સમા સરદાર! તારા હાથમાંનું ફળ તારી રાણીને ખવડાવજે! ઈશ્વરકૃપાએ તારે ત્યાં પુત્રનો જન્મ થશે; પરંતુ તેં ચૌર્યવૃત્તિ રાખી એટલે તારો પુત્ર બહારવટિયો થશે એ વાત ભૂલીશ નહિ!"

નારાયણ સમો હાથ જોડીને ક્ષમા માગતાં બોલ્યો : "મહારાજ, એ દોષ મારો છે. પણ મારું વાંઝિયામહેણું ટળે છે તેને હું મારાં અહોભાગ્ય માનું છું." આમ કહી મહાત્માની આજ્ઞા લઈને તે ત્યાંથી પાછો ફર્યો.

યોગીના વચન અનુસાર નારાયણ સમાને ત્યાં યોગ્ય સમયે દેવના ચક્ર જેવા એક સ્વરૂપવાન કુમારનો જન્મ થયો. આ કુમાર તે આપણી કથાનો વીર નાયક કારાયલ સમો!

કચ્છી ભાષામાં કહેવત છે "પુતર જા લખણ પીંગે મેં પધરા." આ કહેણી અનુસાર કારાયલકુમારમાં શૌર્ય અને ઔદાર્ય જેવા ગુણો ઓતપ્રોત થયેલા દેખાતા હતા. તેની પાસે યાચના કરનાર કોઈ પણ યાચક નિરાશ થઈને ન જાય એવો એનો નિયમ હતો. ભાટ-ચારણાદિ યાચક વર્ગના લોકો કારાયલકુમારની ઉદારતા પર આફરીન હતા.

કારાયલકુમાર વયમાં આવતાં તેને તેના પિતા તરફથી મળતી જૂજ રકમનો દરમાયો, તેના હાથમાંથી વહેતી દાનની સરિતામાં માત્ર એક નાની ઝરણી જેવો થઈ પડ્યો. આ મુશ્કેલીને પહોંચી વળવા માટે કારાયલને એક નવો જ માર્ગ ગ્રહણ કરવાની ફરજ પડી. જ્યારે જ્યારે લાગ ફાવતો ત્યારે ત્યારે સિંધ પ્રદેશના સૂમરા રાજ્યમાંથી મોટી ધાડ મારી આવતો. આ રીતે મોટાઓને લૂંટી ગરીબોને દાન આપવાની પોતાની પુણ્યપ્રથા તેણે અખંડિત રાખી. કારાયલકુમારની આ રીત પિતાને રુચતી નહિ; પરંતુ તેને યોગીના વચનનું પરિણામ માનીને તે મનનું દુ:ખ મનમાં જ સમાવી દેતો.

એકવાર કારાયલે સિંધ બાંભણાસરના બાદશાહનો ખજાનો ફાડીને એક મોટી લૂંટ મારવાનો વિચાર કર્યો. બરાબર લાગ સાધી તેણે બાદશાહી ખજાનો ફોડ્યો. ત્યાંથી અખૂટ દ્રવ્ય ઉઠાવી

રાતની રાતમાં તે પોતાના સ્થાન પર પહોંચી આવ્યો.

બીજી સવારે બાંભણાસરના બાદશાહને પોતાનો મોટો ખજાનો લૂંટાયાની જાણ થઈ. તેણે ચોરને પાતાળમાંથી પણ શોધી કાઢવાનો નિશ્ચય કર્યો. પાણીમાંથી પણ પગ શોધી કાઢે એવા કુશળ પગીઓને તેણે રોકી લીધા. પગીઓ ચોરના પગ લેતા-લેતા પચ્છમ પ્રદેશ તરફ આવવા લાગ્યા. ચોરનો પગ ચાલતાં-ચાલતાં નારાયણ સમાના દરબારગઢમાં આવી લાગ્યો. કારાયલનાં પરાક્રમો તો પ્રખ્યાત હતાં. પગીઓ આ ચોરકુમારને ઓળખી ગયા. પણ નારાયણ સમા પાસે આ હકીકત રજૂ કરવાની તેમની હિંમત ન ચાલતાં પાછા ફર્યા.

જ્યારે બાંભણાસરના બાદશાહે જાણ્યું કે આ ચોરી કરનાર નારાયણ સમાનો રાજકુમાર કારાયલ છે ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે નારાયણ સમાને તેના બહારવટિયા પુત્રને દેશપાર કરવાની તાકીદ આપી દીધી.

નારાયણ સમાને પણ હવે તેના તોફાની પુત્રનાં કારસ્તાનોથી કંટાળો આવવા લાગ્યો હતો. બાંભણાસરના બાદશાહનો હુકમ પણ તેની મદદમાં આવ્યો. કારાયલને સમજાવીને ઠેકાણે લાવવાના આજ સુધીના તેના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા. આથી નારાયણ સમાએ બાદશાહનો સંદેશો કારાયલના કાન પર મૂકી દીધો.

કારાયલ કોઈની પરવા કરે તેવો ન હતો. પોતાના બાહુબળ પર જ પ્રમત્ત રહેનાર કારાયલને પરિણામની પરવા ન હતી. પિતાને ધર્મસંકટમાંથી મુક્ત કરવા કારાયલ સમાએ પોતાના થોડા સંગાથીઓ સાથે પચ્છમ પ્રદેશની વિદાય લીધી. કુદરત જ્યાં ખેંચી જાય ત્યાં ચાલ્યા જવા તેણે પોતાના જીવનનાવને ઝંપલાવી દીધું.

કારાયલકુમાર સૌથી પ્રથમ ચિત્રાણા ડુંગર પર આવ્યો. જે મહાત્માની કૃપા વડે તેનો જન્મ થયો હતો તે જ યોગી ચિત્રનાથ હજુ આ ચિત્રાણા ડુંગર પર તપશ્ચર્યા આદરી રહ્યા હતા. કારાયલ યોગીરાજને પગે પડ્યો અને આશીર્વાદની માગણી કરી. ચિત્રનાથ એને જોતાં જ જાણી ગયા હતા કે એ નારાયણ સમાનો કુમાર છે. યોગીરાજે પોતાના આશીર્વાદની નિશાની તરીકે તેને એક યંત્ર આપ્યું અને કહ્યું કે જ્યાં સુધી આ યંત્ર એની પાસે હશે ત્યાં સુધી એને ઊની આંચ પણ આવવાની નથી.

યોગી મહાત્માના આશીર્વાદ મસ્તક પર ચઢાવીને કારાયલ પોતાના સાથીઓ સાથે આગળ ચાલ્યો. કાયમી નિવાસ માટે યોગ્ય સ્થાન પસંદ કરવા તે જુદા જુદા ડુંગરોનાં સ્થાનક તપાસતો ચાલવા લાગ્યો. આમ ફરતો-ફરતો તે આખરે પચ્છમાઈ ડુંગર પર આવી પહોંચ્યો. આ ડુંગર લખગુરુનો કહેવાય છે. આ પચ્છમાઈ ડુંગર કારાયલને પોતાના નિવાસસ્થળ તરીકે તદ્દન યોગ્ય લાગ્યો. એ ડુંગરમાં મોટીમોટી ખીણો વચ્ચે વહેતાં નિર્મળ નીર, મોટાંમોટાં ઝાડનાં ઝુંડ અને અનેક ગુફાઓનાં ગુપ્ત સ્થળો આવેલાં હોવાથી આ ડુંગર ઉપર જ તેણે પોતાની પસંદગી ઉથારી. લખગુરુના આ પચ્છમાઈ ડુંગર અર્થાત્ રણને કિનારે આવેલા કાળા ડુંગર પર તેણે પોતાનું મેલાણ જમાવી દીધું.

અહીં રહીને તેણે સિંધ પ્રદેશમાં લૂંટફાટ ચલાવવા માંડી. આ બહાદુર બહારવટિયાની હાકના પડઘા સિંધ અને કચ્છને પણ થથરાવવા લાગ્યા. એક ખાનદાન બહારવટિયાને છાજે તેવી એની નીતિ હતી. કોઈ પણ અબળા સામે દોષદૃષ્ટિએ નિહાળવાની તેની સખત મનાઈ હતી. લૂંટફાટમાં પણ તેનો ખાસ નિયમ હતો, કે મારવો તો મીરને જ મારવો. ગરીબ કે પૂજ્ય ગણાતી વ્યક્તિઓ તરફ ઊંચી આંગળી પણ ન કરવાનો એનો સિદ્ધાંત હતો. અવારનવાર એના સાથીઓને ધીંગાણામાં ઊતરી પડવાનો પ્રસંગ પણ આવી પડતો; પરંતુ તેની ટોળીના પટ્ટાબાજ અને પરાક્રમી જવાનો કદી કોઈને મચક આપે એવા ન હતા. આ બહાદુર નરનું જીવન હવે ખુલ્લા બહારવટાને પંથે પડી ગયું.

## કપૂરી સંઘાર

કારાયલ સમાના નિવાસસ્થળેથી થોડે દૂર ભાંજડો ડુંગર આવેલો હતો. આ ભાંજડા ડુંગર પર ઊજર રામો નામનો એક પ્રખ્યાત લૂંટારો રહેતો હતો. આ ઊજર રામો ઘણી લૂંટફાટો કરીને તાલેવંત બન્યો હતો. ચારે તરફ એના નામનો ડંકો વાગતો. ચોરી અને લૂંટ એ જ એનો ધંધો હતો.

એક વખત આ ઊજર રામો ફરતો ફરતો પોતાની ટોળકી સાથે થરપ્રદેશ તરફ નીકળી ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં તે બન્નીમાંથી પસાર થતો હતો. ઉનાળાની ઋતુ હતી. બપોરનો સમય હતો. પાણીના અભાવે સૌ આકુળવ્યાકુળ બની ગયા હતા. સખત તાપમાં બન્નીનો રસ્તો કાપતા આ લોકો અહીં પડેલી સંઘારની વાંઢમાં આવી પહોંચ્યા.

અહીં સાઓ સંઘાર નામનો એક ધણાર પોતાની જંગી આથો સાથે પડેલો હતો. એ સમયે શ્રીમંત લોકોની શ્રીમંતાઈ તેમની પાસેના પશુધન પરથી અંકાતી. બન્નીનો પ્રદેશ એટલે પશુધનનું મહાન ધામ. પશુધનનું પાલનપોષણ કરવું એ જ અહીંના ધણારોનો મુખ્ય ધંધો હતો. દૂધ-દહીં એ જ એમનું દરરોજનું ભોજન. રોટલો તો ભાગ્યે જ એમની નજરે ચડે.

સાઆ સંઘારને સંતતિમાં માત્ર એક પુત્રી હતી. તેનું નામ કપૂરી હતું. કપૂરીની ઉંમર સોળ-સત્તર વર્ષની હતી. ઘણે ભાગે દુગ્ધપાનથી જ ઊછરેલી હોવાથી તે વીસ વરસની યૌવના જણાતી હતી. યૌવનનો વસંતવાયુ તેના અંગેઅંગને વિકસાવીને તેમાં કંઈ અજબ લાલિત્ય ફૂંકી રહ્યો હતો. ગુલાબી લાલીથી લાલ બનેલા તેના ગોરા ગાલ જાણે પૂર્ણ ખીલેલાં લાલ કમળ હોય એવા લાગતા હતા. શરદપૂનમના ચંદ્ર જેવું તેનું વદન શીતળ કિરણો ફેલાવી રહ્યું હતું. કાળી અણિયાળી આંખો પર આવી રહેલી કામદેવના ધનુષ્ય જેવી તેની ભમર-કમાનો, સિંહને શરમાવે એવો કટિપ્રદેશ અને મદમસ્ત બાલહસ્તિની જેવો તેનો થનગનાટ

પ્રથમ દૃષ્ટિએ જ જોનારને માત કરવાને બસ હતાં. સરગવાના સોટા જેવું તેનું સીધું કદ અને જાડી ઓઢણીમાંથી બહાર પડતા કેળના ગર્ભ જેવા તેના સફેદ હાથની છટા કંઈ અદ્‌ભુત આકર્ષણ વ્યક્ત કરતાં હતાં. સ્વર્ગમાંથી ઊતરી આવેલી અપ્સરા જેવી આ કપૂરી સંઘાર જેવી ખૂબસૂરત હતી તેવી જ શક્તિમાન હતી. તેણે તેના પિતાનાં અસંખ્ય ઢોરોને પાણી પાવાનું કામ પોતા પર લઈ લીધું હતું. કૂવામાંથી પાણી ખેંચવાની તેની રીત પણ અજબ હતી. તેણે મોટા પાડાની ખાલનો એક જબરો ચડો (ચડસ) બનાવ્યો હતો. પાણીથી ચિકાર ભરેલો આ ચડો કૂવામાંથી ખેંચી કાઢવો તેને માટે એક રમત વાત હતી. દરરોજના આ પ્રકારના વ્યાયામથી તેનું શરીર પણ કસરતબાજ બની ગયું હતું. જેની મૂછે લીંબુ ઠરે એવા જવાંમર્દો પણ કપૂરીની આ કળા પાસે મસ્તક ઝુકાવતા. કપૂરી સંઘારે ખુલ્લો એકરાર કર્યો હતો કે જે માણસ આ ચડો કૂવામાંથી ખેંચી કાઢે તેને જ વરવું. કેટલાયે યુવાનો પોતાના નસીબને અને બળને અજમાવવા અહીં આવ્યા હતા અને નિરાશ થઈને પાછા ફર્યા હતા. જે કાર્ય કપૂરી સંઘાર હસતાંહસતાં કરતી તે કોઈ મર્દ મુશ્કેલીથી પણ કરી શકતો ન હતો. આ કારણથી કપૂરીના પિતાનું મન તેના ભવિષ્ય માટે રાત-દિવસ ચિંતામગ્ન રહેતું હતું; પરંતુ કપૂરીના અડગ નિશ્ચયને ડગાવવાની કોઈની શક્તિ ન હતી.

ઊજર રામો જ્યારે પોતાના બેલીઓ સાથે કૂવામાંથી પાણી ખેંચતી કપૂરી પાસે આવી પહોંચ્યો ત્યારે કપૂરીનું સુંદર મુખમંડળ નિહાળતાં જ તે મુગ્ધ બની ગયો.

અહીં આવતાં જ ઊજર રામાની દૃષ્ટિ ત્યાંથી પસાર થતી એક રોઝડી પર પડી. કપૂરીને પોતાની બહાદુરી બતાવીને ચક્તિ કરવા માટે આ સરસ અવસર આવેલો જાણીને તેણે ભાથામાંથી એક તીર બહાર કાઢી, તેને કમાન પર ચડાવ્યું કમાનની દોર ખેંચી તીરના એક જ ઘાથી તેણે રોઝડીને જમીન પર પાડી દીધી.

ઊજર રામાનું આ નિર્દય વર્તન કપૂરીને જરા પણ ગમ્યું નહિ. આમ છતાં તે કશું બોલી નહિ. શાંતિપૂર્વક તે પોતાનું કાર્ય કરતી રહી. ઊજર રામો વધુ નજદીક આવ્યો. તેણે કપૂરી સંઘાર પાસે પાણી પીવાની માગણી કરી.

***કુંજલડી કપૂરી, નજર કરેં ને ન્યાર,***
***થરનું થકી આવેઆ, પાણી મીઠો પિયાર!***

*ભાવાર્થ :* ઓ કુંજ જેવી કપૂરી, તું નજર કરીને જરા જો તો ખરી! થરપ્રદેશથી થાકીપાકીને આવેલા પ્રવાસીઓને મીઠું પાણી પીવડાવ!

કપૂરીએ ઊજર રામાને ટૂંકો જવાબ આપતાં કહ્યું :

***'પાણી પાતારા, સિંજે કઢે સે પીએ.'***

અર્થાત્ આ પાતાળી પાણી જે સીંચીને બહાર કાઢે તે જ પી શકે છે.

કપૂરીએ કહ્યું : 'પાણી પીવું હોય તો આ ઢોરોને પીવાનો અવેડો આખો ભર્યો છે. ખુશીથી પી લ્યો! પણ કૂવાનું પાણી જોઈતું હોય તો તેને સીંચી કાઢનારો જ તે પી શકે છે.'

કપૂરીની કટાક્ષ વાણી સાંભળીને ઊજર રામાનું અભિમાન જાગી ઊઠ્યું. ત્વરિત ગતિએ તે કૂવાના પડથાર પર ચઢી ગયો. ચામડાનો ચડો પોતાના હાથમાં લઈને તે સરસર કરતો કૂવામાં ઉતારવા લાગ્યો.

જ્યારે ચડો પાણીથી ચિકાર ભરાઈ ગયો ત્યારે ઊજર રામો તેને બહાર કાઢવાને બળ કરવા લાગ્યો. તેણે પોતાની તમામ તાકાત અજમાવી દીધી પણ પાણી ભરેલા ચડાને કૂવામાંથી એક હાથ પણ ઊંચે લાવી શક્યો નહિ. તેનું મોઢું મહેનતથી લાલચોળ થઈ ગયું. શિયાવિયા પણ થઈ ગયું. ચહેરા પર ભોંઠપ તરી આવી. હવે સુયોગ્ય પ્રસંગ આવ્યો જાણી કપૂરીએ ફરીથી કટાક્ષ કરતાં કહ્યું :

***ઊજર તું અબોટ, પટ પછાડે રોઝડી,***
***ડઈ ચડે કે ચોટ, બાર કઢીને ન્યાર તું!***

*ભાવાર્થ :* ઊજર રામા, તે પવિત્ર રોઝડીને જમીન પર પાડી દીધી પણ હવે આ ચડાને તું કૂવામાંથી બહાર કાઢી જો તો તારી ખબર પડે!

કપૂરીનો આ કટાક્ષ ઊજર રામાના અંતરમાં તીરની પેઠે વાગ્યો. તેણે કેટલીયે જહેમત ઉઠાવી, રાતોપીળો બની ગયો, પણ પાણીભરેલો પખાલ જેવો ચડો કૂવામાંથી બહાર ન નીકળ્યો તે ન જ નીકળ્યો. અંતે લાચાર બનીને તે કૂવા પરથી નીચે ઊતર્યો.

શૂરાતનથી કૂવાના પડથાળ પર ચડ્યો હતો અને વીલે મોઢે પાછો ફર્યો.

કપૂરીનો હાથ ગ્રહણ કરવા માટે આજ સુધી આ ઊજર રામા જેવા કેટલાયે વીર જવાનો પોતાનાં તકદીર અજમાવવા આવી ચડ્યા હતા અને એ જ રીતે પાછા ફર્યા હતા. સૌને નસીબે નિષ્ફળતા સિવાય બીજું કંઈ લખાયેલું ન હતું.

આ વાતની જ્યારે કારાયલ સમાને જાણ થઈ ત્યારે તેને કપૂરી સંઘારને જોવાની ઇચ્છા જાગી ઊઠી. એક દિવસ તે પોતાના સાથીદારો સાથે ફરતો ફરતો સાઆ સંઘારની વાંઢમાં આવી ચડ્યો. સમય મધ્યાહ્નનો હતો, તાપ પણ પ્રચંડ હતો. પાણીની તરસથી સૌનાં ગળાં સુકાઈ ગયાં હતાં.

એ વખતે વીર કન્યા કપૂરી પોતાના પશુસમુદાય વચ્ચે કૂવાના પડથાળ પર ઊભીને પાણી ખેંચવાના પોતાના કાર્યમાં મશગૂલ હતી. ઓઢણીનો એક છેડો છાતી પરથી કમ્મર પર વીંટાળી લઈને ખુલ્લા મસ્તકે પદમણીના અવતાર સમી એક સુકોમળ કન્યાને લહેરથી એક ભયાનક ચડા સાથે ખેલતી જોઈને કારાયલ આશ્ચર્યમુગ્ધ બની ગયો. કોઈ દિવસ ન જાગેલી એવી અનેક લાગણીઓ તેના મનમાં જાગી ઊઠી. તેની તેજસ્વી આંખોએ આ મનોહર મુગ્ધા તરફ મીટ માંડી.

જેના માત્ર નામસ્મરણથી મુછાળા મર્દો પણ થરથરી જતા એવો એક બળવાન બહારવટિયો એક બાળાની આ શક્તિ નિહાળીને યંત્રવત્-જડવત્ બનીને ઊભો રહ્યો. અગ્નિના તણખા વરસાવતી એની ચકચકતી આંખોએ પોતાના કાર્યમાં નિમગ્ન બની ગયેલી વીરબાળા પર કશી અસર કરી નહિ. અહીં તો આવ્યા તેવા પાછા ફરનારાનો કોઈ તોટો ન હતો. આવનાર સામે ઊંચી આંખ કરીને જોવાની તસ્દી પણ તે ભાગ્યે જ લેતી.

કારાયલ સમો કૂવામાંથી પાણી ખેંચતી આ વીર રમણી તરફ એકીટસે જોતો જેમનો તેમ ઊભો હતો. આ અદ્ભુત દૃશ્યના અવલોકનમાં તે પોતાની તૃષાને પણ ઘડીભર ભૂલી ગયો.

થોડી વાર સુધી આ દેખાવ અનિમેષ નયને નિહાળીને તેણે વાતની શરૂઆત કરી.

"વીર કુમારી! તૃષાતુરોની તૃષા અહીં ટળી શકે છે?"

કપૂરીએ ઊંચું જોયું. હરિણી જેવી તેની ચપળ આંખો જાણે કારાયલનું સામર્થ્ય માપી રહી હતી.

"રાજપુત વીર, અહીં તો જે પાણી ખેંચી શકે છે તે જ પી શકે છે. નહિ તો ચોપાંનો આ અવેડો વિશાળ છે, એમાંથી સૌ કોઈને પાણી પીવાની છૂટ છે." કપૂરીએ ધીરેથી પણ બેપરવાઈથી તલવારની ધાર જેવા તીક્ષ્ણ શબ્દોનો ઉચ્ચાર કરતાં કહ્યું.

કપૂરીનો આવો વિચિત્ર જવાબ સાંભળીને કારાયલ ક્ષણવાર તો વિચારમાં પડી ગયો. તેનું હૃદય તેને કૂવાના પડથાળ પર ચડી જવા ધકેલવા લાગ્યું. કપૂરીના પડકારનો કશો પ્રત્યુત્તર ન આપે એવું કારાયલનું માનસ ન હતું. તે જ ક્ષણે ત્વરિત ગતિએ તે કૂવાના પડથાળ પર ચડી ગયો. પેલો ભીષણ ચડો હાથમાં લઈ ચિત્રનાથ ગુરુનું સ્મરણ કરીને તે તેણે સરરર કરતાં કૂવામાં સેરવી દીધો.

કારાયલની ચપળતા અને ચાલાકી જોઈને કપૂરી પણ સ્તબ્ધ બની ગઈ. કેટલાયે સમયથી સુકાતી જતી તેના અંતરની આશાવેલીને જાણે નવલ જળનું સીંચન થતું હોય એવું તેને લાગ્યું. વીર નરની શોધ કરી-કરીને આખરે નિરાશ બની થાકેલી તેની આંખો એક પલકારો પણ લીધા વિના કારાયલની કળાને નિહાળતી રહી.

પેલો રાક્ષસી ચડો કૂવામાં પડ્યો તેવો જ ભરાઈને આ યુવાન બળવાન બાહુ વડે ઉપર ચડવા લાગ્યો. જેમજેમ ચડો ઉપર આવવા લાગ્યો તેમતેમ કપૂરીની કરમાઈ ગયેલી આશાલતા વધુને વધુ પાંગરવા લાગી. તેના સ્નેહસાગરના ઓસરી ગયેલા નીરમાં પાછી ભરતી આવવા લાગી. તેને માટે આજે એક નવી જ દુનિયા રચાતી હોય એવું તેને જણાવા માંડ્યું. વિધાતાએ કપૂરી સંઘારનો આજનો દિવસ જાણે સોનાનો સરજ્યો હતો.

જોતજોતામાં જ પેલો જંગી ચડો બહાર પડથાળ પર આવીને પછડાયો. પાણીની રેલમછેલ થઈ રહી. સાથેસાથે કપૂરીનું અંતર પણ આનંદના ઊભરાથી રેલમછેલ થઈ ગયું. કારાયલ તરફ તેને અપૂર્વ માન ઉત્પન્ન થયું. તેણે તરત જ ઓઢણીને કમ્મર પરથી ખસેડીને માથા પર ઓઢી લીધી. તેના હૃદય પરનો વધતો જતો બોજો આજે ઊતરવા લાગ્યો હતો.

કારાયલ પાણી પીને શાંત થયો. તેના સંગાથીઓ પણ તૃષા ટાળી તૃપ્ત થયા.

કપૂરીનો પિતા સાઓ સંઘાર પણ આજે સંયોગવશાત્ અહીં હાજર થઈ ગયો. તે પણ આનંદાવેશમાં આવીને કારાયલને ભેટી પડ્યો. એકબીજાને ઓળખાણો અપાઈ. કારાયલ સમાનું નામ સાંભળીને તેના આનંદનો પાર રહ્યો નહિ.

કારાયલ તથા તેના સઘળા સંગાથીઓ આજે સાઆ સંઘારના મહેમાન બન્યા. રાત પડતાં કપૂરીના પિતાએ કપૂરીની પ્રતિજ્ઞા સંબંધી સવિસ્તર હકીકત કારાયલ પાસે રજૂ કરી અને કપૂરીનો હસ્ત ગ્રહણ કરવા અરજ કરી.

કારાયલ વીર પણ પૂર યૌવનમાં હતો. જેવો તે સ્વરૂપવાન અને સામર્થ્યવાન હતો તેવી જ પત્ની પ્રાપ્ત કરવા માટે અનાયાસે આવી ચડેલા આ સુયોગને તેણે વધાવી લીધો.

ઉભય પક્ષે નિર્ણય લેવાઈ ગયો. થોડા જ દિવસમાં કપૂરી સંઘાર અને કારાયલ સમાનાં વિધુપુરઃસર સ્નેહલગ્ન થઈ ગયાં.

કપૂરીના પિતાએ પુષ્કળ પ્રમાણમાં પહેરામણીઓ અને માલધનની નવાજેશ કરીને પોતાની સમર્થ પુત્રી કપૂરીને વિદાય કીધી.

કારાયલ સમો કપૂરી સંઘાર સાથે સીધો પચ્છમાઈ ડુંગર પરના પોતાના સ્થાનકે આવી પહોંચ્યો; પરંતુ હવે તેને ગૃહસ્થાશ્રમનું જીવન જીવવાનું હોવાથી પચ્છમાઈ ડુંગર જેવું ભયાનક સ્થાન ફાવે તેમ ન હતું. આથી તેણે પચ્છમાઈ ડુંગરનો ત્યાગ કર્યો અને કચ્છમાં પોલડિયા ટંકારા આવી પહોંચ્યો. આ સ્થાન તેને પોતાના નિવાસ માટે યોગ્ય જણાવાથી અહીં જ તેણે મેલાણ નાખ્યું.

*પોલડિયે ટંકાર, મણધર મેડી અડઈ!*
*જિત હીંડોરા ખાટ તેં, ઝૂલે લાલ સંઘાર*

*ભાવાર્થ :* પોલડિયામાં ટંકારમાં મણિધર જેવા સમા સરદારે પોતાનું મહાલય તૈયાર કર્યું જ્યાં હીંડોળાખાટ પર કપૂરી સંઘાર ઝુલવા લાગી.

ઉત્તમ પ્રકારની સીપ અને સ્વાતિ બિંદુના સંયોગથી જેમ મૂલ્યવાન મોતી પાકે તેમ કારાયલ અને કપૂરીના સંયોગથી એમને ત્યાં વીરકુમાર વીંઝારનો જન્મ થયો. વીંઝાર પણ જેમજેમ મોટો થતો ગયો તેમતેમ તેનામાં માતા-પિતાના ગુણો વૃદ્ધિ પામતા ગયા.

વીંઝારકુમારને બાલ્યકાળથી જ તીર, તલવાર, બંદૂક આદિ

અસ્ત્રશાસ્ત્રો વાપરવાનો શોખ જાગ્યો હતો. કંઈક મોટો થતાં તે તેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવા લાગ્યો. એક રાજકુમારને છાજે તેવી સર્વ કળામાં તે પારંગત બની ગયો.

કપૂરી સંઘારના સૌંદર્ય-સામર્થ્યનું અને કારાયલ સમાના શૌર્યઔદાર્યનું એકીકરણ તે વીરકુમાર વીંઝાર!

## ચૌર્યકળા

એક વખત કારાયલ સમાને વીંઝારની કસોટી કરવાની ઇચ્છા થઈ આવી. એમના મકાનના આંગણામાં એક મોટું લીમડાનું ઝાડ હતું. આ ઝાડ પર એક કાગડીએ માળો બાંધ્યો હતો. માળામાં કાગડીનાં ઈંડાં હતાં. આ ઈંડાં સેવવા માટે કાગડી આખો દિવસ માળામાં બેસી રહેતી.

કારાયલે કહ્યું : "વીંઝાર, આ લીમડા પરના કાગડીના માળામાંથી કાગડીને ખબર ન પડે એવી રીતે એનાં ઈંડાં તું સરકાવી શકે ખરો?"

"બાપુજી, બધાં પંખીઓમાં કાગડા બહુ ચતુર અને ચકોર પંખી છે. એને ઠગી લેવાની કળા તો આજ સુધી તમે મને શીખવી જ ક્યાં છે?"

"પણ આવી કળાઓ કંઈ શીખવવાથી ઓછી જ શીખી શકાય છે? એ તો આપોઆપ શિખાય છે. ત્યારે તું એટલો કાચો ખરો!"

"અને બાપુજી, તમે એનાં ઈંડાં એ રીતે ઉઠાવી શકો ખરા?"

"કેમ નહિ? હું તો એનો આખો માળો ઉઠાવી લઉં તોપણ એને ખબર ન પડે!" કારાયલે પોતાની કળાની ખાતરી આપતાં કહ્યું.

"ત્યારે એ પ્રયોગ તો મારે જરૂર જોવો છે."

"તો જોઈ લેજે! હું તને હમણાં જ એ પ્રયોગ નજરોનજર બતાવું!"

આમ કહેતાં જ કારાયલ સમો સડસડાટ કરતો લીમડા પર ચડી ગયો.

એની પાછળ વીંઝાર પણ બાપાને ખબર ન પડે એ રીતે બિલ્લીપગે લીમડા પર ચડતો ગયો.

કપૂરી નીચે બેઠીબેઠી બાપ-દીકરાની આ ચાલાકીનું અવલોકન કરી રહી હતી.

કારાયલે કળાપૂર્વક ઘણી જ સિફતથી કાગડીના માળા નીચેની ડાંખળીઓ પવનથી લાગતા આંચકાના મેળ સાથે ધીરેધીરે ખસેડીને દૂર કરી. પછી તે ઈંડા એક પછી એક ઉઠાવતો ગયો અને પોતાની ભેઠમાં મૂકતો ગયો.

અને પિતાની ભેઠમાંથી આ ચાલાક પુત્રે એટલી જ ચાલાકીથી એ જ ઈંડાં સરકાવી લઈને પોતાના ખિસ્સામાં મૂકવા માંડ્યાં.

કાગડીના માળામાંથી કારાયલે ચોરેલાં ઈંડાં આ રીતે વીંઝારનાં હાથમાં જ આવી ગયાં.

પોતાનું કામ પૂરું થઈ જતાં વીંઝાર ગુપચુપ નીચે આવી ગયો અને ડાહ્યો-ડમરો થઈને માતા કપૂરી પાસે છાનોમાનો બેસી ગયો. એટલામાં કારાયલ પણ લીમડા પરથી નીચે ઊતરી આવ્યો.

"બાપુજી, માળામાં ઈંડાં હતાં ખરાં?" વીંઝારે અજ્ઞાનતા બતાવતાં પિતાને પ્રશ્ન કર્યો.

"હતાં જ ને! ઈંડાં તો ચાર હતાં!"

"અને ચારે ઉઠાવી લાવ્યા?"

"ત્યારે બીજા કોને માટે રાખું? અને જો, પેલી કાગડીબાઈ તો હજુ એમ ને એમ બેઠાં છે! એ બિચારી જાણે છે કે હું હજુ મારાં ઈંડાં પર જ બેઠી છું."

"પણ કાગડીનાં ઈંડાં હોય કેવાં?" વીંઝારે દિશા બદલી.

"તે હું તને હમણાં જ બતાવું. શું તે હજુ કાગડીનાં ઈંડાં જોયાં નથી? નવાઈ!"

આમ કહેતાં જ કારાયલ સમો પોતાની ભેઠમાં ઈંડાંને શોધતો ખાંખાંખોળા કરવા લાગ્યો. પણ ઈંડાં ભેઠમાં હોય તો મળે ને? તેને નવાઈ લાગી. ચારે ઈંડાં એકાએક ક્યાં ઊડી ગયાં? તે પોતાની ભેઠ છોડી ઈંડાં શોધવા લાગ્યો.

આટલો વખત કપૂરી મોઢા આડે કપડું મૂકીને મહામુશ્કેલીએ પોતાનું હસવું ખાળી રહી હતી. પણ હવે તેનું હાસ્ય તેનાથી રોકી શકાયું નહિ. તે મોટે સાદે ખડખડાટ હસી પડી.

ચતુર કારાયલ ચેતી ગયો કે દાળમાં કંઈક કાળું છે. એટલામાં વીંઝારે પોતાના ખિસ્સામાંથી એક પછી એક ચારે ઈંડાં બહાર કાઢી બાપના હાથમાં મૂકી દીધાં.

કારાયલ આ જોઈને ક્ષણભર તો આભો જ બની ગયો. તરત જ તે બધી હકીકત પામી ગયો. ત્રણે જણના ખડખડાટ હાસ્યની એક લહરી વાતાવરણમાં વેરાઈ ગઈ.

"વીંઝાર! તેં તો જાદુ કર્યું. તું તો મારાથી પણ આગળ નીકળી ગયો." કારાયલ મુક્ત કંઠે વીંઝારનાં વખાણ કરવા લાગ્યો. "ગુરુ કરતાં ચેલા સવાયા જ હોય ને?" કપૂરીએ ટહુકો કર્યો.

"અને વીંઝાર આ ઈંડાં હવે પાછાં તું જ મૂકી આવ!" કપૂરીના માતૃહૃદયે ગરીબ કાગડીની દયા ખાધી.

વીંઝાર તરત જ પાછો લીમડા પર ચઢી ગયો અને ચારે ઈંડાં જેમનાં તેમ કાગડીના માળામાં યુક્તિપૂર્વક ગોઠવી દીધાં.

"વીંઝાર, આજની પરીક્ષામાં તું ખરેખર સફળ થયો!" કારાયલે વીંઝારને પ્રમાણપત્ર આપતાં કહ્યું.

"ત્યારે બાપુ, આજે વાઘેલા રાજાના રાજમહેલની જડતી લેવા વખતે મને તેડી જશો ને?" વીંઝારે તક સાધી.

"વારુ, ત્યારે આજે તો તું પણ તૈયાર થઈ જજે!" કારાયલે સંમતિ આપતાં કહ્યું.

ઘણા દિવસની માગણીનો આજે સ્વીકાર થવાથી વીંઝાર રાજીના રેડ થઈ ગયો.

## મસ્તક - વિચ્છેદન

કારાયલ સમાના નિવાસસ્થળથી થોડે દૂર ધારાનગર નામનું એક મોટું શહેર હતું. અહીં વીશળદેવ વાઘેલાનો અમલ હતો. વીશળ વાઘેલાનો ખજાનો ચિકાર હતો; પરંતુ તે પ્રજાકલ્યાણ અર્થે તમાંથી એક પાઈ પણ વાપરતો નહિ. કારાયલની નજર કેટલાયે દિવસથી વાઘેલાના આ અખૂટ ખજાના પર ચોંટી હતી.

એટલામાં આખા કચ્છમાં એક કાળો દુકાળ ઊતરી આવ્યો. ભૂખના દુઃખે તાવડામાં ધાણી ફૂટે તેમ પશુઓ ટપોટપ પડવા લાગ્યાં. ઘાસચારાની તંગીથી ત્રાસીને પશુસમુદાયના માલિકો પોતપોતાના પશુધનને લઈને તેમના નિર્વાહ માટે કોઈ સિંધ, કોઈ હાલાર અને કોઈ ગુજરાત એમ જુદા જુદા પ્રદેશોમાં ઊતરી પડ્યા. કચ્છ વેરાન જેવું થઈ ગયું.

સમય દુષ્કાળનો હોવાથી ભૂખે મરતા અને રઝળતા દુકાળિયા વીશળ વાઘેલાનો આશ્રય લેવા આવ્યા; પરંતુ વાઘેલા રાજાએ આ ભૂખે મરતા લોકોને હડધૂત કરીને કાઢી મૂક્યા. કારાયલ સમાનું નામ સાંભળીને આ લોકો એની પાસે ધસી આવ્યા. આશરો માગવા આવેલાને તરછોડી કાઢે એવો કારાયલ ન હતો. તેણે આ તમામ લોકોને માટે વ્યવસ્થા કરીને આશરો આપ્યો. હવે કારાયલનો હાથ તંગીમાં આવી પડ્યો. દુકાળને લીધે યાચકોની સંખ્યા પણ દિનપ્રતિદિન વધવા લાગી. કારાયલની મૂંઝવણ હવે વધી ગઈ.

જે સમયે લોકોને પેટપૂરતા દાણા મળવાના પણ સાંસા હતા. તે વખતે વીશળ વાઘેલો પોતાના ખજાનામાં સોનાની ઈંટો ખડક્યે જતો હતો. આ વાત કારાયલના મનમાં ઘણા વખતથી ખટકતી હતી. તેણે પોતાના મન સાથે નિશ્ચય કરી લીધો કે આવા કૃપણ રાજાનો ખજાનો ખાલી કરવો અને તેનો ઉપયોગ ગરીબોને રાહત આપવામાં કરવો એ પાપ નહિ પણ પુણ્ય જ હોઈ શકે.

ત્યાર પછી કારાયલ દરરોજ વીશળ વાઘેલાની કચેરીમાં જવા લાગ્યો. ત્યાંથી તે પોતાના ઉપયોગની બાતમી મેળવવા લાગ્યો. થોડા જ સમયમાં તેણે વીશળ વાઘેલાના ખજાના, ભોંયરાં અને ભંડારોની તમામ હકીકત કુશળતાપૂર્વક પ્રાપ્ત કરી લીધી. હવે તેણે વાઘેલાનો ખજાનો લૂંટવાનો નિર્ણય કરી લીધો.

એક રાતે તે પોતાની ચંદનઘો લઈને ધારાનગરના કિલ્લા પાસે આવી પહોંચ્યો. ચંદનઘોની મદદથી કિલ્લા પર ચડીને તે શહેરમાં દાખલ થયો. ક્યાં જવું અને કાર્ય કેવી રીતે પાર ઉતારવું એ યોજના તેના મગજમાં પ્રથમથી જ ઘડાઈ ગઈ હતી. આ કારણથી તેનું કાર્ય સરલ બની ગયું. વાઘેલા રાજાના રત્નભંડારમાંથી કીમતી રત્નો લઈને કારાયલ જેમ આવ્યો હતો તે જ રીતે પાછો પોતાના સ્થાન પર પહોંચી ગયો.

રાજાનો રત્નભંડાર ચોરાઈ જવાની વાત વળતે દિવસે આખા નગરમાં ફરી વળી; પરંતુ ચોરને શોધી કાઢવાના સઘળા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા.

થોડા જ વખતમાં કારાયલ સમાએ વાઘેલા રાજાના ભંડારમાંથી બીજી વાર પણ એક મોટી ધાડ મારી. વાઘેલો રાજા હવે ક્રોધાયમાન બની ગયો. ચોરને પકડી પાડવા તે જુદા જુદા ઈલાજ કામે લગાડવા લાગ્યો.

હવે આ તરફ કારાયલ સાથે તેના કુંવર વીંઝારે પણ રાજના ખજાનામાંથી એક છેલ્લી ધાડ મારવાનો નિર્ણય કરી લીધો. આથી વીંઝાર પણ આજે પિતા સાથે ચૌર્યકળાનો જાતઅનુભવ લેવા તૈયાર થઈ ગયો.

*પે ને પુતર પાણ મેં, પૂરો કેઆં પરિયાણ,*
*માણક સુજેં મોલ મેં, સે પિટે અર્ચો પાણ,*
*પોય રાતોય ડીં રેઆણ, જાચક જકોરું કરીં*

*ભાવાર્થ :* પિતા અને પુત્રે વિચાર કર્યો કે રાજમહેલનાં રત્નો આપણે તફડાવી આવીએ તો યાચકો ભલે આનંદમંગળ કરે!

રાત પડી. કારાયલ સમો અને વીર વીંઝાર શસ્ત્રસજ્જ થઈને ઊપડી નીકળ્યા.

*વારી વીસલ વીરજી, ધારાનગરી ધામ,*
*પોત્રો વાંગડ જખરે, બાપ નારાયણ નામ,*
*વાંઝણ ઘર વિશ્રામ, કારાયલ કોંટે ચડે.*

*ભાવાર્થ :* વીશળ વાઘેલાના વખતમાં પુત્રહીન માતાના વિશ્રામ જેવો, જખરા જામનો પૌત્ર અને નારાયણ સમાનો પુત્ર એવો કારાયલ ધારાનગરીના કિલ્લા પર ચઢે છે.

આજે વીશળ વાઘેલાના મંત્રી ઓધવે ચોરને પકડવા માટે પાકો નિશ્ચય કરી લીધો હતો. તેણે ધારાનગરની ચારે બાજુ ખાઈ ખોદાવીને તેમાં કીલ પથરાવી દીધું હતું. ઓધવ મંત્રી કાબેલ હતો. કેટલાયે દિવસથી કારાયલ સમા તરફ તે શંકાની દૃષ્ટિએ નિહાળી રહ્યો હતો. કારાયલને ફસાવવા માટે તેણે આજે આ ઘાટ ઘડ્યો હતો. આ હકીકત કારાયલના લક્ષ બહાર ન હતી; પરંતુ આવી અનેક ખાઈઓ કુદાવી જવાની શક્તિ ધરાવનાર કારાયલ તેની દરકાર કરે તેમ ન હતો. ખાઈની નજદીક આવતાં તે ચિત્તાની છલાંગથી ખાઈ કૂદીને કિલ્લાની બાજુમાં આવી ઊભો પાછળ વીંઝાર પણ વીજળીના સબાકાની પેઠે આવી પહોંચ્યો. બંને જણ ચંદનઘોની મદદથી ગઢ ઓળંગીને રોજની રીતે

રાજમહેલમાં દાખલ થયાં.

આજે એમનો આ છેલ્લો દાવ હતો. હાથ આવે એટલું ઉઠાવી જવાનો તેમણે નિશ્ચય કરી લીધો હતો. વાઘેલા રાજના કીમતી ભંડાર ખોળી-ખોળીને તેમણે ખાલી કરવા માંડ્યા. હીરા, મોતી વગેરે ઝવેરાતના ખડીઆ ખભે ચડાવીને પિતા-પુત્ર ત્યાંથી છટકી જવા તૈયાર થયા. ગઢ પર ચઢી તેમણે ગાંસડાં-પોટલાં ખાઈની પેલી પાર ફેંક્યાં. પોતે પ્રથમની રીતે જ નીચે ઊતરી ગયા. હવે તેમને માત્ર એક ખાઈ કૂદાવવાની જ બાકી હતી. કૂદકો મારવા પહેલાં થોડું દોડવાથી મોટી છલાંગ મારી શકાય છે. અહીં આવવા વખતે બંને જણ સામી બાજુથી દોટ મૂકીને કૂદી આવ્યા હતા. પણ પાછા ફરતાં કિલ્લો આડો ઊભેલો હોવાથી દોટ મૂકી શકાય તેવું ન હતું. આ કારણથી ખાઈ કુદાવી જવાનું કાર્ય જરા મુશ્કેલ હતું. કારાયલને પોતાની છલાંગમાં પૂરી શ્રદ્ધા હતી. તેને વીંઝારની ચિંતા હતી. આ ચિંતા દૂર કરવા તેણે ચિત્રનાથ યોગીનું યંત્ર પોતાના બાહુમાંથી છોડીને વીંઝારની સલામતી માટે તેના બાહુમાં બાંધી દીધું. વીંઝાર તે જ ક્ષણે વાનર છલાંગથી ખાઈ કુદાવી ગયો. વીંઝારને સહીસલામત સામે પાર પહોંચી ગયેલો જોઈને કારાયલના મનને નિરાંત થઈ. હવે તેણે પોતે પણ ખાઈ કૂદી જવાની તૈયારી કરી. કારાયલની કૂદવાની કળા કંઈ ઓછી ન હતી; પરંતુ કુદરત ક્યારે શું કરી નાખશે તે કોણ જાણી શકે છે? કારાયલનો કૂદકો કમનસીબે ખાઈની પાળથી માત્ર એકાદ હાથ ઘટી ગયો.

કૂદકાએ દગો દીધો. કારાયલનું આખું શરીર કીલની અંદર ખૂંપી ગયું. જેમજેમ તેણે બહાર નીકળવા માટે બળ કરવા માંડ્યું તેમતેમ તે અંદર ઊતરતો ગયો. વીંઝારે પણ પોતાના પ્રયત્નો અજમાવવા કશી મણા રાખી નહિ; પરંતુ કીલના રાક્ષસી પંજામાંથી પિતાને મુક્ત કરવા તે આખરે અશક્ત નીવડ્યો. જ્યાં કુદરત વીફરે ત્યાં માનવપ્રાણી શું કરી શકે?

કારાયલ સમાએ જાણી લીધું કે હવે તેના માટે એક પણ રસ્તો બાકી નથી. એટલે આ રહસ્યની ગુપ્તતા જાળવવા ખાતર - પોતાની આબરૂને અખંડિત રાખવા ખાતર - તેણે એક નવો જ માર્ગ લીધો. પોતાનું મસ્તક ઉતારી લેવાની તેણે વીંઝારને આજ્ઞા કરી.

પિતાની આજ્ઞા સાંભળતાં વીંઝાર પથ્થરની પેઠે સ્તબ્ધ બની ગયો. કારાયલની આ કપરી આજ્ઞાનો અમલ કેમ કરવો, તેના વિચારમાં વીંઝારનું મગજ ગોથાં ખાવા લાગ્યું. વીંઝારને મૂંઝાતો જોઈને કારાયલ બોલી ઊઠ્યો :

"વીંઝાર! આ વખત વિચાર કરવાનો નથી. હવે તો જે સમય જાય છે તે અત્યંત ગંભીર છે જોખમી છે. મારા વીર પુત્ર! તારી તેજીલી તલવાર મ્યાનમાંથી બહાર ખેંચી કાઢ! હવે આંખો મીંચી, ઈશ્વરનું નામ લઈ તારા પિતાનું મસ્તક સમારી લે! વીંઝાર હું મરતો નથી, પણ તારા હાથે અમર બની જાઉં છું. ઈતિહાસમાં આજનો પ્રસંગ સુવર્ણાક્ષરે અંકિત કરવા માટે તારા થરથરતા હાથને અને તારા હૃદયને દૃઢ બનાવીને તારી કમ્મર પર લટકી રહેલી મહાદેવીનો ઉપયોગ કરી લે! રાત્રિ પોતાનું કાર્ય કરતી ચાલી જાય છે. હવે સમયનો વ્યય ન કરતાં તારી કપરી ફરજને તું ઝટ બજાવી લે! એમ નહિ કરે તો બધી બાજુ ધૂળમાં મળી જશે. ચાલ તૈયાર થઈ જા! મારું મસ્તક કપૂરીને આપીને તેને દિલાસો દેજે!

*સારે ડીજ સંઘાર કે, વઢે સર વીંઝાર,*
*કોડેં કારાયલ કે, લોડે લાલ સંઘાર.*

*ભાવાર્થ :* વીંઝાર! મારું મસ્તક વાઢીને તું સંભાળથી કપૂરી સંઘારને સોંપજે! કપૂરી સંઘાર કારાયલના મસ્તકને ભલે કોડથી ઝુલાવે!

કુરુક્ષેત્રમાં આપ્તજનોનો સંહાર કરવાની ભાવનાથી દુઃખી થઈને હથિયાર ફેંકી દેવા તૈયાર થયેલા અર્જુનનાં અંતરપટ પર કૃષ્ણ ભગવાનનાં અમર વચનોએ જે અસર કરી હતી, તે જ અસર કારાયલના સ્નેહ અને શૌર્યથી નીતરતા શબ્દોએ વીંઝારના હૃદય પર કરી. વીંઝારને કર્તવ્યપંથનું ભાન થયું. તેના અંતરમાં નિર્બળતાને બદલે જ્વલંત જુસ્સાએ સ્થાન લીધું. મનને મજબૂત કરીને તેણે તલવારની મૂઠ પર હાથ નાખ્યો. તેનો હાથ પાછો ખેંચાયો. હાથને પાછો ખેંચાતો જોઈને વીંઝારને પોતા પર ક્રોધ ચઢ્યો. તરત જ તેણે પોતાના હૃદય પર પાછો કાબૂ મેળવી લીધો. મ્યાનમાંથી ઝગમગતી મહાદેવી તેણે બહાર ખેંચી કાઢી.

કારાયલના મુખમાંથી આનંદનો એક ઉદ્‌ગાર બહાર આવી પડ્યો અને કાળી રાતના અઘોર અંધકારમાં મળી ગયો.

"શાબાશ, બેટા! વીરધર્મ તે આનું નામ!" વીંઝારને સતેજ થતો જોઈને કારાયલે તેની બહાદુરીને બિરદાવતાં કહ્યું : "મારા બહાદુર બેટા! ચલાવ તારા હાથમાંની ભવાનીને! શિવ...શિવ...શિવ..."

ખેલ ખલાસ થયો. કારાયલનું રક્ત ટપકતું મસ્તક વીંઝારે પોતાના હાથમાં લઈ લીધું. તરત તેને પછેડીમાં લપેટી લીધું. ભાંગતા પગે અને રડતા હૃદયે તે ઘર તરફ ચાલવા લાગ્યો. એટલામાં તેને ઓધવ મંત્રી યાદ આવ્યો. એનું વેર પણ વસૂલ

**GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279**

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

*Ramji Devshi Shah & Co.*
**CUSTOM HOUSE AGENT**

કરવાની આજની તક સાધી લેવા વીંઝારે વિચાર કર્યો.

તેણે પોતાની પાસેની બધી વસ્તુઓ એક ઠેકાણે અંધકારને ખોળે અનામત રાખી દીધી. પોતે પાછો શહેરમાં દાખલ થઈને ઓધવ મંત્રીના ઘર તરફ ચાલવા લાગ્યો. મંત્રીના ઘરનાં બારણાં તે જોરથી ખખડાવવા લાગ્યો.

આ વખતે મોટી પરોઢનો વખત થવા આવ્યો હતો. મંત્રી તરત જાગી ઊઠ્યો. અત્યારે કોણ દરવાજો ખખડાવે છે, તેની તપાસ કરવા તે બહાર નીકળ્યો. દરવાજો ખોલીને પોતાનું ડોકું બહાર કાઢવા જાય છે કે તરત જ વીંઝારની રક્તભૂખી તલવાર તેના પર તૂટી પડી. મંત્રીનું મસ્તક ધડ પરથી જુદું થઈને જમીન પર પટકાઈ પડ્યું. વીંઝારે મંત્રીનું ધડ એક મોટા પથ્થર સાથે બાંધીને કૂવામાં નાખી દીધું અને તેનું મસ્તક ઉઠાવીને આગળ ચાલ્યો.

કિલ્લા બહાર આવીને કારાયલ સમાના ધડ પર મંત્રીનું મસ્તક તેણે ગોઠવી દીધું. વીંઝારના હૃદયનો ભાર હવે કંઈક હળવો થયો. તે પોતાની સઘળી વસ્તુઓ સંભાળીને હવે ઘર તરફ ચાલવા લાગ્યો.

આજની રાત કપૂરી સંઘાર માટે કાળરાત્રિ સમાન સરજાઈ હતી. વારંવાર તેને ભયાનક સ્વપ્નાં સતાવી રહ્યાં હતાં. થોડી થોડી વાર રહીને તે બહાર રસ્તા પર પોતાની દૃષ્ટિ ફેંકતી તો કાળા આકાશમાં ભયંકર હાસ્ય હસતા તારલા સિવાય બીજું કશું દૃષ્ટિગોચર થતું નહિ. આજે ઘુવડોના ઘુઘવાટ, આપસમાં લડતી ચીબરીઓના કચકચાટ અને સૂસવતા વાયુથી ડોલતાં વૃક્ષોનાં સૂકાં પાંદડાંના ખખડાટથી તે જરાજરા વારમાં ઝબકીને જાગી ઊઠતી. જાણે કોઈ તેના કાનમાં કહી રહ્યું હોય કે "કપૂરી! આજે તારો કારાયલ રખે પાછો ન ફરે!" સદાની સ્વસ્થ કપૂરી આજે અસ્વસ્થ બની ગઈ હતી. માથાં હાથમાં લઈને મેદાને પડેલા પતિ-પુત્રને 'ખીલી ખુટકો' પણ ન થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરી રહી હતી.

એટલામાં બહારથી આવતાં કોઈનાં પગલાંનો અવાજ તેના કર્ણપટ પર પડ્યો. તે સફાળી ઊઠી અને એકદમ બહાર આવી જુએ છે તો ખભે ચડાવેલા ખડિયા સાથે એકલા વીંઝારને આવતો દીઠો.

એકલા વીંઝારને જોતાં જ કપૂરીના પેટમાં ધ્રાસકો પડ્યો. વીંઝારે કારાયલ સમાનું ફરફરતી મૂછોવાળું મસ્તક સોનાની થાળીમાં લઈ જમીન પર મૂક્યું.

કારાયલનું મસ્તક જોતાં જ કપૂરીની આંખો ફાટી ગઈ. તે બેબાકળી-દીવાની જેવી બની ગઈ. એના અંગેઅંગમાં અકથ્ય વેદના જાગી ઊઠી. શ્વાસ રૂંધાવા લાગ્યો, હૃદય અકળાવા લાગ્યું.

'વીંઝાર! આ ગોઝારું કૃત્ય કોણે કર્યું?" કપૂરીએ રડતાં-રડતાં વીંઝારને પ્રશ્ન કર્યો.

"માડી આ કાળું કામ કરનારો તારો કુલાંગાર તારી સામે ખડો છે." વીંઝારે ગળગળા અવાજે અને થરથરતી જીભે જવાબ દીધો.

"તું?" કપૂરીએ ફાટી આંખે મીટ માંડી.

***ખાતર ડીંઘેં ખોરડેં, ખભા ખે ભર્યા,***
***સિર વઢીંધે પે જો, હથડા કીં વર્યા?***

*ભાવાર્થ :* ખોરડે ખાતર પાડતાં તારા ખભા ધૂળથી ભરેલા છે. પિતાનું મસ્તક વાઢતાં વીંઝાર! તારા હાથ કેમ વળ્યા?

વીંઝારે રડતા અંતરે માતાને સઘળી હકીકતથી વાકેફ કરી. વીંઝારની વાત સાંભળી કપૂરી છાતીફાટ રૂદન કરવા લાગી.

'માતા! આ સમય રૂદન કરવાનો નથી. રડવાનો સમય પાછળથી પુષ્કળ મળી રહેશે. હમણાં તો આ વાતની સહજ પણ અસર બહાર જશે તો બધી બાજી બગડી જશે. જે ટેક અને વટને માટે મારા પિતાએ શીશ સમર્પણ કર્યું તે ધૂળમાં મળી જશે. મારા અવટંકી પિતાના આત્માને શાંતિ આપવી હોય તો રોવા કકળવાનું હાલ ભૂલી જવા વિના છૂટકો જ નથી." વીંઝારે કપૂરીને આ વાતનો ભેદ સમજાવવા માંડ્યો.

"પણ વીંઝાર! મનમાં હોળી સળગતી હોવા છતાં બહાર દિવાળી શી રીતે દેખાડી શકાશે?"

"અનેક વીરોના મદનું મર્દન કરનારી મારી માતાના મુખમાં આ શબ્દો શોભતા નથી." કપૂરીને તેની શક્તિનું ભાન કરાવતાં કહ્યું.

વીંઝારનાં વચનોથી કપૂરીનું હૃદય શાંત થાય તેમ ન હતું. કારાયલના વિયોગમાં તે રાતદિવસ રૂદન કરવા લાગી. તેનું જીવન કડવું બની ગયું. ખાનપાન ખારાં ઝેર થઈ ગયાં. કારાયલના મસ્તકને પારણામાં મૂકી તે તેને ઝુલાવવા લાગી અને વિરહનાં ગીતો ગાવા લાગી. કપૂરી સંઘાર કારાયલના મસ્તક સાથે પોતાના વતન પચ્છમ પ્રદેશમાં પહોંચી જાય છે. ત્યાં એ મસ્તકને ખોળામાં લઈને સતી થાય છે. કારાઈડા સૂરની એની અનેક કાફીઓ આજે પણ કચ્છમાં ગવાય છે.

આ તરફ વીંઝાર અનેક યુક્તિપ્રયુક્તિઓ વાપરીને ધારાનગરીના ચોકીદારો વચ્ચેથી પિતાના દેહને ઉઠાવી જાય છે અને તેને અગ્નિદાહ આપે છે.

એક પ્રતિષ્ઠાને માટે પુત્રને પોતાનું મસ્તક વાઢી લેવાની પિતા આજ્ઞા કરે અને પુત્ર પોતાના હાથે પિતાનું મસ્તક વધેરી લે એવા દાખલા દુનિયાના ઇતિહાસમાં પણ ભાગ્યે જ જોવા મળશે. ■

સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

કચ્છી કથા

# રુઘો જોશી

સ્વામી સચ્ચિદાનંદ

યોગ્યતા અને ક્ષમતા આનુવંશિકતાથી અને સાધનાથી આવતી હોય છે. પશુ-પક્ષી, અનાજ અને ફળફળાદિની પોતપોતાની આનુવંશિકતા હોય છે. તે પ્રમાણે તેમનામાં યોગ્યતા અને ક્ષમતા પ્રગટતી રહે છે. જેમ કે અલ્સેશિયન કૂતરાની અમુક ક્ષમતાઓ જન્મજાત આવતી હોય છે. પછી જો તેને ટ્રેનિંગ આપવામાં આવે તો તે યોગ્યતાનો વિકાસ થાય. પણ જન્મજાત યોગ્યતા હોય જ નહીં અને તેને ટ્રેનિંગ આપવાના પ્રયત્નો થાય તો બહુ સફળતા ન મળે. માણસોમાં પણ લગભગ આવું જ હોય છે.

ઘણાને ખબર નહીં હોય, પણ એક વખતે સિંધમાં બ્રાહ્મણ રાજાનું રાજ્ય ચાલતું હતું. આરબ સરદાર મીર કાસિમના યુદ્ધમાં આ રાજ્ય સમાપ્ત થઈ ગયું. ત્યારે સિંધની રાજધાનીને બ્રાહ્મણાબાદ કહેવાતી હતી. આ બ્રાહ્મણ રાજા ચંચના વંશમાં એક બહુ પ્રભાવશાળી બ્રાહ્મણ થયો, જેને લોકો રૂઘો જોશી કહીને બોલાવતા. રૂઘો એટલે રઘુનાથ-રુગનાથ અને પછી ટૂંકું નામ રુઘો થયું. પહેલાં લોકો રાજા મહારાજા-સૌને ટૂંકા નામે બોલાવતા, નામ પછી 'ભાઈ' કે 'બહેન' એવા માનવાચી શબ્દ લગાડવાની પ્રથા નહોતી.

બ્રાહ્મણોની છાપ યાચકવૃત્તિથી જીવન જીવનારા તરીકે પડેલી હતી તો પણ તેમાંથી ઘણા રાજકારોબાર અને વિદ્વતાનાં ક્ષેત્રમાં ઊંચી પદવીઓ ઉપર પહોંચેલા હતા. રુઘો જોશી રાજવંશી હોવાથી તેનામાં રાજકારોબારની પૂરેપૂરી ક્ષમતા હતી.

ત્યારે કાળો જોશી મોરબીનો કારભારી હતો અને મોરબીનો થાણેદાર નવાબખાન ગોરી હતો. બંને વચ્ચે અણબનાવ ચાલતા રહેતા હતા. રાજ્યના અધિકારીઓ સાથે સુમેળ વિના વ્યવસ્થિત રીતે લાંબો સમય રાજ્ય કરી શકાય નહીં. રાજાના સંબંધો અધિકારીઓ સાથે જ્યારે બગડે અને તે દ્વેષમૂલક થઈ જાય ત્યારે વિખવાદમાં જોર ભળવા લાગે. આવા દ્વેષના પ્રભાવમાં એક દિવસ નવાબખાને કાળા જોશીની વહાલી ગાયની કતલ કરી દીધી. કાળા જોશીના ઘરમાં અને મોરબીમાં હાહાકાર મચી ગયો. મુસ્લિમોના કેટલાક છીછરા શાસનકર્તાઓએ બિનમુસ્લિમો-હિંદુઓની ધાર્મિક લાગણીઓ દૂભવવાની ઘણી ભૂલો કરી છે, તેથી તેઓ અળખા થયા છે. રાજાની સફળતા પ્રજાપ્રિયતામાં રહેલી છે. ધાર્મિક ભાવનાઓનો આદર કરીને જ પ્રજાચાહના મેળવી શકાય. છીછરી ધાર્મિકતા બીજાનો અનાદર કરવા પ્રેરણા આપે છે, તો બીજી તરફ વાતવાતમાં પોતાનો અનાદર થઈ ગયાનો આરોપ પણ મૂકે છે.

નવાબખાન ગોરીના ગૌવધના પગલાથી કાળો બ્રાહ્મણ છંછેડાયો. ચાણક્યની માફક તેણે પણ નવાબખાનનું મૂળ ઉખેડી નાખવાની પ્રતિજ્ઞા કરી. એણે મોરબીનું પાણી હરામ કર્યું. વગર જોઈતા શત્રુઓ ઊભા કરવા તે કાચી રાજનીતિ કહેવાય, મિત્રો વધારવા તેને પાકી રાજનીતિ કહેવાય.

કાળા નાગ જેવો છંછેડાયેલો કાળો જોશી કામે લાગી ગયો. રુઘો જોશી કાળા જોશીનો ભાણેજ થાય. મામા-ભાણેજ બંને એક જ લક્ષ્યમાં લાગી ગયા.

કાળો અને રુઘો વાંકાનેર ગયા અને વાંકાનેરના સુલતાનસિંહજીને મોરબી ઉપર ચઢાઈ કરવા ઉશ્કેર્યા, પણ તેમાં બહુ સફળતા ન મળી, તેથી કચ્છના રાઓશ્રી ખેંગારજીને મોરબી લઈ આવ્યા. કચ્છી લશ્કર મોરબીમાં દાખલ થઈ ગયું, નવાબખાન ગોરીની હત્યા કરી ને મોરબી ઉપર કચ્છી સત્તા સ્થાપિત કરી દીધી. નાનું સરખું પણ અનાડી કાર્ય કેટલું ભયંકર પરિણામ લાવે છે તે સમજાયું.

કાળા અને રુઘાને રાઓશ્રી ખેંગારજી કચ્છ લઈ ગયા. ગુણજ્ઞાનશોધક રાજા વીણી-વીણીને જ્ઞાની રત્નો ભેગાં કરતો હોય છે. રત્નો રાજદરબારમાં જ શોભે. ઝૂંપડપટ્ટીમાં રત્નો ધૂળમાં રગદોળાતાં હોય. તેમને રાજદરબાર સુધી પહોંચાડવાનું કામ કોઈ ઝવેરી જ કરી શકે.

રુઘા જોશીને બે દીકરીઓ : રાજબાઈ અને હરખાબાઈ. રાજબાઈ જ્યારે ગર્ભવતી હતી ત્યારે તેને તેના પતિએ લાત મારી તેથી તેનું મૃત્યુ થઈ ગયું. રુઘા જોશીએ જમાઈને કેદમાં નાંખ્યો. પત્નીને માર મરાય નહીં. તેમાં પણ સગર્ભાવસ્થામાં તો તેને ફૂલની માફક સાચવવાની હોય, લાત ન મરાય. પણ ક્રોધી જમાઈએ ન કરવાનું કરી દીધું.

શોક ઉતારવાના દિવસે બધા ભેગા થયા. જમાઈ પણ આવ્યો. તેને ભારે પશ્ચાતાપ થતો હતો. રુઘા જોશીએ ભરી શોકસભામાં જમાઈને નાની કુંવારી દીકરીનું શ્રીફળ આપ્યું. હાહાકાર થઈ ગયો! "અરે! આ પાપી હત્યારાને બીજી દીકરી ન અપાય" તેવું લોકો ગણગણવા લાગ્યા. ત્યારે રુઘા જોશીએ કહ્યું : "માણસ ખોટો નથી, ક્રોધ ખોટો છે. મારાથી પણ આવું થઈ શકે છે. હવે આને કોઈ કન્યા નહીં આપે, તેથી તેનો વંશ નિર્વંશ થઈ જશે. તેનો વંશ રાખવા મેં મોટું મન રાખીને બીજી કન્યા આપી છે."

આવા હતા રુઘા જોશી.

રુઘા જોશીએ ભુજમાં પોતાનાં વિશાળ ભવનો બંધાવ્યાં. એટલું જ નહીં, આશાપુરા માતાજી તથા મોહનરાયજીનું મંદિર પણ બંધાવ્યું.

રુઘા જોશીએ ભુજમાં એક મહિના સુધી પોતાની જ્ઞાતિનું બ્રહ્મભોજન કરાવીને સૌને તૃપ્ત કરેલા. રુઘા જોશીને કચ્છમાં સીરવા તથા બાયડ ગામ જાગીરમાં મળેલાં. બાયડમાં રુઘાસર તળાવ આજે પણ જોવા મળે છે. ■

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૨૦)

હંસરાજ સાંખલા

## બાળકો સાથે છેલ્લી મુલાકાત અને વિદાય

સવાર પડી.

રતન નિત્યક્રમમાંથી પરવારી.

આજે એને ભગવાનનો દીવો કરવાનું મન ન થયું, છતાં મને-કમને, કરવા ખાતર દીવો કર્યો. હવે એની સાથે મરઘાંમા સિવાય કોઈ બોલતું નો'તું ઘરમાં : મણિલાલ પણ નૈ.

અધ અગાડે એના માવતરેથી ગાડું લઈ એનાં બે કાકા-કાકી અને એનાં પરિવારનાં એક મા અને એક બાપા આવી ગયા.

એનાં વાસણકુસણ ગુણુમાં (કોથળામાં) ભર્યા. નવાંજૂનાં કપડાં જે હતાં ઈ ટંકમાં (લોખંડની પેટી) નાખી ગાડામાં મૂક્યાં. મરઘાંમા એની સાથે જ હતાં. કોઈ ખાસ વસ્તુ રહી ન જાય એનું ઈ ધ્યાન રાખતાં હતાં.

મરઘાંમા બધાંને બેસાડી ચાય લેવા એના ઘરમાં ગયાં.

પાછળ રતનની કાકીઓએ કંઈક ગુસપુસ કરી.

ચાય પીધા પછી મરઘાંમાએ રતનને પૂછ્યું, “હવે તમારું કાંય રેતું', તાં નથી ને? હંભારી જોજો!”

રતને બોલ્યા વગર નકારમાં માથું હલાવ્યું. પણ મનમાં બોલી. હતું ઈ બધું જટી જ લીધું. બધું ઇયાં જ રૈ જાયર્યું. મારી રડું ક્યાં કોય હાંભળોર્યાં?

ત્યાં રતનનાં પાનુકાકી બોલ્યાં, “રતનના ટોલનું શું હે વે...?” વેવાણ ન કહેતાં અર્ધેથી અટકી ગયાં.

“હમણાં મારી દીકરી લાલબાઈ બારે રસોડો કરવા ગી હે, ઈ વરહાળે આવશે તૈયે તમને ઈજ પોચાડી દેશું. તમારું અમે કાંય નીં રાખીએ. લાલબાઈને અમે બીજો હાર કરી દેશું.”

“ના મા એમ કરો તો મારા હમ હે. એને મેં પ્રેમથી જ દીધો હે. ઈ નથી લેવો મને પાછો. જૈયે મારું આખું રાજ લૂંટાઈ ગ્યું. મારું આખું જીવતર લૂંટાઈ ગ્યું, મારો આખો સંસાર લૂંટાઈ ગ્યો; તૈયે એટલા ટોલ શું ગણતરીમાં? ભલે ઈ પેરે લાલબાઈ. કહેતાં રતન રોઈ પડી ને બધાંની આંખમાં પણ આંસુ આવી ગયાં.

આધેરું ઓઢી નીચું જોઈ બેઠેલી રતને વિચાર કર્યો. ‘મને પાંચે છોરા મૂકીને હમણાં જ જવું હે ઈ નકી હે. તૈયે જ્યોતિને થોડી ભલામણ તો કરું ને છેલીવાર દીકરીયુંનાં મોં તાં જોઈ લઉં. જેના હુખ હારું મેં આ પગલું ભર્યું એના ભેગી બે વાતુંતાં કરી લઉ છેલે છેલે. આગળ ઉપર ભવિષ્યમાં એના મોં જોવા મળશે કે કેમ એ તો ઉપરવાળો જાણે. વિચારતાં રતનની આંખના ખૂણા ભીના થયા.

રતન નાનબાઈને મળવાનું બહાનું કરી તેના ઘેર ગઈ. નાનબાઈ ઉદાસ મને કંઈક વિચારતી બેઠી હતી. બંને સખીઓ ભેટીને રોઈ પડી. રતને વાત કરી “બાઈ મને મારી દીકરીયુંને એકવાર મલવું હે.”

નાનબાઈ પોતાના ઘરમાં રતનને બેસાડી ચારે દીકરીયુંને તેડવા ગઈ. પ્રથમ તો જ્યોતિએ ના પાડી. “નથી મળવું મને એને. ઈતાં બદચલન હે, કુલ્ટા હે. કુલ્ટા માને મલવામાં મને શરમ થાયરી.” કહેતા જ્યોતિની આંખમાં આંસુ આવી ગયાં. એની અનિચ્છા છતાં નાનબાઈ તેને સમજાવીને તેડી આવી.

રતનને ચારે દીકરીયું મળતાં એનું હૈયું હાથ ન રહ્યું. એને બખમાં લઈ રોઈ પડી. ઘણી વાર સુધી એ રોતી રહી : નાની બે દીકરીઓ તો જાણે નાદાન હતી પણ જ્યોતિ અને પ્રેમીલા આઠમા અને છઠ્ઠા ધોરણમાં ભણતી હતી. જ્યોતિ બધું સમજતી હતી. ઘણું બધું સમજતી હતી ને વધઘટનું તો લીલાકાકીએ અને એવી ગામની બીજી સ્ત્રીઓએ એને સમજાવી દીધું હતું.

આંખમાં આંસુ સાથે રોતાં રોતાં સજળ નયને રતને જ્યોતિને કહ્યું, “બેટા તું મોટી હો. હવે હું જાઉંરી, લાગેર્યું આ જનમની આપણી લેણદેણ પૂરી થૈ ગી. હવે આ તારાં ચારે ભાઈબોનની તું જ મા હો. એનો તું ખ્યાલ રાખજે. તારા બાપ તાં બાપ નથી થયા. એને પેન્ઢની (પોતાની) જવાબદારી નથી નેભાવી એની સજા હવે વાંક વગરનાં તમને બધાંને ભોગવવી પડેરીં.” બોલતી રતનને અટકાવતાં જ્યોતિ વચ્ચે બોલી. ‘બંધ કરો તમારા નાટક. તમને મા કે'તાં પણ અમને શરમ આવેરી. તમારે લીધે મારી જડલું (બેનપણીયું) ને મલતાંય મને શરમ આવેરી. તમે સ્વાર્થી હો. તમારાં પોતાના થોડાક હુખ હારુ તમને દીકરીયુંનોય વિચાર ન આવ્યો?” રોતાં રોતાં એ આગળ બોલી.

“તમે મા નૈ તમે કુલ્ટા મા હો. ભગવાન કરે આ જનમમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

**કાર્યાલય :** C/o. શ્રી ય.વ. બહુંતેર જિનાલય ટ્રસ્ટ સંચાલિત અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યભગવંત **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** જ્ઞાન મંદિર યાને **શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા કચ્છ ગામ લાયજાવાળા** અચલગચ્છ જૈન ઉપાશ્રય, વિનય માર્કેટ, ૧લે માળે, મણિનગર જૈન દેરાસર પાસે, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**ઉપાશ્રય-૨ : શ્રી વિસત નવનીત અચલગચ્છ જૈન ભવન** : સુપર બજાર, ૧લે માળે, નારાણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

## સંઘમાં ચાતુર્માસ પ્રવેશ

*સંઘના સાધર્મિક શ્રાવક શ્રાવિકા ભાઈ / બહેનો,*

દેવ ગુરૂની અસીમ કૃપાથી આપણા શ્રી સંઘને રાષ્ટ્રસંત ભારત દીવાકર અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રીગુણસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ**ની દિવ્ય કૃપાથી તેઓના પ્રતાપી પટ્ટધર સંઘ શિરછત્ર તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ. ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ**ની અસીમ કૃપા અને આજ્ઞાથી તેઓશ્રીના આજ્ઞાવર્તિની સ્વાધ્યાય પ્રેમી **સ્વ. પ.પૂ.સાધ્વી શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.**નાં શિષ્યા, આત્માનંદી **પ.પૂ.સા.શ્રી મહોદયાશ્રીજી મ.સા.** ના શિષ્યા **પ.પૂ.સા.શ્રી યશોદયાશ્રીજી મ.સા.** ના શિષ્યા **પ.પૂ.સા.શ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૨નું ચાતુર્માસ આપણા શ્રી સંઘના અહોભાગ્યે પ્રાપ્ત થયેલ છે. તેઓશ્રીના ચાતુર્માસ પ્રવેશની વિગત નીચે મુજબ છે.

### ● પૂજ્યોશ્રીનો ચાતુર્માસ પ્રવેશ ●

સંવત ૨૦૭૪નાં અષાઢ સુદ-૯ ને **શુક્રવાર, તા. ૨૦-૭-૨૦૧૮**ના રોજ **સવારના ૮.૩૦ કલાકે** તેઓશ્રીનું સામૈયું **શ્રી ખીમજી નાનજી ગાલા**ના ઘરેથી (ઠે. ૧૦/એ, મધુકુંજ સોસાયટી, જૂના રેલ્વે ક્રોસીંગ પાસે, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરની પાછળ, મણિનગર (ઈસ્ટ)) કરવામાં આવશે. સવારના ૭.૩૦થી ૮.૩૦ વાગે સંઘ નવકારશી – શ્રી ખીમજીભાઈના ઘરે. ત્યારબાદ પૂજ્યોશ્રી સકળ સંઘ સાથે મણિનગર વાસુપૂજ્ય જિનાલયે પધારશે. શ્રી વાસુપૂજ્ય સ્વામિને જુહારીને સવારે ૯.૩૫ કલાકે શ્રી સંઘના મણિનગર – પ્રેમજી જેઠાભાઈ છેડા (કચ્છ ગામ લાયજાવાલા) ઉપાશ્રયે ચાતુર્માસ પ્રવેશ કરશે.

**સકળ સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**ચાતુર્માસ પ્રવેશમાં પધારી સંઘ તથા શાસનની શોભા વધારશો.**

**ચાતુર્માસનો વિગતવાર કાર્યક્રમ 'મંગલ મંદિર'ના જુલાઇ-૨૦૧૮ના અંકમાં આપવામાં આવશે.**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

## સંઘની સાધર્મિક ભક્તિમાં લાભ લેવા વિનંતી

ચાતુર્માસ દરમ્યાન થનાર નાની મોટી તપસ્યાઓ, પધારનાર સંઘોની સાધર્મિક ભક્તિ, ગુરૂ ભગવંતોને વહોરાવવાનો લાભ, નેમનાથ પ્રભુજી જન્મ મહોત્સવ પ્રસંગે જો કોઇ કાર્યક્રમ ઉજવાસે તો સ્વામિવાત્સલ્ય અને બીજના સ્વપ્ન દર્શન બાદ સ્વામિવાત્સલ્ય, છઠ્ઠ પારણાના દિવસે તપસ્વીઓના પારણા તેમજ સંઘ નવકારશીનો લાભ મળે છે. જે માટે સંઘની રૂા. ૧૫,૦૦૦/- ના દાતાની યોજના હતી. જેમાં દાતાશ્રીઓ લાભ લેતા હતા. આ વખતે પણ રૂા. ૧૫,૦૦૦/- ની રકમ સંઘના સાધર્મિક ભક્તિમાં લખાવવાની યોજના ચાલુ છે. આપ સહકાર આપશો. અગાઉ જે દાતાઓ કાયમી લાભ લેતા હતા તેઓશ્રીને વિનંતી કે ફરીથી આ લાભ લઇને સાથ સહકાર આપશો. આપનું નામ મંત્રીશ્રી મૂલચંદભાઈ મારૂ (મો.૯૮૨૫૦ ૦૦૮૭૫) ને લખાવશો.

***સંઘ ભક્તિના દાતાઓના નામ 'મંગલ મંદિર'ના આગામી જુલાઈ-૨૦૧૮ના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.***

**લિ.**

| કિશોરભાઈ મુળજી લાલકા | શાંતિલાલ મુરજી સાવલા | મૂલચંદ નાનજી મારૂ |
|---|---|---|
| ઉપપ્રમુખશ્રી | પ્રમુખશ્રી | મંત્રીશ્રી |

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**

## જીવન મરણ

જીવન અને મરણ એ બે અલગ ચીજો નથી. જીવનમાંથી ઓછી થતી પ્રત્યેક પળ, દરરોજ સવારે ફાટતું કેલેન્ડરનું એક એક પાનું આપણને મૃત્યુ ટર્મિનસ (મૃત્યુ જંકશન)ની નજીક લઈ જાય છે. જેઓ પ્રેમથી, સાચા પ્રેમથી જીવે છે, જેમના જીવનમાં ઈર્ષ્યા, ઘર્ષણ, કલેશ કે અથડામણો નથી તે માનવી મરીને જીવે છે અને જે માનવી સતત મૃત્યુના ભયની નીચે જીવે છે અને જીવવા માટે વલખા મારે છે તે જીવ્યા કરતાં મૂઆ સમાન છે.

સમજી લો! જીવન અને મૃત્યુ એ બે અલગ અલગ બાબત નથી પરંતુ એક જ સિક્કાની બે બાજુ છે. મૃત્યુને મિત્ર માનશો તો આ જીવન કેમ જીવવું તે તમને શીખવાડશે.

બુઝાતા જતા એવા ઘીના દીવાની હવાથી ઝોલા ખાતી આછી અંતિમ આંચ જેવો અનુભવ જીવ કરી રહેલ છે, મારા અસ્તિત્વના સમગ્ર પરમાણુંઓ વિષમ થતા જીવમાં એકઠા થઈ રહ્યા છે. આસપાસના સમગ્ર વિસ્તાર અને સંબંધો સાથેનું મારું જોડાણ જાણે કે કપાઈ રહ્યું છે. દેહ સાથેનું જીવન જોડાણ બુઝાતા દીપકની માફક આછું પાતળું બની રહ્યું છે. હવે મારા જીવનનું તારી સાથે જોડાણ સાધવા તારી સાથે પુનઃ અનુસંધાન કરવા માટે, હે પ્રભુ! તારે આંગણે હું હમણાં જ આવી પહોંચ્યો. મારા જીવનનું આ મૃત્યુ નથી, મૃત્યુ માર્ગ દ્વારા વધુ ઉચ્ચતર જીવનમાં હું પ્રવેશ પામી રહ્યો છું અને આ અવસરે મને આવકારવા તું આવી ગયો મારા નાથ! અંત સમે, હે નાથ! અવસર ચૂકશો માં — ની મારી પ્રાર્થના તેં સાંભળી ખરી! હવે મૃત્યુના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં હું જઈ રહ્યો છું.

મૃત્યુ ભયંકર નથી તેમ વિકરાળ પણ નથી. એ તો ઉમદા સાથી છે અને પરમ મંગલ પરમાત્માનો એ સંદેશવાહક છે. એના આવવાથી આપણે ગભરાઇ જવું ન જોઈએ. એનું તો પ્રેમથી સન્માન કરવું રહ્યું. જેવી રીતે કોઈ મોંઘેરા મહેમાનનો મમતાપૂર્વક સત્કાર કરાય તે રીતે આપણી જિંદગીનું બધું જ એને અર્પી દઈને રાહત અનુભવવી રહી. મૃત્યુને તો માનવ જિંદગીનો એક મહાન ઉત્સવ ગણવો જોઈએ.

***સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

નવલિકા

# ખોવાઈ ગયેલું ગામ

માવજી મહેશ્વરી

'જીવાબાપા, ઓ જીવાબાપા!'

ઝબકીને જાગી ગયેલા જીવાબાપાએ આંખો ચોળી. ઓરડીમાં અંધારું ભરાયેલું હતું. એમના ગળામાં શોષ પડતો હતો. ખાટલા નીચે અંદાજે હાથ ફેરવ્યો તો કળશિયા પર ઢાંકેલો વાટકો નીચે પડ્યો. નાની ઓરડીમાં અવાજ ફેલાઈને મોટો થઈ ગયો. તેમણે ઝટપટ પાણી પીધું. ખૂબ દોડીને આવ્યા હોય અને ફેફસાં ફૂલતાં હોય તેમ આંખે અંધારાં આવતાં હતાં. શરીર તાણ અનુભવતું હતું. પાણી પીધા પછી થોડી વારે કળ વળી. એમને અચાનક યાદ આવ્યું કે તેમણે પોતાના નામની બૂમ સાંભળી હતી. કોઈ ઝાંપા બહાર ઊભા રહીને બોલાવતું હતું. થોડી વાર તો એમને કંઈ ગડ ન બેઠી. રાતે બારીનું એક કમાડ ખૂલી ગયું હતું. અધખૂલી બારીમાંથી ઠંડો પવન અંદર આવતો હતો. એમના કાનમાં હજુ પેલા અવાજના ભણકારા વાગતા હતા. એમણે પ્રયત્ન કર્યો તોય સપનું યાદ ન આવ્યું. એટલું ખરું કે એમણે જે અવાજ સાંભળ્યો તે મૂળજીનો હતો. કારા ભગતનો મોટો દીકરો મૂળજી. ગામ જેને આળસુનો પીર કહેતું. તે મૂળજી સાથે જીવાબાપાને આગલા ભવની કોઈ લેણાદેણી હતી. મૂળજી જીવાબાપાનો પડ્યો બોલ ઝીલતો. ખાસ તો દિવાળી પછી જ્યારે મજૂરો ભાવ ખાતા ત્યારે જીવાબાપા મૂળજીને ખેતરોનો હવાલો સોંપી દેતા. મૂળજી જીભનો મીઠો. મજૂરોને સમજાવી-પટાવીને રાજી કરી લેતો. જરૂર પડે જીવાબાપાને પૂછ્યા વગર બે-એક રૂપિયા મજૂરી વધારે ઠેરવી નાખતો. મૂળજીને મુકાદમ થવામાં મજા આવતી. જે દિવસે ગુવાર ઉખેડવા જવાનું હોય તે દિવસે મૂળજી વહેલી સવારે જીવાબાપાને ઝાંપે આવી જતો અને આખું ગામ જાગી જાય તેવા મોટા અવાજે બૂમો મારતો. જીવાબાપાને ઊઠવામાં વાર થાય તો એકલો બબડતો રહેતો.

'આમને છે કોઈ ચિંતા? બધાય કેવા લાંબી તાણીને સૂતા છે. ઝાકળ ઊડી જશે તો વઢાઈ રહ્યું ખેતર! મજૂરો માંડમાંડ તો આવવા તૈયાર થયા છે.'

'એ આવું છું ભાઈ આવું છું.' કહી જીવાબાપા બળતા જીવે પોતાના છોકરાઓના ઓરડાનાં બંધ કમાડ સામે જોઈ, મોંમાં દાતણ મૂકી ચૂલો પેટાવતા. એમનાં ઘરવાળાં લીલા વહેલાં ચાલી ગયાં. જોકે એ વખતે જીવાબાપાના બેય છોકરા પરણી ગયા હતા. જીવાબાપાને વહેલી સવારે ચા પીવાની ટેવ. એટલે લીલાના મરી ગયા પછી પોતાની નાનકડી ઓરડીમાં ચા જાતે બનાવી લેતા.

મૂળજીને ઉતાવળ જોઈ જીવાબાપાને તેના પર વહાલ ઊભરાતું. ચા પીને બેય ખેતરે જવા રવાના થતા. ગાડું ખીજડા-બાવળો વચ્ચેથી ક્યારેક ચંદ્રના અજવાળે, તો ક્યારેક તારોડિયાના તેજે ચાલતું ખેતરે પહોંચતું. પછી મજૂરોના હાકલા-પડકારા, મૂળજીનો રોફ, ખેતરમાં ઊભેલો મોલ, શેઢા, અને આખીય સીમ જીવાબાપાની આંખોમાં સમાઈ જતી. એમનું હૈયું લહેરાતી લીલીછમ્મ જુવારની જેમ મઘમઘ થઈ રહેતું. દિવસ ચડે પછી બેય દીકરા ખેતરે આવતા, મને-કમને થોડું કામ કરતા. ઘેર જમતી વખતે પોતાની ઘરવાળીઓ સાંભળે તેમ જીવાબાપા સામે બળાપો કાઢતા :

'હવે તમારે આવડી દોડાદોડી કરવાની શી જરૂર છે? મૂળજી છે જ. પાંચ રૂપિયા વધારે આપી દેશો તો એ બધું સંભાળી લેશે. એને સાથી તરીકે જ રાખી લ્યો, કામનો માણસ છે.'

તે વખતે જીવાબાપાના ગળામાં કોળિયો અટકી રહેતો. એમને પોતાના બાપથી હડધૂત થતો મૂળજી દેખાતો.

આમ ખેતર હંમેશની જેમ ખેડાતાં, વવાતાં, વઢાતાં. ફરી ખેડાતાં રહ્યાં. પણ એક રાતે અણધાર્યું બન્યું. મેળો જોઈને એકલા ઘેર આવી રહેલા મૂળજીને કોઈ વાહન કચડીને ચાલ્યું ગયું. લોકો એવી વાતો કરતા હતા કે દારૂ પીને ખટારો ચલાવતા કોઈ ડ્રાઈવરે મૂળજીને પાછળથી ઠોકર મારેલી. ફંગોળાયેલો મૂળજી તરફડી તરફડીને મરી ગયો.

મૂળજીના મોતનો આઘાત એના સગા બાપ કરતાં જીવાબાપાને વધારે લાગ્યો. દિવસો સુધી સૂનમૂન થઈ બેસી રહેલા. તે પછી જીવાબાપાને વાહનો અને તેમાંય ખટારાને જોઈ ક્રોધ ચડતો.

જીવાબાપાએ અધખૂલી બારી બહાર જોયું. એમને લાગ્યું આજે મોટી ઝાકળ પડી લાગે છે. બારી વાટે આવતા ઠંડા પવનને અટકાવવા બારી બંધ કરવાની ઈચ્છા થઈ. છતાં તેઓ ઢીંચણને બાથ ભીડી બેસી રહ્યા. એમના છોકરાએ એમના માટે બનાવી દીધેલી નવી ઓરડી છોકરાના બંગલાને અડીને જ હતી. છોકરાના બંગલામાંથી પંખો ફરવાનો અવાજ આવતો હતો.

બળ કરતાંય ન છૂટે તેવા જૂના કફ જેવી કાળી બળતરા તેમની છાતીમાં અટવાઈ રહી. એમણે પેલા સુખદ સપનાને યાદ

કરી જોયું. પણ ઊડી ગયેલી ઝાકળ જેમ સપનામાં જોયેલાં દશ્યો ઊડી ગયાં હતાં. કશું યાદ આવતું ન હતું. એ એમને એમ બેસી રહ્યા. આસપાસ કોઈ સંચાર ન હતો. સિવાય કે બંદરે જતા ખટારાના એકધારા આવતા અવાજો. મૂળજીના મૃત્યુ પછી એમને ખટારો જોઈને જ ગુસ્સો જાગતો. હવે આખું ગામ ખટારાથી ઘેરાઈ ગયું હતું. બંદરે જવાનો નવો હાઈ-વે ગામને અડીને જ નીકળ્યો. બીક લાગે એવા મોટામોટા ખટારા રોજ પસાર થવા લાગ્યા. રાત-દિવસ ખટારાની દોટમદોટ. આખો દિવસ અવાજ-અવાજ ને અવાજ! સીમમાં જવાના રસ્તા જ બંધ થઈ ગયા.

જોકે હવે સીમ જ ક્યાં રહી છે? અને સીમમાં કોઈ જાય પણ શા માટે? સીમ ન રહી, ખેતરો ન રહ્યાં, બધું વેચાઈ ગયું. અરે ખળાવાળેય વેચાવા માંડી છે. નદી સૂકાઈ ગઈ. જે વોકળાઓમાં લીલું ઘાસ ઊગતું ત્યાં ગાંડા બાવળ ઊગી નીકળ્યા છે. જીવાબાપા મનોમન બોલ્યા. તેમની પાંસળીમાં સબાકો ઊપડ્યો.

બારી વાટે આવતા પવનની સાથે એક વાસ તણાઈ આવતી હતી. ન ગમે તેવી વાસ. આથમણી દિશામાં બનેલાં કારખાનામાંથી નીકળતા ધુમાડાની વાસ હવે આખા ગામમાં ફેલાઈ ગઈ હતી. પણ ગામને એની કોઈ ચિંતા નહોતી. જીવાબાપાએ થોડાંક વર્ષ પહેલાં સરપંચ પાસે બળતરા ઠાલવેલી. નવોસવો સરપંચ બનેલો શંકરનો છોકરો મોહન ભારે કાબો નીકળ્યો. એનો બાપ શંકર પોતાની હોટલનું છાપરુંય બદલાવી ન શક્યો, ને સરપંચ થયા પછી એકાદ વર્ષમાં જ મોહને પોતાનું જૂનું મકાન તોડીને નવું બનાવ્યું. ગામલોકો કહેતા ફરે છે કે, સરપંચ કંપનીવાળા સાથે ભળેલો છે. એટલે હવે આ ધુમાડો ગામનો પીછો નહીં છોડે.

મોહને આપેલો જવાબ અત્યારેય જીવાબાપાને ડંખી ગયો : જીવાબાપા તમારે જીવવું કેટલું? શીદને આવી બળતરાઉ કરો છો, આવું બધું તો હવે થવાનું. જોતા નથી ગામની સિકલ બદલાઈ ગઈ છે. માણસોને કામ મળી રહે છે. અમારે ગામનો વિકાસ કરવાનો છે. આવી ચિંતાઓ કરશું તો કંઈ નહીં વળે. તમારા વખતમાં હતુંય શું? તમારા છોકરાએ બંગલા બનાવી લીધા. તમારાથી કેમ ન બન્યા? તમેય જલસા કરો ને!

જીવાબાપાને એમના બાપા વારસામાં પચાસ એકર જમીન આપી ગયા હતા. એ જમીન જીવાબાપા માટે ધૂળ અને ઢેફા જ નહોતી, જીવાબાપાનું ખોળિયું હતાં એમનાં ખેતરો. ખેતરોના એકેએક શેઢા, ખૂણા, વળાંકો, વાટ, વહેણ, જીવાબાપાને મન પોતાનાં અંગો હતાં. એમના છોકરા અધકચરું ભણ્યા, પરણ્યા, અને બરાબર ખેતરો સંભાળી લે એવડા થયા ત્યારે જ ખબર આવ્યા કે એમના ગામથી થોડે દૂર વસેલા માછીમારોના ગામની નજીક એક મોટું બંદર બની રહ્યું છે. જીવાબાપા તે વખતે હજી કડેધડે હતા. એક દિવસ એમના બેય છોકરાઓએ વાત મૂકી : બાપા તમે હવે વૃદ્ધ થયા. આટલી જમીન પડી છે. અમને બેઉ ભાઈઓને ભાગ કરી દો તો અમે અમારું પોતપોતાનું કરી શકીએ. પછી તમનેય શાંતિ. આમેય દિવસે-દિવસે કાયદા બદલતા જાય છે. જીવાબાપાને લાગ્યું કે વાત સાચી છે. પોતાની હાજરીમાં જો ભાગ થઈ જાય તો પોતાના ગયા પાછળ દુનિયાને જોણું ન થાય. એમણે ગામના ચાર આગેવાનોને સાથે રાખી બધી જમીન બેઉ છોકરાને નામે કરી દીધી.

એ દિવસે તો જીવાબાપાને હરખનાં આંસુ આવી ગયેલાં. બેઉ ભાઈઓ વચ્ચે મીઠી તકરાર થઈ. નાનો કહે : બાપા મારી સાથે રહેશે. અને મોટો કહે : મા-બાપ મોટા દીકરા સાથે રહે. માટે બાપા તો મારી સાથે રહેશે. જીવાબાપાની છાતીમાં રાજીપાનો ડૂમો ભરાઈ ગયેલો. એમને રહી-રહીને સંતોષ થયો કે, હાશ! હું સમજતો હતો એવું નથી. દીકરા બધું સંભાળી લે તેવા છે. હવે જીવરાજ નરશીનાં ખેતરો વવાતાં રહેશે. પોતે તો આમેય હવે બે રોટલાનો હકદાર છે.

અચાનક પવન ફર્યો. શાંત દરિયામાં જાણે તોફાન ઊઠ્યું. જે ગામમાં માંડ બે વાર બસ આવતી, તે ગામમાં નાની-મોટી ગાડીઓનાં ધાડાં ઊતરી પડ્યાં. બિકાળવાં મશીનો ગામની ધરતી ધમરોળવા લાગ્યાં. જાત-જાતનાં સાધનો લઈ આવતા ખટારા ખેતરો વચ્ચે આડેધડ દોડવા લાગ્યા. સરકારી જીપો આવજા કરવા લાગી. ન સાંભળી હોય તેવી બોલી બોલતા લોકોથી જીવાબાપાનું નાનકડું ગામ ઊભરાઈ ગયું.

જીવાબાપાને આ બધું કશું સમજાતું ન હતું. જોયું ન જાય તેવું હતું બધું. એ કોઈને કશું પૂછે તો કોઈ જવાબ આપવા માટે નવરું ન હતું. એવામાં એક સાંજે નાના છોકરાએ એમને ખબર આપ્યા - મોટાભાઈએ મોરો વેચી નાખ્યો.

જીવાબાપા એક શબ્દ ન બોલી શક્યા. એમને લાગ્યું જાણે દૂર ગાજતો દરિયો એકાએક તોફાને ચડ્યો છે. તેનાં વેગવાન પાણી ધસમસતાં આવી રહ્યાં છે. ફીણ ઉછાળતાં મોજાં મારગમાં આવતાં કાચાં-પાકાં મકાનોને ધ્વંશ કરતાં આગળ વધી રહ્યાં છે. બીજાની પરવા કર્યા વગર બધા સલામત જગ્યા ભણી દોટ મૂકી રહ્યા છે. બેબાકળા બની ગયેલા જીવાબાપાથી દોડી શકાય તેમ નથી. તે આંગણામાં ઊભેલા લીમડાના થડને બાથ ભરી લે છે. કમરના અંકોડા ઢીલા કરી દેતી પાણીની થપાટો વાગી રહી છે. પાણીના વેગ સામે ટકી શકાય તેમ નથી. આખરે થડ છૂટી જાય છે અને પોતે બચવા માટે હવાતિયાં મારે છે.

કોઈ પડીકી ચાવતો નાનો છોકરો એમની સામે જોઈ રહ્યો હતો. જીવાબાપાએ ખાલી આંખે નાના છોકરા સામે જોયું. ઉભડક બેઠેલા છોકરાએ કોઈ અજબ ઉત્તેજનાથી કહ્યું : બાપા, એકરના પચાસ હજાર દેવા તૈયાર થઈ ગયા કંપનીવાળા.

જીવાબાપાએ આંખો મીંચી દીધી.

મોરો એમનું સૌથી વહાલું ખેતર. એ ખેતરને શેઢે આવેલી

ટેકરી પર જખ્ખદેવનું થાનક હતું. એ ટેકરી પરથી દરિયો દેખાતો. પોતાનાં લગ્ન થયા પછી એમની ઘરવાળી લીલાએ પહેલીવાર એ ટેકરી પરથી દરિયો જોયેલો. એ વખતે યુવાન જીવાબાપાનો હાથ પકડીને એમની ઘરવાળી લીલાએ કહેલું : મને દરિયો જોવો છે. દરિયે લઈ જશો ને? પછી ક્યાંય સુધી નાની છોકરીની જેમ દરિયાના ચમકતા પાણીને તેણે જોયા કરેલું.

વીરજીએ મોરો વેચી નાખ્યો? મારો મોરો વેચાયો?

જીવાબાપાની આંખોમાં આઘાત સમાતો ન હતો.

'બાપા એક એકરના પચાસ હજાર એટલે કેટલા થાય ખબર છે?' પૂરા ચાર લાખ! તમારાં બધાં વર્ષોનું ભેગું કરો તોય મોરાએ તમને એટલા નહીં આપ્યા હોય.

છોકરાએ મોઢામાં રાખેલો કચરો થૂંકતાં કહેલું.

જીવાબાપાને ત્યારે પહેલી વાર એવો વિચાર આવેલો કે હું ક્યાં છું? મારા ઘરમાં કે ગામમાં છું કે કોઈ અજાણ્યા દેશમાં? ખેતર વેચાયાની વાતે ઘડીભર ઊકળી ઊઠેલું મન નિરાશાની ખાઈમાં ધકેલાઈ ગયું. જાણે શરીરમાંથી કોઈએ હાડકાં જ કાઢી લીધાં હોય તેમ તેઓ ખાટલા પર ફસડાઈ પડ્યા. એ રાતે એમણે ખાધું નહીં. એમને એવું હતું કે મોટો કદાચ ખેતર વેચ્યાની વાત કહેવા આવશે. પણ એ ન આવ્યો. જીવાબાપા રાતભર તરફડતા રહ્યા. એમની ઘરવાળી લીલા તે દિવસે સતત યાદ આવતી રહી.

તે પછી જીવાબાપા સમૂળગા બદલાઈ ગયા. કરચલીવાળા મોં પર રમતી ગરવાઈ ઊડી ગઈ. આંખોમાં સૂનકાર ફરી વળ્યો. એકાએક વય વધી ગઈ હોય તેમ કમર ઝૂકી ગઈ. ખાટલા પરથી ઝડપભેર ઊઠીને જોડા પગમાં નાખી ચાલતા થવાની ઝડપ જ ચાલી ગઈ. તે સાથે કેટલુંય ચાલ્યું ગયું. ઘરના ઝાંપે આવી હળવો ખોંખારો ખાઈ જરા અચકાઈને પછી અંદર આવવું. સવારે નાનાને ત્યાં ચા પીધી હોય તોય મોટાને ત્યાં જઈ : વઉ ચા મૂકો એમ કહેવું. ઘરની બહાર નીકળતી વખતે : વઉં કંઈ લાવવું છે? એવું પૂછવું, ત્રીજા-ચોથા દિવસે ખાટલાની પાંગત તાણવી, બસ સ્ટેશને જુવાનિયા સાથે નવકાંકરી રમવાનું. આવું તો કેટલુંય બંધ થતું ચાલ્યું. પૌત્ર-પૌત્રીઓ હવે ટીવીમાં મશગૂલ થઈ ગયાં હતાં. એમને પણ હવે દાદાબાપામાં કોઈ રસ ન હતો. નવી ચકચકિત ઓરડીમાંથી દેખાતા બે બંગલાને જોઈ પોતાની ભૂલ પર પસ્તાવો કરવા સિવાય બીજો કોઈ રસ્તોય ન હતો.

બે વર્ષમાં તો ગામનો નકશો બદલી ગયો. જાણે એ ગામ જ ન હતું. જીવાબાપા એક પછી એક આઘાત છાતી પર ઝીલતા રહ્યા. પહેલા મોરો વેચાયો. પછી લાંગાઈ, પછી બંધ, પછી હાલેવારો, પછી સીંભરિયો, પછી હમીરવારો. પણ જ્યારે એમણે જાણ્યું કે હવે સોનાના ટુકડા જેવા બે અજોર બાકી રહ્યા છે ત્યારે એમની આંતરડી કકળી ઊઠી. એમણે રીતસર દીકરાઓ સામે હાથ જોડ્યા.

'હું જીવતો છું ત્યાં લગી આ બે ટુકડાને ન વેચો તો તમારી ભલાઈ. મારા મા-બાપનો પરસેવો આ ખેતરોમાં વહ્યો છે. હું તમને હાથ જોડું છું.'

'અરે બાપા અમે મૂરખ છીએ તે બધું વેચી નાખશું? અને જે વેચ્યાં છે તેના રૂપિયાથી બીજે જમીન લેવી છે, જ્યાં ભાવ ઓછા છે.' મોટાએ કહેલું.

અને બે ખેતર બચી ગયાં.

જીવાબાપાનાં દસ વર્ષ લિસ્સી ચમકતી ટાઈલ્સવાળી ઓરડીમાં વીતી ગયાં. એ ઓરડીમાં ખાટલા પર પડ્યા રહી જીવાબાપા જોયા કરે છે. માત્ર જોયા કરે છે. ન કોઈ એમને બોલાવે છે કે ન એ કોઈને બોલાવે છે. જે ઘરના આંગણામાં ગાડું ઊભું રહેતું ત્યાં બે મોટર ઊભી રહે છે. ઘરમાંથી ટીવી અને મોબાઈલ ફોનની ઘંટડીઓના અવાજો બહાર વેરાતા રહે છે. ધમધમ કરતી વહુઓ હાથમાં ફોન રાખી આખો દિવસ આંગણામાં આંટા મારતી રહે છે. બહાર દિવસ ઊગે છે અને આથમે છે. એમની ઓરડીમાં તો માત્ર અજવાળું અને અંધારું જ થાય છે.

બંદરથી દૂર લાંગરેલા જહાજની ઘેરી સીટી ઝાકળને વીંધતી વહી આવી. જીવાબાપાને લાગ્યું કે હવે ઊઠવું જ પડશે. પેડુમાં ભાર વધતો જતો હતો. એમણે ધીમેથી પગ ખાટલા નીચે મૂક્યા. શરીર ધ્રૂજી ગયું. આ ઠંડીના ચમકારાને કારણે કે પછી શરીરમાં કોઈ ચેનવાળા થતા હતા તે એમને ન સમજાયું. એ ધીમે પગલે બહાર આવ્યા. ચંદ્ર ધુમ્મસિયા વાદળોથી ઢંકાઈ ગયો હતો. એમણે ઊભા રહીને બેય છોકરાઓના બંગલાને જોયાં. એ પીઠ ફરે તે પહેલાં મોટા છોકરાના આંગણામાં બત્તી થઈ. એમણે આંખો તાણી જોયું. વીરજી બાઉન્ડરી કૂદીને એમના તરફ આવ્યો. કોઈ અજાણ્યા માણસને જોતા હોય તેમ એમણે વીરજી સામે જોયા કર્યું.

'બાપા આજે વહેલા ઊઠી ગયા? હું તમને જગાડવા જ આવતો હતો.'

જીવાબાપા હજુ વીરજી સામે તાકી રહ્યા હતા. વીરજીએ રબ્બરવાળો લેંઘો ઉપર ચડાવતાં કહ્યું, 'બાપા તમને એક સમાચાર આપવાના છે. રાતે રામજીકાકા ગુજરી ગયા. ત્યાંથી એક ઓળખીતાનો મેસેજ હતો. પણ મેં હમણાં જોયો એટલે થયું કે તમને કહું. તમને તો ખબર છે કે રામજીકાકાના દીકરાએ લાંગાઈમાં પોતાનો હક નીકળે છે એવો કેસ કર્યો છે. એટલે અમે બેઉ ભાઈઓ તો નહીં જઈએ. તમે જાઓ તો સારું. તમારા કાકાઈ ભાઈ થતા હતા એટલે તમારે જવું પણ જોઈએ. હું રમેશને કહું છું, એ તમને ગાડીથી મૂકી આવશે અને લઈ આવશે.'

જીવાબાપાને લાગ્યું જાણે વીરજી પોતાનાં આંતરડાં ખેંચી રહ્યો છે.

એમના હૈયામાંથી હાયકારો નીકળી ગયો : હાઉં રામજીય

ગયો? મારા દાદાની એકમાત્ર નિશાની જેવો ભાઈ હતો. એય ગયો? બાજુના ગામે રહેતા રામજીના દીકરાએ જ્યારથી એક ખેતર બાબતે કોર્ટમાં કેસ દાખલ કર્યો ત્યારથી એ ઘર સાથે વહેવાર કપાઈ ગયો હતો. જીવાબાપાએ જાણ્યું કે રામજી પથારીવશ છે ત્યારે એમણે નાનાને કહેલું : દીકરા મારે રામજીનું મોં જોવું છે. મને એક વાર ત્યાં લઈ હાલ. ત્યારે નાનાએ વડચકું ભરતાં કહેલું : બાપા બેસી રહોને છાનામાના. એ કપાતરે અમારી સામે કેસ કર્યો છે ને તમારે એના આંગણે જવું છે?

તે દિવસે જીવાબાપાએ પોતાના જ નામનું નાહી નાખેલું.

જવાબ આપ્યા વગર જીવાબાપાએ પીઠ ફેરવી લીધી. બે ડગલાં ભર્યા પણ જાણે બેય પગમાં કીડીઓ ચટકા ભરતી હતી. હાથ ભારે થતો જતો હતો. એમણે લાકડીને ટેકે ઊભા રહીને ઊંડો શ્વાસ ભર્યો. એમને લાગ્યું કે સામે રામજી ઊભો છે. તે ખડખડાટ હસે છે અને કહે છે - જીવા, હાલ હવે મોડું થાય છે. હું તારી વાટ જોઈને ઊભો છું! ભાઈ.

તેમણે આકાશ સામે જોવા માટે માથું ઊંચું કર્યું, પણ માથું ઊચું થઈ ન જ શક્યું. હાથમાંથી લાકડી છૂટી ગઈ.

પોતાના બાપાને જોઈ રહેલા વીરજીની આંખો ચમકી. દોડવાને બદલે એનાથી અનાયાસે નાનાભાઈને રાડ પડાઈ ગઈ : અરજણ દોડ ભાઈ...

અરજણના બંગલામાં ફટાફટ લાઈટ થઈ. એ જ વખતે ગેઈટ પાસે મોટર સાઈકલ ઊભી રહી. બાજુના ગામેથી રામજીના મૃત્યુના ખબર દેવા આવેલા યુવાને જોરથી બૂમ મારી :

'જીવાબાપા, ઓ જીવાબાપા!' ■

## ધારાવાહિક નવલકથા : છોરાંવછોઇ – (૨૦)

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

હવે અમને તમારું મોં જોવું ન પડે. તમે કુલ્ટા મા હો સાડી સાતવાર કુલ્ટા હો." આટલું કહેતાં જ્યોતિને ગુસ્સો આવ્યો.

ગુસ્સો આવતાં જ્યોતિએ રતનના ગાલ ઉપર તમાચો મારવા હાથ ઉગામ્યો. ત્યાં બાજુમાં ઉભેલી નાનબાઈએ તેનો હાથ પકડી લીધો ને તેના ગાલ ઉપર બે તમાચા મારી દીધા અને "તારી મા કુલ્ટા નથી, તારી મા તો સતી હે સતી. એનો જરાકે વાંક નથી. આ બધો વાંક એના નસીબનો હે. હવે એક પણ શબ્દ બોલ્યા વગર પ્રેમથી મલી લે, છેલ્લીવાર. અને એના ને મારા શબ્દ યાદ રાખજે. કેનીક વાતુમાં આવી, મોટીમા થૈ ને જેમ તેમ બોલોરી તે?" કહ્યું ત્યાં રતન રડી પડી ને ફસડાઈ પડી. એ બેભાન થઈ ગઈ. જ્યોતિ અને પ્રેમિલાની આંખમાં પણ આંસુ આવી ગયાં. અને થોડી વારે જ્યોતિની કુલ્ટામાને તેડવા આવેલા તેના નાનાબાપા અને નાનીમા તેની કુલ્ટા મા રતનમાને તેનાં ઘરે લઈ ગયાં.

*(ક્રમશઃ)*

## ન હિન્દુ બનેગા, ન મુસલમાન બનેગા....

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

સાધુરામની આંખોમાં પાણી આવી ગયાં. તરત જ બંને સાથે બ્લડબેંકમાં જઈ એક લોહીની બોટલ લઈ આવ્યા. સમય ઓછો હતો. બપોરના ત્રણ વાગી ગયા હતા. છ વાગે કરફ્યુ મુક્તિનો સમય પૂરો થતો હતો.

એક કલાકમાં તો સંગીતાને લોહી ચડી ગયું. તેના જીવમાં જીવ આવ્યો. તેની હાંફ દૂર થઈ ગઈ. તેના માતા-પિતા ગળગળા થઈને મહંમદભાઈ અને શમીમબહેનનો આભાર માનવા લાગ્યા. તેમણે હજાર રૂપિયાની નોટ કાઢી પણ મહંમદભાઈએ ધરાર રૂપિયા લેવાનો ઈન્કાર કરી દીધો અને બોલ્યા, 'અલ્લાહને હમે એક છોટીસી બચ્ચી કી જિંદગી બચાનેકા મૌકા દિયા, હમે ઔર કુછ નહીં ચાહિયે.' મને પણ નાની છોકરીનો જીવ બચાવી લેવાનો આનંદ હતો.

સાડા પાંચ વાગે ઘેર જવા નીકળ્યો ત્યારે રસ્તાઓ સૂમસામ થઈ ગયા હતા. ફક્ત મિલિટરીની અને પોલીસની જીપો દોડાદોડ કરતી હતી. છ પહેલાં તો ગમે તેમ કરીને ઘેર પહોંચી જવું જરૂરી હતું. સાંજે ઘેર પહોંચીને ટી.વી. પર એક પછી એક સ્ટેબિંગ, આગજની અને મારામારીના સમાચાર જોઈને મન કકળી ઊઠ્યું. આ તે કેવું ઝનુન? આ કેવી દુશ્મની? આ કેવું ગાંડપણ? કોઈ પણ અજાણ્યા માણસને, સ્ત્રીને કે બાળકને તે બીજા ધર્મનો છે તેમ સમજી ખલાસ કરી નાખવાનો? માનવીને વિના કારણ માનવીના ખૂનની પ્યાસ?

અંતે કંટાળીને મેં જૂના હિંદી ફિલ્મી ગીતોની ચેનલ બદલી અને ફિલ્મ 'ધૂલ કા ફૂલ'નું આ ગીત ચાલુ થયું :

'ના હિંદુ બનેગા, ના મુસલમાન બનેગા; ઈન્સાન કી ઔલાદ હે ઈન્સાન બનેગા.'

અને મને બચી ગયેલી માસૂમ સંગીતાનો હસતો - રમતો ચહેરો યાદ આવી ગયો. ■

## પોતાના જ ગ્રહને ભરખી જતો તારો

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

વિજ્ઞાનીઓએ તારાઓની વય વધવાનાં જુદાં જુદાં ચિહ્નો તપાસ્યાં. એક તો તારો કેટલા પ્રમાણમાં ક્ષ-કિરણો થૂંકતો જાય અને બીજું મૂળભૂત તત્ત્વ (Element) લિથિયમ હજુ કેટલું રહ્યું છે? તારાની વય વધે તેમ તે બંને ઘટવાં જોઈએ. RZ Piscium ના કિસ્સામાં વિજ્ઞાનીઓએ સૂચવ્યું કે તે તારાનું વય ૩ કરોડથી ૫ કરોડ વર્ષ હોવું જોઈએ. ખગોળીય રીતે વિચારતાં તે હજુ 'શિશુ' છે તેની સરખામણીમાં સૂર્યનું વય સાડા ચાર અબજ છે.

RZ Pisciumની યુવાન વય તેની ફરતે આવેલ રજનું પ્રમાણ નક્કી કરી શકે નહીં. લાંબા સમય પહેલાં ગ્રહની રચનાના તબક્કાની વય વળોટી દીધી હોવી જોઈએ. તો તાર્કિક સમજૂતી એ છે કે રજ ગ્રહો રચાવાનું કારણ નથી પણ ભરખી જવાનું કારણ છે. ■

નવલિકા

# એક ખાનગી વાત

ગિરા પિનાકીન ભટ્ટ

કોઈપણ છોકરીને આમ ધારી-ધારીને ન જોઈ રહેવાય. હું સઘળું સમજતો હતો. મારું મન હું વારતો પણ...વળી વળીને પ્રજ્વલિત થતા દાવાનળની પેઠે મારી નૈયા હાલક-ડોલક થતી પેલી નટખટ નૈયા પાસે પહોંચી જતી.

સાડા પાંચ ફૂટની એની કાયા જાણે વીજળીનો તેજ લિસોટો! પરમાત્માએ નવરાશની પળોમાં ઘડેલી એની કાયા. એની ઘાટીલી પીઠને એમાંય વળી બેંગાલ ફોક્સની પૂંછડી જેવી ભરાવદાર લટો ને લટકતો ચોટલો. આહાહા...વહેતા ઝરણાની આસપાસની વનરાજી સઘળી એના માથા ઉપર મલપતી જણાય. એના એકે'ક પગલાંનો હું દિવાનો! એ એક-એક કદમ ઉપાડે ને કાળોતરો નાગ સમો જાડો ને કાળો ભમ્મર ચોટલો પાછળ અથડાય. એના વાળમાં ઝૂલતા બક્કલની પણ ઈર્ષા થઈ આવે. સાલું હું તો પ્રેમી કે હત્યારો? લાવને પેલા ઝૂલતા ચોટલામાં લટકતા બક્કલને પતાવી દઉં ક્ષણ એકમાં! એ સ્થાને હું મારી જાતને ગોઠવી ધન્યતા અનુભવું. એના સોહામણા મુખથી જરાય ઉતરતી એની પીઠ નહોતી. ખભે પર્સ ઝુલાવતી, ઊંચી હિલની સેન્ડલ પહેરી એ સિલ્વર કલરની સ્વીફ્ટ ડિઝાયર ગાડી પાસે પહોંચે ત્યાં લગી મારી નજર એનો પીછો ન છોડે. નાજુક હાથમાં ફંગોળાતી ચાવી ભરાવી એ ગાડીને હંકારી મૂકે.

'હવે ટુવાલ સૂકવતાં ત્રણ કલાક થયા, આમ ગેલેરી છોડો મોટાભાઈ.' દિયાની આ ટકોરે અર્ધ જાગ્રત જાગૃતને જાગૃત કર્યો.

'અરે! હું તો ગેલેરીમાં ઊભો છું, થોડોક તડકો ખાવા, સમજી?'

'સમજી...સમજી ગઈ, પણ...ટુવાલના ઓઠે.' દિયાએ સીધો સવાલ કર્યો.

'હા...હાથપગને તડકો મળેને. મને મોં ઉપર સીધો તડકો નથી સહન થતો.' ઉત્તર દેવામાં હું પણ ક્યાં બુલેટ ટ્રેનથી કમ હતો.

કોઈની પરવા કર્યા વિના 'જયશ્રી કૃષ્ણ' કહેતો નીકળી પડતો. એની ગાડીનો પીછો કરવાની લતનો જાણે હું બંધાણી થઈ બેઠો. રોજ-બરોજની આ ઘટના ક્યારેક તો અજગરની પેઠે મોં ફાડશે ને? લોકોની હા...સાવ નવરા લોકોની ચાલાક નજરો ક્યારેક તો વૈશાખ-જેઠ બની અંગારા ઓકશે તો? અરે કારતક-માગશર જેવો થઈને હું સાવ થીજી જઈશ. આવી હરકતો કાંઈ શોભે? એ શું કરે છે? ક્યાં જાય છે? એ પળોજણોનો પરમેશ્વર મારે થવું નથી. એવા વિચારો પતંગિયાની પાંખે સવારી કરીને આવે એટલી જ ત્વરાથી ઉડી જાય.

હું એની પરવા કરું છું...કારણ હું તેને સાચા હૃદયથી પ્રેમ કરું છું. પણ મારે હવે પ્રેમનો એકરાર કરી દેવો ઘટે. રખેને એ અન્યને દિલ થઈ બેસે તો? તો?... મારે લમણે હાથ દઈ બેસી રહેવાનો વખત આવે. આજે તો હિંમત કરવી જ રહી. મિત્રોના કાને વળી વાળું પણ ડર પાછો એ કે...એ મારા મિત્રોમાંથી કોઈ એકની થઈ જાય તો?... આના કરતાં એકલપંડે અભિમન્યુ થવું સારું. હાર કે જીતની હો...હા...દુનિયા જાણે તો...તો...મારી હાંસી. ના, એ મારાથી સહન નહીં થાય.

નંબર તો આ જ. તો શું એ બેન્કમાં પૈસા ઉપાડવા આવી હશે? ના હવે, અમારી જનરેશન ચેક ભરવાનો, ને લાઈનમાં ઊભા રહેવાની મગજમારીમાં ન પડે. એ.ટી.એમ. માં જ જાય. કોઈ પણ પ્રયોજન વિના હું બેન્કમાં આવી પહોંચ્યો. ન ઝાડ, પાન, ફળ, ફૂલ, આકાશ કે અવકાશ. અર્જુનના લક્ષવેધની પેઠે મારી આંખો સીધી જ કાચની કેબિનમાં જઈ પહોંચી સહસા. લોઢું અને લોહચુંબકના ખેંચાણની પેઠે હોવું જોઈએ, નહિતર સીધી નજર ત્યાં જ દોડી જાય એવું કદી બને ખરું? રીઢા ગુનેગારને ઝડપી પોલીસને જે પ્રમોશનનો લાભ થાય તેવા ઉન્માદ સાથે મારું મન નાચી ઉઠ્યું.

નામ...નામ...તો જાણી લીધું હતું, ગયા મહિને જ. નૈયા...નૈયા પટેલ. દોઢ બે મહિના થયા હશે ફ્લેટમાં રહેવા આવ્યાને. પણ તે પછીથી ફ્લેટ આખોય રોશનીથી જાણે ઝગમગતો હતો, ઝળહળતો હતો.

મેં અગાઉ બાપુજીને કેટલી બધી વખત સમજાવ્યા, આ ફ્લેટમાં શું દાટ્યું છે તે. આપણે બીજો ફ્લેટ લઈએ, અને એમાં રહેવા જઈએ. અહીં મારું મન ગોઠતું નથી. વળી, આપણે આના કરતાંય વધારે સારા અને મોટા ફ્લેટમાં રહી શકીએ તેમ છીએ. તો શા માટે અહીં પડ્યા રહેવાનું?

કાકી કહેતાં, 'બેટા, તું પરણેને પછી નવા ફ્લેટમાં જઈશું આ...ઘર સામાનના સાગરો મારાથી નથી ઉલેચાતા.'

'તમારે ક્યાં ઉલેચવા છે તે ચિંતા? હું છું, બેન દિયા છે. પછી તમને શું વાંધો?' મારી મમ્મીને અમે નાનપણથી જ કાકી

કહેતાં.

'વાંધો તો આ ઉચાળા ફેરવવાના... એ...'

'જો - હવે તો સામાન બદલવા માટે પેકર્સ એન્ડ મુવર્સવાળા આવે છે. સામાન પેક કરી દે ને સ્થળાંતર કર્યું હોય ત્યાં ગોઠવી આપે પણ.'

'તો ય દીકરા, નાનું-નાનું ઘણું બધું કરવાનું રહે.'

બાપુજીને તો આ ઘર કે બીજું, ઝાઝો કશો ફેર પડતો જ નહીં.

વળી, દિયા તો હતી ફક્કડ ગિરધારી. ઘરના કશાય કામમાં એને જરાય રસ નહોતો. કોણ જાણે...એનામાં એક્સ રંગસૂત્રો કરતાં વાય રંગસૂત્રો વધારે હશે કે શું? એની મર્દાની છટા, બહારના કામને પૂર્ણ કરી બતાવવાની આવડત ને તત્પરતા, આવી પડનારી પરિસ્થિતિઓને પહોંચી વળવાની તમન્ના, બધુંય કંઈક આગવું જ નહીં, કંઈક અલગારું હતું. એનાં કરતાં પ્રમાણમાં હું થોડોક સરળ ને શરમાળ પણ.

એક સાંજે કાકી પાસે સોફામાં બેસી હું બોલી ઉઠ્યો, 'કાકી...મસ્ત ફ્લેટ હોય ને તો...તો...મસ્ત મસ્ત છોકરીઓ મળે...ને માગાં પણ આવે અધધધ...'

'તે માગાં ક્યાં નથી આવતાં? તું 'હા' પાડે એટલી જ વાર.' ને વાતને પવનના પાટે ચડાવી ત્યાંથી એક-બે ગણી હું રવાના થયો.

છોકરીઓ હવે સારા વરની સાથે-સાથે સારું ઘર પણ શોધે છે. આમ તો અમારો ફ્લેટ પણ કાંઈ નાનો નહોતો. ત્રણ બેડરૂમ તો હતા જ. છતાં દિન-પ્રતિદિન સગવડોથી છલકાતા ફ્લેટમાં જવાની મારી ઘેલછા વધતી જતી હતી.

'ઓય...હોય...રમવાનું બંધ...સીલ્વર સ્વીફ્ટ.' છોકરાંઓનું રમવાનું બંધ. ઉગામેલું બેટ અને બોલિંગ માટે ઉગામેલો હાથ જાણે પૂતળું બની ગયા. આ અવાજના બંધાણીએ ત્રીજા માળેથી ડોકિયું કર્યું. પુનઃ જાણે સ્વચ્છ હવાનો સ્પર્શ થયો. બેન્કની કેબિનમાં કાચની પૂતળી જેવી શોભતી નૈયાએ કાર એના સ્થાને પાર્ક કરી. એની મદભર નજરોને મારી તરફ તાકવાને મેં ધારી-ધારીને જોયા રાખ્યું. એની જરાપણ અસર એને ન વરતાણી. શું એ શલ્યા હશે? મારા મનમાં એક ધારદાર પ્રશ્ન આવીને અથડાણો. છતાં એનો વેગ અટકાવી હું બોલી ઉઠ્યો મનોમન, 'એ શલ્યા હશે તો વાંધો નથી, હું રામ થવાને તત્પર છું.' ને જાણે બજરંગબલિનો રોલ ભજવતો હોઉં તેમ ચડ્યું શૂરાતન. અલમસ્ત અદાને મુઠ્ઠીની ગદા મોટેથી બોલાઈ જ ગયું. 'જય શ્રી રામ.'

'બેટા, તને વળી રામ ક્યાંથી સાંભર્યા?' પાછળ ઊભા રહેલા બાપુજી બોલ્યા.

ઓ...હો....હો...શિવ ભક્તને વળી 'જયશ્રી રામ!' આશ્ચર્ય કાકીએ વ્યક્ત કર્યું.

'કેમ ...કેમ? શિવજી ખુદ શ્રી રામનું રટણ કરતા હતા.' મેં હળવો મમરો મૂક્યો. હવે સૂર ન પૂરાવે તો દિયા શાની?

'લો...કરો વાત! જાગૃત ભાઈ હવે સુષુપ્ત નથી રહ્યા હોં.' દિયાએ મારા મનના સાત દરવાજા ખોલીને અંદર પડેલી વાત જાહેર કરી દીધી.

'રોજ રોજ ભાઈ દસ વાગે જ ટુવાલ સુકવવાને ગેલેરીમાં પહોંચી જાય છે. ગાડી લઈને દસ વાગે નીકળતી નૈયા એની નજરોમાં વસી ગઈ લાગે છે.' ચાલાક દિયાની નજરમાં આ અંકુરે હવે રીતસરનો વાવેતર કર્યો.

લાગ જોઈને જાગૃતે દિયાને પૂછ્યું, 'દિયા, તું પેલી...બીજા માળે રહે છે એને તો જાણે છે ને?'

'હા...પણ તારે વળી એનું શું કામ પડ્યું? અણગમાને ઉંબરે લાવતી દિયા બોલી ઊઠી.

'એ...મને ગમે છે...બેન્કમાં નોકરી કરે છે ને!'

'એ ક્યાં નોકરી કરે છે. ત્યાં સુધી પહોંચવાની તમારે શી જરૂર?'

'કેમ-કેમ? એને મારી પ્રિયતમા, પત્ની બનાવું તો એ સઘળું જાણવું એ મારી ફરજ નથી?' મેં પણ સામા પ્રવાહે પૂછ્યું.

'પણ...ગાંડા, તેં એને પૂછ્યું છે ખરું?'

'તું જો સાથ આપે તો હિંમત કરું...હું પણ ક્યાં બેકાર છું? એન્જિનિયર છું. રાતપાળીની નોકરી અને દિવસે ઘેર હોઉં એટલે શું હું બેકાર?'

'છોડ બધી મગજમારી...ને વાત મુદ્દાની માંડ. પેલા શિવાલય ફ્લેટ તેં જોયા છે? સુરભિની પાછળવાળા આપણે ત્યાંનો ફ્લેટ બુક કરાવીએ તો?'

'જો દિયા...મારી તો મુદ્દલભાર ઇચ્છા નથી હમણાં તો. વળી, આ ફ્લેટ શું ખોટો છે?'

'સાંભળ કાકી, સાંભળી લે. આ તારો નવરી નો, થૂંકેલું ગળે છે તે. નવો ફ્લેટ લેવાની, એમાં રહેવા જવાની એની વાતો ઉપર શાને પૂર્ણવિરામ મૂકાઈ ગયું?' દિયાની વાતમાં દિવાળી કે હોળી સઘળું અસ્પષ્ટ?'

મનોમન લાડવા ભાંગતો હું નૈયાને જોઈ રહેતો. નૈયાની દરેક અદામાં મારી જાતને ઝબકોળતો. આજે તો આઈ લવ યુ...કહી વળના વેલાને મજબૂત ટેકો આપવો જ રહ્યો. બહુ-બહુ તો એ ના પાડશે, બીજું શું? એની લીંબુના ફાડ જેવી માંજરી આંખોનો સહવાસ તો મેળવીશ. એના ઘાટીલા સ્તન ઉપર મારી આંખની સવારી કરી સુમેરુ પર્વત જીત્યાનો જશ્ન મનાવીશ. હું એના જેવો નખશીખ સુંદર નથી તો એવો કદરૂપો પણ ક્યાં? મારા ભણતરની આડે મેં કોઈપણ આડ-વાડમાં નજર સુદ્ધાં નથી કરી. પણ...હવે યુવાનનાં અફાટ મોજાં વાડને વંટોળે તો કોઈ છોછ ન હોવો જોઈએ. આખરે હું પણ યુવાન છું,

એક ધસમસતા ઘોડાપૂર જેવો. કોઈ મનગમતી વનલતાને બાહુપાશમાં જકડવાને આ બાહુ થનગને એમાં ખોટું શું છે? સ્ત્રી જાતિને પ્રેમથી પોતાની કરાય, બળાત્કારે નહીં. એ મારી માન્યતામાં અડગ છું. મારી સાથે નોકરી કરતી કે હરતી ફરતી છોકરીઓએ ક્યારેય મને આવો રતાંધળો નહોતો બનાવ્યો. પરંતુ આ નૈયાએ તો સાચ્ચે જ મને ઘેલો-ઘેલો કરી મૂક્યો છે હોં નૈયા...મારી નૈયા, મારા આ જીવનની નૈયા હવે તારે શરણે. મારા દિલને પૂર્ણ વિશ્વાસ છે કે તું એને સમજી શકીશ. આપણે કદાચ એકમેકને કાજે સરજાયા છીએ. માટે અને માટે જ તું આ ફ્લેટમાં રહેવા નહીં આવી હોય ને?

મારા તરફથી પહેલ થાય તેવું તું ઈચ્છે છે? હા, તો આજે જ આવી પહોંચ્યો, જોઈ લે...બસ! મારી 'હા' માં 'હા' ભણવા મારા બાપુજી ને મારી કાકી તત્પર છે જ. વળી દિયાને પણ એક સહિયર મળી રહેશે મનગમતી. સાચી સાહેલી સહુને ગમે, બરાબરને? મનોમન તૃષા ને મનનું મૃગજળ. જાગૃત આજે આરપાર સ્પષ્ટ સ્ફટિક જેવો નિર્ણય લેવાને અડગ રહ્યો.

રાત્રિના આઠના ટકોરે એ ઘરનો ઉંબરો ત્યજી નોકરીએ જવા નીકળી જતો. રાત્રે નવથી તે સવારના પાંચ. વહેલી સવારે છ વાગે ઘેર આવીને સૂઈ જતો. દસેક વાગે જાગીને અગાસીમાં આંટા-ફેર કરે. હમણાં હમણાં આવેલી નૈયાએ થોડો વહેલો જાગૃત કરી દીધો હતો. ન્હાઈ ધોઈને દસના ટકોર ટુવાલ સુકવતાં સુકવતાં નૈયાની લીલા નજરે નિહાળતો. ધન્ય ઘડીને ધન્ય ભાગ્ય ગણાતો. દિવસ સુધરી ગયાના અહેસાસ સાથે જમી કરીને પુનઃ એ ઝોકે ચડી જતો. નૈયા એની નજરનો પહેલો પ્રેમ. મારે કાકીને આ વાત કરવી જ જોઈએ.

લાગ જોઈને કાકી પાસે ઊભા રહેતાં હું બોલ્યો, 'કાકી...એક વાત કહું?...તને નૈયા ગમે છે?'

'લે...કોને ન ગમે? દુશ્મનનેય વહાલી લાગે તેવી છે.'

'તું તો જાણે એની બધીય માહિતી મેળવીને બેઠી હોઉં તેવી વાત કરે છે ને કાંઈ.'

'કરું જ ને!' એ રોજ રાત્રે નવના ટકોરે અહીં હોય. દિયા સાથે એને બહું જ સારું બને છે. વળી, એ એકલી રહે એના કરતાં આપણે ત્યાં જ આવી જાય છે. અને રાત્રે સૂઈ જાય છે પણ આપણે ત્યાં જ. એ ખૂબ જ નિયમિત છે. સવારે પાંચના ટકોરે ઊઠીને પહોંચી જાય છે ઘેર, યોગ કરવા માટે. એની વાતો, એની હરકતો, એની એકે'ક અદા ખરેખર મજાની છે હોં ભાઈ.

કાકીની વાતો આજે ધરાઈ-ધરાઈને હું સાંભળતો હતો. આ અકરાંતિયાને જાણે છપ્પન ભોગ! નૈયાએ મને જ નહીં, જાણે અમારું આખું ઘર ગાંડું કર્યું હતું, પછી મારું હૈયું હાથ રહે ખરું? આજે, આઠના ટકોરાની રાહ જોવી નહીં પોષાય. ઓફિસે વહેલું જવાનું છે...મેં જાણે-અજાણે ધર્મરાજને હણ્યા. ફ્લેટથી થોડે દૂર મારું બુલેટ લઈને ઊભો રહ્યો. જોતજોતામાં નૈયાની સ્વીફ્ટ ડિઝાયરે દેખા દીધી. મારું મન મોર બની થનગનાટ કરવા લાગ્યું. ગાડીની આડશે બુલેટ ઊભું રાખી થોડી હિંમત તો આછા ઉજાશ સાથે નૈયાની પાસે જઈ ઊભો.

'નૈયા મારી એક માત્ર વાત સાંભળ.' ઓહ મૂરખ! પ્રેમનો એકરાર આમ થતો હશે? મેં મારા મનને ઠપકો આપ્યો જોરદાર. 'શું વાત સાંભળ...' પ્રથમ ગ્રાસે જ મક્ષિકા? એનો શો પ્રતિભાવ હશે એ જાણવાને પણ મારી આંખોના પડળ ઉન્નત ન થયા. મારું આમ પડેલું મોં જોઈને કે કેમ? પરંતુ મને વિચારમગ્ન જોઈને એ તરત બોલી ઊઠી, 'વાતો...ને આમ રસ્તામાં? એના કરતાં તો આવોને આપણે ત્યાં જ બેસીએ તો કેવું? ના, નૈયા માત્ર બોલી જ નહીં, મીઠા મધુરા મોરલા ને કોકિલના કંઠમાં વસંત ઘુંટાઈ હોય તેવો રણકાર! મારા મનની કલ્પનાના સાતે સાગરમાં ભરતી! મારી બુલેટ મેં પાછી વાળી. હું સિલ્વર સ્વીફ્ટનો જાણે પડછાયો! પાસે કે અનાયાસે હું નૈયાની પાછળ-પાછળ નવરાશની પળોમાં ઘડાયેલી એની પીઠ ને એમાં પાછો ભરાવદાર ચોટલો. મને સાક્ષાત દુર્ગા સામે મળે ને તો પણ એને દાદ ન દઉં.

કોઈ જોઈ જશે તો? અરે જુએ તો પણ ક્યાં છે વાંધો? હું કોઈ ખરાબ કાર્ય નથી કરતો. પ્રેમનો એકરાર કરવો એ શું ગુનો છે? જો એવું જ હોત તો પ્રેમ એક પૂજા ન હોત! પ્રેમના પર્યાય સમા રાધા-કૃષ્ણની રમણીય કલ્પના કે સપના આજે હજારો વર્ષ પછી પણ કરોડો લોકોની આંખોમાં રમતા ન હોત. મારા વિચાર વડલામાં નૈયા નામના પંખીએ મધુર કલરવ કર્યો.

'આવો...જાગૃત.' ગુલાબની ખીલતી કળીમાં જાણે વહેતા ઝરણાનું મીઠું સંગીત ભળ્યું.

'ઓ...હો...તમે મારા નામથી પરિચિત છો?'

'હાસ્તો...' કહેતી એ કપ-રકાબીની પેઠે હસી પડી. મને એવું હાસ્ય જરા ઓછું ગમ્યું. કોઈ જોઈ જશે તો? કોઈ સાંભળશે તો? વળી, આવી સાવ સરળ વાતે કાંઈ આટલું બધું હસાતું હશે? મારા મને આવી કલ્પના ક્યારેય કરી નહોતી. બાઘો બનીને એ સ્વપ્ન સુંદરીને હું નિરખતો જ રહ્યો.

'હવે...આમ ક્યાં સુધી નિરખ્યા કરશો?'

'જીવનપર્યંત.' કોણ જાણે? કઈ શક્તિનો સંચાર થયો ને હું બેધડક બોલી ઊઠ્યો.

પુનઃ એવું જ હાસ્ય, ખડખડાટ એને હસતી જોવી એ પણ લહાવો છે. એના ગાલ, એનું નાક ને કાન રાતાચોળ બની બેઠા. માખણથી પણ વધારે મુલાયમ ગાલ ઉપર ઝીણી-ઝીણી નસોનું જાણે નગર વસ્યું. નૈયાને આમ ધારી ધારીને જોઈ રહું તે યોગ્ય ન લાગે. એ હજુ મારી ક્યાં? હું એવું જાણતો હોવા છતાંય મારી નજરને હટાવી ન શક્યો. હું સાવ લાચાર, પરવશ પંખામાં ઊડતી એની ઓઢણીએ આ ઘાયલને વધુ ઘાયલ કરવાનો ભાગ ભજવ્યો. ડ્રેસમાંથી ડોકાતા ઉરોજોનો ઉભાર ભલભલા તપસ્વીઓને ડોલાવવાને શક્તિમાન હતા. મારી આજ સુધી

તરસી આંખોએ આવું દૃશ્ય પહેલી વાર પીધું. અમૃતકુંભ કે જે સમુદ્રમંથને નીકળ્યું હતું એ બધુંય અમૃત અહીં છલકાઈ ગયું હશે કે શું? મારા મનને શંકા ગઈ. કદાચ કમળની પાંદડિયો આવીને ત્યાં ગોઠવાઈ ગઈ હશે કે શું? આવા સૌંદર્યનું રસપાન કોઈ અભણ ગામડિયો કે સાવ અક્કલ વિહોણો નર પણ પામે ને તો એનું વર્ણન કરતાં એ કાલિદાસ જ બની બેસે. એ બાબતે હું છાતી ઠોકીને કહી શકું. એનું હસવાનું હવે અટક્યું. મારી સામે જોઈને બોલી ઊઠી,

'પાણી દેવાનું તો સાવ ભૂલાઈ જ ગયું.'

'અરે...! અરે...! રહેવા દ્યો...હું ઘરેથી જ નીકળ્યો.'

'આઈ નો.' બોલી પાછી એ હસી પડી.

'શું ફાવશે? થોડોક નાસ્તો કે પછી?'

'પ્રેમની વાતો.' મારું અંતર પોકારી ઉઠ્યું. પણ...એમ કાંઈ થોડું બકી મરાય?

'બોલો...બોલો...શું લેશો? પછી તમારે ડ્યુટીનો ટાઈમ થઈ જશે અડધો કલાક તો આમ જ વિત્યો. આઠેક વાગશે ને તમે નીકળી જશો.'

'ના...ના...એવી કોઈ ઉતાવળ નથી.' સાહજિકપણે શબ્દો સરી પડ્યા.

'લો...કરો વાત! દિયા તો કહે, ના બાબા...ના. કામ બાબતે જાગૃત જરાય કોમ્પ્રોમાઈઝ ન કરે. ટાઈમ ટુ ટાઈમ...જ્યારે અહીં તો વાત સાવ વિપરીત.'

'રજા પાડી દઈશ.' મેં કહ્યું.

વાત સાંભળી નૈયા ઊઠી. મને નૈયાના સાનિધ્યનું ખેંચાણ એવું જડબેસલાક વળગ્યું હતું કે...એક દિવસ શું? એક મહિનાની રજા પાડી દઉં. અરે! નોકરી જ છોડી દઉં ને થઈ જાઉં ગુલામ જીવનભર! પણ...પણ...કમાઈને ખવડાવીશ શું એને? મારા જ પ્રશ્નો ને મારા જ ઉત્તરો.

'એ જાગૃત, વિચારોના વમળોને મગરમચ્છ તાણી જાય એ પહેલાં જાગો. તમને ગુલાબજાંબુ ગમે છે, હું એ જાણું છું, લો ખાવ.' એની વાતોથી જાણે આખી વસુંધરા ખીલી ઊઠી.

ગુલાબજાંબુ કરતાં પણ મીઠી-મધુરી વાતો મને વધુ પસંદ પડી, છતાં બાઉલ હાથમાં લઈ એ પણ ખાવા લાગી. પીસ કરીને એ ગુલાબ જાંબુ ખાતી હતી પરંતુ મારા અંગે-અંગમાંથી બે તારની ચાસણી જેવી લાળ ટપકતી હતી. સમય, સ્થળ, સંજોગો, સ્વાદ સઘળા તરફ મારું બેધ્યાનપણું...પરંતુ સ્નેહની સાંકળમાં હું મજબૂતપણે ગૂંથાતો ચાલ્યો. મને શું ગમે છે? શું ભાવે છે? મારો સ્વભાવ, નિયમિતતા...ઓ બાપ રે...આણે આટલી બધી મારી માહિતી મેળવી લીધી છે. જ્યારે હું તો એના વિષે સાવ કોરો ધાક્કોર! મારું ગાડું કેમ ગબડશે? હે ઈશ્વર, તે સરજેલી શ્રેષ્ઠ સુકન્યાને સાચવવા, એના કોડ પૂર્ણ કરવા, એને સતત રણકતી રાખવાને મને શક્તિ દેજે. એવા વિચારોની વાટિકા સાથે છેલ્લું ગુલાબ જાંબુ મેં મારા મોંમાં મૂક્યું. ત્યાં તો આગ્રહ કરતી નૈયા ડબ્બો લઈ આવી. બીજા બે ત્રણ ગુલાબજાંબુ મારા બાઉલમાં મૂકી દીધા પરાણે. આમ તો જરાય પરાણે નહીં, મારી મનગમતી સ્વીટડીશ....ને મારી મનગમતી નૈયા.

'તમે બહુ આગ્રહ કર્યો ને એટલે...બાકી',

'બાકી, શું તમે ગુલાબજાંબુ ન ખાત!'

'ના...એવું તો નથી.'

'તો...ખોટી વાત શાને?' સાંભળી હું સડક થઈ ગયો. મને સાવ સ્ટેચ્યુ જેવો જોઈને પાછી એ હસવા લાગી. 'લો ગમ્મત પણ ન થાય, એમ જને?'

'ના...ના...એવું નથી.'

'તો...તો...શું છે?'

મને નાહક ચર્ચામાં રસ નહોતો. લાગ જોઈને આઈ લવ યુ કહી દેવાને મારું મન તત્પર હતું. પણ એવો મોકો મળતો ન હતો. મારા ભાવ એણે વાંચી લીધા હશે કે શું? ને એની ચબરાક નજર મારા ઉપર ફરી વળી, પછી ચોટલો પાછળ હડસેલતાં બોલી ઊઠી, જાગૃત...એક અંગત વાત કહું?'

'એક શું નૈયા, એક હજાર કહેને!' એ સાંભળવા તો દોડ્યો આવ્યો છું...તારી પાછળ પાછળ મારી અધૂરી વાત મેં મનમાં જ પૂર્ણ કરી.

'નહીં...નહીં...માત્ર એક અને એક જ વાત.'

'હા...બોલોને.'

'હા, કહું...પહેલાં પાણી લઈ આવું, પછી વાત!'

'ના...ના...પાણીની જરૂર નથી.' મેં ફોર્માલિટી કરી.

'પડશે...પાણીની જરૂરિયાત તો પહેલી પડશે જાગૃત!'

હું ચોકી ઉઠ્યો. એવી તે શી વાત હશે? એ ટ્રેમાં પાણી ભરેલા બે ગ્લાસ લઈ આવી. અમારા બંન્નેની વચ્ચે પડેલી ટિપોય ઉપર મૂકતાં એ સહેજ ઝૂકી. મારી તરસી નજરો વળી પાછી એના ઘાટિલા સ્તનપ્રદેશની સફરે જઈ આવી. શું ઈશ્વર પણ આવો રંગીલો હશે? એ જો આમ રંગીલો ન હોત તો...? આવા સુંદર સરજનની સવારી ન કરી શક્યો હોત! ઈશ્વર, તારા સઘળા સરજનમાં સ્ત્રીના પયોધરને એની પીઠમાં તો તેં સાચ્ચે જ કમાલ કરી દીધી છે હોં. એમાંય વળી નૈયાની નજાકતતા આગળ ચાંદની પણ શરમાય. ગુલાબની કળી કરમાય. ઢળતા સૂરજની લાલીમાં પણ લલચાય, ને...વહેતા ઝરણાનું સંગીત પણ હખળ-ડખળ થાય. મારું મન ઉત્તમ લેખક, કવિ, નાટ્યકાર કોઈ વિશિષ્ટ કલાકાર કે...?

જાગૃત...લો પાણી, ને સાંભળો એક ખાનગી વાત! હું દિયાને બે વર્ષથી જાણું છું. અમે બેઉ એક બીજાને પ્રેમ કરીએ... મતલબ, અમે લેસ્બિયન..

મારા સઘળા અરમાનોની શલ્યા... ■

ટૂંકી વાર્તા

# ગિરજા આન્ટી

ગિરીશ ભટ્ટ

આ વ્યવસાય સ્વીકાર્યો ત્યારે એક વાત ગાંઠે બાંધી કે કલાયન્ટની એવી સુવિધા ન લેવી જે તમને કામગીરીમાં વિવશ બનાવી દે. લાલચ બૂરી ચીજ છે એ સત્ય ક્યાં અજાણ્યું હતું.

મેં આ વાત ચુસ્ત રીતે અમલમાં મૂકી હતી. નિવાસ, ભોજન, મુસાફરી બધી વ્યવસ્થાઓ હું મારા ખરચે ગોઠવી લેતો હતો.

મારી લીલા અક્ષરની પેન ક્ષતિઓ શોધવાનું કામ પક્ષપાત વિના કર્યે જતી હતી. ને મને તેનો સંતોષ હતો. પાર વિનાનું સુખ મળતું હતું.

મા કહેતાં હતાં : ગોપાલ, જીવન એવું જીવજે કે કશો ડાઘ ન લાગે. વસ્ત્રો ભલે મલીન હોય પણ ચરિત્ર તો...મીરાંની કાળી કામળી જેવું નિષ્કલંક હોવું જોઈએ.

મહાદેવ ગેટ પાસેના જૂના નાગરવાસમાં રહેતાં હતાં એ સમયે. એક બીજાને વળગેલાં મકાનો, સાંકડી નેળ જેવાં રસ્તાઓ ને કચ્છી છાંટની લોકબોલીના લહેકાઓ.

થોડાં બહાર નીકળીએ ત્યારે મુખ્ય સડક આવે, તળાવ આવે, મારી શાળા આવે. મથુરદાસ સર ગાંધીજીની વાતો કહે, પ્રાર્થનામાં 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' ગવાય. ગોર સાહેબ કચ્છડો બારે માસની પ્રશસ્તિ કરે.

હું તો કોફીનું થર્મોસ પણ સતેજ રાખતો હતો. મારાં ક્લાયન્ટ ખુશ નહીં જ હોય એમ માનું છું. તેઓ મને રીઝવીને ધાર્યું કરાવી શકતાં ન હતાં. મારી ઓડિટ ફર્મના માલિક મારા પર ખુશ હતા અને ઈશ્વર પણ ખુશ જ હશે એમ માનું છું. હા, ચિત્રા થોડી નારાજ હતી.

એ સમયે હું એક નાના શહેરમાં હતો. સરકારી રેસ્ટ હાઉસમાં ઉતારો રાખ્યો હતો. એક સરકારી સંસ્થાનું ઓડિટ સંભાળતો હતો. મારા નિયમ મુજબ મેં એ લોકોની સુવિધાઓ સ્વીકારી નહોતી એની અકળામણ હતી.

'સાહેબ...તમારે અમારી મહેમાનગતિ સ્વીકારવી જોઈએ. ને અમે વળી વિશેષ શું કરીએ છીએ? ભોજન, સાંજે થોડું સાઈટ દર્શન અને...! અરે, કોફીનું થર્મોસ પણ સાથે લાવો છો? સાહેબ...થોડી સેવા કરવા દો'!

મેં વિનમ્રતાથી અસ્વીકાર કર્યો હતો : મને આ બધું નહીં ગમે. મને મારી રીતે ફરજ બજાવવા દો.

'ધન્ય છે સાહેબ, આ પહેલાંના સાહેબે તો અમને થકવાડી દીધાં હતાં!'

પ્રગટપણે આવી પ્રશસ્તિઓ થતી હતી પરંતુ છાને ખૂણે કહેવાતું હશે : સાવ વેદિયો છે. કેટલી ક્ષતિઓ શોધી? કેમ ચાલે આમ?

છેલ્લો દિવસ હતો. મોડે સુધી કામ ચાલ્યું હતું. કેટલીક ગેરરીતિઓ મળી હતી.

થર્મોસની કોફી ખાલી થઈ ગઈ હતી, ક્ષુધા પણ અકળાવતી હતી.

મેં એ લોકોને કેટલાંક ઉપયોગી સૂચનો કર્યા હતાં, કેટલીક ક્ષતિઓ સુધરાવી હતી. ખુશ હતા એ લોકો. વિદાય લઈને રેસ્ટહાઉસે આવ્યો ત્યારે રાતના અંધારાં છવાઈ ગયાં હતો. થાક, ક્ષુધા, ભાર વરતાતો હતા. ને કેર ટેઈકરે કહી દીધું : સાહેબ...ભોજન તો નહીં મળે. રસોઈયો ચાલી ગયો હતો, બધું આટોપીને. મને અહીં પહોંચાડીને રિક્ષા પણ રવાના થઈ ગઈ હતી. આ સ્થાન શહેરથી જરા દૂર હતું.

શું કરવું હવે? મારી અકળામણ હરજીવનને સમજાઈ, પણ કરે શું?

અચાનક તેને જ યાદ આવ્યું હતું : કહ્યું, ચાલો સાહેબ, બે મિનિટનો રસ્તો છે. ગરમ ગરમ થાળી મળી જશે. ગૌરીબેન...નું ધાબું છે. જમતાં જ હશે બે ચાર, સરસ બનાવે છે. રોટલો-કઢી-ખીચડી અને મરચાં.

ખુલ્લી પરસાળમાં બેઠક વ્યવસ્થા હતી. બે સામસામી હાર હતી પાટલાઓની. અંદરના ભાગમાં રસોડામાં કશી હલચલ હતી.

હરજીવન ભીતર ગયો હતો, તડખડ કરવા. ઓળખાણ હશે તેને શું નામ કહ્યું તેણે?

રોટલો શેકાતો હોય એવી સુગંધ આવતી હતી. થયું કે ભોજન પ્રાપ્તિ તો થશે જ અને પાંચ મિનિટ પછી એક સ્ત્રી થાળ લઈને આવી હતી. હાથમાં થાળ, ઝાંઝરનો ઝમકાર, ગૌર વાન, પરસેવાથી લથબથ ચહેરા પર રમતિયાળ સ્મિત ને મુખ પર આવો સાહેબનું સંબોધન.

બે ચાર પળોનું અવલોકન. એમાં પણ મુખોમુખ થવાયું માત્ર એક ક્ષણ પૂરતું. થયું કે ક્યાંક જોઈ હતી આ સ્ત્રીને.

હરજીવન તો જળપાત્ર લેવા ગયો હતો તે ખુશ હતો કે મારી ક્ષુધા તૃપ્તિમાં તે નિમિત્ત બન્યો હતો. હું અવઢવમાં ડૂબ્યો હતો : આ કોણ? ક્યાં મળી હશે? ને એ સ્ત્રીનો નિશ્ચિયતતાભર્યો સ્વર સંભળાતો હતો : કોણ ગોપુ? ગોપુ! ગોપુનું સંબોધન? ગોપુ તો...હું, વર્ષો પહેલાનો. ચોંકી જવાયું પણ તરત જ પછી એ વર્ષોમાં પહોંચી ગયો હતો : અરે, આ તો ગિરજા આન્ટી!

તે બોલ્યાં હતાં : ચાલો, ઓળખાણ તો પડી, તેણે તંતુ લંબાવ્યો હતો : તારી ગિરજા આન્ટી છું, પણ અહીં ગૌરી છું. કેટલે વર્ષે મળ્યાં? અરે આખો જુગ વીતી ગયો!

તેમનો ચહેરો ગંભીર બની ગયો હતો. વયની નિશાનીઓ ગાલ પર સળ પાડતી હતી.

બીજી પળે....હળવાશ આણીને બોલ્યા : તું તો મોટો સાબ્ય બની ગયો. કેટલો હરખ થયો, ગોપુ? અરે, હવે તને ગોપુ કહીને ના બોલાવાય.

'ના, આન્ટી, તમારો ગોપુ જ છું ને કાયમ એ જ રહેવાનો છું.' મારા શબ્દોમાં ભાવ દેતો. 'આન્ટી, હાટકેશે મેળાપો કરાવ્યો. સ્મરણમાં હતાં જ પણ આ તો...મળ્યાં? સુખ શાંતિ છે ને?' 'પહેલાં નિરાંતે જમી લે. વાતો કરવા માટે તો આખી રાત પડી છે : તે બોલ્યાં હતાં.'

ગિરજા આન્ટી સામે જ બેઠાં, ફરશ પર. ફડશ હતી ફળફળતાં રોટલાની. ખીચડી, શાક, મરચાં અને લસણની ચટણી.

તરત કહ્યું હરજીવનને : માખણ લઈ આવ. ગોપુને ભાવે છે. હું જાણું છું ને!

જૂનો સમય જાગી ગયો. હા, આન્ટી મને આગ્રહ કરીને જમાડતાં હતાં.

સામે જ રહેતાં હતાં. અમારા ઘર સામે જ ઘર. કોઈ ખાનગી ક્લિનિકમાં નર્સ હતાં. મા અચાનક ....માંદી પડી ગઈ હતી.

હું તો શાળાના અભ્યાસમાં પડ્યો હતો. નજીક જ હતી. મહાદેવ ગેટની બહાર નીકળો એટલે જમણી તરફ. ગિરજા આન્ટીએ માને તે જ્યાં કામ કરતા હતા એ ક્લિનિકમાં દાખલ કરી હતી.

એ રાત વસમી ગઈ હતી. માએ કહ્યું હતું : ગિરજા...ગોપુ તને સોંપું છું. ઘર પણ તને બસ...જાઉં છું....

ત્યારે નહોતી ગઈ. અગિયાર દિવસમાં સાજી થઈ ગઈ હતી.

એ સમયે આન્ટીએ અમને બન્નેને સંભાળી લીધા હતાં.

ડૉક્ટરને ગૌરવથી ઓળખ આપી હતી : સાહેબ, માસી તો શહીદ સૈનિકના વીર પત્ની છે. પાક સાથે વૉર થયેલી ને? આ ગોપુ...

મા બચી ગઈ હતી. માએ કહ્યું : ગિરજા, તું મારા ગયા જનમની દીકરી હોઈશ.

મને સમજ પડતી હતી. બાર તેર વર્ષની વયે પુખ્ત બની જવાયું હતું.

એક સમજ વિકસી હતી : મારે ઝટ ભણીને જોબ મેળવી લેવાની હતી. મા એ જ ઝંખતી હતી. ક્યારેક બબડતી પણ ખરી : નથી મોકલવો આર્મીમાં મારે ખાલી થઈ જવું નથી.

મા છવીસમી જાન્યુઆરીની સવારે આવેલા એ ભૂંકપનો ભોગ બની હતી.

કેવી મોટી વિભીષિકા બની હતી? જાણે કચ્છની ધરતી પર પ્રલય આવ્યો? એમ થયું હતું કે અંત આવી ગયો સૃષ્ટિનો.

હું ત્યારે મારી શાળામાં હતો. ગિરજા આન્ટી સાથે ઘરેથી નીકળ્યો હતો. બેય હાથ ખાલી હતા. ક્યાં સ્કૂલબેગ હતી સાથે?

માતાનો છેલ્લો અવાજ સાંભળતો હતો : ગોપુ, સાચવીને જજે. ગિરજા સાથે છે ને? સાથે જ આવજે. બસ, પછી ભણકારા જ રહ્યાં હતાં.

રાહત છાવણીમાં પણ ગિરજા આન્ટીની સાથે હતો. આખો વિસ્તાર કાટમાળની નીચે હતો : ઘર, મા, બાપુનો ફોટો, મારી સ્કૂલ બેગ. ગિરજા આન્ટીનો પરિવાર પણ. શરીરમાં ભયનું લખલખું હતું. ધરતી પરથી ભરોસો ઉઠી ગયો હતો. પાંચમે દિવસે પિતરાઈ અંકલ શોધતાં શોધતાં આવ્યા હતા. મેં ગિરજાની વિદાય લીધી હતી. તેમણે મને રસ્તો પૂરો થાય ત્યાં સુધી જોયા કર્યો હતો. ક્યાં રસ્તો હતો? ઢગલાઓ વચ્ચેથી જવાતું હતું. હવામાં વિચિત્ર ગંધ હતી; કદાચ મૃત્યુની.

ને આમ અચાનક મળી ગયાં!

મારી વાતની તો મને ખબર હોય : અમદાવાદની એક શાળામાં અભ્યાસ, કાકાનું ઔદાર્ય અને કાકીની સંકુચિતતા, કોલેજના અભ્યાસ સાથે પાર્ટ ટાઈમ જોબ, દર છવીસમી જાન્યુઆરીએ છાને ખૂણે રડી લેવાનું, જોબ લેવાનું, પૂર્વીને પરણવાનું.

સઘર્ષો તો થયાં, પાર વિનાના થયાં. એક વેળાએ શહેરમાં પણ જઈ આવ્યો હતો. નવું શહેર બંધાતું હતું. અવશેષો ખસેડાઈ

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

ગયાં હતાં. હવામાં જૂનાં વહાલની ઉષ્મા હતી.

પણ ગિરજા આન્ટી ના મળ્યાં. મા તો ક્યાં મળવાની હતી. મૃત્યુ નોંધમાં માનું નામ વાંચ્યું હતું. વાસંતી, વય આશરે... સ્થાન જૂનો નાગરવાડો.

મેં જમતાં જમતાં આખી વિગત-કથા ત્રુટક ત્રુટક કહી હતી. ક્યારેક હાથમાં કોળિયો એમ જ રહી જતો હતો. ગિરજા ધ્યાનથી સાંભળતી હતી.

આમાં હરજીવનને શો રસ? જે પ્રતીક્ષા કરતો હતો કે સાહેબ પરવારે, પાછા ફરે, વિદાય સમયે તેને સારી ભેટ મળે.

ગિરજાએ જ સમાપન કર્યું : શું નામ છે વહુરાણીનું? પછી અહોભાવ : ગોપુ, ક્યાં ધાર્યું હતું, તું મળી જઈશ? સવારથી મારી આંખ ફરકતી હતી. ઈશ્વર કેટલો દયાળુ છે? મળી ગયો તું! હવે મૃત્યુ આવશે તો ના નહીં પાડું, ચાલી નીકળીશ.

'અરે, આન્ટી...આવું શું બોલે છે? હજી તો તમારે મારી શુભાના લગ્નમાં આવવું પડશે. હજી તો પાંચ વર્ષની જ છે પણ કેટલી હોંશિયાર છે? સરસ ગીતો ગાય છે અભિનય સાથે. લો, આ કાર્ડ. કામ લાગશે. અરે, હું જ તમને પત્ર લખીશ, તેડવા પણ આવીશ. દામિનીને તમારા દર્શન કરાવવા પડશે ને?

પરત થયો ત્યારે મને વિચાર આવ્યો કે મેં તો મારી કથા કહી પણ આન્ટી તો કશું બોલ્યા જ નહોતાં. તેમની વ્યથાઓ તો હશે જ ને? ત્યાંથી અહીં સુધીની સફર સરળ તો નહીં હોય.'

હરજીવન પૂછી રહ્યો હતો : સાહેબ...ફાવ્યું ને? ફક્કડ રસોઈ બનાવે છે. તમારે તો ઓળખાણ પણ નીકળી. ક્યારે સવારે જવું છે ને? કહીં દઉં રિક્ષાનું? તે પણ ઓળખે છે. સાહેબ...મારે લગભગ અરધા ગામ સાથે ઓળખાણ. હરજીવનને બધાંય ઓળખે.

આખી રાત ભમતો રહ્યો હતો આમતેમ. એ શહેરથી આ શહેર, આમતેમ. એ શહેરથી આ શહેર, એ સમયથી આ સમય, મા-મૃત પિતા-ગિરજા આન્ટીથી દામિની સુધી. અનુભવેલો આ પ્રલય વખતોવખત હચમચાવી જતો હતો. મૃત્યુ યાદીમાં કેટલાં લોકો હતાં. જેઓ માટે એ નગર બેઠું થઈ રહ્યું હતું. મેં નજરોનજર જોયું હતું.

હું ને ગિરજા આન્ટી બચી ગયાં હતાં એ પણ અકસ્માત! કૃપા હાટકેશની. તો જેઓ મર્યા, એ કાંઈ હાટકેશની અકૃપા હતી? બધી રમત, એક જાતની અનિશ્ચિતતાની.

આ મળ્યાં એ પણ અનાયાસે. પેલી જ રમત. મળ્યાં પણ કેવી અવસ્થામાં? ગિરજા આન્ટી અવ્યક્ત રહ્યાં. હસ્યાં, વરસ્યાં, સ્પર્શ્યા પરંતુ મને તો કશું ના કહ્યું તેમનું ન કહેવા જેવું હશે?

મને વ્યથિત કરવાનું યોગ્ય નહીં લાગ્યું હોય? હું સવાર સુધી એ જાળામાં અટવાતો રહ્યો હતો. છેલ્લો નિષ્કર્ષ એ મળ્યો કે મળ્યાં તો ખરાં. આમ મળી જવું એ પણ નાનીસૂની ઘટના ના ગણાય. યોગ હોય તો જ મળાય, નહીં તો હવા જેવી પાતળી આડશ પણ ના ભેદી શકાય.

કેટલું સુખ મળ્યું? જૂનો સમય જાગી ગયો. પરોઢ થયું. હરજીવને સાદ પાડ્યો હતો : સાહેબ, રિક્ષાને ક્યારે બોલાવું?

આખુ પરિસર ભરનીંદરમાં હતું. મેં સામાન તૈયાર કર્યો. ત્યાં હરજીવન બોલ્યો હતો : સાહેબ, ઊંઘ ન આવી. તેના જ વિચાર આવ્યાં. સમજ પડી : કદાચ...કાલની વાતના. ગિરજા આન્ટીને ત્યાં લઈ ગયો હતો ને? ભોજન કાજે પરંતુ કેવી મોટી ઘટનાનો તે નિમિત્ત બન્યો હતો? તે બોલ્યો : સાહેબ, બહુ સહન કર્યું ગૌરીએ. પેલો જડ, શંકાશીલ! તેનો વર, બીજું કોણ? કષ્ટ આપવામાં કશું બાકી ના રાખ્યું.

હું થીજી ગયો હતો. આ તો આન્ટીની વાત! ઓહ? પીઠાની વાત આ તો!

વાત આગળ ચલાવી : વહેમી. બસ એક જ રટણ. એ કોણ હતો? તારા ઘર સામે રહેતો હતો. છાવણીમાં તારી સાથે રહેતો હતો, તને વળગીને સૂતો હતો? બાર વરસનો...? કોની બનાવટ કરે છે? શું કરતી'તી તેની સાથે? અપવિત્ર...છું તું.

થથરી જવાયું : આ તો મારી વાત. સત્ય છતાં ગિરજા આન્ટીએ કષ્ટો સહ્યાં! 'મુવો એ તો, ગયે વરસે. પાપીનો નાશ જ થાય.' હરજીવને પૂરું કર્યું પણ મારા મનમાં એક નવો અધ્યાય શરૂ થયો હતો.

સમજાયું કે તેમણે મને અતીતથી શા માટે દૂર રાખ્યો હતો. કાયમ એ જ કર્યું હતું ને? તેમનાં કષ્ટો મારાથી દૂર રાખ્યાં હતાં. બસ, ગોપુને સુખ મળવું જોઈએ.

*પ્રશાંતિ નીલયમ, માધવનગર,*
*સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧.*
*મો. ૯૭૨૬૦ ૭૨૩૨૩*

*સારા કામ કરતા રહો, લોકો તેના વખાણ કરે કે ના કરે. અડધી દુનિયા સૂતી હોય છે છતાં સૂરજ તો ઉગે જ છે અને ઉજાસ ફેલાવતો રહે છે.*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

પર્વ

# ગંગા દશેરા

સ્વામી શિવાનંદ સરસ્વતી

જેઠ મહિનાના સુદ પક્ષની દશમને ગંગા દશેરા કહેવાય છે. તે ભગીરથ રાજાની પ્રાર્થનાથી પરમ પાવની ગંગા મૈયાના ધરતી પર અવતરણ કરીને પ્રકાશિત થવાના ઉપલક્ષ્યમાં ઊજવવામાં આવે છે.

પ્રાચીન કાળમાં સગર નામે એક મહાન સમ્રાટ થઈ ગયા. તેઓએ દેવલોકના સમ્રાટ ઈન્દ્રનું પદ પ્રાપ્ત કરવા માટેની અભિલાષા થકી અશ્વમેઘ યજ્ઞો કર્યા. સોમા યજ્ઞમાં ઈન્દ્રએ, આ યજ્ઞ પૂરો થતાં ભક્તની તપસ્યાના ફળ સ્વરૂપે ઈન્દ્રનું પદ તેનાથી છિનવાઈ જશે એ દહેશતથી યજ્ઞનો ઘોડો ચોરી લીધો અને એને લઈ જઈને કપિલ મુનિના આશ્રમમાં બાંધી દીધો.

રાજા સગરના બધા પુત્રો જેમની સંખ્યા સાંઈઠ હજારની હતી તેઓ યજ્ઞના ઘોડાને શોધવા નીકળ્યા. જે એમણે બલિદાન માટેનો ઘોડો આશ્રમની આગળ જોયો ત્યારે તે ઋષિએ જ પોતાનો હોવાનું માનીને તરત જ યુદ્ધ કરવાને તત્પર થયા. એમના આવા અવિચારી વહેવારને જાણીને નિર્દોષ ઋષિએ બધાને શાપ આપી દીધો અને પરિણામ સ્વરૂપે બધા ત્યાં જ ભસ્મ થઈને રખ્યાના ઢગલા બની ગયા.

સમય વીતતો ચાલ્યો. સમ્રાટો એક પછી એક થતા ગયા અને સમાપ્ત પણ થતા ગયા. આ દુઃખદ બનાવના લાંબા સમય પછી એ જ વંશમાં/કુળમાં ભગીરથ નામનો એક તેજસ્વી સમ્રાટ થઈ ગયો. પોતાના પૂર્વજોના આવા દયનીય દુર્ભાગ્યની બાબત જાણવા મળતાં તેઓ ઊંડા શોકથી ધ્રુજી ઊઠ્યા અને તેમણે મોટા મોટા અને મહાન ઋષિમુનિઓ સાથે આ બાબતે પૂછપરછ કરી. બધાએ તેમને મા ગંગાનું અવતરણ કરાવવાની સંમતિ આપતાં કહ્યું કે કેવળ ભગવતી ગંગા જ કપિલ ઋષિના શક્તિશાળી શાપને ધોવા માટે સમર્થ છે. ભગીરથ ઋષિએ અત્યંત નિયમ પૂર્વક કઠોર તપસ્યા કરી. એમની તપસ્યાથી રાજી થઈને મા ગંગા પ્રકટ થયાં અને તેમને કોઈ એવી વ્યક્તિની મદદ લેવાની સંમતિ આપી જે એમના પ્રવાહને રોકી શકે, અન્યથા સમગ્ર પૃથ્વી ગંગાના પ્રવાહમાં જળમય બની જશે.

ભગીરથ ફરી સો વર્ષ માટે કઠોર તપસ્યા કરવાને બેસી ગયા. ભગવાન શંકર સમ્રાટ ભગીરથની અત્યંત કઠોર તપસ્યાથી ખૂબ જ પ્રસન્ન થયા અને એમણે તરત જ ગંગાના તીવ્ર પ્રવાહને પોતાની જટાઓમાં સમાવી લેવાની સંમતિ આપી દીધી. ઊછળતી, લહેરાતી અને ફીણ ફેલાવતી વેગીલી ગંગાએ દેવલોકથી અવતરવાનો પ્રારંભ કર્યો. ભગવાન શિવે શાંતિથી ગંગાને પોતાની જટાઓમાં ધારણ કરી લીધી અને પોતાના ઉપરથી ધીરે ધીરે છલકાવા દીધી. એ ગંગા સાતમનો દિવસ હતો.

હિમાલયના અંતરિયાળ ક્ષેત્રમાંથી વહેલી વહેતી ગંગા જન્હુ ઋષિના આશ્રમને પોતાના વહેણમાં સાથે લઈ જવાને તત્પર બની. પરંતુ જન્હુ ઋષિ તો એમનાથી કંઈ કેટલાય વધારે શક્તિશાળી હતા, એટલે તેઓ તો તેને આચમન કરવાની જેમ પી ગયા. એ જોઈને ભગીરથ ખૂબ જ હતાશ થઈ ગયા. પરંતુ તેમણે ધૈર્ય રાખીને જહ્નુ ઋષિને પ્રસન્ન કરવાને માટે ફરીથી કઠોર તપસ્યા કરવાનો આરંભ કરી દીધો. છેલ્લે જન્હુઋષિએ પોતાના કર્ણો દ્વારા ગંગાને બહાર જવા દીધી. અહીંથી નીકળ્યા બાદ ગંગા અત્યંત સૌમ્યતા, સર્વાત્મ પ્રેમભાવ અને વાત્સલ્યભાવથી પરિપૂર્ણ બનીને શાંત ભાવે વહેવા લાગી. પોતાની દૈવી કૃપા વડે એણે સાંઈઠ હજાર રાજપુત્રોનો ઉધ્ધાર કરીને તેમને શાશ્વત પરમાનંદ ધામમાં પહોંચાડી દીધા.

એ દિવસને પરમ પાવન ગંગા દશેરાના રૂપમાં માનવામાં આવે છે. આ એક પવિત્ર સ્નાનનો દિવસ છે. હરિદ્વારમાં આ દિવસના ઉપલક્ષ્યમાં જેઠ પૂનમ સુધી મેળો ભરાય છે.

**ગંગા દશેરાનું મહાત્મ્ય :**

૧. ગંગા દશેરા - ભગવાન શિવે ગંગાજીને પોતાની જટાઓમાં ધારણ કર્યા.
૨. સમ્રાટ સગર - પોતાના તપથી મા ગંગાજીને પ્રસન્ન કર્યા.
૩. કપિલ ઋષિ - મા ગંગાજીનું સંપૂર્ણ જળ પી ગયા.
૪. રાજા ભગીરથ - સગર પુત્રોને શ્રાપ આપ્યો.
૫. ગંગા સપ્તમી - સાઠ હજાર રાજપુત્રોનો ઉદ્ધાર દિવસ
૬. ઋષિ જહ્નુ - સો અશ્વમેધ યજ્ઞો કર્યા.

## મેઘાલયનો અનોખો પુલ

મેઘાલયના ચેરાપુંજીમાં પુલ બનાવવામાં નથી આવતા પણ ઉગાડવામાં આવે છે. અહીં રબ્બર ટ્રી અને સોપારીના ઝાડના મૂળને ભેગા કરીને ૧૦૦ ફુટથી વધુ લાંબા પુલ બનાવવામાં આવેલ છે.

પર્વ

# રમઝાન મહિનો પવિત્ર કેમ ગણાય છે?

કબીર સી. લાલાણી

ઈસ્લામ ધર્મમાં રમઝાન મહિનાનો મહિમા અપરંપાર છે. ઈસ્લામી પંચાંગનો નવમો મહિનો એટલે પવિત્ર રમઝાન. વર્ષના બાર મહિનામાં રમઝાન મહિનાને સૌથી વધુ મહાન ગણવામાં આવ્યો હોઈ તેનો ઉલ્લેખ રમઝાન શરીફ તરીકે અથવા રમઝાનુલ મુબારક તરીકે કરાયો છે. આ મહિનાનું વિશેષ મહત્ત્વ એટલા માટે છે કે કુરાનેશરીફનું અવતરણ આ જ મહિનામાં થયું હતું.

દીને ઈસ્લામની માન્યતા મુજબ કુરાનેપાક એ ખુદ ઈશ્વર એટલે કે અલ્લાહની ભાષામાં છે. હઝરત મુહંમદ પયગંબર (સ.અ.વ.) ને અક્ષરજ્ઞાન નહોતું. તેઓ પોતાની જાતને ઉમ્મી કહેતા. જેનો અર્થ અશિક્ષિત થાય છે. આખું અરબસ્તાન જાણતું હતું કે ઈસ્લામ ધર્મના સૌથી છેલ્લા પયગંબર હઝરત મુહંમદ (સ.અ.વ.) ક્યારેય કોઈ પણ ગુરુ પાસેથી લખવા વાંચવાનું શીખ્યા જ નહોતા, એટલે સાહિત્યિક ભાષામાં લખાયેલું પવિત્ર કુરાન એ અલ્લાહની ભાષામાં જ ઉતર્યું છે. એવી મુસ્લિમ ધર્મને અનુસરતા ઉમ્મતી (લોકો) ની મજબૂત માન્યતા છે. આપ સ.અ.વ. બોલતા જતા અને બીજી વ્યક્તિ તેને લખતી, એ પ્રમાણે પવિત્ર કુઆન લિખિત સ્વરૂપમાં અસ્તિત્વમાં આવ્યું.

પવિત્ર રમઝાન માસમાં મુસ્લિમ ભાઈ-બહેનો રોઝા રાખે છે. એટલે સવારે સૂર્યોદય થતાં પૂર્વેથી સૂર્યાસ્ત સુધી તેઓ ભોજન લેતા નથી. પાણી સુદ્ધાં પીતા નથી અને થૂંક પણ ગળતા નથી. આવા રોઝા રાખવા એ સામાન્ય ઉપવાસ કરતાં ખૂબ અઘરું કામ છે અને એટલા માટે જ સમી સાંજે રોઝો ખોલવાની છૂટ આપવામાં આવી છે. તે વખતે ભૂખને બદલે તરસ વધારે હોય એટલે રોઝદાર વ્યક્તિ ખૂબ પાણી પીએ અને ખૂબ શરબત પીએ. તે પછી તેનાથી ઝાઝો ખોરાક લેવાતો નથી. મોટે ભાગે રોઝાદાર વ્યક્તિ ફળાદિ જ ખાય છે.

ઈસ્લામ ધર્મનો જ્યાં ઉદય થયો એ અરબસ્તાનનું મુખ્ય ફળ ખજૂર છે. એટલે રોઝદાર એકાદ ખજૂરની પેશી ખાય, પછી ફળો ખાય, પાણી પીએ, શરબત પીએ. તેનાથી પેટ તો ભરાઈ જાય, પણ શરીર દૂબળું પડી જાય. એક આખા મહિના સુધી રોઝા (ઉપવાસ) રાખનાર વ્યક્તિ મહિનાના અંતે એકદમ નંખાઈ ગયેલી માલૂમ પડે છે. રાતે ખાવાની છૂટ ઘણી છે, પણ દિવસભર તરસ્યા રહેનારને અન્નનો દાણો ભાવતો જ નથી, તે રાત્રે પણ પીણાં જ પીએ છે. ઈસ્લામ ધર્મમાં ત્યાગનો મહિમા પણ ખૂબ છે એટલે આ એક મહિના માટે અન્નનો લગભગ ત્યાગ કરાય છે.

આરબો આ બધું અત્યંત સરળતાથી કરી શકતાં હતાં, કારણ કે તેઓ વેપારીઓ હતા. એક આખો મહિનો તેઓ વેપાર-ધંધા લગભગ બંધ જ રાખતા.

રમઝાન મહિનામાં તમે કોઈ પણ મુસ્લિમ મહોલ્લામાંથી પસાર થાવ તો તમને કુરાનેશરીફનું પઠન ઠેરઠેર સાંભળવા મળે. તે પુરુષના કંઠમાં હોય કે નારીના કંઠમાં પણ હોય. આમ તો આખો દિવસ-રાત પવિત્ર કુરાનનું પઠન દરેક મુસ્લિમ ઘરોમાં, મસ્જિદોમાં, મદરેસાઓ અને ઈબાદત ગાહોમા ચાલતું જ હોય. નાના-મોટા, અબાલ-વૃદ્ધ સૌ આખું કુરાનેમજીદ આ પવિત્ર માસમાં વાંચવાનું પૂર્ણ કરતા હોય છે.

એ આખો મહિનો તપસ્યા કર્યા પછી અલ્લાહે પોતાની બંદગી મંજૂર રાખી તેની ખુશાલીમાં મુસ્લિમ ભાઈ-બહેનો ઈદની ઉજવણી કરે છે. આ ઈદ એટલે ઈદ-ઉલ-ફીતર (ફીતર એટલે પારણું) એટલે આ ઈદ પારણાની ઈદ ગણાય. એક મહિનાના રોઝા પછી માણસને ખાવાની ઈચ્છા લગભગ મરી જાય છે તે ધીમે ધીમે જાગૃત થાય છે એટલે આ રીતે રમઝાન મહિનો મુસ્લિમ ભાઈ-બહેનોના મનમાં સ્વૈચ્છિક ત્યાગની ભાવના જગાવે છે.

કોઈ પણ મુસ્લિમ મહોલ્લામાં આખા રમઝાનમાં ખાસ કરીને રાતે પસાર થઈએ તો ત્યાં દિવસ જેવી ચહલપહલ જોવા મળે. રમઝાન મહિનાના સમય દરમિયાન કુરાનેશરીફનું અવતરણ થવાની શરૂઆત થઈ હોઈ દરેક મુસ્લિમ આ આખો મહિનો તેની તિલાવત (પઠન) કરતો જોવા મળશે. ઘણાં મુસ્લિમ ભાઈ-બહેનોને આખું કુરાનેશરીફ મોઢે હોય છે. તેમને કુરાનેહાફિઝ (હાફેઝુલ કુઆન) કહેવામાં આવે છે. રમઝાન મહિનાના છેલ્લા દિવસોમાં દરેક મુસ્લિમ પોતાના ગજા મુજબ દાન-પુણ્ય કરે છે. તેને તેઓ ખેરાત-ઝકાત કહે છે. આ રીતે આ મહિનો માત્ર ખોરાકના ત્યાગનો જ મહિનો નથી, પણ એમાં વર્ષ દરમિયાનની ચોખ્ખી કમાણીનો અમુક ચોક્કસ હિસ્સો જરૂરિયાતવાળાઓને દાન આપીને પણ કરાય છે. આમ, દરેક રીતે આ મહિનો ત્યાગનો મહિનો ગણાય છે. ટૂંકમાં એ બધાના કેન્દ્રમાં ભૌતિક જરૂરિયાતોનો ત્યાગ છે.

ભાઈબંધ લોકોમાં સામાન્ય માન્યતા એવી છે કે ઈદના દિવસે મુસ્લિમોનું નવું વર્ષ શરૂ થાય છે. આ માન્યતા સદંતર ખોટી છે. કારણ કે ઈસ્લામી પંચાંગ મુજબ રમઝાન નવમો મહિનો છે. પહેલો મહિનો તો ત્રણ મહિના પછી શરૂ થાય, જેને મોહર્રમનો મહિનો કહે છે. ઈસ્લામના સિદ્ધાંત મુજબ માણસ અગિયાર મહિના ખાઈ-પીને રહે, પણ એક મહિના માટે તેણે તમામ ભોગવિલાસનો ત્યાગ કરવો પડે છે. ભોગનો આનંદ ત્યાગ વિના અધૂરો છે. એટલે જ બન્ને પ્રકારની પરિસ્થિતિને એવી રીતે અનુકૂળ થવું એની તાલીમ રમઝાન માસમાં પ્રત્યક્ષ રીતે દરેક મુસ્લિમને મળે છે. પુખ્ત વયનાં દરેક સ્ત્રી અને દરેક પુરુષ માટે એ ફરજિયાત છે.

આમ, ઈસ્લામ ધર્મ સહિષ્ણુતા સમર્પણ, ત્યાગ, બંધુત્વનો સંદેશ આપતો જગતના મહાન ધર્મો પૈકીનો એક મહાન મઝહબ છે. ■

શિક્ષણ

# શિક્ષણના કેન્દ્રમાં કોણ છે?

મનસુખ સલ્લા

અનેકવાર આપણે શિક્ષણની મોટી ઘટનાઓ જ જોઈએ છીએ, પરંતુ નાની ઘટનાની ઉપેક્ષા કરીએ છીએ. શિક્ષણમાં નાની નાની ઘટના જ મહત્ત્વની બનતી હોય છે. બહારથી નાની દેખાતી ઘટનાની અસરો ઘણી મોટી અને વ્યાપક હોઈ શકે છે. એમાંથી સમજાય છે કે શિક્ષણનું કાર્ય કેટલું બધું જવાબદારીવાળું હોય છે. બીજાં બધાં ક્ષેત્રોમાં પણ વ્યક્તિએ જવાબદારીપૂર્વક જ વર્તવું જોઈએ. પરંતુ ત્યાં નિર્જીવ રચનાઓ, વસ્તુઓ કે નિયમો સાથે કામ પાડવાનું હોય છે. તેમાં પ્રમાદ, બિનજવાબદારી કે ઉપેક્ષાથી નુકસાન તો થાય છે, પરંતુ એ નુકસાન અમુક માત્રાનું છે.

શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષકે ઊગતા, વિકસતા, અનેક શક્યતાને પ્રગટ કરતા, સ્વપ્નાને આંબવા મથતા, સર્જનાત્મકતા અને મૌલિકતાથી ઊભરાતા બાળક સાથે કામ કરવાનું હોય છે. એમાંય એકથી દસ ધોરણ સુધી તો બાળક માટ શિક્ષક અનેક રીતે અસરકારક હોય છે. શિક્ષક સારો તો અસરો સારી, શિક્ષક બેજવાબદાર કે અવિચારી તો તેની અસરો ભયંકર અને વિનાશકારી હોઈ શકે. કારણ કે શિક્ષક બાળકના મન, બુદ્ધિ, હૃદય સાથે કામ પાડતો હોય છે.

ગુજરાતી કેળવણી પરિષદના અમારા અગ્રણી સહયોગી બકુલભાઈ પટેલે એક ઘટનાની વાત કરી તે હલાવી મૂકનારી છે.

એક દીકરીની આ કથા છે. તે છઠ્ઠા ધોરણમાં ભણતી હતી. ઉત્સાહી, તરવરાટવાળી, બુદ્ધિશાળી, સર્જનાત્મકતાથી ભરી ભરી. (આપણે એનું નામ સુકન્યા રાખશું.) સુકન્યા એકવડા બાંધાની હતી. તેને ઉમળકો જાગ્યો કે 'મારે ફૂટબોલ રમતાં શીખવું છે.' આ તેને કોઈએ કહ્યું ન હતું. તેને પોતાને જ મન થયું હતું. તે રમતના મેદાનમાં ગઈ. ફૂટબોલ રમનારા બાળકો ત્યાં હાજર હતાં. સુકન્યાને જોઈને રમત શિક્ષિકાએ આવવાનું કારણ પૂછ્યું. સુકન્યાએ ફૂટબોલ રમતાં શીખવાની ઈચ્છા પ્રગટ કરી. રમત શિક્ષિકા હસી પડી, તું આવા માયકાંગલા શરીરે ફૂટબોલ રમવાની?' શિક્ષિકાએ બધાંની વચ્ચે જાણે શૂર ચડ્યું હોય એમ સુકન્યાનો ઉપહાસ કર્યો, ઉતારી પાડી, ખાસ્સું સંભળાવ્યું. સુકન્યા વેણે વેણે કપાતી રહી, રડતી રહી. પાછી ફરી.

જો એ રમતશિક્ષિકા જવાબદાર હોત અને વિદ્યાર્થી માટે નિસ્બત ધરાવતી હોત તો સુકન્યાને પ્રેમથી સમજાવી શકી હોત કે ફૂટબોલ રમવું હોય તો શરીરને કેળવવું પડે. તું ભોજનમાં, કસરતમાં, જીમમાં આટઆટલું કરીને શરીરને ખડતલ કર. તું જરૂર ફૂટબોલ રમી શકીશ. તું તૈયારી કર.' તો સુકન્યાના આત્મવિશ્વાસને શગ ચડી હોત. તેનો ઉત્સાહ અનેકગણો વધી ગયો હોત. તે અભ્યાસ સાથે ફૂટબોલ માટે જરૂરી બધી તૈયારી કરવા તત્પર બની હોત. પરંતુ શિક્ષિકાની દૃષ્ટિહીનતા અને પોતાના વિકૃત અહમને કારણે તેણે સુકન્યાના ભાવતંત્ર ઉપર કઠોર આઘાત પહોંચાડ્યો. સુકન્યાની જગ્યાએ કોઈ ડફ્ફર છોકરી હોત તો શિક્ષિકાનાં વાક્યોને બાજુ પર મૂકી દીધાં હોત. પણ સુકન્યાનો ઉછેર અલગ હતો. તે કોમળ પ્રકૃતિની હતી. આ ઘટનાની અસરો પરિવારને ધીરે ધીરે દેખાવા લાગી. સુકન્યાએ બધામાંથી રસ લેવાનું ઓછું કરી નાખ્યું. વાત કરવાનું ઓછું કરી નાખ્યું. રૂમમાં પુરાઈ રહે. બાથરૂમમાંથી કલાક સુધી બહાર ન નીકળે. વારંવાર જિંદગી પૂરી થઈ જવાની વાત કરે. જન્મદિવસ ઉજવવાની ના પાડે, કારણ? 'હવે ક્યાં વધુ જીવવાનું છે?' છોકરીઓ તેના ઘેર આવે તો તેને ચીડ ચડે. રૂમમાં પૂરાઈ જાય.

અત્યારે તે દસમાં ધોરણમાં છે, પરંતુ ક્યાંય એકાગ્રતા કે રસથી ભાગ લઈ શકતી નથી. કુટુંબ સતત ચિંતામાં છે. મનોચિકિત્સકની સારવાર ચાલે છે. તે હજુ પોતાના આઘાતમાંથી બહાર આવી નથી. કુટુંબને આત્મહત્યાની બીક લાગતી રહે છે. સાચું કહીએ તો શિક્ષિકાએ તેના ભાવતંત્ર ઉપર બળાત્કાર કર્યો છે. શરીરના બળાત્કાર કરતાંય આવો બળાત્કાર વધુ હલાવી મૂકનારો અને વ્યક્તિત્વને હણનારો હોય છે.

પ્રશ્ન એ છે કે સુકન્યાની તો ખબર પડી, પણ હજારો સુકન્યાઓ આવો માનસિક આઘાત વેઠતી હશે. હજારો વિદ્યાર્થીઓ શિક્ષકોના ઉપહાસ, મેણાંટોણાં, અપમાન વેઠતાં હશે. આ ક્યાંય દેખાતું નથી કે નોંધાતું નથી.

આનો ઉકેલ શો? વિચારવું જોઈએ કે - શાળા છે શા માટે? શિક્ષકો છે શા માટે? સ્કૂલ મેનેજમેન્ટ કમિટી છે શા માટે? શિક્ષણના ધૂરાવાહકોનું હોવાપણું છે ક્યા હેતુ માટે? એના સર્વાંગી વિકાસ માટે શાળા, શિક્ષક, શિક્ષણ છે. વિદ્યાર્થીના વિકાસ માટે અભ્યાસક્રમ, પરીક્ષા, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો છે, નહીં કે શિક્ષકોનાં અહમ, ધૂન કે માન્યતા માટે. આજે શિક્ષકોની પસંદગી વખતે કેવળ તેના પરીક્ષાના માર્ક્સ જોવાય છે. તેની નિષ્ઠા, ઉત્તરદાયિત્વની ભાવના કે નિસ્બત જોવાતી નથી. ભ્રષ્ટ કાર્યપ્રણાલીઓને કારણે શિક્ષણક્ષેત્રમાં ભ્રષ્ટ લોકો વ્યાપક પ્રમાણમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૭ ઉપર)

શિક્ષણ ચિંતન

# પરીક્ષાની પરખ

ઈલા કે. શાહ

અમદાવાદ શહેરની એક સોસાયટીના બંગલાની અંદર કોલાહલ થતો હોય તેવું લાગ્યું. બહાર લોકોનું મોટું ટોળું એકઠું થયું હતું. જાત જાતની કલ્પનાના ચકડોળે ચડેલી વાતોમાં સંવાદો સંભળાતા હતા. જુઓને, આજના બાળકોને કશું જ કહેવાય નહીં. તો કોઈ બોલ્યુ, આ પરીક્ષાઓની પદ્ધતિ જ બદલવી જોઈએ, ભાર વગરનું ભણતર હોવું જોઈએ. હા, આ તનાવ - ટેન્શનને કારણે આપઘાત થતાં લાગે છે. તો કોઈકે સૂર પુરાવ્યો, પહેલેથી મહેનત કરે નહિ, મા-બાપ સંતાનોને સમજે નહિ ને પછી આવાં બનાવો બને...વગેરે.

ત્યાંથી પસાર થતાં કોઈને પૂછવાથી જાણ થઈ કે ત્રણ નંબરના બંગલામાં કાંઈક અજુગતું બન્યું છે. ઊડતી વાતોમાંથી આપઘાતનાં બનાવનો સૂર રેલાતો હોય તેવું લાગ્યું.

પારૂબેને તેમના સામેના બંગલામાં રહેતાં રાજુલબેનને બોલાવ્યા. તેઓ તેમના વરંડામાં હીંચકા પર બેસી છાપું વાંચતાં હતાં. પેપર રહેવા દઈ ઘર બંધ કરી પારૂબેન પાસે આવીને બોલ્યા : “બોલો, પારૂબેન શું કામ છે?”

“કામ તો કશું જ નથી, પણ આપણી સોસાયટીમાં કાંઈક આત્મહત્યાના બનાવની ગંધ આવે છે, તમને કાંઈ જાણ છે ખરી?” પારૂબેને પૂછ્યું.

“હા, હમણાં જ પસાર થતાં એક ભાઈએ જણાવ્યું કે પ્રતાપભાઈની પિનલ અને તેની સાહેલી જિનલે નદીમાં ઝંપલાવ્યું, ને આત્મહત્યાની કોશિષ કરેલી. પણ કોઈક ભાઈની મદદ મળવાથી તેઓને બચાવી લેવાઈ છે.” રાજુલબેને જણાવ્યું.

“અચ્છા, એવી વાત છે. તમારે આ બાબતમાં શું કહેવું છે? મા-બાપ દીકરા-દીકરીઓને ઠપકારૂપે કશું જ કહી ના શકે? પરીક્ષા નજદીક આવે છે તેમ આપઘાતના બનાવો વધતા જ જાય છે.” પારૂબેને કહ્યું.

“તમારી વાત સાચી જ છે. રોજ પેપરોમાં વાંચવામાં આવે જ છે. આ પિનલ અને જિનલે તો નાપાસ થવાના ડરથી આવું પગલું ભર્યું હતું. તો શું પહેલેથી જ મહેનત નહિ કરી હોય? હંમેશા પરીક્ષા આવે ત્યારે જ ભય પેદા થાય એવું કેમ? પહેલેથી વાંચવાનું, મનન કરવાનું રાખ્યું હોય તો કોઈ ટેન્શન ન રહે.” રાજુલબેને વાત વિસ્તારી.

“તેઓને પેલા ભાઈની સમયસૂચકતા ને મદદ ન મળી હોત તો મા-બાપને જુવાનજોધ દીકરીઓ ગુમાવવાનો વારો આવત. આપઘાત કરતાં પહેલાં કોઈ પણ દીકરી કે દીકરો, વિદ્યાર્થી કે વિદ્યાર્થીની હોય તેણે પોતાનાં સ્વજનો, માતા-પિતાનો ખ્યાલ કરવો જોઈએ. આટલાં ઉછેરીને મોટાં કરતાં તેઓને કોઈ મુશ્કેલી નહીં પડી હોય? મા-બાપ સાથે પ્રેમગોષ્ઠિ કરી ખુલ્લા દિલે વાત કરી હળવા બની જવું જોઈએ અને વડીલોએ બાળકોની પોતાનાં સંતનોને હૂંફ મળે, પ્રેમ મળે, તે રીતે તેમનાં પ્રશ્નોને સાંભળવા જોઈએ. ‘ધાક-ધમકી, ન આપતાં સમજાવીને કામ લેવું જોઈએ. ખરું કે નહિ?” પારૂબેને પૂછ્યું.

“અરે, ચોક્કસ વળી, તમારી વાત સો ટકા સાચી છે. પિનલે ડર્યા વગર હિંમતભેર પરીક્ષા આપવી જોઈએ. ધારો કે નાપાસ થવાય તો બીજા કેટલાય કોર્સ છે. અન્ય માર્ગ પણ છે. પોતાનાં મનગમતા વિષય પર પીએચ.ડી. કરી ઉચ્ચત્તમ શિખર સરી કરી શકાય.” રાજુલબેને કહ્યું.

“હંમેશાં માતા-પિતા કે ઘરનાં અન્ય વડીલવર્ગ જ આ બાબતે જવાબદાર હોય તેવું નથી હોતું. ભણતરનો ભારે ખર્ચ ને અસહ્ય મોંઘવારી એટલે તેઓ છોકરાંઓને ધ્યાન રાખવા માટે કહે તો ખરાં જ ને?

બહારગામ હોસ્ટેલમાં રહી ભણતા કેટલાય છોકરાંઓ ટી.વી. માં જોતા હોય, દારૂ જેવી લતે ચડ્યા હોય, સિનેમા, હોટલમાં પૈસા વેડફી દેતાં હોય ને મા-બાપને ખબર પણ નથી હોતી, ને જ્યારે જાણ થાય ત્યારે અતિશય મોડું થઈ ગયું હોય છે. જો આ બાબતમાં મા-બાપ ઠપકો આપે તો ખોટું લાગી જાય, મહેનત કરી ન હોય, પછી પરિણામમાં નિષ્ફળતા જ હોય! આમાં વડીલવર્ગ શું કરે? પારૂબેને કહ્યું.

“મનોચિકિત્સકો તો કહે છે કે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસની કમી હોય છે, અન્ય સાથે ટકાવારીની સરખામણી કરી શિક્ષકો કે વાલી દ્વારા તનાવ અનુભવતાં હોય છે. વિદ્યાર્થીઓ સ્થાનિક કે બોર્ડની પરીક્ષામાં ધારી સફળતા નહીં મળવાની કે નિષ્ફળતાની આશંકાથી આવું ગંભીર પગલું ભરી દે છે. એક અભ્યાસમાં આવું તારણ બહાર આવ્યું છે.” રાજુલબેને ખુલાસો કર્યો.

“હા, અને ત્યાર પછી જ વિદ્યાર્થીઓની કાળજી વધુ લેવાઈ રહી છે. પરીક્ષા નજીદીક આવતાં જ બાળકો હળવાશથી તૈયારી કરે અને તનાવથી દૂર રહે તેવું વાતાવરણ સર્જાય તેમ નિષ્ણાતો સલાહ આપે છે. પછી હેલ્પલાઈનો શરૂ કરાઈ છે. સામાજિક

સંસ્થાઓમાં માર્ગદર્શન પણ અપાઈ રહ્યું છે.'' પારૂબેને કહ્યું.

''જુઓ, હમણાં જ મેં પેપરમાં વાંચ્યું કે વિદ્યાર્થીઓમાં આપઘાતને રોકવા માટે ઓપનબુક એક્ઝામ શરૂ કરો. જો મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી વિદ્યાર્થીઓના ઉદ્ધારક થવા માંગતા હોય તો તેમણે નોકરશાહીની પરવા કર્યા વગર આવી એકઝામ (પરીક્ષા) લેવાની જાહેરાત કરવી જોઈએ.'' રાજુલબેને વાંચેલ હકીકત કહી.

''શાબાશ, રાજુલબેન, આ વાત સ્વીકાર્ય જ ગણવી જોઈએ. ગોખણપટ્ટી પર આધારિત આ પરીક્ષાઓમાં જેની યાદશક્તિ તેજ હોય તે સારાં માર્ક્સ લાવે. પણ આનાથી સાચી સમજ કે જ્ઞાન મળતું નથી. સમજ્યા વગરની ગોખણપટ્ટી કરી પાસ થયેલ વિદ્યાર્થી ડૉક્ટર કે એન્જિનિયર કે કોઈ પણ ડિગ્રી મેળવે તેનો અર્થ ખરો? ઓપન બુક એકઝામ દાખલ કરવા સાથે દરેક વિષયમાં મૂલ્યાંકન પદ્ધતિ પણ બદલવી જોઈએ. વિષયોનો વ્યાપ પણ વધારવો જોઈએ. આવાં ફેરફારો થાય તો કદાચ આમાં કાંઈક પરિવર્તન લાવી શકાય.'' પારૂબેનને વાત ગમી.

''આ મારો કૃપાલ ધોરણ-૧૨ માં ખૂબ ઓછા માર્કસ લાવી પાસ થયેલો, શું કરું? તેને વઢું કે ધમકાવું? તેનાં પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલો તેથી શું કહું? પણ તેને કોમ્પ્યુટરમાં રસ હતો. તે લાઈન લેવડાવી દીધી. તેનો મનગમતો વિષય હતો. તેણે ખૂબ મહેનત કરી, મારો પ્રેમભર્યો સપોર્ટ હતો. તેને મેં કશું જ કહ્યું નહોતું. અત્યારે તે કોમ્પ્યુટર એન્જિનિયર થઈ ગયો. ડિગ્રીથી નથી થયો, પણ સારા માર્કસે પાસ થતાં નોકરી પણ સરસ મળી ગઈ છે. હવે જો મેં તેને ધમકાવ્યો હોત તો શું થાત?'' રાજુલબેને પોતાની વાત જણાવી.

''બસ, મા-બાપને દીકરા-દીકરી વચ્ચે આ જ સુલેહભર્યું વર્તન હોવું જરૂરી છે. મારી દીકરી રીટાને હોમ સાયન્સમાં ખૂબ રસ હતો. તેણે પણ માર્ક્સ ઓછા મેળવેલા, નર્વસ થઈ ગયેલી. પણ પછી સમજાવટથી આ લાઈનમાં જવા દીધી. અત્યારે તે કૉલેજમાં એક હોંશિયાર ટીચર તરીકે કામ કરી રહી છે. તેના જીવનમાં પણ ઉપયોગી જ નીવડશેને? આવતા ડિસેમ્બરમાં તેના લગ્ન કરીશ, તેને કામ આવશે! તેના પતિ અને સાસરિયાને ખુશ કરી દેશે'' પારૂબેને પણ પોતાની દીકરીનો દાખલો આપ્યો.

''જો આવું સમજણ ને સુમેળભર્યું વાતાવરણ હોય તો આપણાં સંતાનોમાં આત્મવિશ્વાસ વધે. શિક્ષકોએ પણ સુંદર સલાહ-સૂચનો દ્વારા તેમનાં વ્યક્તિત્વને આંચ ન આવે તે રીતે તૈયાર કરવા જોઈએ. સંતાનોએ પણ મા-બાપની, વડીલોની મૂંઝવણ, મોંઘવારી તેઓની અપેક્ષાઓ ધ્યાનમાં લઈ અનુચિત ન સમજી ભણતરને સાચુ ગણતર બનાવી લેવું જોઈએ. મા-બાપ પોતાનાં સંતાનોનું હંમેશાં હિત જ વિચારે ને? હવે પરીક્ષા નજદીક જ છે. તો પરસ્પર બંને પક્ષે વિચારી વિદ્યાર્થીઓ બિલકુલ ટેન્શન વગર પરીક્ષાખંડમાં પ્રવેશે અને માતા-પિતા તેઓને હૂંફ અને પ્રેમથી તનાવમુક્ત રીતે આનંદથી મોકલે તો ઘણું સારું પરિણામ આવે.'' રાજુલબેને સમજૂતી આપી.

એટલામાં પારૂબેનની ફોનની ઘંટડી રણકી એટલે ઉભા થયાં, ત્યાં જ રાજુલબેનને ઘેર કુરિયરવાળો આવ્યો તેથી તેઓ પણ જવા માટે તૈયાર થયાં ને કહેતાં ગયાં કે આવતીકાલે પ્રતાપભાઈને ત્યાં જઈશું ને મળીને વાત કરીશું. આવશોને?

''હા જરૂર જઈશું. ચાલો, આવજો.'' કહીને બંને પાડોશી બહેનો છૂટી પડી. ■

## શિક્ષણના કેન્દ્રમાં કોણ છે?

**(અનુસંધાન : પાના નં.-૩૫ ઉપરથી ચાલુ)**

પ્રવેશી ગયા છે. મોટાભાગની તાલિમી સંસ્થાઓ નામ માત્રની બની ગઈ છે. સંચાલકો, સમાજના ધૂરીણો, નીતિ નિર્ણાયકો એ ભૂલી જાય છે કે જે રાષ્ટ્રનું શિક્ષણ બગડે, ધીરે ધીરે તેનું બધું બગડે છે. રાષ્ટ્રની કરોડરજ્જુ એનું શિક્ષણ છે. છેલ્લા દાયકાઓમાં બગડવાની ગતિ વધી છે, એનો આ કુ-ફાળો છે. એટલે આપણે શિક્ષકની તાલીમ, જાગૃતિ, નિસ્બત અને ઉત્તરદાયિત્વ પર નવેસર વિચાર કરવો પડશે. શિક્ષકોને વેતન, સુવિધા, અનુકૂળતા મળે એ જરૂરી છે, પરંતુ એ મળ્યાં પછી તેમની કામગીરી અંગે તેઓ ઉત્તર આપવા બંધાયેલા છે.

અમેરિકાના પ્રવાસ વખતે મેં અનેક વાલીઓને પૂછ્યું હતું કે 'તમારે ત્યાં શાળામાં આ બધું શક્ય કેમ બને છે?' ત્યારે એમનો જવાબ હતો, 'શાળા વિદ્યાર્થીઓ પાસે સત્રાંતે શિક્ષક મૂલ્યાંકન પત્રક ભરાવે છે. એ મૂલ્યાંકન પત્રમાં જરૂરી લાયકાત પ્રગટ થાય તો જ શિક્ષક ચાલુ રહી શકે છે.' આપણી ભ્રષ્ટ કાર્યપ્રણાલીઓ અને સત્તાસ્થાનના વિકૃત ઉપયોગને કારણે નિર્ણયો ઊલટસુલટ થઈ જાય છે. એ મર્યાદાને કારણે પ્રશ્નો વધુ વકર્યા છે.

પરંતુ જો ન્યાયતંત્રની રચના સ્વતંત્ર હોય તો, વિનોબાજીએ કહ્યું છે તેમ, શિક્ષણ રચના પણ ન્યાયતંત્રની જેમ સ્વાયત્ત હોવી જોઈએ. તેમાં કોઈ વહાલાં - દવલાં ન હોઈ શકે. તો આપણા સંચાલકો, આચાર્યો, શિક્ષકો જવાબદાર બનશે. વિદ્યાર્થીને સમજતા થશે. વિદ્યાર્થીને કેન્દ્રમાં મૂકતા થશે. તો સુકન્યા જેવા હજારો નહિ, લાખો વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ મૂરઝાઈ નહિ જાય, પરંતુ પૂર્ણરૂપે ખીલી શકશે. ■

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

ચિંતન

# અધ્યાત્મની કેડીએ પોપટપાઠ ભૂલો – વૈજ્ઞાનિકતા અપનાવો

કીર્તિચંદ્ર શાહ

મનુષ્યના ચિત્તમાં અધ્યાત્મની ખેવના જગાવનાર નિમિત્તોમાં છે :

૧. સ્વના મૂળની ખોજ,

૨. આસપાસમાં, મનુષ્ય મનુષ્યમાં અને સઘળા જીવિત જગતમાં જે વિષમતા પ્રવર્તમાન છે, એના કારણોની ખોજ.

૩. યોગસાધના, નૃત્ય કે સંગીતની સાધનામાં અને વળી સ્ત્રી-પુરુષના મિલનમાં મળતા આનંદથી ઉચ્ચતર અને નિરપેક્ષ આનંદની ખોજ.

આ ખોજ, આ ગવેષણા સ્વયં સાર્થક છે અને વધુમાં એના પરિપાકરૂપે કે એનાથી સંલગ્ન નીતિમત્તાના મૂલ્યો વ્યક્તિને કુટુંબને કલેષરહિત જીવનશૈલી આપે છે અને સમાજનું માળખું મજબૂત અને દીર્ઘકાલીન પણ બને છે.

મનુષ્યના પોતાના નબળા પોતને લીધે આ ખોજમાંથી ધર્મસંસ્થાઓ જન્મે છે. એમાંથી સંપ્રદાયો અને પરંપરાઓ જન્મે છે.

લગભગ પ્રત્યેક પરંપરાના ઉપાસકો એમજ માનતા હોય છે કે પોતે સારા અને સાચા મારગે છે જ્યારે અન્ય લોકો ઉતરતા મારગે છે. એટલું જ નહીં પણ અન્ય લોકો ઉતરતા છે.

હું પણ મારી ૬૦-૬૫ની ઉંમર લગી આમ જ માનતો હતો.

પરંપરાગત અપનાવેલા ક્રિયાકાંડ, તીર્થાટન, અનુષ્ઠાનોમાં સામાન્યજનના જીવનનો સારો એવો સમય ખર્ચાય છે. ભરણપોષણ માટે ખર્ચાતો સમય બાદ કરીએ તો સૌથી વધુ જનજીવન અહીં વ્યતીત થાય છે.

પ્રણાલિકા સામે જગતના કરોડો લોકો અવાજ ઉઠાવતા નથી, પ્રશ્ન કરતા નથી.

સંશય અને કુતુહલ ઉદ્ભવતા નથી અથવા વ્યક્ત થતા નથી.

જગતભરના ધર્મોની એ કરુણતા છે કે, ધર્મોએ અને સંપ્રદાયોએ વૈજ્ઞાનિક અભિગમ બતાવ્યો નથી.

ભારતમાં આ કરુણતા ઉગ્ર અને વ્યાપક છે. એની (પરંપરા - ગુરુવચન વગેરેની) લક્ષ્મણરેખા કુદાવી શકાતી નથી. હજારો વર્ષ પહેલાં આપણા ચિત્ત / માનસ પર એવા સંસ્કાર સીંચવામાં આવ્યા કે, ધર્મતત્ત્વના પ્રણેતાઓ (Exponents), એમના પાટધરો અને એમના ઉપદેશો સામે પ્રશ્ન કરવા નહીં. સંશયાત્મા થવું નહીં. આગળ વધીને આપણે રામ, કૃષ્ણ, મહાવીર, શિવશંકર વગેરેને અને એમના રચેલા આગમોને, વેદ ઉપનિષદોને, શાસ્ત્રોને અતિ Glorify કર્યા છે. આપણા યુગપુરુષમાં અસીમ જ્ઞાન અને અસીમ શક્તિ આરોપિત કરેલ છે. એ જ રીતે ઇસુ અને પયગંબરોને પણ Glorify કરવામાં આવ્યા છે. આનો લાભ હરેક પેઢીના આચાર્યો, મહંતો, ગુરુઓને મળેલ છે. આજે પણ એ જ લાભ મળે છે.

જ્યારે આપણા માર્ગદર્શક ઉપદેશકો શ્રદ્ધાના પાઠ ભણાવતા હતા ત્યારે ગ્રીસ દેશના મહાન ચિંતકો સોક્રેટીસ, પ્લેટો, એરિસ્ટોટલ વગેરેએ પ્રશ્નો કરવા, સંશયો ઊભા કરવાની વિચારશૈલી અપનાવી - વિકસાવી. ગ્રીસ પછી રોમન ચિંતકો પણ આ મારગે ચાલ્યા. એની વ્યાપક અસરો પડી. યુરોપ અને અમેરિકાના જનમાનસ પર પડી. સમાજની સામૂહિક ચેતનાએ આ અમૃત પીધું અને એમણે અનેક વિજ્ઞાનો વિકસાવ્યા. એમનું જીવનધોરણ ઊંચું ગયું. રાજ્ય, સમાજ, શિક્ષણ, અર્થકારણ, ન્યાય પ્રણાલીકા એમ સઘળે જ બૌદ્ધિકતાને પ્રાધાન્ય મળ્યું.

તો ભારતે વૈજ્ઞાનિકતા અપનાવી જ નહીં એટલે બૌદ્ધિકતા કુંઠિત થતી ગઈ. ધર્મ પરંપરા તો ઠીક પરંતુ કેટલીયે સામાજિક પરંપરાઓને પણ એક પણ હરફ ઉચ્ચાર્યા વિના સ્વીકારતા થયા. દા.ત. વર્ણવ્યવસ્થા. આ એક પરંપરાએ આપણા સમાજને ભારે નુકસાન પહોંચાડ્યું અને કરુણતાઓ સર્જી. જે હજુએ વ્યાપક અને કાતિલ છે.

આપણા સમાજ જીવનના અનેક પાસાઓમાં સંસ્કાર વધુ અને વૈજ્ઞાનિકતા નજીવી છે.

હવે હું જૈન પરિસરમાં આવું છું.

જૈન આગમોના વિવરણ પ્રમાણેના આકાશી પદાર્થો (ખગોળ) અને ભૂગોળ સામે વર્તમાન વિજ્ઞાનના ખગોળ અને ભૂગોળના તારણોનો ક્યાંય મેળ બેસતો નથી. એનાથી મને પરંપરાગત ઉપદેશ સામે પહેલો સવાલ ઉઠ્યો. બીજી બાજું, જૈન તત્ત્વજ્ઞાન - દર્શન નિઃશંક અજોડ લાગે. ખાસ તો આત્માની સંપૂર્ણ સ્વાયત્તતા, કર્મોનું પુદ્ગલ હોવાની વિભાવના (મતલબ કે કર્મો પદાર્થ રૂપે છે), આશ્રવ તત્ત્વ અને સંવર તત્ત્વ અને નિર્વાણના રાજમાર્ગ જેવા સામાયિક અને અપ્રમાદ – આ બધું અપ્રતીમ લાગે.

થોડો સમય બાદ મને સૂઝ્યું કે જો જૈન તીર્થંકરોને અને કેવળીઓને ત્રણકાળ ત્રણ લોકના સર્વજ્ઞો નહીં પરંતુ સિધ્ધયોગી, દાર્શનિક યુગ પ્રવર્તક તરીકે સ્વીકારીએ તો ઉલઝન ના રહે. તત્ત્વજ્ઞાન દર્શન સામે લવલેશ શંકા નહીં અને વિજ્ઞાનના તથ્યોનો ઈન્કાર નહીં.

આ રીતે મને પાંચ-છ દાયકા પહેલાં બૌધ્ધિક મોકળાશ મળી. તત્ત્વજ્ઞાન વિરુધ્ધ તથ્યોનો ઝઘડો શમી ગયો.

વળી એમ દેખાયું કે જૈન પ્રરુપણા પ્રમાણેના કાલચક્રનું વિવરણ વર્તમાન વાસ્તવિક્તા સાથે બંધબેસતું નથી. જૈન પરંપરા પ્રમાણે હાલ હુંડા અવસર પરણી ચાલે છે જ્યારે વાસ્તવમાં મનુષ્યનું ભૌતિક જીવન સુખરૂપ થતું જાય છે. બીજી બાજું, જૈન પરંપરા પ્રમાણે કાલચક્ર અવિરત અનંત છે જ્યારે વૈજ્ઞાનિકો પૃથ્વીના અંતની આગાહી કરી રહ્યા છે.

આ પણ વિસંગતિ છે.

પરંતુ દરેક પંથ - ફિરકાના ભાવિકો તો સ્વતંત્ર રીતે વિચારવાને બદલે ગુરુ વચનને પ્રમાણ કરે છે.

કોઈપણ મનુષ્ય પોતીકી વિચારશક્તિને બદલે અમુક તમુક વિચારસરણી અપનાવી લે તો પરિણામે એમની બુધ્ધિ, સંવેદના અને વ્યક્તિત્વ સુધ્ધાંનો લોપ થાય છે.

દરેક પંથ અને સંપ્રદાયની આજ રસમ છે. કોઈની પણ સત્તાવાહી તરીકેથી કરેલી વાતો સ્વીકારી લેવી સગવડ ભરેલી અને સરળ છે.

હું જૈન યુવકો અને બૌધ્ધિકો સમક્ષ નીચેની કેટલીક બાબતો એમના ધ્યાન પર લાવવા માગું છું.

જૈન વિચારમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિને હિંસા / અહિંસાના માપદંડ પ્રમાણે સમાન ગણ્યા છે.

વનસ્પતિના જીવનનો ઘટનાક્રમ બીજા જીવિત જગત (મનુષ્યો, પ્રાણીઓ, જંતુઓ)ના પ્રમાણેનો જ છે. એનો જન્મ થાય છે, વિકાસ થાય છે જે સ્વયંભૂ છે. પરિપક્વ થાય છે અને જર્જરીત થઈને ખરી પડે છે પણ એના જ બીજમાંથી નવી વનસ્પતિ જન્મે છે.

જ્યારે પૃથ્વી પાણી અને વાયુની હસ્તિમાં આવું ક્યાંય બનતું નથી. પાણી અને વાયુનું રૂપાંતર થાય છે (જે પદાર્થ જગતનો નિયમ છે) એટલે આ ત્રણે તત્ત્વને જીવિત માની શકાય નહીં. અલબત્ત, આ ત્રણે વિપુલ સજીવ સૃષ્ટિને આશરો આપે છે પરંતુ આ ત્રણને જીવિત જીવન ન ગણાવી શકાય.

આ ચારે તત્ત્વની હિંસા નિવારવી જ જોઈએ, એની ના નથી. પર્યાવરણની દૃષ્ટિએ પણ આ ચારે તત્ત્વોની છેડછાડ ઉચિત ન ગણાય.

જૈન આચાર સંહિતામાં પર્યાવરણની રક્ષાનો ઘણો જ વિચાર કરવામાં આવેલ છે.

પાંચમું તત્ત્વ અગ્નિ આ ચાર સાથે કેમ બેસે છે એ મને સમજાયું નથી.

બીજો સંદર્ભ લઈએ તો અગ્નિ એ શક્તિ છે. પાણી અને વાયુ પણ શક્તિના ભંડાર છે. હવે વીજળી પણ અગ્નિનું સ્વરૂપ છે. એ પણ શક્તિ છે. પણ એ જીવિત - સચેત નથી, જીવન નથી. વીજળીની ગ્રીડથી ચાલતા પંખા, માઈક્રોફોન, ફ્રીજ, એ.સી. મશીન વગેરેનો ત્યાગ એક રીતે બરોબર છે કારણ એ ગ્રીડથી જ ક્યાંકને ક્યાંક હિંસા થતી જ હશે. ખાસ કરીને કતલખાના. પરંતુ વીજળીના નાના નાના સ્થાનિક સરકીટવાળા સાધનો, દા.ત. મોબાઈલ ફોન, કાનના મશીન, કાંડા ઘડિયાળ, શરીરમાં અંદર બેસાડેલા સ્ટેન્ટ વગેરે સચેત ન ગણાય. જ્યારે જૈન જગતમાં આવા ઉપકરણોને અસ્વીકાર્ય ગણવામાં આવે છે.

જૈન ઉપદેશમાં શરીરને તુચ્છ ગણવામાં આવે છે અને યાંત્રિક રીતે ઈન્દ્રિય નિગ્રહ કરાય છે.

શાંતિથી વિચારીએ તો દેખાશે કે મનુષ્યનું શરીર કુદરતનું અતિ ઉમદા અને અતિ કાર્યક્ષમ સર્જન છે. સઘળી ઉપાસના શરીરથી થાય છે. આત્મતત્ત્વની ઓળખ પણ શરીરની ઈન્દ્રિયો અને મગજના જ્ઞાનતંતુઓને સહારે થાય છે. (ઈન્દ્રિયો બાહરી જગતના અનુભવની બારીઓ છે) તો આ શરીરને તુચ્છ કેમ ગણાય?

અનેક જૈનો એમ માને છે કે અધ્યાત્મનું શ્રેષ્ઠ જ્ઞાન એમની પાસે જ છે. દરેક ધર્મના અનુરાગીઓ એમ જ માને છે. શું આ સ્વીકાર્ય છે?

મહાવીર એક ઐતિહાસિક પુરુષ હતા. મતલબ એમના જીવનનો / એમના સમયનો ઈતિહાસ મળે. હવે જૈનો કહે છે કે મહાવીરના ગર્ભનું હરણ થયેલું. વળી બાળક મહાવીરે પગના અંગુઠાથી મેરુ પર્વત ડોલાવ્યો. આ વાતોના કોઈ પુરાવા માંગે તો?

એક, પ્રમાણમાં અતિ આખાબોલા જૈન પત્રકાર (સ્વર્ગસ્થ) એમ કહેતા કે, મહાવીર તો અતિ કરુણામય અનુકંપાથી ભરપૂર હસ્તિ હતા તો એવી હસ્તિ એવો અભિગ્રહ કરી જ કેમ શકે કે કોઈ રાજકન્યા હોય, ચૌટે વેચાતી હોય, હાથપગમાં બેડી-જંજીર હોય એવી ઉપવાસી કન્યા મને વહોરાવે તો હું પારણું કરું. આવો કઠોર વિચાર / કલ્પનાચિત્ર મહાવીરને થાય?

પાંદડાવાળી ભાજીનો ત્યાગ કરનાર સ્વામિવત્સલ માટે ૨૫૦૦૦ જણને જમાડવાનું રસોડું કરે અને એનો ગર્વ લે આ કેવું?

જૈન આગમોની વર્તમાન પ્રરુપણાની અપેક્ષાએ મને સનાતન પંથના ઉપદેશની અમુક વાતો મને વધુ તાર્કિક લાગે છે. દા.ત. સનાતન દર્શન પ્રમાણેની બ્રહ્માંડની ઉત્પત્તિની વિભાવના મને

Big Bang Theory ની નજીક લાગે છે તો આત્મા એ તો પરમાત્માનો અંશ છે એ સમજણ રૂચિકર લાગે છે. (અહીં પરમાત્માનો અર્થ સર્જનહાર ઈશ્વર નહીં પણ સમગ્ર અસ્તિત્વ કે એનું ચાલક બળ.)

જૈનીઝમમાં કોઈપણ ક્રિયા મનસા-વયસા-કાયસા અમુક કર્મબંધનું કારણ બને છે. જ્યારે સનાતન ધર્મમાં અકર્તાભાવના કર્મનો સ્વીકાર છે.

જૈનો જ્યારે સૂર્ય-ચંદ્ર-તારાઓને દેવવિમાનો ગણતા હતા ત્યારે વેદકાળના ઋષિઓ આકાશી પદાર્થોની ગતિ, દિશા અને રાશિ પ્રવેશનું જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા હતા. એ જ જ્ઞાન પર વર્તમાન પંચાંગો બને છે, જે નિર્વિવાદ સાચા ગણાય છે.

રામ અને કૃષ્ણ વિશે મહાભારત અને રામાયણમાં એટલું તલસ્પર્શી વર્ણન છે કે રામ અને કૃષ્ણને જૈન માનવા મુશ્કેલ લાગે. ઈતિહાસ અને પુરાણોને પોતાની તરફ બતાવવાની જૈનોની કહેવાતી ખાસિયતની શ્રી કનૈયાલાલ મુન્શીએ કડક આલોચના કરી છે. જો કે દરેક સમાજ કે રાજ્ય પોતાના ઉદયકાળમાં ઈતિહાસને મચડે છે જ.

જૈનોની એક તાસીર છે. દરેક કૃત્યને, કર્મને (Deeds) પાપ પુણ્યના જોડકામાં બેસાડે. અને એના પરિણામનો હિસાબ પણ બતાવી દે. જેમકે એક ઉપવાસનું આટલું ફળ, આ તીર્થયાત્રાથી આ લાભ વગેરે વગેરે.

સાહેબો, આપણી સૃષ્ટિ અતિ વિશાળ છે. કરોડ પ્રકાશવર્ગ લગી પ્રવાસ કરીએ તો પાર ન આવે. એની પરીધિ ન મળે. એક બાજુ અબજો માઈલના ઘેરાવાવાળા, અબજો ટન વજનવાળા ખગોળીય પદાર્થો વિજ્ઞાનના નિયમ અનુસાર વર્તે છે. તો અતિ સૂક્ષ્મ પરમાણુઓની ગતિ અને સ્થિતિની સચોટ આગાહી પણ કરી શકાતી નથી.

બીજી બાજુ, આપણું જીવિત જગત કેટલું સંકુલ છે. એક મનુષ્યના શરીરનો દાખલો લો. એના અંગો, આ પ્રત્યેક અંગોના હેતુપૂર્ણ વ્યવહાર; શરીરમાંના અબજો કોષો અને એની વચ્ચે તાલમેલ. આપણા મગજમાં લાખો કોષો છે અને પ્રત્યેક એકબીજાથી હજારો ટ્રાન્સમિટરોથી સંકળાયેલ છે!

આટલી પ્રકાંડ અને ગહન અને રહસ્યમયી સૃષ્ટિનું કામ એને કરવા દો. એનો હિસાબ બતાવવાનો કોઈને હક્ક નથી.

વિજ્ઞાન હરણફાળ ભરી રહ્યું છે. આપણું જીવિત જગત પણ ઉત્ક્રાંતિનું પરિણામ છે એ હવે વ્યાપક રીતે સ્વીકારાય છે.

તો મનોવૈજ્ઞાનિકો અને ન્યુરોલોજિસ્ટો તો એટલે સુધી કહે છે કે, ઈશ્વર તત્ત્વની ખોજની ખેવના, આધ્યાત્મિકતા વગેરે માત્ર phyrioneurological ઘટના છે.

ખેર, એ જે હોય તે, પરંતુ એક વાત નક્કી છે કે બૌધ્ધિકતા અપનાવવાથી તમે ધર્મતત્ત્વથી કંઈ દૂર નહીં જાઓ. તમારા સમજણને દર્શન સ્વચ્છ થતા જશે અને પોપટપાઠ બંધ પડશે.

*મલાડ (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.*

## વિદ્યાર્થીની પ્રાર્થના

*વર્ગમાં ભણાવતા શિક્ષકને જોઉં છું*
*ને મનમાં થાય છે પ્રશ્ન :*
*ભવિષ્યમાં મારે શું બનવાનું?*
*આ જીવનનો ઉદ્દેશ શો?*
*બસ મોજમજા કરવા કમાવાનું?*
*ને અંતરમાંથી આવ્યો અવાજ*
*ના, ના આ બધું તો છે ગૌણ માત્ર.*
*જીવનનો ઉદ્દેશ આ ન હોઈ શકે.*
*મારે તો...*
*આત્મસંતોષ મળે એવું જીવવું છે*
*કોઈને ઉપયોગી થવાય એવું જીવવું છે.*
*હે પ્રભુ!*
*હું સૂરજ થવાના અભરખા નહીં રાખું*
*હું તો માત્ર બનીશ માટીનું કોડિયું.*
*મુજ નાનકડા જીવનને*
*મઘમઘતું પુષ્પ બનાવ.*
*જે પ્રસરાવે પરિમલ અન્યને કાજે.*
*હે પ્રભુ!*
*મારો જીવનપંથ ઉજાળ!*
*મને બચાવજે*
*જગતમાં પ્રવર્તતા અનિષ્ટોથી.*
*જ્યારે ડગમગે મારી શ્રદ્ધા*
*જ્યારે હાલકડોલક થાય મારી નૈયા*
*મને થામજે.... પંપાળજે...*
*તારા પ્રેમાળ હાથ વડે.*

**– નટવર પટેલ**

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

ચિંતન

# નશો નાશ અને વિનાશનું મૂળ છે

રાઘવજી માધડ

મન અને તનનો તાલમેલ થતો નથી. રોબીનને થાય છે કે ડાન્સબારમાં જવું કે ન જવું. કાંઠે રહે તો તરસ્યા મરે અને ઊંડા ઊતરે તો ડૂબી મરે...સ્થિતિ તો બંને સરખી છે પછી જાણીને માણીશું કરવા ન લેવું..! યુવાવયની જિજ્ઞાસા જબરી હોય છે. તેને નવું જોવાની, જાણવાની અને માણવાની અદમ્ય ઈચ્છા થતી હોય છે. આમ થવું સારું કે ખરાબ છે તે અનુભવે સમજાતું હોય છે. જીવનનું ઘડતર જ અનુભવો દ્વારા થતું હોય છે. રોબીન જાતને રોકી ન શક્યો અને એ તરફ ચાલવા લાગ્યો.

સ્વામી વિવેકાનંદે કહ્યું કે, 'બાહ્યપ્રકૃતિને જીતવી એ સારું અને મહાન કાર્ય છે પરંતુ આંતરિક પ્રકૃતિને જીતવી એ તો એથી વધુ મહાન કાર્ય છે. આ અંદરના માનવીને જીતવો એટલે માનવમનમાં અટપટી રીતે ચાલતી ક્રિયાઓનાં રહસ્ય સમજવાં...' પણ ઘણા યુવાનો આવી બાબતે મનને જીતી શક્યા છે, દૂષિત દિશા તરફ ચાલ્યા નથી અને ભૂલેચૂકેય ચાલ્યા છે તો સમજીને પાછા વળી ગયા છે. યુવાનનું આ સાચું શાણપણ છે.

ચાંદનીનો સંગાથ માણવા અધીરો થયો હોય તેમ દમણનો દરિયો રમણે ચઢ્યો છે. તેના કાળા અને ડહોળાયેલા પાણીના લોઢ ઊછળે છે. કાળમીંઢ કાંઠાની સાથે ઘેરાં ઘૂઘવાટ અને રઘવાટ સાથે અફળાય છે. તેની આ ગંભીર ગર્જના ગળતી રાતના સુનકારમાં તિરાડો પાડે છે. બીજી તરફ કાંઠે ઊભેલી અદ્યતન હોટેલના ડાન્સબારમાંથી તીણા અને મધુરા સ્વરની એક સુરાવલી સંભળાઈ રહી છે. જ્યાં યૌવન તેની મસ્તી સાથે હિલ્લોળે ચડ્યું છે. તદ્દન અંગત એવી સંગત સાથે રંગત માણવામાં મશગૂલ છે. કોઈકને એકાદ પેગની કીક બરાબર લાગી ગઈ છે, તે જાત અને જગતને ભૂલી ડાન્સબારની રમણી સાથે રમખાણ થઈ ગયો છે.

યુવાનીને દીવાની કહી છે. આ દીવાનગી જ તેને સફળતાનાં શિખર સર કરાવે છે અથવા તો બરબાદીની ગર્તામાં ધકેલી દે છે. યુવાપણું એ શક્તિનો સ્રોત છે. ધસમસતો પ્રવાહ છે. યુવાનીમાં ગમે તે કરી બતાવવાની ક્ષમતા હોય છે પણ શું કરવું અને શું કરી બતાવવું તેની ખબર હોતી નથી. પરિણામે ગમે તે રસ્તે ભેરવાઈને ભટકાઈ પડે છે. બાકી કોઈ રસ્તો ક્યારેય ખરાબ નથી હોતો, સવાલ હોય છે તે રસ્તે ચાલનારનો. કયા રસ્તે ચાલવું, ક્યાંથી પાછા વળવું કે આગળ વધવું તે વ્યક્તિ પર આધારિત છે.

દમણના એ બિયરબારમાં લગભગ યુવાનોની સંખ્યા જ વધારે હતી. વળી તેનું ગુજરાતીપણું અછતું રહેતું નહોતું. એક-બે બારમાં તો યુવતીઓને નશો કરતાં જોઈ પ્યાલીમાં ઊછળતાં જામની ટેશથી ચુસ્કીઓ મારી મસ્તીથી આનંદને લૂંટતી હતી. પુખ્તવયની દરેક વ્યક્તિ સ્વતંત્ર છે અને તેને આનંદ માણવાનો એક સરખો જ અધિકાર છે, પણ આ યુવાનો આમ-અહીં આવ્યા છે, તેની તેનાં મા-બાપને ખબર હશે? કોઈ બહાનું કરીને તો નીકળ્યા જ હશે.

સવાલ સંતાન અને મા-બાપ વચ્ચેના વિશ્વાસનો છે. હજુ સુધી વિશ્વાસને સાંધવાની કોઈ દવા શોધાઈ નથી. ન્યૂઝમાં આવતા કિસ્સાઓ સમાજની તાસીર દેખાડનારા અને આંખ ઉઘાડનારા હોય છે. તેથી ક્યાંક ફૂંફાડો પણ જરૂરી છે. આવી બાબતમાં ફૂંફાડો ન રાખે ત્યાં ધુમાડો નીકળે અને સઘળું આગમાં લપેટાઈ જવામાં હોય ત્યારે જ ધુમાડો નીકળતો હોય છે! પછી તો ભડભડતી આગને ઠારવી કે તેમાં હાથ શેકવા તે નક્કી કરવું મુશ્કેલ હોય છે.

આલીશાન હોટેલના બે-ચાર દરવાજા પસાર કર્યા પછી રોબીન અંદર પ્રવેશી શક્યો. ડીજે પાર્ટીની જેમ જ કાનના પડદા તોડી નાખે તેવું સંગીત હતું. આંખો ચાર થઈ જાય તેવી રંગબેરંગી લાઈટોના ઝબકારા હતા. એક યુવાન મધુરા અવાજે ગાઈ રહ્યો હતો. સાથે સ્ટેજ પર બે-ત્રણ ગર્લ્સ ડાન્સ કરી રહી હતી. પ્રેક્ષકો થઈને આવેલા યુવાનોમાંથી એક-બે યુવાનો અલ્લડયૌવન સાથે ડાન્સ કરવા માટે રીતસરનાં હવાતિયાં મારી રહ્યા હતા. તેનાં નખરાં અને લથડતા પગ જોતાં તે ભાનમાં હોય એવું લાગતું ન હતું. ભાનમાં કે બાનમાં રહેવું ક્યાં કોઈને ગમે છે? રોબીનનું પણ આવું જ છે. તેણે પણ ધીરજ ધર્યા વગર એક પેગ મારી લીધો. યુવાનોને પોતાની મસ્તીમાં ખોવાઈ જવાનું કે દિવાસ્વપ્નમાં વિહરવું ગમે છે. તેથી કદાચ નશો કે ધ્રુમપાન કરતો હશે. આવી બાબતો પર સંપૂર્ણ નિષેધ હોવા છતાં કેટલાય યુવાનો જાણે પોતાને સ્ટ્રોંગ સાબિત કરવા માગતા હોય તેમ સિગારેટ સાથે જાતને ફૂંકતા હોય છે. નશો નાશનું મૂળ છે અને વ્યસન વિનાશનું કુળ છે.

એક પ્રકારનો આવેશ રોબીનનાં તન-મન પર સવાર થઈ ગયો હતો. તે હવે માણસાઈના કવરેજ ક્ષેત્ર બહાર હતો. તેને હવે સ્ટેજ પર ડાન્સ કરતી ગર્લ્સ સાથે ડાન્સ કરવો હતો. જોયું તો બીજા યુવાનો ડાન્સ કરતી ગર્લ્સ પર વન્સમોર કરી કોરીકડાટ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર)

મંથન

# જીવવાનું પ્લાનિંગ

કૃષ્ણકાંત ઉનડકટ

જિંદગી રોજ જીવવાની ઘટના છે. દરેક પરિસ્થિતિમાં માણસે જીવવાનું હોય છે. દુનિયાનું પ્રત્યેક તત્ત્વજ્ઞાન સરવાળે તો એવું જ કહે છે કે, આ ક્ષણમાં જીવો. જાપાનમાં ઝેન ધર્મ છે. આ ધર્મનો સિદ્ધાંત છે કે તમે જે કંઈ કરતા હો એમાં ઓતપ્રોત બની જાવ. પ્રત્યેક કર્મને યોગ સમજો. તમે સોએ સો ટકા હોવા જોઈએ. આપણે કરતા હોઈએ છીએ કંઈ અને આપણું ધ્યાન હોય છે બીજે ક્યાંક. આપણે જ્યાં હાજર હોઈએ છીએ, ત્યાં મોજૂદ હોઈએ છીએ ખરા? આપણે ભટકતા હોઈએ છીએ. વાતો બીજી કરતા હોઈએ છીએ અને વિચારો બીજા જ ચાલતા હોય છે. કોઈ વાત કરતું હોય ત્યારે પણ આપણે એની વાત સાંભળતા હોતા નથી, પણ એની વાતનો મતલબ શોધતા હોઈએ છીએ!

જે કામમાં દિલ ન હોય એમાં વેઠ ઊતરતી હોય છે. કોઈ કામ સરખું ન થાય તો માનજો કે તેમાં તમારી ગેરહાજરી હતી. જે કામમાં મજા નથી આવતી એ કામ સજા બની જાય છે. કરવા ખાતર કંઈ જ ન કરો. આપણે મોટાભાગનાં કામ કરવાં પડે છે માટે કરતા હોઈએ છીએ. જવું પડે એટલે જતા હોઈએ છીએ. હસવું પડે એટલે હસતા હોઈએ છીએ. રડવું પડે એટલે રડતા હોઈએ છીએ. આપણા ચહેરાને મહોરા પાછળ ઢાંકતા હોઈએ છીએ. અરીસા સામે જોઈએ ત્યારે પણ આપણે હોઈએ એવા દેખાવું ગમતું નથી, હોઈએ એના કરતાં સારા દેખાવું હોય છે. જે કામ કરવાનું હોય એ ગમતું કામ જ હોય એવું જરૂરી નથી, છતાં એને ગમતું કરવાનું આપણા હાથની વાત છે. આવી પડે એને પણ વધાવી લેવાની આવડત જિંદગીને જીવવા જેવી બનાવે છે.

તમે આજમાં જીવો છો? આપણી પીઠ પર ગઈકાલનો ભાર હોય છે અને આપણા માથા પર આવતી કાલની ચિંતા હોય છે. આપણે એક હાથમાં ભૂતકાળને પકડી રાખીએ છીએ અને બીજા હાથમાં ભવિષ્યને પકડ્યું હોય છે. આજ માટે તો ખોબો ખાલી જ નથી. આપણે ભવિષ્યનું પ્લાનિંગ કરતા રહીએ છીએ એટલે આજ છટકી જાય છે. તમારી આજ છે એ ગઈ કાલે તમારું ભવિષ્ય હતું. ક્યાં સુધી આપણે આપણી આજને ભવિષ્ય ઉપર ટાળતા રહીશું?

આપણે બધા જ એવી વાત કરતા રહીએ છીએ કે કાલ કોણે દીઠી છે? આ પછીની ક્ષણે શું થવાનું છે એની કોઈને ખબર નથી, છતાં આપણે વર્ષોનું પ્લાનિંગ કરીએ છીએ. માણસ વૃદ્ધત્વનું પ્લાનિંગ કરે છે. માણસ મરવાનું પ્લાનિંગ પણ કરતો હોય છે. સમય જતાં આવું કરવું પડે છે. માણસ કંઈ ન કરતો હોય, તો તે એ છે કે એ જીવવાનું પ્લાનિંગ કરતો નથી! જીવવાનું પ્લાનિંગ એટલે અત્યારે જે છે એને જીવી લેવું, એને માણી લેવું. તરસ લાગે ત્યારે પાણીનો પ્યાલો હોય તો પૂરતું છે, આપણે તરસ છિપાવતા નથી અને ગાગર ભરતા રહીએ છીએ. હા, કાલની કંઈ ખબર નથી, આમ છતાં એક હકીકત એ પણ છે જ કે કાલ ઊગવાની તો છે જ. કાલનું પ્લાનિંગ કરીએ એમાં કંઈ ખોટું નથી, કાલની ચિંતા કરીએ એ ખોટું છે. એક પતિ-પત્ની હતાં. પતિ હંમેશાં કાલનું પ્લાનિંગ કરતો રહે. કંઈ પણ નવું કરવાની કે નવું લેવાની વાત હોય તો એ કહે કે હમણાં નહીં, થોડું ભેગું થઈ જવા દે. આપણે જે કંઈ કરશું એ વ્યવસ્થિત કરીશું. એક વખત પત્નીએ કહ્યું કે, અત્યારે જેટલું છે એટલું તો વ્યવસ્થિત કર. આજે ક્યાં ઓછું છે. તને જે છે એ ઓછું લાગે છે અને આ જ માનસિકતા રહી તો કાયમ ઓછું જ લાગવાનું છે. ક્યાં સુધી પ્લાનિંગ કરીશ? દરેક પ્લાનિંગ આખરે તો અમલમાં મૂકવા માટે જ હોય છે.

કાલનું પ્લાનિંગ કરો. પ્લાનિંગ કરવું જ જોઈએ. ધ્યાન માત્ર એટલું જ રાખો કે કાલનું પ્લાનિંગ તમારી આજને ખાઈ જતું નથી ને? તમે કાલે કેવા હશો એ ખબર નથી, પણ તમે આજે તો જીવો જ છો. આપણે બધા ડરમાં જીવતા રહીએ છીએ. આમ થશે તો, તેમ થશે તો? યાદ રાખો, કંઈક તો થવાનું જ છે, ગમે તે થઈ શકે છે, પણ તમે ધારતા હો એવું તો થવાનું જ નથી. એક જગ્યાએ સરસ વાંચ્યું હતું કે તમારે ભગવાનને હસાવવા હોય તો તમે તેને તમારા આવતી કાલનાં પ્લાનિંગ કહો! તમારે ભગવાનને ખુશ કરવા હોય તો તમારી આ ક્ષણમાં જીવો.

કાલે કંઈ ખરાબ થવાનું છે એવું પણ નથી. કાલે સારું જ થવાનું છે. કદાચ આજે છે તેના કરતાં પણ કાલે સારું હોય. પહેલાં આજે જે સારું છે એને તો જીવી લો. કાલ વધારે સારું હોય તો એને પણ જીવજો. હેપીનેસને પેન્ડિંગ ન રાખો. સુખ નાની નાની વાતોમાં મળતું હોય છે. ફાઈવસ્ટાર હોટલમાં બેઠાં બેઠાં ઘણા લોકો એવી વાત કરતા હોય છે કે ઓછા રૂપિયા

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૧ ઉપર)

ધર્મ

# ધર્મ શું છે?

મોહમ્મદ એ. ત્રવાડી

ધર્મ શું છે? અને શા માટે હોવો જોઈએ તેમજ કેવો હોવો જોઈએ? એવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવી શકે તો ધર્મગુરુ અને તેના તંત્ર (નિઝામ) વિશે પણ આવા પ્રશ્નો પેદા થઈ શકે. માણસ જાત જન્મી ત્યારથી કોઈ ધર્મ શરૂ થયો નથી, તેમજ ધર્મ ઈશ્વર પ્રેરિત હોય એવું નથી. એવું હોય તો બધા સ્થળે અને બધા સમયે એક સરખો ધર્મ હોય એવું પણ જોવા મળતું નથી!

મનુષ્ય જાતિના જન્મ વખતે હાલના જેવા કોઈ ધર્મ ન હતા. માણસ કુદરતી અવસ્થામાં જીવતો હતો. તેમને ધર્મ અંગેની કોઈ જાતની સમજ ન હતી. તેઓને જે વસ્તુ સમજાતી નહિ કે જે વસ્તુ પ્રત્યે અહોભાવ પેદા થતો એમાં ઈશ્વરી તત્ત્વ દેખાતું હતું એટલે તો માણસે અવતારી પુરુષમાં પશુ-પ્રાણીનો, પંખીનો વનસ્પતિનો પણ સમાવેશ કર્યો છે. માણસે ચાંદા, સૂરજ, સરિતા, પહાડ, પૃથ્વી, અગ્નિ, આકાશ, જલ, વાયુ, વીજળી, વૃક્ષ વર્ષા અરે ઝેરી નાગ જેવા અનેક તત્ત્વને પૂજાપાત્ર બનાવ્યા છે અથવા એની દેવ-દેવી તરીકે આરાધના કરી છે તો માણસને દેવ કે ભગવાન માની લ્યે એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

સમય જતાં કેટલાક લોકો પણ પેદા થયા તેણે તર્કની કસોટીએ બધી વસ્તુને ચકાસવાની શરૂઆત કરી. આવા લોકો તર્કની ચારણીથી દરેક વસ્તુને ચાળતા (ચકાસતા) રહ્યા અને એમને નિરંજન-નિરાકાર એક ઈશ્વરનો ખ્યાલ આવ્યો અને એ તરફ અભિમુખ થયા - એટલે ઈશ્વર તરીકે પ્રાકૃતિક તત્ત્વ, મૂર્તિ કે તસ્વીર હટી ગયા.

લોકોને સમાજના અને વ્યક્તિના સ્વાસ્થ્ય અને વ્યવસ્થા ખાતર કેટલાક નીતિ નિયમની જરૂર પડી. એમાંથી ધર્મ સંસ્થા અસ્તિત્વમાં આવી. વ્યક્તિને વિકસવું હોય તો તે માટે સુખ-શાંતિ અને સલામતી જોઈએ. પરસ્પર ન્યાય, નીતિ અને પ્રામાણિકતાના ધોરણ જાળવે તો જ સુખ-શાંતિ અને સલામતી મળી શકે. એકબીજા રાગ-દ્વેષથી પર રહે. કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર અને ઈર્ષાથી અળગા રહે તો જ ભલાઈ સાધી શકાય, સમાજને ઉપયોગી બની શકાય. બધા સત્ય, અહિંસા પાળે, નિંદા કે ચોરી ન કરે, બિનજરૂરી સંગ્રહ ન કરે, બીજાનું ભલું ઇચ્છે તો નિર્વિઘ્ને સમાજમાં મંગલ પ્રવર્તે, એવા શુભાશયથી ધર્મનો કે ધર્મ સંસ્થાનો ખ્યાલ વિકસ્યો હશે. આવી બાબતમાં વ્યસનો અને કેટલીક આદતો અડચણરૂપ લાવ્યા હશે એથી એનાથી દૂર રહેવાનો બોધ અપાયો હશે.

આ માટેના શાસ્ત્રો રચાયા અને બોધકથાઓ લખાય-લોકો સન્માર્ગે વળે અને સન્માર્ગને વળગી રહે માટે ભય અને પ્રીતિનો પ્રયોગ થયો હશે બધા જ ધર્મ અને શાસ્ત્રમાં ભય અને પ્રીતિ (લાલચ) ના પાઠ ભણાવવામાં આવ્યા છે. પાપ અને પુણ્ય, સ્વર્ગ અને નર્કની વાત કરવામાં આવી છે.

ધર્મ અને શાસ્ત્રનું અર્થઘટન કરનારો તેમજ સમાજને બાંધી રાખનારો એક વર્ગ ધર્મગુરુ વર્ગ પેદા થયો છે. આના પરિણામે સમાજને ફાયદો અને ગેરફાયદો, નફો અને નુકસાન બન્ને થયા છે.

શ્રદ્ધા, અંધશ્રદ્ધા વધી - ભક્તિ સાથ અંધભક્તિ વધી. આત્મવિશ્વાસ બાજુ પર મુકાયો અને અંધવિશ્વાસ વ્યાપક બન્યો. માણસ સ્વાશ્રયી બનવાને બદલે પરાવલંબી બન્યો. વિજ્ઞાનના બદલે વહેમની પકડ વધી. ધર્મ સરળ સાદો રહેવાના બદલે જટીલ બની ગયો. વિધિવિધાનો વધી પડ્યા. રહસ્યના જાળાં ઊભા થયા. ધર્મ અને શાસ્ત્રો સમજવા અને સમજાવવાનો ઈજારો માત્ર ધર્મ ગુરુઓને જ મળી ગયો!

તેઓ જ પૂજા-પાઠ કરાવી શકે, તો જ મોક્ષ મળે, તેઓને દાન-દક્ષિણા અપાય, તેઓનો પડ્યો બોલ ઝીલાય તો જ આપણું કલ્યાણ થાય. એવા ચક્કરમાં આપણને ફસાવી દીધા. તેઓએ જેનું નામ-સરનામું મળે નહિ એવી ચમત્કારિક બનાવટી વાર્તાઓ ઘડી કાઢી અને કથા-વાર્તાઓ વડે એવી હવા ફેલાવી દીધી કે લોકો તેઓને હરતા-ફરતાં ભગવાન કે ભગવાનના પ્રતિનિધિ માનવા લાગ્યા! અને જે લોકો એને માને કે સ્વીકારે નહિ તેઓ નર્કે જાય અથવા તેઓનું નખ્ખોદ જાય. એવું લોકો મનોમન માની લ્યે એવો માહોલ ઊભો કરી દેવામાં આવ્યો.

લોકો માનવા લાગ્યા કે, આપણે તન, મન અને ધનથી ધર્મગુરુને સમર્પિત થઈ જવું જોઈએ નહિતર આપણું કલ્યાણ નહિ થાય અથવા તો સમાજમાં ઈજ્જત સાથે જીવી શકશું નહિ. લોકો માનસિક રીતે ગુલામ બની ગયા એટલે ધર્મગુરુ અને એની સંસ્થા મનસ્વી રીતે વર્તવા લાગ્યા અને ચાહે તે કરી શકવા સમર્થ બની ગયા.

રાજાશાહી વખતે રાજપુરોહિતનું મહત્ત્વ હતું તે લોકશાહીમાં ય ઘટ્યું નથી. લોકશાહીમાં મતનું મહત્ત્વ હોય છે એટલે રાજકારણી લોકોને 'વોટ' ખાતર એમની પગચંપી કરવાની જરૂર

પડી. અને એમની હરકતો સામે આંખ મીંચી જવા લાગ્યા અને એમને બધી જ અનુકૂળતા આપવા પડાપડી થવા લાગી! પરિણામે દરેક દેશમાં અને ખાસ કરીને ભારતમાં બાબાઓની ફોજ તૈયાર થઈ! ધીરેન્દ્ર બ્રહ્મચારી, ચંદ્રા સ્વામી, મહેશયોગી, આશારામ બાપુ, કેશવાનંદ, ભીમાનંદ, નિત્યાનંદ, રામપાલ, સત્યપાલ, ઇચ્છાધારી બાબા, નિર્મલબાબા, ગોલ્ડન બાબા, વીરેન્દ્ર દેવ દિક્ષિત, રામ-રહીમ બાબા, મહિલામાં રાધેમા જેવા અનેક બાબા, બાપુ, સ્વામી, સંન્યાસી, મુલ્લા-મૌલવી, મૌલાના અને મહારાજનું સામ્રાજ્ય ફેલાવા લાગ્યું અને સમાંતર સરકાર ચલાવવા લાગ્યા. તેમને કોઈ પૂછી શકતું નથી બલ્કે એનો વાળ વાંકો થઈ શકતો નથી. સરકારે પણ આવા બાબાઓ કે બાપુઓ નારાજ ન થાય એની ચીવટ રાખવા માંડી. ગુરમીત રામ-રહીમ બાબાને કબ્જે કરવા માટે સેના ખડી કરવી પડી અને કોર્ટમાં લાવવા હેલિકોપ્ટરની ખાસ વ્યવસ્થા કરવી પડી!

ધર્મ આધારિત ટોળાં વધવા લાગ્યાં છે. બાબાઓને V.I.P. ની કેટેગરી, દરજ્જો અને સુરક્ષા સાંપડે છે. યુનિવર્સિટીઓ ડિગ્રી આપે છે. ધર્મગુરુ સરકારને અને લોકોને આંજવા પ્રદર્શનો કરે છે અને એમની જાળમાં રાજકારણી ફસાય જાય છે એટલે રાજકારણી ધર્મગુરુ વર્ગનું કવચ (ઢાલ) બની જાય છે.

પંજાબમાં હરિયાળી ક્રાંતિ થઈ એના લાભ દલિત કિસાનોને મળ્યો. એથી દલિત લોકો એનો યશ બાબા રામ-રહીમને આપવા લાગ્યા અને દાન દેવા લાગ્યા. તેથી ડેરાની આર્થિક તાકાત વધી અને એક ધાર્મિક રજવાડું બની ગયું. આવી જ રીતે પહેલા અને બીજા વિશ્વ યુદ્ધમાં એક વેપારી કોમ સમૃદ્ધ થઈ તેથી તેના ધર્મગુરુ તાકાતવર થવા લાગ્યા અને પોતે ધરતી પરના ખુદા હોવાનો દાવો કરવા લાગ્યા હતા!

બધા બાબાઓ અને બાપુઓ ભારે ચાલાક ચબરાક અને ખંધા હોય છે. તેઓ જ્યોતિષીની જેમ અનુયાયીઓની નબળી નસ પકડી લે છે અને Emotional support આપવા લાગે છે.

ડેરા સચ્ચા સોદાના બાબા રામ-રહીમે ડેરાભક્તો માટે તબીબી-તાલીમી વ્યવસ્થા કરી વ્યવસાયમાં સહાય આપતા વર-કન્યાના ચોકઠા ગોઠવી આપતા અને વેશ્યાના લગ્ન પણ ગોઠવી આપી ઉપરથી દોઢ-દોઢ લાખ આપતા હતા. બ્લડ ડોનેશનમાં તેમણે વિક્રમો સર્જી આપ્યા હતા. આમ ભક્તોને બધા પ્રકારની સગવડ મળતી હતી અને કરી આપતા. ગુરમીત રામ-રહીમ બાબાની સમાંતર સરકાર કામ કરતી ગઈ. ડેરાના ભક્તો એમના ઓશિયાળા અને ગુલામ બનતા ગયા અને ડેરા ભક્તોને સરકારની જરૂર રહી નહિ પણ રાજકીય પક્ષોને ચુંટાવા એમની જરૂર પડતી ગઈ એટલે નેતાઓ એમનાં ઘૂંટણિયે પડતા રહ્યા. આમ રામ રહીમને અમર્યાદિત સત્તા મળી જતાં અમર્યાદિત ભ્રષ્ટ થયા.

દાઉદને પાકિસ્તાનથી પકડી લાવવાની વાત કરનાર પક્ષને બાબાને પકડતાં નાકે દમ આવી ગયો અને સેના ઉતારવી પડી અને જેલમાં લઈ જવા હેલિકોપ્ટર પૂરું પાડવું પડ્યું. એક સાધુ બાબા સુધી પહોંચવું આટલું કઠિન હોય તો પ્રભુ સુધી પહોંચવું કેટલું કઠિન બની શકે એની કલ્પના કરવી રહી.

ગુરમીતમાં સાધુતાના કે ધાર્મિક વ્યક્તિ તરીકેના એકેય લક્ષણ જોવા મળતા ન હોવા છતાં ધર્મના નામે કરોડો લોકો કેવા અંજાઇ ગયા એનું આ અદ્‌ભુત ઉદાહરણ છે. દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહીએ. ફિલ્મી એકટરો રામારાવ, રામચંદ્રન અને જયલલીતા પાછળ પણ લોકો આવા પાગલ હતા અને મંદિર બનાવી મૂર્તિ સ્થાપી એમને પૂજતા હતા અને એ કલાકારોનું મૃત્યુ થતાં લોકો આપઘાત કરતા હતા. ભલેને તેઓએ અગણિત સંપત્તિ એકઠી કરવા ભ્રષ્ટાચાર કર્યો હોય.

ત્યારે રવિશંકર મહારાજ, ડૉ. જીવરાજ મહેતા, જયપ્રકાશ નારાયણ કે વિનોબા ભાવે જેવોને લોકો બહુ ઓછા યાદ કરે છે. માણસો બાહ્યાચાર, વેશભૂષા કે ભપકા, પાખંડ કે બોલવાની સિફતથી અંજાઇ જાય છે. એમને સીધો-સાદો માણસ ધાર્મિક કે ભાવિક દેખાતો નથી અને આવા માણસની જન્મ તિથિ કે પુણ્યતિથિ ઉજવાતી નથી. એમના નામે સંસ્થા રચાતી નથી. એનો અર્થ એ થયો કે, માણસને સાત્વિક માણસની કે સાચા ધર્મની હજી સમજણ પડી નથી. ધર્મગુરુ કરતા આપણા જીવનમાં વધુ સુખ સગવડ વધારનાર વૈજ્ઞાનિકને કે ટેકનિશયનને તો આપણે યાદ કરતા નથી, આ કૃતઘ્નતા કહેવાય કે નહિ? ■


**પંચગની હવાફેર**

**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**

**રાજલક્ષ્મી આરોગ્યધામ**

**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955

**Laxmichand Dharshi**

Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour

Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.

**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

લોકકથા

# મહીપત દીઠો મૂળવો

નાનાભાઈ જેબલિયા

'ખમ્મા, જેતાણાના ધણીને.' આવો... પધારો.

'કયે દી'નો વાત કરું કરું થાઉ છું પણ તમે તો મોટા... અરે, બૌ મોટા માણાંહ... અમે તો ચપટી મુઠ્ઠી ધાનના ગરાસિયા.

'મેં મને ક્યારેય મોટે કે બૌ મોટો માણસ માન્યો નથી અને આપ કહો છો એવો મોટો માણસ છું પણ નહીં.'

'હોય કંઈ? આપ તો અંગ્રેજોના ભાઈબંધ.'

'અંગ્રેજોના સારા વહીવટના ભાઈબંધ હોય છે, એકલા મૂળુવાળાના નહીં.'

'હા, તે આપનો વહીવટ ભારે રળિયામણો છે એની ક્યાં ના પાડીએ છીએ?'

'તો પછી આપ સીધી વાત કરો. મોણ નાખો મા.'

'તો લ્યો ને કંવ. આપના રાજના દોઢસો ગામડામાં નકરા નગારા વાગ્યા કરે, મંદિરોનો પાર નૈ.'

'નગારા તો દેવપૂજાનાં વાજીંત્રો છે તે વાગે જ ને. આમ છતાં આપને કોઈ હરકત છે?'

'ના રે બાપ! અમારે શાની હરકત? પણ મનમાં થયા કરે.'

'શું થયા કરે?'

'આ સાધુ, બાવા ને ભામણને બૌ ચડાવાય નૈં. ઇ બધાં ઊણાં એમ કૂણા. આપના તરફથી બેઠી આવક મળે એટલે પદડકિયું કરે અને કોઇને હોંકારો ન દીએ, લંગોટ!'

'બીજું કાંઈ?'

'બીજું ઇ કે આ ગરીબ અને રાંકા પણ ફાટીને ધુમાડે ગ્યાં છે. ત્રણ વખત બોલાવો તંઈ માંડ હોંકારો આપે મારા હાળઆ. શું કે એની ભંભલી આપ ભરી આપો એટલે અભિમાની થઈ ગયાં, સડેલાં.'

'સાંભળો ભા! મારો નિયમ અને સિદ્ધાંત છે કે જેતપુર રાજ્યમાં નગારા અને તગારા ચાલુ રહેવાં જોઈએ.' ચડા સૂરજના પહોરમાં મિથ્યાભિમાનની પાળ બાંધીને, લગામારી કરવા આવેલ બિરાદરને ઓછામાં ઓછા શબ્દો વાપરી અને વળાવવા માટે રાજના થનારા અને થયેલા કામની નોંધવાળી ડાયરી કાઢી અને પાના ફેરવવા શરૂ કર્યા. દરબારને પોતાની વાત ગમી નથી એવું પ્રતીત થતાં મોજડીઓ પહેરીને રવાના થઈ ગયા.

મિથ્યાભિમાન અને અદેખાઇને આવું રોકડું પરખાવનાર રાજવી એટલે જેતપુર પીઠડિયાના રાજવી મૂળૂવાળા સુરગવાળા, સોરઠ ભોમકામાં ૭૩૪ માઈલમાં રૂડપનો ચાકળો પાથરીને બેઠેલું નગર જેતપુર. રળિયામણું કાઠી રાજ્ય. જેતપુર એ વખતે કાઠિયાવાડનું કાઠીનું સોનાના ઝુમણાં સમું રાજ્ય હતું. વાળાના કુળના પ્રતાપી પુરુષ જૈતાવાળાને વસાવેલા નગર એટલે જેતપુર. આવા જેતપુર રાજ્યનો વહીવટ તે દી' દરબાર મૂળુવાળાના હાથમાં હતો. રાજકુમારે કૉલેજનું અંગ્રેજી શિક્ષણ લીધેલ એટલે અંગ્રેજો એમના મિત્રો હતા. દેશમાં અને પ્રદેશમાં અંગ્રેજો અને અંગ્રેજિયતનું વાવાઝોડું ફૂંકાતું હોવા છતાં દરબાર મૂળુવાળાએ કાઠીભાષા, કાઠી પરંપરા, કાઠિયામી પહેરવેશ અને કાઠીનાં વિવેક - ઝીણવટ છોડ્યા નહોતા.

શાંતિ અને ચાતુર્યના ઉપાસક મૂળુવાળઆ, પ્રજા માટે પ્રાણ પાથરનાર પ્રજાપ્રેમી રાજવી ગણાતા. વસતિનાં સુખદુઃખના શ્વાસોચ્છવાસમાં એ ખુદનો શ્વાસ લેતા. દયા, માયા, ધર્મ, કરુણા અને સાદગીના પંચગુણ એમને આત્મસાત્ હતા. એની ખુદની એવી સમજણ હતી કે ચોરી, લૂંટફાટ મ્યાનમાં રહે અને આના ઈલાજ લેખે દરબાર મૂળુવાળા જેતપુર રાજ્યમાં બારેય માસ તગારાં ચાલુ રખાવતા.

તગારા ચાલુ રખાવવા માટે મૂળુવાળા રાજ્યમાં કૂવા-વાવ સમરાવે, કાં નવાં ખોદાવે. જેતપુર ચોથા વર્ગનું રાજ્ય હોવા છતાં તેના સ્વચ્છ, નિર્મળ અને નીતિમય વહીવટના કારણે જામનગરના જામસાહેબ માનની નજરે જોઈને મિત્રાચારી રાખે. અંગ્રેજો એના વહીવટ અને ચતુરાઈથી પ્રભાવિત રહેતા. આવા કુશળ રાજવીને માન-સન્માન આપવા અંગ્રેજ સત્તા તરફથી દરબાર મૂળુવાળાને સી.આઈ.ઈ. (કમ્પેનિયન ઑફ ધી ઇન્ડિયન અમ્પાયર)નો ખિતાબ અર્પણ કરીને ઇંગ્લેન્ડમાં સન્માન આપ્યું. સને ૧૯૦૦માં કાઠિયાવાડ, ગુજરાતમાં મયલ દુકાળ પડ્યો. ધરતીના કણેકણમાંથી અછત અને ભૂખમરાએ ડોકા તાણ્યા. પ્રજા સ્વમાન, સ્વત્વ વીસરીને ભીખનાં રામપાતર ફેરવતી થઈ એ વેળા મૂળુવાળાએ સંખ્યાબંધ બાંધકામો શરૂ કરીને તગારા ચાલુ રાખ્યા.

આઠ ફૂટની ઊંચાઈવાળી ઓસરીમાં કાટખૂણે વિશાળ ઓરડાઓવાળો દરબારગઢ બંધાવ્યો અને મજૂર, ખેડૂત કારીગરોને બે પાંદડે રાખ્યા. ગીરના લાખણકામાં વનવિહાર માટે સુંદર બંગલો બંધાવ્યો. આટલાં કામો પણ ઓછાં લાગવાથી વાંડળિયા (બાબરા તાલુકા)માં વિશાળ દરબારગઢ બાંધવો શરૂ કરાવ્યો. પથ્થરના બેલાં જૂનાગઢથી ટ્રેનના વેગનોમાં ખીજડિયા સ્ટેશને

ઊતરે... બેલાં વાંડળિયા લાવવા કોઈ વાહન ન વાપરતાં મજૂરો પાસે એક એક બેલું ખીજડિયાથી વાંડળિયા મંગાવે, એક બેલું લાવનાર મજૂરને એક પાલી (બે કિલો) અનાજ, એક ઘાસનો પૂળો (પશુ માટે) અથવા એક આનો રોકડો અપાય. દિવસો સુધી આવા ક્રમે કામ ચાલુ રહ્યા. ગરીબોની આંતરડી ઠરી, પણ અદેખાઓને કાળજે અકારણ બળતરા ઊપડી! 'મૂળુબાપુ! તમે તો રાજકુમાર કૉલેજના વિદ્યાર્થી ખરું કે.' દરબારની ગાદી લગોલગ બેસીને દોઢ ડાહ્યાઓ ડહાપણ ડોળવા આવ્યા. 'પણ બાપુ! આપના વાસીંદામાં સાંબેલું જાય છે એની ખબર છે?' 'નારે ભાઈ!' પણ સમજણ હોવા ચતાં દરબાર પેલાને ફુલાવે, 'બતાવો ભાઈ, કઈ રીતે જાય છે વાસીંદામાં સાંબેલું?'

'વાંડળિયાના બાંધકામમાં. આપ તો બહુ ચતુર અને સાવચેત રાજવી છો છતાંય.'

'હા, વાંળિયાનું બાંધકામ વસતિને રોજી-રોટી આપવા માટે શરૂ કર્યું છે. દુકાળના વસમા દિવસો સુખેથી ગુજારે છે બચ્ચારાં.'

'ઇ બચ્ચાંરાને બખ્ખાં થઈ ગયાં બખ્ખાં!' એક જ બેલામાં પાલી અનાજ મળે, એક આનો રોકડો મળે, કેટલો ખોટો ખર્ચો? આવા બેલા ખેડૂતની બળદ ગાડીમાં લાવો તો બે રૂપિયાના ભાડામાં પચાસ બેલા આવે. એક રૂપિયામાં પચ્ચીસ બેલા આવી જાય બાપુ!'

'પણ બે રૂપિયા એક જ માણસ લઈ જાય અને પચ્ચાસ માણસો ભૂખે મરે એનું શું? એને બે ટંકનો રોટલો મળે છે માટે શાંતિથી નીંદરે છે. નીકર તમારોય ખપેડો ફાડે અને હાડકાં ભાંગે. ભૂખ્યો માણસ શું ન કરે? બોલો જોઈ?'

'હા, ઇ વાત તો જાણે સોળે આના.'

'આવી સોળઆના વાતની કંગી કરીને દૂધમાંથી પોરા કાઢવાને બદલે ઘરે બેસીને પ્રભુનાં પાંચ નામ લ્યો બાપ!'

'લ્યો તંઇ રામરામ બાપુ!'

દરબારે મૂળુવાળાએ આ રીતે પ્રજાને દુકાળ ઉતરાવ્યો. નિરાધારો, અપંગોને નિભાવ્યા.

ચારણ કવિઓએ મૂળુવાળાના માનવંતા કવિત કર્યા :

*'કાઠી, આ કળયુગમાં*
*ભૂપ મૂળરાજ નહોત,*
*તો, દૂબળાં, અપંગને દુખિયાં,*
*રઝળી રઝળીને રોત.*
*શાંતિથી બોલે સદા,*
*મૃદુવચન મધુર.*
*ભલગુણે ભરપૂર*
*મહીપત દીઠો મૂળવો.'*

દરબાર મૂળુવાળાએ સંતાન ખોટ પૂરવા સાત રાણીઓ કરી હતી. ત્રીજા નંબરની રાણી કમરીબાઈ રૂપ, ગુણ સાથે ચતુર અને વહીવટી સૂઝ ધરાવતાં. મૂળુવાળા અંગ્રેજોનો ખિતાબ લેવા વિલાયત ગયા ત્યારે કમરીબાઈએ રાજ્યની ધૂરા સંભાળેલી. પાંચમા નંબરના રાણી મહાન ભક્તિવાન હતા અને મોટેભાગે કાશીમાં ભક્તિ કરતા. દરબારે કાશીમાં રાણકેશ્વર મઠ બંધાવેલ. રાણી કમરીબાઈ દિવંગત થયા ત્યારે જેતપુરમાં કમરીબાઈ હાઈસ્કૂલની ભવ્ય ઇમારત બંધાવેલ અને પ્રજાના શિક્ષણની ખેવના રાખેલી.

મોટાં સુમરીબાઈની કૂખે સુરગવાળા અને વિક્રમવાળા એવા બે પુત્રો જન્મેલ. પિતા મૂળુવાળાનો પ્રજાપ્રેમ અને દેશપ્રેમ પુત્રોને પણ વારસામાં મળ્યો હતો. ૧૯૪૭માં દેશને આઝાદી મળી એ વેળા દરબાર દાદાવાલાએ જેતપુર સ્ટેટના ધ્વજ સ્તંભ ઉપર ભારતનો તિરંગો હજારોની મેદનીમાં ફરકાવીને આઝાદીને વધાવી હતી. દરબાર મૂળુવાળાએ પ્રજાના સંસ્કાર અને શિક્ષણ માટે શાળા, કૉલેજો, હોસ્ટેલો, જિમખાના, લાઈબ્રેરીઓ અને પાંજરાપોળો માટે લાખો રૂપિયાની સખાવત કરી હતી.

*(દરબાર મૂળુવાળા : જન્મ : સને ૧૮૬૯ અને અવસાન : સને ૧૯૩૬)*

## નશો નાશ અને વિનાશનું મૂળ છે

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)**

નોટો ફેંકતા હતા. રોબીન પણ ઝાલ્યો રહ્યો નહીં. વરસો પહેલાં મનોરંજન માટે ભવાઇ રમાતી ત્યારે પ્રેક્ષકો રૂમાલમાં રૂપિયા બાંધીને ભવાયા પર ફેંકતા ને વન્સમોર કરતા પણ ત્યારે સ્ત્રીપાત્રમાં પુરુષો હતા. તેથી બીજા કોઈ પ્રશ્નો નહોતા. પણ અહીં તો સાવ જુદું જ છે. રોબીન હવે પોતાના કહ્યામાં રહ્યો નથી. 'તું હૈ મેરી ફેન્ટસી...' ધમાકેદાર ગીત શરૂ થયું. મ્યુઝિકના અવાજની માત્રા વધી. ડીમલાઇટમાં જેમ પ્યાલીમાં શરાબ ઊછળે એમ યૌવન ડિસ્કો ઠેક લેવા માંડ્યું. નોટોનો રીતસર વરસાદ શરૂ થયો અને આખું દશ્ય હોટ સીનમાં ફેરવાઈ ગયું. તેને બીજી રીતે કહેવું હોય તો માહોલ ગરમ થઈ ગયો!

રોબીન બરાબર ખેલમાં અને ગેલમાં આવી ગયો હતો. ખિસ્સું ખાલી થઈ ગયું. છતાંય છેલ્લી નોટ સાથે ડાન્સરનો હાથ પકડી લેવાના ઇરાદે તેના તરફ ધસ્યો પણ કંઈ કહે, કરે એ પહેલાં તો હાથમાં રહેલી નોટ રીતસરની ઝુંટવાઈ ગઈ. છતાંય ટેરવાનો સ્પર્શ થતાં શરીરમાં ઝણઝણાટી વ્યાપી. સુખ સામે ઊભું હોય એમ લાગ્યું. પણ ત્યાં ઋજુ શબ્દો કાને અથડાયા : 'શુક્રિયા માલિક...!' પછીનું સાંભળવા રોબીનના કાન સરવા થયા. 'આપ જૈસે અચ્છે ઇન્સાન કહાં આતે!?' તે કોઈ સ્ટેચ્યુ માફક ઊભો રહી ગયો. 'સબ હેવાનિયત લેકર આતે હૈં...' રોબીનનો નશો એકદમ ઊતરી ગયો. પછી ઘેરા અફસોસ સાથે ઢીલા અને વીલા મોંએ બહાર નીકળી ગયો. દરિયો સાવ શાંત થઈ ગયો હતો, ઉત્પાત શમી ગયો હતો. ફરી ન આવવાની મક્કમતા સાથે તે પાછું વાળીને જોયા વગર જ ચાલવા લાગ્યો... છતાંય કાનમાં તેના પડઘા ગુંજતા હતા... ■

સમાજ ચિંતન

# એક દિવસની દવા

ડૉ. સુધીર ચી. મોદી

આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાની વાત છે. ઘણી વખત નાની લાગતી વાત પણ આપણને ધીરજ અને સંયમ રાખવાનું કહેતી જતી હોય છે.

મારા દવાખાના પાસે ઘણી જાતના ફ્લેટ્સ, ટેનામેન્ટ્સ અને બંગલાઓ છે. મારે ત્યાં બધા વર્ગના દર્દીઓ આવે. નજીકના છાપરામાંથી ગરીબો આવે, નાના ફ્લેટોમાંથી નાના મધ્યમવર્ગના લોકો આવે, મોટા ફ્લેટોમાંથી સારા મધ્યમવર્ગના આવે, ટેનામેન્ટ અને બંગલાઓમાંથી ગાડીઓવાળા સુખી લોકો પણ આવે. જ્યારે પેશન્ટ તરીકે આ બધા સારવાર માટે આવે ત્યારે દર્દની સાથે સાથે આ બધા વર્ગના વર્તનનું, વાણીનું અને વ્યવહારનું પણ અવલોકન કરતો રહું છું. તેમાંથી જ માનવ સ્વભાવના, તેમના વ્યવહારના નવા નવા અનુભવો થતા રહે છે. આ બધા અનુભવો ડૉક્ટરને દુઃખની, આનંદની, સંતોષની, શાંતિની, સમતા અને ધીરજની સંવેદના જગાવે છે અને સંસાર અને જીવનની સમજ પણ આપે છે.

તે સમયે લગભગ ૭૬ વર્ષના નાથીબેન નજીકના નાના ફ્લેટમાંથી અવારનવાર દવા માટે આવે. નાના મધ્યમવર્ગના સંયુક્ત કુટુંબમાંથી આવે એટલે સહેજ ઝાંખા પડી ગયેલા સાડલો બ્લાઉઝ પહેરેલા હોય. પગમાં ચંપલ પણ થોડા ઘસાયેલા હોય. પાતળો બાંધો અને ઠાવકા. તેઓ આવી રીતે સારવાર માટે એક વખત આવ્યા. એક દિવસની દવા લઇને ગયા. ત્યારબાદ બે દિવસ બાદ ફરીથી આવ્યા. સળંગ ત્રણ ચાર દિવસ રોજેરોજ દવા ના લઈ જાય. ચારેક મહિના બાદ ફરીથી આવીને એક દિવસની દવા લઈ ગયા. ત્યારબાદ બે દિવસ બાદ ફરીથી આવ્યા. મેં પૂછ્યું, 'ત્રણ દિવસ સળંગ કેમ દવા નથી લઈ જતા?' તો કહે, 'એક દિવસની દવા ત્રણ દિવસ ચલાવી.' મને સહેજ અકળામણ થઇ અને બે વેણ બોલવા જતો હતો ત્યાં જ મારા સંબંધી માજી યાદ આવી ગયા અને બોલતો અટકી ગયો.

મારા સંબંધી માજી પણ આવા જ મોટી ઉંમરના, નાના મધ્યમવર્ગના. પાતળો બાંધો અને કરકસરવાળા સ્વભાવના. મણિનગર રહે એટલે મારા દવાખાનાથી લગભગ ૧૦ કિ.મી. અંતર થાય. બીમારી આવે ત્યારે નજીકના ફેમિલી ડૉક્ટર પાસે જઈ દવા લઇ આવે. એક વખત રવિવારે તેમને મળવા મણિનગર ગયો હતો. તબિયતની વાત નીકળતાં બોલ્યા, શુક્રવારે ડૉક્ટર પાસે જઈ દવા લઈ આવી હતી. હવે આવતીકાલે સોમવારે દવા લેવા જઈશ. હું તો એક દિવસની દવા ત્રણ દિવસ ચલાવું છું.

મને એકદમ આશ્ચર્ય થયું. આ તો બરોબર ના કહેવાય. મેં સમજણ પાડી. કોઈપણ દવા પૂરેપૂરા ડોઝમાં સળંગ લેવી જોઈએ અને તેનો કોર્સ પૂરો કરવો જોઈએ તો જ તેની સારી અસર થાય. આ રીતે ના તો પૂરા ડોઝમાં દવા શરીરમાં જાય અને ના તો ફાયદો થાય અને પૈસાનો બગાડ થાય તે વધારાનો. તો કહે, 'તું ના સમજે. આપણા શરીરને જેવી ટેવ પાડીએ તેવી પડે. ઓછી દવાથી ચાલતું હોય તો વધારે પૈસા શા માટે બગાડવા?' મેં વૈજ્ઞાનિક રીતે મારી વાત સમજાવવા પ્રયત્ન કર્યો. જો એન્ટીબાયોટીક દવા હોય તો પૂરેપૂરા ડોઝમાં પૂરેપૂરા દિવસ લેવી જોઈએ. નહિં તો ભવિષ્યમાં તે દવા અસર ના કરે. પરંતુ તેમના ગળે વાત ના ઉતરે. પછી મને પણ વિચાર આવ્યો કે મોટેભાગે સામાન્ય બીમારી તો સામાન્ય દવાથી જ મટતી હોય છે અથવા અમુક દિવસો બાદ જાતે મટતી જ હોય છે. ભણેલા ના હોય અને આટલી મોટી ઉંમરે આ બધી સમજ ના પણ હોય. સાથેસાથે પૈસાની કરકસરનો વિચાર મગજમાં પહેલો રહેતો હોય. ઠીક! આવું તો ચાલ્યા કરે.

બસ! પેલા મારા પેશન્ટ નાથીબેનની વાત પણ આવી જ થઈને! આમ મારા મણિનગરવાળા સંબંધી માજી યાદ આવતા, અકળામણના બે બોલ બોલતો અટકી ગયો. મને થયું કે મારા સંબંધી પણ આવા જ છે ને! વયોવૃધ્ધ લોકો ઘણી વખત અણસમજમાં અથવા પૈસાની ખેંચમાં આવું કરતા હોય છે. આ જગતમાં દરેક મનુષ્યના સંજોગો, સમજ અને વર્તન જુદા જુદા હોય છે. આ ઉપરાંત દરેકનો સ્વભાવ, બુધ્ધિ અને વાણી પણ અલગ અલગ હોય છે.

*શેખાદમ આબુવાલાની પંક્તિઓ યાદ આવે છે :*

***"ધસી આવેલ અશ્રુપૂર ખાળીને હસી લઉં છું,***
***ઘડી કે બે ઘડી દુનિયા નિહાળીને હસી લઉં છું.'***

**મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫**

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# જ્યાં ચાહ હોય, ત્યાં રાહ હોય

**પ્રેરણા**

**અમલા પરીખ**

એવરેસ્ટ આરોહણ કરનારી સર્વપ્રથમ વિકલાંગ મહિલા - અરુણિમા સિન્હાની સાહસગાથા 'વિશ્વાસનું એવરેસ્ટ' નો ગુજરાતી અનુવાદ પ્રગટ થયો. ૧૧મી એપ્રિલ, ૨૦૧૧ ના રોજ અરુણિમા લખનૌ સ્ટેશનથી રાતે ૯ વાગ્યે પદ્માવત એક્સપ્રેસમાં મુસાફરીની શરૂઆત કરે છે ત્યારે તેને સહેજે ખ્યાલ નથી કે આ પ્રવાસ તેના જીવનમાં અત્યંત મોટો વળાંક લાવનાર પુરવાર થશે. મધરાતે ટ્રેનમાં લૂંટારુઓ ચડીને લૂંટફાટ કરવા લાગ્યા ત્યારે અરુણિમાએ પોતાની ગળાની ચેઈન સોંપવા ઈન્કાર કર્યો. દારૂના નશામાં ધૂત લૂંટારાઓ ચેઈન ખેંચવા લાગ્યા. અરુણિમાએ બરાબર સામનો કર્યો. પણ એક લૂંટારુની લાતથી તે ચાલતી ટ્રેને દરવાજા બહાર ફેંકાઈ ગઈ. રેલવેના પાટા પર ફંગોળાતાં તેના પગ ઉપરથી ટ્રેન ચાલી ગઈ અને અરુણિમાનો સંઘર્ષ શરૂ થયો.

કોઈની પણ મદદ મેળવ્યા વગર તે કપાયેલા પગ સાથે લગભગ સાતેક કલાક પાટા ઉપર પડી રહી. લોહી ખૂબ વહી ગયું. સવારે પાટા ઉપર કુદરતી હાજતે જવા આવેલો માણસ, ગામલોકોને બોલાવી લાવે છે અને લગભગ મરી ચૂકેલી અરુણિમાને બરેલીની જિલ્લા હોસ્પિટલમાં પહોંચાડે છે. હોસ્પિટલમાં પણ એનેસ્થેસિસ્ટ નથી હોતા. એનેસ્થેશિયા વગર અરુણિમાનો ડાબો પગ ઘૂંટણથી કાપવામાં આવે છે. તે વખતે તેનું મક્કમ મનોબળ, પીડા સહેવાની શક્તિ અને જિજીવિષા દાદ માંગી લે છે. તેના જીવનનું વિશ્લેષણ કરતાં દેખાઈ આવે છે કે ફૌજી પિતા તરફથી તેને હિંમત, સંકલ્પશક્તિ, જુસ્સો, પુરુષાર્થ વગેરે ગુણ વારસામાં મળ્યા છે, જ્યારે તેણે દાખવેલો આત્મવિશ્વાસ, ઈશ્વર ઉપરની આસ્થા, ધીરજ, સહનશીલતા, ભક્તિ અને શ્રદ્ધા જેવા ગુણો માતા પાસેથી મળેલા છે.

હોસ્પિટલના બિછાને જ્યારે તેના જીજાજી 'સાહેબ' એવરેસ્ટ ચઢવાની વાત કરે છે ત્યારે પહેલાં તો એ સમજી શકતી નથી કે એક પગથી ચાલવામાં પણ તકલીફ પડે છે તો કેવી રીતે એવરેસ્ટ સર કરી શકાય? પણ જ્યારે એ હકીકત ધ્યાનમાં આવે છે કે જો તે એવરેસ્ટ ચડવા પ્રયત્ન કરે અને સફળ થાય તો તે એવરેસ્ટ સર કરનારી વિશ્વની પ્રથમ વિકલાંગ મહિલા બને અને અરુણિમા તે પડકાર ઝીલી લે છે. અને આ લક્ષ્ય પૂરું કરવા માટે જ પોતાનો પુનર્જન્મ થયો છે એવું માને છે.

અરુણિમા પોતાની અદ્‌ભુત સંકલ્પશક્તિ, અસાધારણ સહનશક્તિ, પ્રચંડ નીડરતા, અથાક પુરુષાર્થની મદદથી વિશ્વના સહુથી ઊંચા પર્વત પર આરોહણ કરે છે. તેણે દરેક પ્રકારના સંદેહો અને શંકાઓને નિર્મૂળ કર્યા અને એ સુનિશ્ચિત રીતે પ્રમાણિત કર્યું કે જ્યાં ચાહ હોય, ત્યાં રાહ હોય જ. એવરેસ્ટ ચડતી વખતે પણ તે સતત ઈશ્વરસ્મરણ કરતી. તેને સ્વામી વિવેકાનંદના પુસ્તકોમાંથી ભરપૂર પ્રેરણા મળી છે. ૨૧મી મે, ૨૦૧૩ ના રોજ તેણે માઉન્ટ એવરેસ્ટ ઉપર ભારતનો ધ્વજ લહેરાવ્યો.

પુસ્તકના અંતમાં તેણે, જે અનેક લોકોએ તેના ઉપર પ્રેમ અને દયા વરસાવ્યાં છે તેનો ઋણસ્વીકાર કર્યો છે. વિશિષ્ટ ઈચ્છાશક્તિની શોધમાં નીકળેલી વ્યક્તિ માટે અરુણિમા પ્રેરણાસ્રોત છે. અરુણિમાની કથા એક સાથે રોમાંચક, પ્રેરણાદાયી તથા સ્વામી વિવેકાનંદના સંદેશાનું વ્યાવહારિક નિરૂપણ છે. 'વિશ્વાસ, વિશ્વાસ, પોતાના પર વિશ્વાસ, ભગવાન પર વિશ્વાસ આ જ તો મહાનતાનું રહસ્ય છે.'

પુસ્તકનાં પ્રારંભનાં ૧૧ પ્રકરણોમાં અરુણિમાનો અકસ્માત, તેની યાતના, પગ ગુમાવવાની તેની વ્યથા, હતાશા, તેની ચાકરી, કૃત્રિમ પગ, આરોપોની પળોજણ, રાજકારણીઓની ચડસાચડસી તથા મીડિયાની મદદનું વર્ણન કરવામાં આવ્યું છે, જ્યારે એ પછીનાં પ્રકરણોમાં એવરેસ્ટ સર કરવાનું લક્ષ્ય, બચેન્દ્રી પાલનું પ્રેરક પ્રોત્સાહન, અઘરી તાલીમ, અનુભવો, ચડાણનો પ્રારંભ, મુશ્કેલીઓ, એવરેસ્ટ પર વિજય, જીવિત પાછા ફરવાની ગુમાવેલી આશા વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.

રસપ્રદ શૈલી, વાસ્તવિક પરિસ્થિતિનું સચોટ નિરૂપણ અને લેખિકાના પોતાના મનોભાવોને પારદર્શિક રીતે આલેખવાની શક્તિને કારણે આ પુસ્તક સહુ કોઈને પ્રેરણાદાયી બને તેવું છે. આત્મવિશ્વાસ અને ઈશ્વરશ્રદ્ધાના બળે મુસીબતો પાર કરીને કેવી અદ્વિતીય સિદ્ધિ હાંસલ કરી શકાય છે, તેનો અહીં જીવંત ચિતાર મળે છે.

અરુણિમા સિન્હાના આ પુસ્તકનો શ્રી સુધા મહેતાએ અનુવાદ કર્યો છે અને ગૂર્જર સાહિત્ય ભવને પ્રકાશિત કર્યું છે. ગુજરાતી વાચકોને 'વિશ્વાસનું એવરેસ્ટ' નામની આત્મવિશ્વાસ જગાવતી કૃતિ પ્રાપ્ત થઈ છે. ■

*જ્યારે મિત્ર પ્રગતિ કરે ત્યારે સ્વાભિમાનથી કહો કે એ મારો મિત્ર છે. પરંતુ જ્યારે મિત્ર મુસીબતમાં હોય ત્યારે ગર્વથી કહો કે હું તેનો મિત્ર છું.*

આધુનિક પ્રશ્ન

# પ્લાસ્ટિકની સમસ્યા અને સમાધાન

સંકલિત

માનવીએ સમયને અનુરૂપ પૃથ્વીની સપાટી પર મળતા પદાર્થોનો મહત્તમ ઉપયોગ કરીને એવા સમયને 'યુગ' તરીકેની ઓળખ આપી છે; જેમ કે પથ્થરયુગ, તામ્રયુગ, કાંસ્યયુગ, લોહયુગ, ખનીજયુગ, વગેરે.

પ્લાસ્ટિક ખનીજ તેલની આડપેદાશ છે. પૃથ્વીના પેટાળના જુદા જુદા ભાગોમાંથી પ્રાપ્ત થતા અશુદ્ધ ખનીજ તેલના 'કદડા' ની ગુણવત્તા એકસરખી હોતી નથી. રાસાયણિક પ્રક્રિયાથી તેનું વિઘટન કરીને પેટ્રોલ, ડીઝલ, કેરોસીન તેમજ પ્લાસ્ટિક વગેરે મેળવ્યા પછી જે કચરો બાકી રહે છે તે 'ડામર' તરીકે ઉપયોગમાં લેવાય છે. આજે માનવી પોતાની દિનચર્યાના પ્રારંભથી દિવસના અંત સુધી એટલે કે 'Brush to Bed' સુધી તેણે બનાવેલ કમ્પ્યુટર, પરિવહનનાં સાધનો, રાચરચીલું, લેખનસામગ્રી, રમત-ગમતનાં સાધનો વગેરે માટે પણ પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે. આ રીતે જોતાં માનવીનું જીવન પ્લાસ્ટિક સાથે ઓતપ્રોત થઈ ગયું છે.

***પ્લાસ્ટિકનાં સંદર્ભમાં મળેલી માહિતી મુજબ જોઈએ તો –***

★ દર વર્ષે આપણે ૩૦૦ મિલિયન ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન કરીએ છીએ, જે પૈકી ફક્ત ૯% જ પ્લાસ્ટિકનો 'recycled' તરીકે ઉપયોગ થાય છે.

★ ૧૯૫૦ થી માનવી ૮.૩ બિલિયન ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતો આવ્યો છે.

★ ૮.૩ બિલિયન ટન પ્લાસ્ટિકમાંથી ૬.૩ બિલિયન ટન પ્લાસ્ટિક કચરા તરીકે ફેંકી દેવું પડે છે. આ સિવાયના ૧૨% પ્લાસ્ટિકના કચરાને બાળી નાખવામાં આવે છે.

★ ૨૦૫૦ સુધીમાં આપણે ૩૪ બિલિયન ટન જેટલું પ્લાસ્ટિકનું ઉત્પાદન કરીશું એવો એક અંદાજ છે.

★ ૨૦૧૬ ના વર્ષમાં ૪૮૦ બિલિયન પ્લાસ્ટિકની બોટલોનું ઉત્પાદન થયું હતું. એટલે કે તે વર્ષે વ્યક્તિ દીઠ આશરે ૬૦ બોટલોનો વપરાશ થયો હતો તેમ કહી શકાય.

★ દર વર્ષે જેટલી પ્લાસ્ટિકની બોટલોનું ઉત્પાદન થાય છે તેમાંથી ફક્ત ૬.૬% બોટલો 'recycled' પ્લાસ્ટિકમાંથી બનાવાય છે.

★ દર વર્ષે એક ટ્રિલિયન પ્લાસ્ટિકની કોથળીઓ કચરા તરીકે ફેંકી દેવામાં આવે છે.

★ આમ મોટા ભાગના પ્લાસ્ટિકનો કચરો ભૂસપાટી ઉપર ઢગલા તરીકે અથવા છૂટો છવાયો જોવા મળે છે.

★ દર વર્ષે ઓછામાં ઓછો ૧૩ મિલિયન ટન પ્લાસ્ટિકનો કચરો સમુદ્રમાં ઠલવાતો જ રહે છે, એટલે કે તેનું વજન ૮૫,૦૦૦ બ્લ્યૂ વ્હેલ જેટલું થવા જાય છે.

★ નિષ્ણાતોનું માનવું છે કે હાલમાં જેટલો પ્લાસ્ટિકનો કચરો સમુદ્રમાં ઠલવાય છે તેના કરતાં આવનારાં દસ વર્ષમાં બમણો પ્લાસ્ટિકનો કચરો ઠલવાશે.

★ મહાસાગરોમાં ઠલવાતા પ્લાસ્ટિકના કચરાને કારણે દર વર્ષે મત્સ્યપ્રવૃત્તિ, પ્રવાસન તેમજ દરિયાઈ વેપાર જેવી પ્રવૃત્તિને આશરે ૧૩ બિલિયન ડોલરનું નુકસાન થાય છે.

★ પ્લાસ્ટિકની બોટલોને ભૂમિમાં ભળી જવા માટે ૪૫૦ વર્ષનો સમય લાગશે એવું નિષ્ણાતોનું માનવું છે, પરંતુ સમુદ્રમાં ભળી જવાનો કોઈ ચોક્કસ સમયગાળો દર્શાવી શકાય નહીં.

★ મહાસાગરની ૧૫૦ પ્રજાતિઓ પ્લાસ્ટિકનો અનાયાસે ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

★ મહાસાગરોમાં ૫૧ ટ્રિલિયન જેટલા પ્લાસ્ટિકના સૂક્ષ્મ કણો હોવાનું મનાય છે. જે આકાશગંગામાં રહેલા તારાઓ કરતાં ૫૦૦ ગણું થવા જાય છે.

★ ૭૦% પ્લાસ્ટિકનો કચરો સમુદ્રના તળિયે ઠલવાતો રહે છે, પરંતુ જે પ્લાસ્ટિક મહાસાગરો પર તરે છે તેનું પ્રમાણ નહીંવત જ ગણાવી શકાય.

આ પ્લાસ્ટિક કવચને દૂર કરવા વૈશ્વિક સ્તરે સંશોધનો થતાં રહ્યાં છે. વર્તમાન સમયમાં વિશ્વના મહાસાગરોમાં આશરે પાંચ ટ્રિલિયન ($૫૦,૦૦,૦૦૦^3$) પ્લાસ્ટિકના ટુકડાઓનો જથ્થો હોવાનું મનાય છે. એકલા પેસિફિક મહાસાગરના મધ્યભાગમાં પ્લાસ્ટિકના કચરાનો વિશાળ જથ્થો એક ટાપુ સ્વરૂપે તરતો જોવા મળ્યો છે. આ વિશાળ જથ્થાના વિસ્તારનો વિચાર કરીએ તો તે યુ.એસ.ના વિસ્તાર કરતાં બે ગણો હોવાનો અંદાજ મુકાયેલ છે. માનવો દ્વારા સમુદ્રમાં ઠલવાતું પ્લાસ્ટિક સમુદ્રના પ્રવાહ દ્વારા ગતિ પામતું રહે છે. પ્રવાહોની થપાટને કારણે તૂટેલા પ્લાસ્ટિકના ટુકડાઓને સમુદ્રજીવો અનાયાસે ગળી જાય છે; પરિણામે પ્લાસ્ટિકની સમસ્યા સમુદ્રના તળિયે અને જળસપાટી ઉપર અવિરત ઊભી થતી રહે છે. વૈજ્ઞાનિકો સતત સમુદ્રના તળિયે

નિક્ષેપિત થતા પ્લાસ્ટિકની જાણકારી મેળવતા રહે છે. પેસિફિક મહાસાગરમાં આશરે ૧૦ કિ.મી. ઊંડી 'મરીઆના ખાઈ' (Marina Trench) માં પણ પ્લાસ્ટિકના ટુકડાઓ પ્રાપ્ત થયા છે, જે બાબત અતિગંભીર કહી શકાય. આ પ્લાસ્ટિકની માઠી અસર સામુદ્રિક પારિસ્થિતિકીને, સામુદ્રિક પ્રાણીઓને અને માનવોને પણ થઈ રહી છે. વૈજ્ઞાનિકો અને સમુદ્ર સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓ તાજેતરમાં સમુદ્રોમાં પ્લાસ્ટિક ન ઠલવાય તે માટે પ્રયત્ન કરી રહ્યા છે.

કુદરત દ્વારા પ્લાસ્ટિકની સમસ્યા મંથર ગતિએ હલ થઈ રહી છે. પ્રા. રિચાર્ડ થોમ્પસન સમુદ્રોને પ્લાસ્ટિકથી મુક્ત કરવા સઘન પ્રયત્નો કરી રહ્યા છે. તેઓ જણાવે છે કે 'સમુદ્રને તો આપણે ગંદો-રગડો બનાવી દીધો છે.' હવે મહાસાગરીય સ્વચ્છતા (Ocean cleanup) અભિયાનને સૌપ્રથમ પ્રાધાન્ય આપવું જરૂરી બન્યું છે, જેના માટે અદ્યતન તકનીકી, સાધનો ઉપયોગમાં લેવાં જોઈએ. સમુદ્રકિનારા સાથે સંકળાયેલા દેશો અને સમુદ્રમાર્ગોનો ઉપયોગ કરનારા દેશો સાથ અને સહકાર આપે તો પાંચ વર્ષમાં પેસિફિક મહાસાગરમાંથી ૫૦% જેટલો પ્લાસ્ટિકનો કચરો દૂર થઈ શકે તેમ છે. ઉપરોક્ત અભિયાનને સાકાર કરવા ૨૦૧૩માં વિવિધ દેશો દ્વારા ૩૧૫ લાખ ડોલરનું દાન પ્રાપ્ત થયેલું છે. ૨૦૧૮ના માર્ચ માસમાં વૈજ્ઞાનિકોની એક ટીમ 'ઉત્તમ પેસિફિક મહાસાગર' નો પ્રાયોગિક અભ્યાસ કરીને વિગતવાર માહિતી આપશે તેવું જણાવ્યું છે.

ડૉ. મેથ્યુ સાવોકા (Dr. Mathew Savoca) જણાવે છે કે આવા અભિયાનને બદલે આપણે જો નદીના મુખ પાસે સ્થપાયેલા પ્લાસ્ટિકના એકમો માત્ર પ્લાસિટકવિહીન પાણી સમુદ્રમાં ઠાલવે તો વધુ સરળ થઈ પડે. આ જ રીતે ઓસ્ટ્રેલિયાના એક વૈજ્ઞાનિકે સમુદ્રમાંથી પ્લાસ્ટિકને દૂર કરવા સૂર્યશક્તિ દ્વારા સંચાલિત પંપ નદીના મુખ પાસે ગોઠવીને સમુદ્રમાં તરતો પ્લાસ્ટિકનો કચરો ખેંચી લે જેથી સમુદ્રકિનારો સ્વચ્છ બની રહે અથવા સમુદ્રકિનારો જેને મળ્યો છે એવા દેશો પ્લાસ્ટિક કે તેનો કચરો સમુદ્રમાં ન ઠલવાય તે માટે સજાગ બને તો આવાં અભિયાનો ઊભાં કરવાં ન પડે.

ડૉ. લિન્ડા અમારાલ ઝેટલર (Dr. Linda Amaral Zettler) કે જેઓ માઈક્રોબિયલ ઇકોલોજિસ્ટ છે, તેઓ હાલમાં મહાસાગરોમાં છવાયેલા 'પ્લાસ્ટિકના આવરણ' (Plastic Sphere) ઉપર અભ્યાસ કરી રહ્યાં છે. તેઓ જણાવે છે કે એવું ક્યારેય વિચારવું નહીં કે વાતાવરણમાં પ્લાસ્ટિક જંતુમુક્ત - બેક્ટેરિયાવિહીન રહી શકે. આ બેક્ટેરિયા સામુદ્રિક જીવસૃષ્ટિને સૌથી વધુ નુકસાન કરે છે.

તેમ છતાં પ્લાસ્ટિકની લાક્ષણિકતાઓ જોઈએ તો તે ટકાઉ છે, વજનમાં હલકું છે, પ્રમાણમાં સસ્તું છે તેથી જ તેનો ઉપયોગ સતત વધતો જાય છે. વિશ્વમાં પ્લાસ્ટિકનું ૪૦% જેટલું ઉત્પાદન એવું છે કે તેનો ઉપયોગ ફક્ત એક જ વખત થાય છે; જેમ કે પાણી પીવાની સ્ટ્રો, પ્લાસ્ટિક બેગ વગેરે. પરંતુ ૬૦% પ્લાસ્ટિકનો પુનઃ ઉપયોગ થઈ શકતો હોવાથી પ્લાસ્ટિકનું ઉત્પાદન વધતું જાય છે. International solid waste Association (ISWA) સંસ્થા વિયેના ખાતે આવેલી છે. આ સંસ્થાએ આપેલી માહિતી (૨૦૧૪) મુજબ વિશ્વમાં Waste પ્લાસ્ટિકનો વેપાર ૧૫ મિલિયન ટન જેટલો હતો. International scrap Recycling Institute (ISRI) ના જણાવ્યા મુજબ યુ.એસ. વિશ્વમાં ૯૦ દેશમાં Waste પ્લાસ્ટિકની નિકાસ કરે છે. વધુમાં જણાવ્યું છે કે ૨૦૧૬ મુજબ ચીન કરતાં દક્ષિણ પૂર્વ એશિયાના દેશો વધુ ઝડપથી વિકાસ કૂચ કરી રહ્યું છે. આથી પ્લાસ્ટિકની આયાતમાં ચીનને પાછળ ધકેલી દીધું છે. આજે મલેશિયા, વિયેટનામ, થાઈલેન્ડ અને ઇન્ડોનેશિયા મહત્તમ પ્લાસ્ટિકની આયાત કરવા માંડ્યું છે. ૨૦૧૬-૧૭ ની આંકડાકીય માહિતી મુજબ ભારત સૌથી વધુ પ્લાસ્ટિકની આયાત યુ.એસ., બેલ્જિયમ, નેધરલેન્ડ, યુ.કે. સોલ્વેનિયા, પોલેન્ડ, યુએઈ., કેનેડા, સ્પેન અને પોર્ટુગલમાંથી કરે છે. ભારત ૫૦ દેશોમાંથી પ્લાસ્ટિકની આયાત કરે છે. આજે તો પ્લાસ્ટિકની સમસ્યાને દૂર કરવા પાણીની પ્લાસ્ટિકની બોટલોમાંથી વસ્ત્રો બનાવવા, માર્ગો બનાવવા અને બળતણ તરીકે ઉપયોગ થવા લાગ્યો છે. આજના 'પ્લાસ્ટિક અર્થતંત્ર' ને માટે વિશ્વવ્યાપી એવો બદલાવ લાવવાની જરૂર ઊભી થઈ છે કે એવાં પ્લાસ્ટિકનું ઉત્પાદન કરવું જોઈએ કે જેનો પુનઃ ઉપયોગ થઈ શકે.

- **પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા આપણે કઈ રીતે મદદરૂપ બની શકીએ?**

★ પુનઃ ઉપયોગમાં લઈ શકાતું હોય એવા પ્લાસ્ટિકનું ઉત્પાદન વધારવું જોઈએ. વિશ્વમાં ફક્ત યુ.કે. જ આ પ્રકારના પ્લાસ્ટિકનું મહત્તમ ઉત્પાદન કરે છે.

★ ફક્ત એક જ વખત ઉપયોગમાં આવે એવી પ્લાસ્ટિકની વસ્તુઓનો વપરાશ ઘટાડવો જોઈએ.

★ ચ્યુઇંગમ સિન્થેટિક રબર - પ્લાસ્ટિકમાંથી બનાવાય છે. વિશ્વમાં દર વર્ષે આ ચ્યુઇંગમનો વપરાશ એક લાખ ટન જેટલો છે. તેથી તેનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.

★ સમુદ્રકિનારા પ્લાસ્ટિકની ચીજવસ્તુઓથી મુક્ત બને તે માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ.

★ પ્લાસ્ટિકની બેગને બદલે કાપડ કે કંતાનની બેગનો વપરાશ વધારવો જોઈએ.

★ પ્લાસ્ટિકનાં રમકડાંને બદલે લાકડાનાં રમકડાંનો ઉપયોગ વધારવો જોઈએ.

★ ભારતમાં સૌપ્રથમ વાર કેરળ રાજ્ય દ્વારા પ્લાસ્ટિકની બેગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૨૦૧૮ માં એમ્સ્ટર્ડેમે

(હોલેન્ડ) દુનિયામાં સૌપ્રથમ પ્લાસ્ટિક-મુક્ત સુપરમાર્કેટનો પ્રારંભ કર્યો છે. આવા પ્રયોગો દ્વારા પણ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી શકાય.

- **પ્લાસ્ટિકનો પર્યાય :**

ખાંડ અને કાર્બનડાયોક્સાઈડ : પ્લાસ્ટિક જે ખનિજતેલની આડપેદાશ છે. વિશ્વના ખનિજતેલના કુલ ઉત્પાદનના ૪% ખનિજતેલનો ઉપયોગ પ્લાસ્ટિક મેળવવા વપરાય છે. વૈજ્ઞાનિકો પ્લાસ્ટિક બનાવવા ખનિજતેલનો વપરાશ ન થાય તે માટે સંશોધન કરી રહ્યા છે. ખાંડ અને કાર્બનડાયોક્સાઈડનો આધાર લઈને 'Polycarbonate' બનાવવા સફળતા મેળવી છે; જેનો ઉપયોગ આજે ચશ્માંના લેન્સ, D.Y.D. અને હરિતગૃહો બનાવવા થઈ રહ્યો છે. આમ પોલિકાર્બોનેટ પદાર્થ, પારદર્શક, મજબૂત અને સજીવ દ્રવ્ય દ્વારા વિઘટનક્ષમ હોવાથી પર્યાવરણને હાનિરૂપ નથી.

★ **અગર (AGAR) :** લીલ-શેવાળને ગરમ કરીને તેમાંથી Agar મેળવાય છે. જાપાનમાં આ પદાર્થનો ઉપયોગ પીપરમીટ - Confectionary બનાવવામાં થાય છે. આ પદાર્થ બનાવવાના એકમો 'Agar Plasticity' તરીકે ઓળખાય છે. આ Agar ને ગરમ કરીને વિવિધ બીબામાં ઢાળીને પ્લાસ્ટિકના પર્યાય તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

★ **બિલાડીના ટોપ - FUNGI :** મશરૂમમાંથી મેળવાતા ઘટ્ટ પ્રવાહીને 'Mycelium' કહે છે. આ મશરૂમ-બિલાડીના ટોપ ખેતકચરામાં ઉગાડી શકાય છે. અમેરિકાના એક એકમે પ્લાસ્ટિકના પર્યાય રૂપે આ નવા પદાર્થની શોધ કરી છે. આ પદાર્થ દ્વારા અનાજના કોથળા તથા રાચરચીલું બનાવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. આ પદાર્થમાંથી બનતી વસ્તુઓ ટકાઉ અને સજીવ દ્રવ્ય દ્વારા વિઘટનક્ષમ હોવાથી પ્લાસ્ટિક જેવી સમસ્યા ઊભી થતી નથી.

★ **કેસીન (Casein) :** દૂધમાંથી મેળવાતા કેસીનનો ઉપયોગ પ્લાસ્ટિક જેવા પાતળા માલસામાન ભરવાનાં ખોખાં બનાવવાનો પ્રારંભ થયો છે, જે મોટે ભાગે ટકાઉ અને વિઘટનક્ષમ હોવાથી તેનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેમ છે. અમેરિકાના ખેત વિભાગે પ્લાસ્ટિકના પર્યાય તરીકે તેનો ઉપયોગ કરવાનો સ્વીકાર કર્યો છે.

★ **પ્રાણીઓનો કચરો :** મરઘાં - બતકાં ઉછેર કેન્દ્રોનો કચરો, પ્રાણીઓના ગોબર, હાડકાં વગેરેમાં પ્રોટીનનું પ્રમાણ અધિક હોય છે. તેને પ્લાસ્ટિકના પર્યાય તરીકે ઉપયોગમાં લેવા માટે સંશોધનો થતાં રહ્યાં છે. ઉપરોક્ત પદાર્થોનો પાઉડર બનાવીને તેમાં કેટલાંક રસાયણો મિશ્ર કરીને પ્લાસ્ટિક જેવો પદાર્થ બનાવવામાં યુ.એસ.ની નેબ્રાસ્કા લિંકન યુનિવર્સિટીએ પહેલ કરી છે.

આમ આપણે સંશોધનો કરીને વિશ્વને પ્લાસ્ટિકની સમસ્યાઓમાંથી ઉગારવા સઘન પ્રયત્ન કરવા જરૂરી બન્યા છે.

## જીવવાનું પ્લાનિંગ

**(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)**

હતા ત્યારે સ્ટ્રીટ ફૂડ ખાવામાં જે લિજ્જત આવતી હતી એવી મજા હવે નથી આવતી. ભૂતકાળનાં પણ એ જ સ્મરણો યાદગાર હોય છે, જેને તમે ભરપૂર જીવ્યા હોવ છો. સામે ઢગલો પડ્યો હોય ત્યારે આપણને યાદ તો એ જ આવે છે કે નાના હતા ત્યારે ભાગ પાડીને ખાવાની કેવી મજા આવતી હતી! રોમાંચ ચાલ્યો જાય પછી જ એની કિંમત સમજાતી હોય છે. આજે જે છે એનો રોમાંચ તમને છે? એ રોમાંચને ફીલ કરજો, તો જ એ આવતી કાલનું સુંદર સ્મરણ બની રહેશે.

આપણને બધાને ખબર છે કે એક દિવસ મરવાનું છે. કેટલા લોકોને એ ખબર છે કે આજે મારે જીવવાનું છે? જીવવાનું એટલે માત્ર જીવતા રહેવાનું નહીં, મરીએ નહીં ત્યાં સુધી જીવતા તો રહેવાના જ છીએ, પણ જીવવાની જે મજા છે એ આપણે માણીએ છીએ ખરા? એક વૃદ્ધ માણસને પૂછ્યું કે મોતનો ભય લાગે છે? એ માણસે કહ્યું, હું સંત નથી. સાચું કહું છું મરવાનું ગમે તો નહીં જ. જીવવાનું મન તો થાય જ છતાં એક વાત કહીશ કે મને મરવાનો અફસોસ નહીં હોય, કારણ કે હું જિંદગીને પૂરેપૂરી જીવ્યો છું. સાચા દિલથી પ્રેમ કર્યો છે અને પ્રામાણિકતાપૂર્વક જવાબદારીઓ નિભાવી છે. દુઃખ પણ હસતાં હસતાં વેઠ્યું છે, પડકારો પણ સામી છાતીએ ઝીલ્યા છે, વેદનાની વેળાએ સાવ સાચું રડ્યો પણ છું. જે સાચું રડી નથી શકતો હોતો એ સાચું હસી પણ નથી શકતો. બધું સહજ હોવું જોઈએ.

તમારે જીવવું છે? જીવી લો. પ્રેમ કરવો છે? કરી લો. કોઈ વાતથી ડરો નહીં, કોઈ વાતથી ડગો નહીં. જિંદગી સરવાળે એવી જ રહેવાની છે જેવી તમે તેને જીવવાનો નિર્ધાર કરો. તમે રડશો તો પણ દિવસ પસાર થવાનો છે, તમે ડરશો તો પણ દિવસ પસાર થવાનો જ છે અને તમે હસશો તો પણ દિવસ ચાલ્યો જ જવાનો છે. તમારે તમારો દિવસ કેવો રાખવો એ તમારા હાથની વાત છે. તમારે નક્કી કરવાનું છે કે તમારે કેવી રીતે જીવવું છે? જિંદગી સુંદર છે જ છે, એને સુંદર રાખવી કે નહીં એ તમારે નક્કી કરવાનું છે. ■

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

બાળ ઉછેર

# મા બાપે વિચારવા જેવી વાત!

જયશ્રી પીયૂષ

પરમાત્માની અસીમ કૃપાથી અને આપણા સદનસીબથી આપણને કુદરતના પરમ વરદાન સમાં બાળકોની પ્રાપ્તિ થાય છે. કોમળ ફૂલ જેવાં, નિર્દોષ, નિર્મળ અને પવિત્રતાની સાક્ષાત્ મૂર્તિ જેવાં 'બાળરત્નો' આપણને મળી તો જાય છે, પણ પછી શું આપણે તેની યોગ્ય માવજત કરીએ છીએ ખરાં?

નાનપણમાં તેમને ઉપર-નીચે ઉછાળવાં, ગલગલિયાં કરવાં, કારણ વિના ફક્ત રોફ બતાવવા તેમને મારવું, તેમને ચીડવવાં, તેમની વસ્તુઓ લઈ લેવી, સંતાડી દેવાથી માંડીને તેઓ મોટાં થતાં જતાં હોય ત્યારે તેમને અપમાનો, બીજાની સામે તેમને ઉતારી પાડવાં, સતત બીજાં બાળકો સાથે તેમની સરખામણી કર્યા કરવી જેવા અનેક દુર્વ્યવહારો તેમની સાથે કરતા રહીએ છીએ.

આ બધાનાં પરિણામો બાળકે અને પછી તેમનાં માતા-પિતાએ એમ બધાએ જ ભોગવવાં પડે છે. બાળક જીવતી જાગતી સજીવ રચના છે. એ કોઈ પ્લાસ્ટિકનું નિર્જીવ રમકડું નથી, એ સહજ વાત આપણે કેમ યાદ રાખતા નથી?

તાજેતરમાં જ અમે સહુ પરિવારજનો મુંબઈમાં મરીન ડ્રાઈવની પાળે બેસી દરિયાલાલને માણતા હતા. રાતની ઠંડી હવા, પૂનમનો ચંદ્ર અને સમુદ્રના હિલોળાની સાથે અમે બધા એકરૂપ થતા જતા હતા. અમારી બાજુમાં જ એક નાની ઉંમરનું યુગલ એક-દોઢ વર્ષના બાળકને તેના બે-ત્રણ મિત્રો સાથે બેઠું હતું. અચાનક 'હોશિલા યુવાન પપ્પા' ને બાળક પર વહાલ ઊભરાયું. પુત્રને હાથમાં લઈ ઊંચો ઊંચો ઉછાળવા લાગ્યા. ઉછાળે અને હાથમાં કેચ કરે. વારંવાર થતી આ ક્રિયાથી અમારું ધ્યાન પણ સ્વાભાવિક રીતે જ ત્યાં ખેંચાયું. 'પ્રેમાળ પિતા' ને ચાનક ચડી. ઉછાળવાની ઊંચાઈ વધવા લાગી.

અમે ધ્યાન ખેંચવાનો વિચાર કર્યો કે ભાઈ રહેવા દો. નીચે નક્કર પથ્થરનો રસ્તો છે. કોઈક વાર ન બનવાનું બને તો જિંદગીભર પસ્તાવાનો...અને સાચે જ એ માસૂમ બાળક એના પિતાના હાથમાં ન ઝિલાયું. 'ધડાંગ' એવા મોટા અવાજ સાથે નીચે પડ્યું. કાળમીંઢ પથ્થર સાથે અથડાયું અને સહુ ધબકારો ચૂકી ગયા.

નીચે પછડાયેલું બાળક થોડી સેકંડો રડી ન શક્યું અને પછી અત્યંત હૃદયદ્રાવક સ્વરે ચીસો પાડીને રડવા લાગ્યું. તેને રડતું જોઈ અમને સહજે કળ વળી. પણ બાળક જે વેગથી પછડાયું હતું તે જોઈ અમારાં સૌના મગજ બહેર મારી ગયાં હતાં. બાળકની મમ્મી પ્રમાણમાં સ્વસ્થ હતી, કદાચ તેમને ત્યાં આવા પ્રસંગો અવારનવાર બનતા હશે!! અમે બધા ત્યાં ધસી ગયા. લોહી તો નીકળ્યું નહોતું. પણ અંદર કઈ ઈજા થઈ હોય તો? અમારી સાથેનાં સુધાબેને તો તેને ઉધડો જ લઈ લીધો કે મા-બાપ બનતાં પહેલાં બાળઉછેરની રીતો જાણો ભાઈ. બાળક સાથે ગમે તેમ કરવાથી તેના પરના પ્રેમનું નહીં, તમારી બુદ્ધિનું પ્રદર્શન થાય છે વગેરે વગેરે.

ત્યારે રાતના લગભગ બાર વાગ્યા હતા. પછી તો એ લોકો તરત જ ત્યાંથી ચાલ્યા ગયા. એ બાળકનું શું થયું હશે, તેને કેટલું વાગ્યું હશે અમને ખબર નથી. પણ આપણને સૌને અને ખાસ કરીને નાનાં બાળકો સાથે જે લોકો ગમે તેમ વ્યવહાર કરે છે તેમના માટે ચેતવણીરૂપ લાલબત્તી મૂકતા ગયા કે આપણે કરેલી ભૂલોની ઘણી વાર બાળકોને ખૂબ આકરી કિંમત ચૂકવવી પડતી હોય છે.

પથારીમાં પેશાબ થઈ ગયો. યાદશક્તિનો અભાવ, શરીરના ઓછો વિકાસથી માંડીને ક્યારેક મૂંગાપણું, બહેરાશ, તોતડાપણું, કોમળ હાડકાનું વળી જવું - તૂટવું કે બીજી નાની મોટી ખોડખાંપણ આપણા તેમના તરફ રોફ કે પ્રેમ બતાવાવની ચિત્રવિચિત્ર રીતોનાં પરિણામ સ્વરૂપ હોય છે. આપણે સહુ સમજીએ, ચેતીએ તથા આવું (કરતા હોઈએ તો ન કરીએ) ન થાય તેની કાળજી કરીએ.


॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.

ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

સ્વાસ્થ્ય

# શું આત્મહત્યાના વિચારો / પ્રયાસ બીમારી છે?

ડૉ. મણિલાલ ગડા
ડૉ. દિપ્તી શાહ (ગડા)

શુક્રવાર, તા. ૧૨મે, ૨૦૧૮ના રોજ મુંબઈથી પ્રસિધ્ધ થતા શહેરના પ્રતિષ્ઠિત વર્તમાનપત્રોમાં આઘાતજનક સમાચાર વાંચ્યા. ઉચ્ચ હોદ્દા પર બિરાજતા સિનિયર પોલીસ ઓફિસરે પોતાના પર ગોળી મારી આત્મહત્યા કરી. સામાજિક વર્તુળમાં આ કેસ બાબત થતી ચર્ચા સાંભળવા મળી. લોકોમાં મનની બીમારીઓ, માનસિક દર્દીઓ તથા ખાસ કરીને આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ પ્રત્યે નકારાત્મક વલણ વિશે વધારે જાણકારી મળી.

આ આઘાતજનક સમાચારથી પ્રેરણા મળી આજનો આ લેખ લખવાની. મનમાં નીચેના પ્રશ્નો ઉઠ્યા તથા સિનિયર મનોચિકિત્સક તરીકે એના જવાબ આપી ગેરસમજ દૂર કરવાનો પ્રયત્ન કરવાનો પ્રયાસ કર્યો છે :

**પ્રશ્નો :**

૧. શું આત્મહત્યાના વિચારો કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એ માનસિક બીમારી છે?

૨. શું યોગ્ય સમયે નિદાન કરી તથા યોગ્ય સારવાર કરવાથી આત્મહત્યા અટકાવી શકાય છે?

૩. પરિવારજનો તથા સમાજના અન્ય લોકો કઈ રીતે એ વ્યક્તિમાં યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર કરાવવામાં સહકાર આપે જેથી આત્મહત્યા અટકાવી શકાય?

૪. આત્મહત્યાના વિચારો આવનાર વ્યક્તિ તરફ કઈ રીતે પરિવારજનો તથા સમાજના અન્ય લોકો સકારાત્મક વલણ અપનાવે?

## ● આત્મહત્યાના વિચારો / પ્રયાસ : મનની બીમારીના લક્ષણો :

આત્મહત્યાના વિચારો આવવા "જિંદગી જીવવા જેવી નથી", "આના કરતાં મોત સારું", "ભગવાન મને જલ્દી બોલાવી લે" એવા મરવાના વિચારો આવે, આત્મહત્યા માટેનું આયોજન કરે, આત્મહત્યા કરવાની પદ્ધતિઓ વિશે વાંચન કરે, બીજા જોડે ચર્ચા કરે, જાણકારી મેળવે, આત્મહત્યાનો પ્રયાસ કરવો એ એક મનની બીમારીના લક્ષણો છે.

જેવી રીતે તાવ આવવો કે કમળો થવો એ શારીરિક નબળાઈ નથી પરંતુ રોગ છે, જે યોગ્ય સારવાર કરવાતી દૂર થાય છે તથા વ્યક્તિ નોર્મલ થઈ સર્વ કામ કરી શકે છે, તેવી જ રીતે આત્મહત્યાના વિચારો આવવા કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એ વ્યક્તિની માનસિક નબળાઈ નથી પરંતુ માનસિક રોગ છે જે યોગ્ય સારવાર કરવાથી વ્યક્તિ નોર્મલ થાય છે તથા પૂર્વવત પ્રમાણે પોતાની જવાબદારી સ્વીકારી નોર્મલ કામ કરી શકે છે. આ પ્રકારના નકારાત્મક વિચારો પર વ્યક્તિનો કાબૂ નથી હોતો. વ્યક્તિ જાણી જોઈને વિચાર કરે છે એવું નથી. જરૂરત છે મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરી, યોગ્ય સારવાર કરવાની.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આત્મહત્યાના વિચારો, આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ "મદદ માટે પોકાર" (cry for help) કરે છે. પરિવારજનો તથા સમાજે આ પોકાર સહાનુભૂતિપૂર્વક સમજી યોગ્ય મદદ (સારવાર) કરાવવી જરૂરી છે.

## ● આત્મહત્યા / મરવાના વિચારોનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ (Psychiatric Analysis of Suicidal Thoughts) :

"જિંદગી જીવવા જેવી નથી", "જિંદગીમાં રસ નથી", "આના કરતાં મરી જવું સારું", "મોત જલ્દી આવે", "ભગવાન, તું મને તારી પાસે બોલાવી લે" વગેરે વિચારોનું નીચે પ્રમાણે ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરવું જરૂરી છે.

૧. ઉપરોક્ત મરવાના વિચારો કેટલી વખત આવે છે? (વારંવાર, હરપળે, કોઈક વખત, જવલ્લે જ)

૨. કયા સંજોગોમાં વિચારો આવે છે? (પ્રવૃત્તિ વખતે આવે છે, નવરાશની પળોમાં આવે છે, વિચારો શરૂ થાય એ પહેલા કઈ નકારાત્મક લાગણીઓવાળી ઘટના ઘટે છે?)

૩. સબળ કે પરોક્ષ વિચારો આવે છે? (Active or Passive) જિંદગીમાં જીવવાનો રસ ઓછો થઈ ગયો છે, જિંદગી જીવવામાં મજા નથી વગેરે પરોક્ષ (Passive) મરવાના વિચારો છે. મરી જઈએ તો આમાંથી છૂટીએ, ભગવાન મને મોત આપે, આત્મહત્યાની પધ્ધતિ વિશેના વિચારો આવે વગેરે સબળ મરવાના / આત્મહત્યાના વિચારો છે.

૪. આત્મહત્યા કરવાની પધ્ધતિ કે રીત વિશેના વિચારો આવે છે? (Methods of attempting suicide) આત્મહત્યા કરવાની અલગ અલગ પદ્ધતિઓ વિશેનું વાંચન કર્યું હોય, માહિતી મેળવી હોય, પદ્ધતિ વિશે મનમાં ઊંડાણમાં વિચારી લીધું હોય.

૫. મનમાં આત્મહત્યા કરવાનું આયોજન (planning) કરી લીધું છે? કયા સમયે, કઈ રીતે આત્મહત્યા કરવી, આત્મહત્યા વિશેની ચિઠ્ઠી (suicidal note) લખી છે?

ઉપરોક્ત માહિતી વિચારો / આત્મહત્યા વિશે તપાસ કરી મનોવૈજ્ઞાનિક રીતે તારવણી કરવામાં આવે છે કે આત્મહત્યા કરવા માટે વ્યક્તિ / દર્દી કેટલી કૃતનિશ્ચયી છે તથા મનોચિકિત્સા માટે તાત્કાલિક કયા પગલા લેવાની જરૂર છે (હોસ્પિટલમાં દાખલ કરી સતત નિરીક્ષણ હેઠળ સારવારની જરૂર છે કે નહીં એ નિર્ણય લેવાય છે.)

● **મનની બીમારીનું નિદાન (Diagnosis) :**

નકારાત્મક કે આત્મહત્યાના વિચારો જો વ્યક્તિ વ્યક્ત કરતી હોય તો એ વ્યક્તિ મનની બીમારીથી પીડાય છે કે નહીં એ બાબત યોગ્ય નિદાન કરવું અગત્યનું છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અન્ય સંશોધનો દ્વારા ચોક્કસપણે તારવણી પ્રમાણે આત્મહત્યાનો પ્રયાસ કરનાર (attempted suicide) વ્યક્તિઓમાંથી ૮૦% વ્યક્તિઓ હતાશાની બીમારીથી પીડાતી હોય છે.

મરવાના વિચારો, આત્મહત્યાનો પ્રયાસ હતાશાની બીમારીના લક્ષણો છે. યોગ્ય સમયે યોગ્ય નિદાન તથા ત્વરિત સારવાર કરવાથી આત્મહત્યા અટકાવી શકાય છે.

● **નિદાન માટે અગત્યના મુદ્દાઓ :**

૧. વિચારો સિવાય હતાશાની બીમારીના અન્ય લક્ષણો છે? કામમાં મન ન લાગવું, વારંવાર રડવું આવવું, રસ ઉડી જવો, આત્મવિશ્વાસ ઓછો થઈ જવો, એકાગ્રતાનો અભાવ, ભવિષ્યમાં કાંઈ સારું નહીં થાય એવા વિચારો, પોતે કામના નથી રહ્યા, ઊંઘ ન આવવી, શારીરિક નબળાઈ, માથાનો દુઃખાવો, શરીરમાં કળતર, ભૂખ ન લાગવી.

   આત્મહત્યાના વિચારો જોડે અપરાધભાવ (guilt feeling) "મેં પાપ કર્યા છે", "હું સૌને બોજારૂપ છું", "મારા થકી બીજા દુઃખી છે" વગેરે વિચારો હોય તો આત્મહત્યા કરવાની શક્યતા ખૂબ જ વધી જાય છે.

૨. ભૂતકાળમાં હતાશાની બીમારી થયેલ છે.

૩. તાજેતરમાં માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો પ્રસંગ બન્યો છે, જીવનસાથી કે પ્રિય વ્યક્તિનું અણધાર્યું અવસાન, મહત્ત્વની વ્યક્તિ જોડે ચમકમ કે અણબનાવ, ધંધામાં - પ્રેમમાં - પરીક્ષામાં નિષ્ફળતા, નાણાંકીય તકલીફ, સામાજિક સંસ્થામાં માનભંગ કે પ્રતિષ્ઠાભંગ જેવા પ્રસંગો થયા હોય તો આત્મહત્યાની શક્યતા વધી જાય છે.

૪. કુટુંબમાં અન્ય વ્યક્તિએ આત્મહત્યા કરી હોય.

ઉપરોક્ત મુદ્દાઓ તથા આત્મહત્યાના વિચારોનું પૃથક્કરણ કરી યોગ્ય નિદાન કરાય છે.

● **હતાશાની બીમારી :**

૧. હતાશાની બીમારી એક બીમારી છે એ સ્વીકારવું જરૂરી છે.

૨. હતાશાની બીમારી થવી એ વ્યક્તિનો ગુનો કે ભૂલ નથી.

૩. હતાશાની બીમારી કોઈને પણ થઈ શકે છે. ઉચ્ચ શિક્ષણ લીધું હોય કે અભણ હોય, પૈસાદાર કે ગરીબ, સ્ત્રી કે પુરુષ, નાની કે મોટી ઉંમર, દરેક દેશોમાં, દરેક સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી હતાશાની બીમારી થાય છે.

૪. દર્દી ઢોંગ કે નાટક નથી કરતો.

૫. હતાશાની બીમારીમાં મગજના અલગ અલગ અવયવોમાં રચના, કદના ફેરફારો થાય છે.

૬. હતાશાની બીમારીમાં હોરમોન્સ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે, જે દર્દીના કાબૂમાં નથી.

૭. દવાઓ દ્વારા આ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે જેથી બીમારી કાબૂમાં આવે છે.

***(ક્રમશઃ)***

## ઝામર માટેની તબીબી માહિતી

**(અનુસંધાન : પાના નં.-૫૫ ઉપરથી ચાલુ)**

અથવા દર છ મહિને લાંબા સમય સુધી માપે છે. અન્ય જરૂરી તપાસ પણ કરાવે છે.

મીઠા ઝામર માટેનાં આંખમાં નાખવાનાં ટીપાં અને દવા આંખનું દબાણ બે રીતે કાબૂમાં રાખે છે : (૧) આંખની અંદરના પ્રવાહીને બહાર વહી જવામાં મદદ કરે છે, (૨) આંખના પ્રવાહીમાં ઘટાડો કરે છે. ઘણા દર્દીઓને ટીપાં અથવા ગોળીઓ માફક આવતી નથી અને શરીરમાં આડઅસર કરે છે. આવા સંજોગોમાં દર્દીએ આંખના ડૉક્ટરને તરત જ મળવું જોઈએ, જેથી તેઓ ટીપાં અને ગોળી બદલી દર્દીને માફક આવે તેવી દવાઓ આપવાનો પ્રયત્ન કરશે. જો તમારે ઝામરને ફક્ત દવા અને ટીપાંથી જ કાબૂમાં રાખવો હોય તો ડૉક્ટરે બતાવેલી દવા - ટીપાં નિયમિત લેવા જોઈએ અને એમણે જણાવ્યા મુજબ આંખોની ફેર તપાસ કરાવતાં રહેવું જોઈએ.

ઝામરની દવા નિયમિત અને કાળજીથી કર્યા પછી તેમજ સતત આંખના ડૉક્ટરના સંપર્કમાં રહ્યા છતાં પણ આંખનું તેજ ધીમે ધીમે ઓછું થતું લાગે અને અંધાપો આવવાનો ભય ઊભો થાય તો તમારે ઝામરના ઓપરેશન માટે માનસિક તૈયારી રાખવી જોઈએ. આ ઓપરેશન દર્દીની ઝીણવટભરી તપાસ અને સંમતિ લીધા બાદ જ નક્કી કરી શકાય છે. ઝામરના દર્દીઓને ઘણીવાર દવાથી રાહત મળતી નથી ત્યારે તેમને ઝામરના સફળ ઓપરેશન બાદ જરૂરી દૃષ્ટિ ક્રમશઃ મળી રહે છે. ■

સ્વાસ્થ્ય

# આંખનો રોગ : ઝામર
## ઝામર માટેની તબીબી માહિતી

ડૉ. દિલીપ મોદી

ઝામર સામાન્ય રીતે ૩૫ વર્ષની ઉંમરની વયની વ્યક્તિઓમાં જોવામાં આવતો આંખનો સામાન્ય રોગ છે. આ રોગ યુવાન વ્યક્તિઓમાં જૂજ પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ ઉંમર વધતાં તેનું પ્રમાણ વધતું જોવા મળે છે. આંખની મોટી હોસ્પિટલોમાં ૪૦ વર્ષ વયની ઉપરના દર ૧૦ દર્દીમાં ૨ દર્દી મીઠા ઝામરથી પીડાય છે અને વધુ વયની વ્યક્તિમાં મીઠા ઝામરનું પ્રમાણ તેથી પણ વધુ હોય છે. મીઠા ઝામરનું નિદાન ઘણું કરીને જલ્દી થતું નથી, તેથી વ્યક્તિ તેનો ભોગ બને છે. મીઠા ઝામરને સમયસર જલ્દી પારખવામાં આવે અને એની યોગ્ય સારવાર નિયમિત કરવામાં આવે તો વ્યક્તિની આંખો છેવટ સુધી કામ આપે છે.

● **ઝામર શું છે?**

ઝામર શું છે એ સમજવા માટે આપણે એટલું જાણવું જરૂરી છે કે આંખમાં સતત એક પ્રવાહી ઉત્પન્ન થાય છે, જે આંખમાં ફરી છેલ્લે નલિકાઓ મારફતે આંખની બહાર વહી જાય છે. જ્યારે કોઈપણ કારણોસર આ પ્રવાહી આંખની બહાર થોડા પ્રમાણમાં અથવા સંપૂર્ણ વહેતું બંધ થાય ત્યારે આંખની અંદરનું દબાણ વધવા માંડે છે. જ્યારે આંખનું આ વધેલું દબાણ આંખના પડદાની નસો તથા આંખના મુખ્ય ચેતાતંતુને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે ત્યારે તેને ઝામર કહેવામાં આવે છે. સમય જતાં આ આંખની અંદરનું વધતું જતું દબાણ જ્ઞાનતંતુઓનો નાશ કરે છે અને વ્યક્તિને અંધાપો અપાવે છે. અંધાપો કેટલી ઝડપથી આવશે તે ઝામર ઉપરાંત આંખની અંદરનાં બીજા ઘણાં કારણો ઉપર આધાર રાખે છે. ઘણીવાર આંખનું તેજ થોડાં અઠવાડિયાં કે મહિનામાં નાશ પામે છે, જ્યારે અમુક આંખોમાં મીઠો ઝામર ઘણાં વર્ષો પછી આંખને નુકસાન પહોંચાડે છે.

● **ઝામરના પ્રકાર :**

આંખની અંદરનું દબાણ જ્યારે અમુક કક્ષાએ પહોંચી આંખને નુકસાન પહોંચાડી અમુક અંશે અથવા સંપૂર્ણ અંધાપો લાવે છે ત્યારે ઝામર થયો છે અથવા ઝામરના પાણી ઉતર્યા એમ કહેવાય છે. જે ચાર પ્રકારના હોય છે : (૧) મીઠો ઝામર, (૨) ઝેરી ઝામર, (૩) જન્મજાત ઝામર અને (૪) અન્ય કારણોને લઈને થતો ઝામર.

● **મીઠો ઝામર :**

મીઠો ઝામર ખૂબ જ ધીમી ગતિએ થતો અને જરા પણ દુઃખાવા વિનાનો ઝામર છે, જે દર્દીને જરા પણ ખબર પડતાં પહેલાં આંખોનું તેજ હરી લે છે. ઝામરના વિવિધ પ્રકારોમા મીઠો ઝામર ૧૦માંથી ૯ દર્દીમાં જોવામાં આવે છે. મીઠો ઝામર દર્દીને કોઈ પણ જાતની તકલીફ (જેવી કે ઝાંખું દેખાવું, દુઃખાવો થવો) આપ્યા વગર જ આંખની દૃષ્ટિ લઈ લે છે અને અંધાપો આવે છે. આથી એને મીઠો ઝામર કહેવામાં આવે છે. આ મીઠો ઝામર ઘણા મહિનાઓ અથવા વર્ષો સુધી હોવા છતાં વ્યક્તિને કોઈ પણ જાતની તકલીફ પડતી નથી. શરૂઆતમાં દૃશ્યનો આજુબાજુનો ભાગ અથવા દૃશ્યનો એક ખૂણો દેખાવાનો બંધ થાય છે, જે દર્દીને ખાસ ધ્યાનમાં આવતું નથી, પરંતુ આગળ જતાં ધીમે ધીમે દૃશ્યનો વચ્ચેનો ભાગ દેખાતો બંધ થાય છે ત્યારે જ દર્દીને દૃષ્ટિ ગુમાવ્યાનો ખ્યાલ આવે છે. આંખની મુખમય ચેતા કોઈ પણ જાતની તકલીફ (જેવી કે ધૂંધળું દેખાય, આંખમાં દુઃખાવો થવો) આપ્યા વગર સૂકાઈ જઈ કામ કરતી બંધ થઈ જાય છે. ઝામરની શરૂઆતમાં ઝામર થતાં જ જો તેને પારખવામાં આવે અને તરત જ તેનો ઈલાજ કરવામાં આવે તો આંખની અંદરનું દબાણ કાબૂમાં લઈ શકાય અને અંધાપો આવતો અટકાવી શકાય છે.

ઝામરને વહેલો પારખવામાં તમારા ફેમિલી ડોક્ટરની કુનેહ અને અનુભવ અગત્યના છે. જો કે સામાન્ય રીતે મીઠા ઝામરના દર્દીને કોઈ ચોક્કસ જાતનાં ચિહ્નો જણાતાં નથી, પરંતુ કોઈક દર્દીઓ આંખની આજુબાજુ નજીવો દુઃખાવો, વસ્તુની આજુબાજુ કુંડાળા દેખાવા, આંખો ભીની રહેવી અથવા ઝડપથી બદલાતાં ચશ્માનાં નંબર જેવી ફરિયાદ કરે છે. દર્દીના કુટુંબ વિશેની માહિતી (જેવી કે કોઈને ઝામર થયો હોય અથવા અંધત્વ હોય) મેળવવી જરૂરી છે. ફક્ત આંખના નિષ્ણાત ડૉક્ટર જ રોગનાં ચિહ્નોને પારખી - સમજી શકે છે. જેવાં કે : (૧) આંખની અંદરની મુખ્ય ચેતામાં થતા ફેરફાર, (૨) તમારી દૃષ્ટિમાં થયેલો ઘટાડો, (૩) તમારી આંખમાં વધતું દબાણ.

આંખનું દબાણ માપવા માટે ડૉક્ટર પ્રથમ આંખમાં દવાનાં ટીપાં નાખી આંખને બહેરી કરી નાખશે, પછી ખાસ સાધન વડે કોઈ પણ જાતના દુઃખાવા વગર આંખનું દબાણ માપશે. ઝામરનું ચોક્કસ નિદાન કરવા માટે આંખનું દબાણ વારંવાર લેવું જરૂરી છે. તમને તપાસ્યા પછી જો ડૉક્ટરને ઝામરની શંકા જાય તો તેઓ તમારી આંખનું દબાણ વખતોવખત એટલે ૨ મહિને

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૪ ઉપર)

વિજ્ઞાન

# પોતાના જ ગ્રહને ભરખી જતો તારો : RZ Piscium

વિહારી છાયા

ખગોળ અજીબોગરીબ છે તેનું એક વધુ દૃષ્ટાંત મળ્યું છે. એક તારો પોતાના ગ્રહોને ખાઈ જાય છે તેવી શોધ થઈ છે. કેટલાંક પ્રાણીઓ પોતાનાં બચ્ચાંને જન્મતાવેંત ખાઈ જાય છે. વીંછણની કેટલીક જાતોમાં આવું જોવા મળે છે. સર્પની કેટલીક જાતોમાં નાગણી પોતાનાં સાપોલિયાંને જન્મ આપતાંવેંત જમી જાય છે. ગ્રીસની એક પુરાણકથા છે તેમ ગ્રીકદેવતા 'ક્રોનોસ' (Cronus) પોતાના બચ્ચાને ખાઈ જાય છે; પરંતુ આ બધા સજીવો છે પણ તારો તો નિર્જીવ છે. તારો પોતાના ગ્રહોને ખાઈ જાય તે નવી વાત છે.

સૂર્ય જેવો એક તારો છે. તેનું નામ છે 'RZ PIscium'. તે 'મીન' તારકમંડળમાં આવેલો છે. તે પોતાના ગ્રહો (જગતો) ને ખાતાં ધરાતો નથી. તે પૃથ્વીથી ૫૫૦ પ્રકાશવર્ષ દૂર છે. (એક પ્રકાશવર્ષ એટલે પ્રકાશે શૂન્યાવકાશમાં કાપેલું અંતર થાય. પ્રકાશ એક સેકેન્ડમાં ૩,૦૦,૦૦૦ કિલોમીટર અંતર કાપે છે.) આ તારો ધીમે ધીમે પોતાનાં બચ્ચાં જેવા ગ્રહોને ભરખી જાય છે! તે વધુ અને વધુ ગ્રહોને પોતાની કક્ષામાં કચડી નાખે છે. તે નિશાની તારા ફરતેના રજ અને વાયુના વાદળની છે. ગ્રીકનો દેવતા ક્રોનોસ પોતાનાં બાળકોને કચડી નાખતો હતો.

સંશોધકોએ RZ Piscium તારાનું તાપમાન ૫,૩૩૦ અંશ સેલ્સિયસ અંદાજેલ છે. તે તાપમાન સૂર્યની સપાટી કરતાં થોડુંક જ ઠંડું છે. આ તાપમાન બતાવે છે કે આ તારો પ્રમાણમાં યુવાન છે.

આ શોધ ખરેખર દુર્લભ અને સુંદર ઝલક આપે છે. તે નવા રચાયેલા ગ્રહોનું શું થાય છે? આ ગ્રહો યુવા સૌરમંડળની આરંભિક ગતિશીલ અંધાધૂંધીમાં ટકી શકતા નથી એમ અમેરિકાની ઇન્ડિયાના યુનિવર્સિટીના ખગોળવિજ્ઞાની કેથેરિન પિલાચોવસ્કીનું કહેવું છે. તે આ અભ્યાસનાં સહલેખિકા છે.

કેથેરિન પિલાચોવસ્કીનું કહેવું છે કે આ શોધ શા માટે કેટલાક યુવા સૌરમંડળ ટકે છે અને કેટલાક ટકતા નથી? તે બતાવે છે.

આ શોધ થોડો પણ ખળભળાટ મચાવતા કેટલાક સૌરમંડળના ઇતિહાસના ગાળા પર પ્રકાશ ફેંકે છે જેમાં આપણું સૌરમંડળ પણ આવી જાય છે.

આપણે જાણીએ છીએ કે યુવા સૌરમંડળમાં ગ્રહો અંદર તરફ સ્થળાંતર કરે તે અસામાન્ય વાત નથી. કારણ કે આપણે જાણીએ છીએ કે અતિ ઉષ્ણ એવા ગુરુ (જ્યુપિટર) જેવા ગ્રહો અને તેની જેવા વાયુરૂપ તેમજ તેના કદના તારાઓની નજીક પરિભ્રમણ કરતા હોય છે.

પોતાના પિતૃતારાની નજીક પરિભ્રમણ કરતા હોય છે તે ગ્રહો (જગતો) વિનાશ પામવાના હોય છે. આ રીતે અનેક જગતો ભસ્મ થઈ જતાં હોય છે. જે જગતો નાશ પામવાનાં હોય છે તે પોતાના સૂર્યની અત્યંત નજીક ઊડતાં હોય છે. તેને કાયદેસર રીતે ભાંગેલા ગ્રહો (disrupted Planets) કહેવામાં આવે છે. RZ Piscium ના કિસ્સામાં તેના પોતાના સૂર્ય જેવા તારામાં ધીમે ધીમે ટુકડામાં ફેરવાઈ જશે અને તેનું નાનું ભંગારનું વર્તુળ બનશે. તે વર્તુળ એક ક્ષમા રચશે. તે એટલા અંતરે રચાશે જેટલા અંતરે આપણા સૌરમંડળમાં બુધનો ગ્રહ સૂર્યની નજીક છે. આપણા સૌરમંડળમાં આઠ ગ્રહો પૈકી બુધ સૂર્યની સૌથી નજીકનો ગ્રહ છે. શ્રીમતી પિલાચોવસ્કીના કહેવા પ્રમાણે RZ Piscium નાં અવલોકનો પરથી તેમણે તારવ્યું કે આપણે દળદાર, વાયુરૂપ ગ્રહ તે તારા દ્વારા અલગ પાડવા ખેંચાઈ રહ્યો છે અથવા સંભવતઃ બે વાયુથી સમૃદ્ધ બે ગ્રહો કે જે અથડાયા છે અને પછી અલગ અલગ ખેંચાઈ ગયા છે.

ગ્રહો સામાન્ય રીતે રજમાંથી બન્યા હોય છે, પરંતુ જ્યારે સૌરમંડળમાં બધું અસ્તવ્યસ્ત થઈ જાય ત્યારે તેઓ ફરીથી રજમાં પરિવર્તિત થઈ જાય છે અને ભૂતિયા તારો રજથી વીંટળાયેલો લાગે છે. વૈજ્ઞાનિકો તેને RZ Piscium કહે છે. તેની ફરતેની રજ ઉષ્ણ હતી. વૈજ્ઞાનિકોને ખબર હતી કે ત્યાં રજ હતી. કારણ કે RZ Piscium તારો વધારે પ્રમાણમાં સામાન્ય તારાની સરખામણીમાં અધોરક્ત કિરણો ઉત્સર્જિત કરતો હતો. પરંતુ તેનું કારણ ખબર ન હતી.

તારાઓ ફરતે રજનાં વાદળ સામાન્ય બાબત છે, તેવી જ રીતે પૃથ્વી અને તેના પાડોશીઓ જન્મ્યા હતા.

PZ Piscium ની વય વિશે વૈજ્ઞાનિકોએ સંશોધન કરવાનું શરૂ કર્યું. RZ Piscium યુવા તારો છે કે વયસ્ક તારો છે એ જાણીને આ તારાનું અસામાન્ય ઝાંખા થવું અને શા માટે તેમ થવું તે સમજી શકાય.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)**

સંસ્મરણ

# કાકાનું બટન

ધીરુબેન પટેલ

અમારા ઘરમાં મારા પિતાજીના મિત્રોનો આવરોજાવરો ઓછો. એક કારણ કદાચ એમની અંગ્રેજી વર્તમાનપત્રોના તંત્રીવિભાગની નોકરી અને બીજું, એમનો શાંતિપ્રિય સ્વભાવ. પરંતુ જે પણ મિત્રો હતા તેમનું બહારની દુનિયામાં બહુ મોટું નામ હોવા છતાં અમારે ઘેર આવે ત્યારે મોટાઈ બહાર મૂકીને જ આવતા. એટલે મને તો મારી નાની ઉંમરને કારણે તેઓ વિશિષ્ટ વ્યક્તિ કહેવાય એનું બહુ ભાન જ નહીં.

એક વખત એવું બન્યું કે અમારા મકાનના આગલા વરંડામાં ખુરશીઓ ઢાળીને મારા પિતાજી અને એમના એવા જ ઉંમરલાયક મિત્ર અલકમલકની વાતો કરતા હતા. વાતો કરતાં કરતાં મહેમાનની આંગળીઓ એમના ખમીસના બટનની આસપાસ રમતે ચડી હશે તે બટન ગજવામાંથી નીકળી ગયું અને નીચે ગબડી ગયું.

હવે બંનેમાંથી એકેની દેહયષ્ટિ એવી તો નહીં કે નીચા વળીને બટન શોધે, એટલે હું અંદર વાંચતી હોઈશ ત્યાંથી બોલાવવામાં આવી. 'ધીરુ, જરા જો ને, આ કાકાનું બટન આટલામાં પડ્યું હશે. જરા શોધી આપને બહેન!'

મારી ઉંમર સાતઆઠ વર્ષની અને વ્યાયામ, ઝાડ પર ચડવાનો શોખ અને સાઈકલસવારીને કારણે શરીર પણ ખાસું કસાયેલું અને ઘૂંટણિયે પડીને શોધાશોધ આદરી. એટલામાં મહેમાન બોલ્યા, 'ઓ દીકરી, બહુ મહેનત ના કરતી. તારા મનમાં એમ હશે કે કાકો બહુ પૈસાદાર છે એટલે બટન કદાચ હીરાનું હશે, પણ આ તો એક જ આનાનું છે, લાકડાનું. મળ્યું તો ઠીક નહીં મળે તો ગોરધનભાઈ પાસેથી એક સેફ્ટી પિન માગી લઈશ એટલે કામ પત્યું!'

મને આ કાકા બહુ ગમી ગયા એટલે બમણા ઉત્સાહથી શોધખોળ ચાલુ રાખી અને એમનું બટન આખરે શોધી આપ્યું.

એમના ગયા પછી મેં કહ્યું, 'આ કાકા કેવા સારા હતા! મને બહુ ગમ્યા.'

'એ કોણ હતા, ખબર છે? નાનજી કાલીદાસ મહેતા.'

'એટલે?'

'વાંચવું છે કે સાંભળવું છે?' પિતાજીએ પૂછ્યું.

'વાંચવું જ હોય ને!' મેં તરત કહ્યું.

બીજે દિવસે મારા હાથમાં ચોપડી આવી ગઈ. ઓહોહો! આ તો કેવા કમાલના માણસ! કેવી એમની મુસાફરીઓ, કેવા અનુભવો, કેવાં સંકટો અને કેટલી વિપુલ સમૃદ્ધિ! એમનો વિદ્યાપ્રેમ અને દાનવીર તરીકેની ખ્યાતિ તથા આપણા દેશની સંસ્કૃતિ માટેનો અત્યંત આદર તથા કંઈક કરી છૂટવાની ભાવના - એ બધું જાણીને મારો એમના પ્રત્યેનો અહોભાવ વધતો જ ચાલ્યો જે પાછળથી મુ. સંતોકબહેન તથા નર્તનમૂર્તિ સવિતાબહેન વગેરેના પરિચયમાં આવવાથી વધારે દૃઢ થયો.

પરંતુ તે વખતે પેલું બટન ખોવાયાનો અને જડ્યાનો પ્રસંગ હું ભૂલી શકતી નહોતી. આટલા મોટા માણસ કેવી સાદાઈ અને સરળતાથી એક નાની છોકરી સાથે આટલી આત્મીયતાથી બોલી શકતા હશે એનું આશ્ચર્ય જાણે શમતું જ નહોતું.

બાકી એમણે તો કેવાં કેવાં કામો કરેલાં! તેર વરસની ઉંમરે ઈશ્વરનાં દર્શન કરવા ગૃહત્યાગ કરીને નીકળી પડેલા. ભક્ત પીપાજીના નાટકમાં બાવડા પર શ્રીકૃષ્ણની છાપ હોય તો મરણવેળાએ યમદૂતને બદલે વિષ્ણુદૂત તેડવા આવે એ જાણીને લાલચોળ લોઢાની છાપ બાવડા પર લીધી. એ બાળકનું સાહસ અને ધ્યેયપૂર્તિ માટે ગમે તે સંકટ વેઠવાની તૈયારી કેવાં કહેવાય!

એ જ ગુણોને પ્રતાપે એમણે ઘણી નાની ઉંમરે વિકટ દરિયાઈ મુસાફરી ખેડી અને માડાગાસ્કર પહોંચ્યા. ત્યાંનો અનુભવ મેળવ્યા પછી સ્વદેશ આવ્યા પણ ચેન ક્યાંથી પડે? ફરી પાછા આફ્રિકાનો સાદ સાંભળીને મોમ્બાસા પહોંચ્યા. દુકાનદારીનો અનુભવ લીધો. મહિનાઓ ચાલે એટલી લાંબી મુસાફરી પગપાળા કરી અને જંગલી પશુઓ તથા હિંસક વતનીઓનો સામનો પણ કરવો પડ્યો તે છતાં આફ્રિકા છોડીને વતન પાછા ફરવાનો વિચાર સુદ્ધાં કર્યો નહીં.

આનાં રૂડાં ફળ આવ્યાં. કપાસની ખેતી શરૂ કરી અને સારા ભાગીદારો શોધીને કપાસનાં કારખાનાં નવાં વહેણ શરૂ થયાં. પંડિત મદનમોહન માલવિયા, લાલા લજપતરાય જેવા મહારથીઓના સંસર્ગમાં આવવાથી અને આર્યસમાજ પ્રત્યેના આકર્ષણથી અને પંડિત આનંદપ્રિયના પરિચયને કારણે એમણે પોરબંદરમાં કન્યાઓ માટે ગુરુકુળની સ્થાપના કરી અને જીવનનાં અંતિમ વર્ષો એ શાંત જગ્યાના સાંનિધ્યમાં કાઢ્યાં.

ગાંધીજી માટે પોરબંદરમાં એમનું ૭૯ ફૂટનું સ્મારક રચ્યું અને સરદાર વલ્લભભાઈ પટેલને હાથે તેનું ઉદ્‌ઘાટન કરાવ્યું એ તો એક સ્થૂળ વાત થઈ, પણ ગાંધીજીનાં જીવનમૂલ્યો એમણે અપનાવ્યાં હતાં અને ગુણગ્રાહીપણું તેમના દરેક વ્યવહારમાં દેખાઈ આવતું હતું. તે વિના તેઓ જાપાની પ્રજાની સુઘડતા, સ્વચ્છતા, નમ્રતા અને પ્રામાણિકતા પર વારી ગયા હશે અને એ ગુણોનું આપણે અનુકરણ કરવું જોઈએ એમ જાહેરમાં કહેતા હશે?

આવા અનેક રીતે વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવનાર આપણા દેશના એક અવિસ્મરણીય સાહસવીર શ્રીમંતનું એક આનાનું બટન મેં શોધી આપ્યું હતું તે યાદ કરતાં મને આજે પણ આનંદ થાય છે. ■

સંસ્મરણ

# ન હિંદુ બનેગા, ન મુસલમાન બનેગા
# ઇન્સાન કી ઔલાદ હૈ, ઇન્સાન બનેગા

ડૉ. હર્ષદ કામદાર

૨૦૦૨ની સાલ એટલે ગુજરાતની બદનસીબી. ગોધરાકાંડ પછીથી માર્ચ એપ્રિલમાં ગુજરાતમાં અને અમદાવાદમાં જબરદસ્ત કોમી રમખાણો ફાટી નીકળ્યાં. મારી હોસ્પિટલ શહેરની મધ્યમાં મિરઝાપુર વિસ્તારમાં હોવાથી કોમી દાવાનળની લપેટમાં આવી ગઈ.

ચારે તરફ મારો... કાપો...ના નારા ગુંજતા હતા. હિંદુઓ અને મુસલમાનો જાણે કે એકબીજાના લોહીના પ્યાસા બની ગયા હતા. મુસ્લિમ એરિયામાં હિંદુઓ જતાં ગભરાતા હતા અને હિંદુઓના એરિયામાં મુસલમાનો એકલદોકલ જતાં ગભરાતા. આગજની, સ્ટેબિંગ અને મારામારી તો જાણે રોજનાં થઈ ગયાં હતાં.

માર્ચ અને એપ્રિલ મહિના સુધી લગભગ તોફાનો અને કરફ્યુને લીધે પણ હોસ્પિટલ અને કન્સલ્ટિંગ બંધ રહ્યાં. પછી ધીમે ધીમે કરફ્યુ મુક્તિ ચાલુ થવા લાગી.

સંગીતા નામની ફક્ત આઠ વર્ષની બાળકી. સરદાર નગરના સિંધી કુટુંબમાંથી આવતી આ બાળકી થેલેસેમિયાની દર્દી હતી. તેને દર દોઢ મહિને લોહી ચડાવવું જરૂરી હતું. મારે ત્યાં જ બાર વખત લોહી ચડાવીને સંગીતાને તકલીફમુક્ત કરી હોવાથી તેના ઘરવાળાને મારે ત્યાં જ લોહી ચડાવવાનો વિશ્વાસ બેસી ગયો હતો. જો તેને લોહી ચડાવવામાં બે માસ કરતાં વધારે સમય થઈ જાત તો તેનું હિમોગ્લોબિન ચાલીસ ટકા કરતાંય વધારે નીચે જતું રહેતું અને તેની હાલત ગંભીર થવા લાગતી.

સંગીતાનું લોહી 'ઓ' નેગેટિવ હોવાથી દર વખતે મુશ્કેલીથી બ્લડ બેંકમાંથી એક બોટલ લોહી મેળવી શકાતું. છેલ્લે ફેબ્રુઆરીમાં લોહી ચડાવેલ હોવાથી એપ્રિલમાં દોઢ માસ પૂરો થતો હતો. તેના માતા-પિતાએ બે વખત મારી હોસ્પિટલમાં આવવા કોશિશ કરી, પરંતુ શહેરની મધ્યમાં મિરઝાપુરમાં પહોંચવું મુશ્કેલ હતું.

તેના પપ્પા સાધુરામના બે વખત ફોન આવ્યા : 'ડૉક્ટર, અમારી સંગીતાને લોહી ચડાવવા ક્યારે આવીએ?'

'તમે ક્યાંક બહાર વ્યવસ્થા કરો તો વધારે સારું.' મેં જવાબ આપ્યો.

'નહીં ડૉક્ટર, અમારે તો તમારે ત્યાં જ લોહી ચડાવવું છે. પહેલેથી જ તમારી સારવાર ચાલે છે, તેથી અમે બીજે ક્યાંય નહીં જઈએ.'

લોહી વગર સંગીતાની હાલત બગડતી જતી હતી. તે ચાલતાં-ચાલતાં હાંફી જતી હતી.

છેક મહિનાને અંતે કરફ્યુ છ કલાક માટે ખૂલ્યો. મેં તરત જ ફોન કરી તેમને બોલાવી લીધા.

સંગીતાને લોહી ચડાવ્યે અઢી માસથી વધારે સમય થઈ ગયો હતો. તેનો હિમોગ્લોબિનનો રિપોર્ટ કરાવતાં, તે વીસ ટકા કરતાંય ઓછું થઈ ગયું હતું. હાલત વધારે ગંભીર હતી. તત્કાલ લોહી ચડાવવું જરૂરી હતું. શરીર સાવ સફેદ રૂની પૂણી જેવું થઈ ગયું હતું. હવે જો એક દિવસ પણ વધારે થઈ જાય તો સંગીતાની જિંદગી જોખમમાં આવી જાય તેમ હતી.

તેના બ્લડ ગ્રુપ માટે ચારે તરફ ફોન કર્યો. 'ઓ' નેગેટિવ લોહી કોઈ પણ બ્લડબેંકમાં સ્ટોકમાં ન હતું. ચારે તરફથી મારો-કાપોના કેસ આવતા હોવાથી લોહીની અછત થઈ ગઈ હતી. એમાંય 'ઓ' નેગેટિવ ગ્રુપ તો ક્યાંથી મળે?

સંગીતાના માતા-પિતા રડવા જેવા થઈ ગયા હતા. ઉપરવાળાએ એક જ દીકરી આપી હતી અને તે પણ થેલેસેમિયાવાળી, જેને જિંદગી બચાવવા એક બોટલ લોહી પણ નસીબમાં ન હતું.

કરફ્યુ ખૂલેલ હોવાથી મારા બીજા રેગ્યુલર દર્દીઓ પણ ફોન પર એપોઇન્ટમેન્ટ લઈને બતાવવા આવવા લાગ્યા હતા.

મહંમદભાઈ અને શમીમબહેન બાબા હુસેનને રૂટિન કફ - તાવ માટે બતાવવા આવ્યા હતા. અંદર વોર્ડમાં સંગીતાનાં મા-બાપને રડતા જોઈ મહંમદભાઈ મારી ઓફિસમાં પૂછપરછ માટે આવ્યા. મેં તેમને સંગીતાની હાલત અને બ્લડ ગ્રુપની વાત કરી. મહંમદભાઈને યાદ આવ્યું, તેમનું બ્લડ પણ 'ઓ' નેગેટિવ હતું. મેં તેમને વિનંતી કરી, એક બોટલ બ્લડની વ્યવસ્થા થઈ જાય તો સારું.

હોસ્પિટલની બહાર શહેરમાં હજુ માનવી માનવીના લોહીનો પ્યાસો થઈ ગયો હતો. મને પણ શંકા હતી કે હિંદુ છોકરી માટે મહંમદભાઈ હા ક્યાંથી પાડશે?

શમીમબહેનને ખબર પડતાં જ અંદર આવીને કહ્યું, 'ડૉક્ટર, ઈન્સાન અગર ઈન્સાન કે કામ નહીં આયા, તો ક્યા કરને કા?' તેમણે અને મહંમદભાઈએ તૈયારી બતાવી.

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)

વિભૂતિ વંદના

# એક નામ – જયપ્રકાશ

ગોવિંદભાઈ રાવલ

એક છોકરો. નામ બઉલ. બઉલ એટલે બોકો. આ તો હુલામણું નામ. અસલ નામ જયપ્રકાશ, જયપ્રકાશ નારાયણ. જન્મ ૧૧મી ઓક્ટોબર ૧૯૦૨, વિજયાદશમી. ગામ સિતાબદિયારા (બિહાર), માતાનું નામ ફૂલરાણી, પિતાનું નામ હરસુદયાલ, કાયસ્થ કુટુંબ.

બઉલને ખેલકૂદનો બિલકુલ શોખ નહિ. પિતા કહે, 'આ તો બુદ્ધો બાળક છે.' પણ બહેન ચંદ્રકળા ભાઈને બરાબર પારખી ચૂકેલી. તે કહે, 'બઉલ ભૈયા જાણી જોઈને રમતાં હારી જતા કે જેથી અમે જીતીને રાજી થઈએ.' જાતે હારીને બીજાને જીતનો આનંદ આપવાની રીત એમણે જીવનભર જાળવી રાખી.

બાળપણમાં ઘોડીએ ચડ્યા, પડ્યા. નોકરો ઘોડીને ઝૂડવા લાગ્યા તો પોકારી ઊઠ્યા, 'મત મારો, મત મારો બેચારી કો!' આવા ઊર્મિલ, સંવેદનશીલ.

રમવામાં 'ઢ', પણ ભણવામાં ભારે તેજસ્વી. એમની હોંશિયારી જોઈ શિક્ષકો કહેતા, 'આ છોકરો આગળ જતાં નામ કાઢશે.' હિંદી, અંગ્રેજી, સંસ્કૃત એમ ત્રણે ભાષાઓ ઉપર સારું પ્રભુત્વ. 'બિહારમાં હિંદીની સ્થિતિ' વિષય પરની નિબંધ હરીફાઈમાં આખા બિહારમાં પ્રથમ આવેલા.

સ્વાભાવિક રુચિ સાહિત્યમાં પણ એમને એમ લાગેલું કે આપણે વિજ્ઞાનમાં પાછળ છીએ માટે દેશ ગુલામ અને ગરીબ છે. તો મારે વિજ્ઞાન શાખામાં ભણવું.

આમ સાહિત્ય અને વિજ્ઞાન બંનેના સુભગ સમન્વયથી વિચારાત્મક અને વિશ્લેષણાત્મક એવું એમના વ્યક્તિત્વનું પોત બંધાયું. એમાં વળી આગળ જતાં સમાજ વિજ્ઞાનની ત્રીજી સેર પણ ભળી. જેથી એમનું જીવન ત્રિવેણી સંગમ બની રહ્યું.

એક છોકરો એમનાં પુસ્તક ચોરી ગયો. પણ સ્વભાવ સંકોચશીલ, ફરિયાદ ન કરી. બીજા છોકરાના કહેવાથી હેડમાસ્તરે પુસ્તક ચોરનારને ઠપકો આપી પુસ્તકો પાછાં અપાવ્યાં. બધાંની વચમાં એ છોકરાને ભોંઠપ અનુભવવી પડી તેથી દુઃખી થઈ, અગંત રીતે એ છોકરાને મળી, તેની સામેથી માફી માગી. આવા હતા જયપ્રકાશ. ઋજુતા, કોમળતા અને સંવેદનશીલતાનો જ જાણે અવતાર.

તે કાળે દેશમાં સ્વરાજનું આંદોલન પૂરજોશમાં ચાલતું હતું. વિદ્યાર્થી જય પ્રકાશ એનાથી અળગા શી રીતે રહી શકે? એમને પણ ક્રાંતિનો વીંછુડો કરડી ગયો. ઇન્ટર સાયન્સમાં હતા. કૉલેજ છોડી. અંગ્રેજોનું, ગુલામીનું શિક્ષણ ન ખપે. પણ જ્ઞાનપિપાસા ભારે એટલે ૨૦ વર્ષના જય પ્રકાશ અમેરિકા ભણવા ઉપડી ગયા.

પૈસાની ખેંચને કારણે ત્યાં ભણવામાં ઘણી મુશ્કેલીઓ વેઠી. એમણે એક અમેરિકન મિત્રને લખેલું, 'મારી જુવાનીનો ઉત્તમ સમય-સાત વરસ મેં તમારા મહાન દેશમાં ગાળ્યો છે. માત્ર તમારી યુનિવર્સિટીઓમાંથી જ નહીં પણ તમારાં કારખાનાં અને ખેતરોમાંથી ઘણું ઘણું શીખ્યો છું.'

તે કહેતા, માર્ક્સવાદ અને ગાંધીવાદના માત્ર પુસ્તકિયા જ્ઞાનથી મને જે ન મળત તે મને જાતમહેનતનાં કામ કરવાથી મળ્યું, એક નવી જીવનદૃષ્ટિ મળી. આથી માનવમાત્રની સમાનતા, શ્રમનું ગૌરવ, પ્રતિષ્ઠા એ મારે માટે નકરા શબ્દો ન રહ્યા, સાક્ષાત અનુભૂતિની ચીજ બની ગઈ.

વિધિની કેવી વિચિત્રતા! મૂડીવાદી લોકશાહી દેશ અમેરિકામાં ભણતાં ભણતાં એ માર્કસવાદી બની ગયા. સમાજ વિજ્ઞાનનું એમનું અધ્યયન એમને માર્કસની વિચારધારાથી ભારે પ્રભાવિત કરી ગયું. રશિયામાં આ ગાળામાં લેનિને કરેલી ક્રાંતિની જે વાતો એમણે વાંચી અને સાંભળી એથી એ ઘણા મોહિત થયા. આમ છતાં પણ ભારત આવીને તે સામ્યવાદીઓ સાથે ન જોડાતાં પંડિત નેહરુના નિમંત્રણથી કોંગ્રેસમાં જોડાયા. કારણ એમને મન દેશની આઝાદી એ સૌથી અગ્રીમ ચીજ હતી. એમણે જોયું કે સામ્યવાદીઓ તો દેશની આઝાદીની ચળવળ ચલાવનારને 'બુઝર્વા' ગણી તેમનાથી વેગળા રહી રશિયાના નચાવ્યા નાચતા હતા. પણ માર્ક્સવાદે એમના મનનો બરાબર કબજો લીધા હતો એટલે એમણે કોંગ્રેસમાં જ સમાજવાદી પાંખ ઊભી કરી. જેમાંથી આગળ જતાં અલગ એવો સમાજવાદી પક્ષ બન્યો.

૧૯૩૨માં કોંગ્રેસના બધા જ નેતા જેલ ભેગા થયા ત્યારે જયપ્રકાશજી ભૂગર્ભમાં રહી આંદોલનને બળ પૂરી રહ્યા હતા પણ એમની પણ મદ્રાસમાંથી ધરપકડ થઈ. આ એમની પ્રથમ જેલયાત્રા હતી. ત્યારે 'ફ્રી પ્રેસ જર્નલ' નામના દૈનિકે મથાળું બાંધ્યું - 'કોંગ્રેસનું ભેજું જેલ ભેગું.' આ બતાવે છે કે એમની બુદ્ધિમત્તા માટે દેશ આખામાં કેવું માન હતું!

જય પ્રકાશજીના દાંપત્ય જીવનમાં જીવનમાં ડોકિયું કરવા જેવું છે. ૧૮ વર્ષના જયપ્રકાશજીનાં ૧૪ વર્ષનાં પ્રભાવતીજી સાથે લગ્ન થયેલાં. નાનાં પ્રભાવતીજી બાપુ સાથે એમના આશ્રમમાં રહેતાં. વીસમા વર્ષે જયપ્રકાશજી અમેરિકા ભણવા

ઊપડી ગયા. અહીં ગાંધીજીની અસર હેઠળ ઊછરતાં પ્રભાવતીજીને બ્રહ્મચર્યનું વ્રત લેવાની ઝંખના જાગી. તેમણે ગાંધીજીને વાત કરી. બાપુએ કહ્યું, આ અંગે તારે જયપ્રકાશજીને લખવું. જયપ્રકાશે જણાવ્યું. આવી ચર્ચા પત્રોમાં ન થાય, રૂબરૂ મળે કરીશું. પરંતુ પ્રભાવતીજીએ તો પોતાની અંતઃસ્કુરણા મુજબ વ્રત લઈ જ લીધું. જયપ્રકાશજીના પાછા આવ્યા પછી બંને વચ્ચે ઘણી ચર્ચાઓ થઈ. ગાંધીજી સાથે પણ ચર્ચાઓ, પત્રવ્યવહાર થયાં. બાપુનું વલણ એવું લાગે છે કે, 'પુરુષે સ્ત્રીની સ્વતંત્રતાનો સ્વીકાર કરી તેને અનુકૂળ થવું. જે પુરુષ એમ ન કરી શકે તેણે બીજું લગ્ન કરી લેવું" આ વિધાનના પહેલા ભાગ સામે જયપ્રકાશજીને વાંધો નહોતો પણ વિધાનના પાછલા ભાગથી તેમને અપાર દુઃખ થયું અને તે બોલી પડ્યા કે "બાપુનો આ કેવો 'નિષ્ઠુર તર્ક' છે?" બીજું લગ્ન કરવાનો જયપ્રકાશ વિચાર જ કેવી રીતે કરી શકે? જયપ્રકાશજીએ પ્રભાવતીજી એ લીધેલા બ્રહ્મચર્યના વ્રતને માન આપ્યું. આમાં જયપ્રકાશજીના હૃદયની ઉદારતા અને શાલીનતાનાં આપણને ભવ્ય દર્શન થાય છે.

જય-પ્રભાની આ બેલડી અનુપમ હતી. પ્રભાવતીજી એક પાકા ગાંધીવાદી તરીકે જીવનભર ચરખો ચલાવતાં ચલાવતાં ગાંધીજી સૂચિત ખાદીકામ અને મહિલા ઉન્નતિનાં કામ કરતાં રહ્યાં અને તે પણ પાકા માર્ક્સવાદી જયપ્રકાશજીની સાથે જીવનભર સાતત્યપૂર્વક રહીને. સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વની સાથે દાંપત્યધર્મનો મેળ કેવી રીતે બેસાડી શકાય, તેનું એક અજોડ ઉદાહરણ પ્રભાવતીજીએ પૂરું પાડ્યું. તો જયપ્રકાશજીએ સામાન્ય માનવી જેવી પોતાની સ્વાભાવિક જાતીય ઝંખનાઓનું પ્રભાવતીજી માટેના પેતાના પ્રેમ ખાતર વિલોપન કર્યું તે પણ એવી સહજતાથી કે પોતે કોઈ મોટું પરાક્રમ કર્યું છે તેવી કશી સભાનતા સેવ્યા વિના. પોતાને સામાન્ય માનવી લેખતા જયપ્રકાશજીની આ જ તો અસામાન્યતા છે ને! પ્રેમ સમર્પણ કરે છે પણ એની કશી જ સભાનતા પ્રેમીને હોતી નથી. બંનેએ પરસ્પરને પ્રેમ એવી રીતે આપ્યો કે એમનો પ્રેમ દુઃખી ભૂખી માનવજાતની સેવામાં સમર્પિત થઈ ધન્ય થઈ ગયો.

૧૯૩૨ના જેલવાસ દરમિયાન જયપ્રકાશજીના ચિંતનમાં ભારે મનોમંથન હતું. ગાંધીજીનું વ્યક્તિત્વ એમને આકર્ષતું. સ્વરાજ્યના આંદોલનમાં દેશ આખાને ગાંધીજીએ જે રીતે આંદોલિત કર્યો હતો એથી એ ઘણા પ્રભાવિત થયા હતા. પણ ગાંધીજીની અહિંસામાં એમને શ્રદ્ધા બેસતી નહોતી. ચરખો ચલાવીને કે જેલોમાં સબડીને સ્વરાજ્ય કેવી રીતે મળે તે એમને સમજાતું નહોતું.

એમને લાગતું હતું કે, ક્રાંતિ તો માર્કસવાદ વડે જ લાવી શકાય. એ જ સાચું સામાજિક વિજ્ઞાન છે.

આથી કોંગ્રેસમાં રહીને પણ સમાજવાદી ચળવળ ચલાવવાનો મનસૂબો પાકો કરીને એ જેલમાંથી બહાર આવ્યા અને કોંગ્રેસમાં જ સમાજવાદી પક્ષની રચના કરી.

'વ્હાય સોશિયાલિઝમ' એમની એક પ્રખ્યાત કૃતિ ગણાય છે. વૈજ્ઞાનિક તર્ક સાથે તેમણે આ પુસ્તકમાં માર્ક્સવાદી સમાજવાદની અદ્ભુત મીમાંસા કરી છે. ■

## કોયલના ટહુકે વસંત

**(અનુસંધાન : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)**

કોઈ ફેર પડતો નથી અને ઈંડાંની સંખ્યા ધારો કે વધી જાય તો પણ કાગડા - કાગડીને એની ખબર પડતી નથી કારણકે એટિકન નામના પ્રાણીશાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે કાગડાઓનું ગણિત કાચું હોય છે. તેઓ ત્રણથી આગળ ગણી શકતા નથી અને આમ પણ કાગડા - કોયલનાં ઈંડાંમાં પણ બહુ ફેર નથી હોતો. કોયલનું ઈંડું સાધારણ નાનું હોય છે. આમ કાગડાનાં બચ્ચાંના ભોગે કોયલનાં બચ્ચાં ઊછરે છે. આ રીતે જાણે કુદરત પણ કોયલ થકી કાગડાની વસતિ પર અંકુશ રાખે છે.

કોયલનાં બચ્ચામાં જન્મજાત બદમાશી આવી ગઈ હોવાથી શરૂઆતમાં આ બચ્ચાં કોયલનો અવાજ કાઢવાને બદલે કાગડાના અવાજની મિમિક્રી કરે છે. કેમકે બચ્ચાંને ખબર છે કે પકડાઈ જઈશું તો પીંખાઈ જઈશું. 'ફાધર ટંગ' અહીં નડશે. એટલે ભૂખ લાગતાં કાગડાની બોલી બોલવાની ચેષ્ટા કરે છે. આથી છેતરાઈને કાગડી પોતાનાં સંતાનોની સાથે આ બચ્ચાંને તે ખવડાવે-પીવડાવે છે. પછી ઊડવાની ક્ષમતા આવી જાય ત્યારે કાગડા-કાગડીએ લાડકોડમાં ઉછેરેલ કોયલનાં બચ્ચાં થેંક્સ પણ કહ્યા વગર પોતાની ખરી મા પાસે પહોંચી જાય છે. ખેર! પણ માદા-કોયલને તો સંસ્કૃતમાં પરભૃતિકા - પારકાં પાસે બચ્ચાં ઉછેરાવનારી કહી છે.

જોકે ચૈત્ર-વૈશાખ જેઠમાં જે ટહુકે છે એ નર-કોકિલ છે એની જાણ કાલિદાસ જેવા કવિઓને મોડેમોડે થઈ હતી ને કેટલાક કવિઓ તો સ્ત્રી દાક્ષિણ્યને લીધે કોયલને ટહુકતી કોયલડી કહે છે. એમાં જોકે નર-કોકિલને કોઈ ફેર પડે છે?

★

*(આપણી ભાષાના હાસ્યસમ્રાટ વિનોદ ભટ્ટ હવે આપણી વચ્ચે રહ્યા નથી. આખી જિંદગી લોકોને ગમગીનીમાંથી બહાર આણવાનો પુરુષાર્થ કરનારા આ સર્જકે વિદાય લેતાં પહેલાં 'દેહદાન'ની ઈચ્છા દર્શાવીને કેવું સ્તુત્ય પગલું ભર્યું છે!)*

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

હાસ્યની હેલી

# કોયલના ટહુકે વસંત

વિનોદ ભટ્ટ

આ લખનારને રહી-રહીને એવો વહેમ પડે છે કે ભગવાન પોતે પુરુષ છે એ કારણે પ્રાણી અને પંખીઓમાં પણ માદાના મુકાબલે નરજાતિ પ્રત્યે પક્ષપાત દાખવે છે. તેમને વધુ રૂપાળા અને આકર્ષક બનાવે છે. દા.ત. કેશવાળી ધરાવતો સિંહ, કળા કરતો મોર, તેમજ ખુલ્લા ગળે ગાતો, વસંતમાં ટહુકતો નર-કોકિલ, માદા-કોયલના શરીર પર ટપકાં ને ચટપટા છે. તે કૂ—ઉ—ઉ, કૂ—ઉ—ઉ એવું મીઠા કર્ણપ્રિય અવાજે ગાઈ શકતી નથી, પણ તે કિક—કિક કે કિટ—કિટ એવું કર્કશ અવાજે બોલે છે, જે સરેરાશ પતિની જેમ કદાચ નર-કોકિલને પણ સાંભળવું નહીં ગમતું હોય.

દેખાવમાં કોકિલ સાવ કાળો હોય છે ને સૂર્ય પ્રકાશમાં ભુરી ઝાંય તેના પર પડે છે, જ્યારે માદાનો રંગ, સ્નાન ન કર્યું હોય એવો થોડો મેલો હોય છે. અરીસામાં જોયા વગર જ પોતાનાં રૂપ, રંગ અને ગળા બાબત જાણ હોવાને લીધે જ કદાચ તે માદા શરમાળ અને ઓછાબોલી છે. તે જંગલની ઝાડીઓમાં સંતાતી ફરે છે. શક્ય છે કે પોતાના નરથી છૂટવા તે આમ કરતી હોય.

એનો નર પણ એને શોધવા એની પાછળ-પાછળ કે ફરિયાદ કરવા પોલીસ ચોકીએ જતો નથી. (એને પણ પોલીસમાં વિશ્વાસ નહીં હોય! પોલીસ એકને બદલે દસ-દસ કોયલડીઓ શોધી લાવે તો! મોંઘવારી કેવી બેફામ છે!) કોયલ (નર તેમજ માદા) જીવનસંગિની બાબત પાશ્ચાત્ય વિચારો ધરાવે છે — તે તું નહીં, ઔર સહી. જે અડફેટે ચડી જાય, જેની જોડે મન મળી જાય એની સાથે મન ફાવે ત્યાં સુધી રહેવાનું — પછી તું તારા માળે ને હું મારા માળે.

એકબીજાને ભૂલતાંય વાર નહીં, છતાં કોઈ નર કુતૂહલવશ ક્યારેક માદાની પાછળ જોવા જાય છે ખરો. એ તપાસવા કે દુઃખી થનાર નવો અભાગિયો છે કોણ? તો પણ પેલા નરને તે એસ.એમ.એસ. કરીને કહેતા નથી કે આ બલામાંથી હું તો માંડ છૂટ્યો. પણ તું ક્યાં ફસાયો? જોકે માદાથી મુક્ત થયેલ નર કોકિલ જે વૃક્ષ પર (આનંદથી) બેઠો હોય છે એના પર અન્ય નરને આવવા દેતો નથી ને એ રીતે પોતાનું એકાંત જાળવી રાખવા પ્રયત્ન કરે છે. હા, કોઈ કોયલડી સામેથી ખાલી જગ્યા પૂરવા માટે આવે તો નો પ્રોબ્લેમ. (પુરુષો બધે સરખા જ હોય છે?)

માદા-કોયલ ખાસ મહત્ત્વાકાંક્ષી નથી એટલે બહુ ઊંચે ઊડી શકતી નથી. તેની પ્રકૃતિ પાશ્ચાત્ય સ્ત્રી જેવી છે. તેને પ્રેમ કરવો, તેમજ બચ્ચાંની મૉમ થવું ગમે છે. કિન્તુ બાળઉછેરમાં સહેજ પણ રસ નથી. બાળક અવતરવાનું હોય ત્યારે આપણી બહેન-દીકરીઓ નજીકનાં મેટર્નિટી હોમમાં પહોંચી જાય છે, જ્યારે આ ગાળામાં કોયલ કાગડાનો માળો નજીક ક્યાં છે એની ભાળ મેળવવાના કામે લાગી જાય છે, ને માળો શોધીને એના પર નજર રાખ્યા કરે છે.

કાગડાને મહાધૂર્ત અને અતિ ચાલાક માનવામાં આવે છે. પણ કોયલ આ કહેવાતા ચતુર કાગડાને બેવકૂફ - શ્રેષ્ઠ બનાવીને પોતાનાં બચ્ચાં તેની પાસે ઉછરાવે છે. પોતાનાં બચ્ચાનું બેબી-સિટીંગ તે કાગડા પાસે ને એ પણ સાવ મફતમાં છેતરપિંડીથી કરાવે છે.

એક કોયલને છોડીને કાગડો કોઈથી છેતરાતો નતી. આ જ તેની નિયતિ છે. કોયલની મોડસ ઑપરેન્ડી લાજવાબ છે. માણસને પણ છક્કડ ખવડાવી દે એટલી તે ક્રિમિનલ છે.

શરૂઆત તે આ રીતે કરે છે.... કાગડાના માળાની નજીક બેસીને નર-કોકિલ ટહુકવાનું શરૂ કરે છે. કોયલનો અવાજ આપણને ગમે છે, પણ કાગડાને કોણ જાણે કેમ પણ આ અવાજની સખત ચીડ છે, ભારે અણગમો છે. એટલે કોયલનો અવાજ કાને પડતા જ કાગડો અને કાગડી તેના પર હુમલો કરવા તેની પાછળ પડે છે ને કોયલ પોતાની ઝડપ વધારીને કાગડા-કાગડીને દૂર દૂર ખેંચી જાય છે અને ત્યાંથી નર-કોકિલ 'કર્ર કર્ર' બોલીને તેની માદાને સંદેશો આપી દે છે કે હવે તું બાજી સંભાળી લે અને માદા તરત જ કાગડાના માળામાં ઘૂસીને પોતાનાં ઈંડાં ત્યાં ગોઠવી દે છે. એટલું જ નહીં, કાગડાનાં ઈંડાને ચાંચમાં લઈ નીચે ફગાવી દે છે. પોતાનું આ કામ પતાવ્યા બાદ માદા કોયલ વિશિષ્ટ અને સાંકેતિક અવાજમાં તેના નરને માહિતી આપી દે છે કે 'ઓપરેશન ઈડિયટ ઓવર' — બાત બન ગઈ હૈ.

પછી નર-કોકિલ ઝડપથી ઝાડીઓની વચ્ચે સંતાઈ જાય છે. હતાશ થઈને પાછાં ફરતાં કાગડા-કાગડીને એ ખબર નથી પડતી કે તેઓ શું ગુમાવીને આવ્યા છે! ઈંડાની હેરાફેરી પર તેમને લેશમાત્ર શંકા જતી નથી. કેમકે કોયલ બે ઈંડાં લાવી હોય તો તે કાગડાનાં બે ઈંડાં જ નીચે પાડી નાખે છે. આમ સંખ્યામાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)

હાસ્યની હેલી

# સહેલાં કામો અઘરાં છે – મારા માટે

રતિલાલ બોરીસાગર

એકવાર મેં અમદાવાદનાં ભરચક ટ્રાફિકમાં રસ્તો પાર કરવાનું કામ મને ખૂબ જ અઘરું લાગે છે એ વિશે લખેલું. આ વાંચીને મારા ઘરના સભ્યો, મને ઓળખતાં સ્વજનો, મિત્રો, પરિચિતો, મારા પર લગભગ તૂટી જ પડ્યા.

'આ એક કામ તમને અઘરું લાગે છે કહીને તમે લાખો વાચકોને ગેરમાર્ગે દોર્યા છે.' અમારા એક મિત્રે ઘેર આવીને મારો ઊધડો લીધો.

'વાચકોને ગેરમાર્ગે દોર્યા એમ કેવી રીતે કહી શકાય? ઊલટું, ગાંધીજીની યાદ આપે એવી એ નિખાલસ કબૂલાત હતી.'

'આમાં બિચારા ગાંધીજીને ન સંડોવો. અત્યારે ગાંધીજીને વગોવવાની હરીફાઈ ચાલી રહી છે. તમે એમાં ન ભળો.'

'આમાં ગાંધીજીને વગોવવાની વાત ક્યાં આવી? ચાલો, ગાંધીજીને બિચારાને જવા દો. પણ વાચકોને ગેરમાર્ગે દોરવાની વાત તમારા મનમાં કેવી રીતે આવી?'

'કેમ? આ એક કામ તમને અઘરું પડે છે એમ તમે કહો એટલે એવી છાપ પડે કે બાકીનાં કામો તમને આવડે છે. પણ અમે જાણીએ છીએ કે, તમને સહેલામાં સહેલાં કામોય આવડતાં નથી.'

'સાચી વાત છે.' મારા પત્નીએ ઉત્સાહથી વાતમાં ઝંપલાવતા કહ્યું : 'એમને સોયમાં દોરો પરોવતાંયે આવડતું નથી.'

'હા, પપ્પાને બટન ટાંકતા આવડતું નથી એવી ખબર તો મને હું સાસરે આવી એના પહેલા દિવસે જ પડી ગઈ હતી.' જગતની કોઈ વહુ સાસુ સાથે સંમત થવાનો ઉત્સાહ દાખવતી હોતી નથી. પણ આ બાબતમાં મારી પુત્રવધૂએ પણ મારાં પત્નીને ટેકો આપ્યો.

'દાદાજીને ઈસ્ત્રી કરતા આવડતું નથી. થોડા દિવસ પહેલાં બર્થ ડે ગિફ્ટમાં આવેલો મારો બુશકોટ દાદાજીએ બાળી નાખ્યો હતો.' મારા પૌત્ર ઈશાને પણ આ ચર્ચામાં પ્રવેશ કર્યો. મારી પૌત્રી ઈપ્સિતા ત્યારે બોલતાં શીખી નહોતી પણ એ એવી રીતે મારી સામે જોઈ રહી હતી કે એને પણ મારી અણઆવડતો અંગે પૂરી ખાતરી હોય!

છેવટે મારી અન્ય અણઆવડતોના કિસ્સાઓની પણ જાહેર કબૂલાત કરવાનું વચન આપ્યું ત્યારે જ ચર્ચાનો અંત આવ્યો. આજે એવી એક-બે વાત કરી રહ્યો છું.

એકવાર ઘેર હું એકલો હતો અને શર્ટને બટન ટાંકવાની જરૂર ઊભી થઈ. ઈસ્ત્રી કરેલું એક જ શર્ટ ઘરમાં હતું, પણ એનાં ત્રણ બટન સ્વર્ગવાસી થયા હતા. ધોબી પાસે ત્રણ શર્ટ હતાં પણ એનો આવવાનો આજે વારો નહોતો. બીજા એક શર્ટમાં બધા બટન હતા પણ એ ઈસ્ત્રીવાળું નહોતું. ઘરમાં સ્ત્રી આવી એ પહેલાં ઈસ્ત્રી આવી ગઈ હતી પણ એકવાર મેં શર્ટ બાળી નાખ્યું પછી ઈસ્ત્રી સ્પર્શની મને મનાઈ ફરમાવવામાં આવી હતી. મારા ભાઈ-ભાભીઓ મારા કપડાંને ઈસ્ત્રી કરી આપતા હતા. એટલે મને ઈસ્ત્રી કરતા આવડ્યું જ નહીં. આ કારણે બટનવાળા પણ ઈસ્ત્રી વગરના શર્ટને ઈસ્ત્રી કરવા જતાં શર્ટ દહનનો પ્રસંગ ઊભો થાય એવી શક્યતા હતા. હું પણ કદાચ – કદાચ નહીં ચોક્કસ જખમી થાઉં એવી પણ શક્યતા હતી. એના કરતાં બટન વગરના શર્ટને બટન ટાંકવાનો પ્રયોગ પ્રમાણમાં સહેલો અને નિર્દોષ છે એમ મને લાગ્યું.

ઘણા પ્રયત્નને અંતે સોય-દોરો જડ્યાં પણ બટન ન જડ્યાં. એટલે દાઢી કરવાની બ્લેડની મદદથી મેં બટનવાળા શર્ટમાંથી ત્રણ બટન છૂટા પાડવાનો વિચાર કર્યો. આ કામ પણ હું માનતો હતો એવું સહેલું ન નીકળ્યું. કરવતીની જેમ બ્લેડ ચલાવવા જતાં એક જગ્યાએ શર્ટ પર અને એક આંગળી પર કાપા પડ્યા. આંગળીમાંથી રક્તબિંદુઓ બહાર ધસી આવ્યાં. ઊંચા ધ્યેય માટે લોહી વહેવડાવનારની પ્રશંસા થાય છે, પણ નાના ધ્યેય માટે લોહી વહેવડાવનારની જોઈએ એવી કદર થતી નથી, એ આપણા સામાન્ય અનુભવની વાત છે. આ અન્યાય છે પણ જગતમાં થઈ રહેલા અનેક અન્યાયોની જેમ આ અન્યાયનો પણ કોઈ ઉપાય નથી. ઊલટું, તે વખતે કોઈ હાજર હોત તો શર્ટ અને આંગળી કાપવા બદલ – ખાસ કરીને શર્ટ કાપવા બદલ – મને ભારે ઠપકો મળ્યો હોત. ટીંક્ચર આયોડિનની શીશી મેં શોધી, પણ મળી નહીં. દરમિયાન આપમેળે જ લોહી નીકળતું બંધ થઈ ગયું એટલે હું ફરી શર્ટને બટન ટાંકવાના કામમાં ગૂંથાયો.

બ્લેડની મદદથી મેં બટનવાળા શર્ટમાંથી ત્રણ બટનનો વિયોગ તો કરાવ્યો પણ એ બટનનો બટન વગરના શર્ટ સાથે સંયોગ કરાવવાનું કામ સહેલું નહોતું. બટન ટાંકવા માટે સોયમાં દોરો પરોવવો પડશે એવો ખ્યાલ આવ્યો. જગતમાં ઘણાં કામો અઘરાં છે એ હું બીજાના અને મારા – ખાસ કરીને મારા

અનુભવથી જાણતો હતો. પણ સોયમાં દોરો પરોવવાનું કામ આટલું બધું અઘરું છે એનું જ્ઞાન મને તે દિવસે જ થયું.

વીજળીને ઝબકારે મોતી પરોવવાની વાત ગંગાસતીના એક ભજનમાં આવે છે. આ ભજનનો રસાસ્વાદ કરવામાં ને કરાવવામાં મને કદી મુશ્કેલી નથી પડી, પણ સૂરજને અજવાળે સોયમાં દોરો પરોવવામાં મને ઘણી મુશ્કેલી પડી. સોયની શોધ કરનારની બુદ્ધિ માટે મને ઘણો આદર છે, પણ સોયનું નાકું રાખવામાં એણે પોતાની બુદ્ધિનો ખાસ ઉપયોગ કર્યો હોય એવું લાગતું નથી. અથવા સોયનું નાક બનાવવામાં એની બુદ્ધિ ખાસ ચાલી નથી એમ ત્યારેય મને લાગ્યું હતું અને આજેય લાગે છે.

સોયો ભરાવદાર શરીરવાળો હોય અને સોયની દેહલતા પાતળી હોય એમાં કવિતા તત્ત્વ રહેલું છે એ હું સ્વીકારું છું, પણ સોયનું નાકું આટલું બધું ઝીણું શા માટે રાખવું જોઈએ એ હું સમજી શકતો નથી. વળી, સોયા કરતાં સોય આટલી બધી નાની શા માટે બનાવવામાં આવી છે તે પણ મારી સમજમાં આવતું નથી. સોયા અને સોયનો શોધનાર પુરુષ જ હશે એવું સહેલાઈથી સાબિત થઈ શકે એમ છે. સ્ત્રી કરતાં પુરુષ ચડિયાતો છે એવી પુરુષની માન્યતા સોય અને સોયાની ડિઝાઈનમાં પણ પ્રગટ થાય છે. સ્ત્રી કરતાં પુરુષ હંમેશાં ચડિયાતો છે એવું માનવામાં એક પુરુષ તરીકે મને ખાસ હરકત નથી. પણ સોય અને સોયાની બાબતમાં છૂટછાટ મૂકવા હું સંમત છું. હું સોયની લંબાઈ વધારવાના પક્ષમાં છું. સોય, સોયા જેટલી જ લાંબી હોય તો એનું નાકું મોટું રાખી શકાય અને તો મારાં જેવા મનુષ્ય એનો સહેલાઈતી ઉપયોગ કરી શકે. નારીવાદી ચળવળ ચલાવનારાઓએ આ મુદ્દો ઉપાડી લેવો જોઈએ અને સોયા કરતાં નાની સોયનો બહિષ્કાર કરવાની સ્ત્રીઓને અપીલ કરવી જોઈએ. પણ આ બધું જો થાય ત્યારે ખરું. પણ તે દિવસે તો મારે નાની સોયના નાના નાકામાં દોરો પરોવવાની કુશળતા દાખવવાની હતી.

મેં સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન આદર્યો. મેં પેલી કવિતાવાળા કરોળિયાની વાત યાદ કરી. આ કરોળિયો છ વખત નિષ્ફળ ગયા પછી સાતમા પ્રયત્ને જાળુ બાંધવામાં સફળ થયો હતો. ઓગણપચાસ વખત નિષ્ફળ ગયા પછી પચાસમાં પ્રયત્ને હું સોયમાં દોરો પરોવવામાં સફળ થયો. પરંતુ સફળતા મેળવવા કરતાંય સફળતા જીરવવી વધારે કઠણ છે. હર્ષાવેશમાં હું શર્ટમાંથી છૂટાં પડેલાં બટન લેવા ધસ્યો તેમાં પ્રિયતમના સ્નેહપાશમાંથી ધીરે રહીને સરકી જતી રસિક પ્રિયતમા જેવી સોય દોરા પાસેથી છટકી ગઈ. દોરાને છોડીને જતી રહેલી સોય શોધતાં જ મને થોડી વાર થઈ. આખરે સોય જડી. પણ પછી મને જ્ઞાન થયું કે, હવે સોયમાં દોરો પરોવવાનો પુરુષાર્થ કરવાનો કશો અર્થ નથી. કારણકે વીસેક મિનિટ પછી ધારો કે હું સોયમાં દોરો પરોવવામાં સફળ થાઉં તો પણ ફરી સોય દોરાનો ત્યાગ કરી દે અથવા આ વખતે દોરો રિસાઈને સોયમાંથી નીકળી જાય એવું નહીં જ બને એમ ન કહેવાય. અને ધારો કે સોય–દોરો સંપીને એકબીજા સાથે ટકી રહ્યાં તો પણ બટન ટાંકતાં બીજી પચીસેક મિનિટ તો થાય જ. આમ, પિસ્તાળીસ મિનિટ તો જાય જ. આ પછી જ્યાં જવાનું હતું ત્યાં જવાનો કશો અર્થ રહે નહીં.

આ જ્ઞાન થવાથી મેં ખેલ પૂરો થયા પછી મદારીની જેમ સરસામાન સંકેલી લીધો અને પુસ્તક વાંચવામાં પ્રવૃત્ત થયો. સોયમાં દોરો પરોવવો, બટન ટાંકવા કે એના જેવાં બીજા કામો તુચ્છ છે અને પુસ્તકો વાંચવા એક દિવ્ય પ્રવૃત્તિ છે એવું હું નાની ઉંમરથી માનું છું. પણ આજ સુધી બીજાઓને મનાવી શક્યો નથી એવું કહેતાં મને ઘણો ખેદ થાય છે, પણ એનો કશો ઉપાય નથી.

ભોજન લેવા જેવી તદ્દન સીધી-સાદી ઘટનાએ પણ મારા માટે અનેકવાર પ્રશ્નો સર્જ્યા છે. ભોજન સામગ્રીનો પહેલાં મુખમાં અને તે પછી પેટમાં પ્રવેશ કરાવવાની કામગીરી દેખાય છે એટલી સરળ નથી એ હું અનુભવના બળે જાણું છું. એમાંય ભોજનક્ષેત્રે આધુનિકતાના પ્રવેશ પછી મારી મુશ્કેલી વધી છે.

ભોજનમાં હાથનો ઉપયોગ થતો એ વખતે પણ જમવામાં જોઈએ એવી કુશળતા હું દાખવી શકતો નહોતો. પણ ભોજનમાં ચમચીનો યુગ આવ્યો ત્યારથી મારી મુસીબતમાં અનેકગણો વધારો થયો છે. ચમચીમાં શાક કે દાળ લઈ અને મોઢા સુધી લઈ જવાની કોશિશ કરું છું ત્યાં અચાનક શાક કે દાળને મારા સરસ મજાના શર્ટ પર રેલાવાના કોડ જાગી ઊઠે છે. નાનો હતો ત્યારે આવી દુર્ઘટનાઓ બનતી રોકવા મારા બા મને એકલી ચડ્ડી પહેરાવી જમવા બેસાડતા. અત્યારે પણ આવું થઈ શકે.

કસરત માટે જેમ ખાસ ચડ્ડી આવે છે તેમ ભોજન માટેય ખાસ ચડ્ડી સિવડાવી શકાય. એમ તો નાનાં છોકરાંને ગળે લાળિયું બાંધે છે એવું ફૂલ સાઈઝનું લાળિયું (જોકે એને 'ભોજનિયું' કહેવું પડે) પણ કરાવી શકાય. પણ મોટેભાગે બને છે એમ વિચાર કરવા ઉપરાંત આ દિશામાં મારાથી ખાસ કશું થઈ શક્યું નથી. મારી અણઆવડતનાં આવાં તો અનેક ક્ષેત્રો છે, પણ ઝાઝી આત્મનિંદા કરવી સારી નહીં એમ માની આટલેથી અટકું છું. ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

હાસ્યની હેલી

# મોટા થવામાં માલ નથી

શાહબુદ્દીન રાઠોડ

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. મંત્રીશ્રીના બંગલાની બાજુમાં એક દેશી કૂતરો રહેતો હતો. બંગલામાં અવારનવાર આવનાર મહેમાનો-મુલાકાતીઓની હિલચાલનું તે નિરીક્ષણ કરતો. ક્યારેક મોડી રાત સુધી ગાર્ડનમાં ચાલતી ચર્ચાવિચારણા સાંભળતો. કોઈ વાર વળી પાછળની રૂમની બારી પાસે ઊભો રહી અંદર ચાલતી વાતોમાં રસ લેતો. અવારનવાર ચાલતી આવી રાજકારણની ખટપટોનો અનુભવથી અભ્યાસ કરી, આ કૂતરામાં પણ કાંઈક કરી દેખાડવાની મહત્વાકાંક્ષા જાગી.

સમાજથી તિરસ્કારાયેલા, કચડાયેલા પોતાના જ્ઞાતિ બંધુઓ માટે સમય ફાળવી તેણે એક સંમેલનનું આયોજન કર્યું. સર્વે શ્વાનોને એકબીજા સાથેના ભેદભાવો ભૂલી સંમેલન પૂરતા શાંત રહી, પોતાના હિતનો વિચાર કરી, ઉજ્જવળ ભવિષ્ય તરફ પ્રયાણ કરવાની વિનંતી કરવામાં આવી.

જ્યાં સુધી સમાચાર પહોંચ્યા ત્યાં સુધીના શ્વાન પ્રતિનિધિઓ સંમેલનમાં હાજરી આપવા આવી પહોંચ્યા. સૌના ચહેરા પર ઉમંગ હતો. કાંઈક કરી દેખાડવાની તમન્ના હતી. 'સંગઠન એ શક્તિ છે' એ સૂત્રની પ્રતીતિ કરાવતી હતી. સૌ સભામંડપમાં ગોઠવાઈ ગયા. મંત્રીશ્રીના શ્વાને વિનમ્રતાથી પોતાના વિચારો વ્યક્ત કરવા માંડ્યા :

'આપ સૌ ભાઈઓને આવકારતાં હું હર્ષની લાગણી અનુભવું છું. આપ સૌનું દુઃખ જોતાં...બસ આટલું બોલતાં તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને જ્ઞાતિ પ્રત્યેનો પ્રેમ સાવ સાહજિક રીતે પ્રગટ થઈ ગયો. સૌ શ્વાનો પર આપણા શ્વાનની ખૂબ અસર થઈ. તેણે પ્રવચન આગળ ચલાવ્યું. ભાઈઓ, ભાવિના એંધાણને અત્યારથી ઓળખો. આપણું હિત શામાં છે તે વિચારો, તમારી સ્થિતિ જુઓ અને સામે વિદેશી કૂતરાઓની સ્થિતિ જુઓ. આલ્શેશ્યન, ડોબરમેન, ગેહાઉન્ડ, બુલ ડોગ વગેરે કેવા મોજશોખ માણે છે! કેવા એશઆરામથી જિંદગી જીવે છે! તમારે વાસી, સુકા રોટલાના ટુકડા માટે બાઝવું પડે છે. સંઘર્ષ કરવો પડે છે, ત્યારે તેમના માટે સ્પેશિયલ ફૂડ તૈયાર થાય છે. ડિશમાં ભોજન પીરસાય છે. આપણે રહેવા છાપરું નથી, જ્યારે તેમના માટે ડોગ હાઉસ બનાવવામાં આવે છે.

મને મળેલ માહિતી મુજબ આપણા ઘણાખરા ભાઈઓ લારી નીચે, કંદોઈની ચૂલમાં, ગટરો પાસે બદતર હાલતમાં જીવન વિતાવે છે. તેઓ બીમાર પડે ત્યારે પશુ ડોક્ટર તેમને તપાસવા આવે છે, દવાઓ તેમને આપવામાં આવે છે, જ્યારે આપણા માટે આવી કોઈ સુવિધા નથી. આપણે માંદા પડી બેહાલ દશામાં મરણને શરણ થવું પડે છે.

આપણા પતનનાં કારણો સૌ પ્રથમ આપણે જાણવાં પડશે. આપણે વિનાકરણ બોલબોલ કરીને આપણી જાતને ક્ષીણ કરીએ છીએ. એક શરૂ કરે એટલે બીજો સામે ભસવાનું શરૂ કરે. આમ આખી રાત ચાલ્યા કરે છે. જ્ઞાતિએ વ્યર્થ બોલવાનું બંધ કરવું પડશે. વિદેશી શ્વાનો, તમે જુઓ, જરૂર પુરતા જ ભસે છે અને તે પણ યોગ્ય પ્રસંગે. આપણામાં વિવેકબુદ્ધિનો અભાવ છે. કોને માત્ર ભસવું, કરડવા જેવું જલદ પગલું ક્યારે ભરવું તેનું આપણને ભાન જ નથી.

આપણે ગમે તેના ઘરમાં ઘૂસીએ છીએ, રસોડામાં દાખલ થઈએ છીએ, રોટલી-રોટલા જે હાથ ચડ્યું તે લઈ ભાગીએ છીએ. જ્યારે વિદેશી શ્વાનો અંગ્રેજ સાહેબોની જેમ સમયસર પોતાની દિશામાં આવેલ ભોજન જ આરોગે છે. આપણને આપણી ફરજનું ભાન જ નથી. લાંચરૂપે મળેલા રોટલાના ટુકડા સિવાય આપણે કામ કરતા જ નથી. આ બાબત કેટલી શરમજનક ગણાય! આપણામાંના ઘણા ખરા પ્રણયમાં પાગલ થઈ ગયા છે. આપણા જ્ઞાતિ બંધુઓના આંતરકલહના મૂળમાં વાસના પડેલી તમને જોવા મળશે.' આ સાંભળી મોટાભાગના નીચું જોઈ ગયા.

'મિત્રો-વડીલો-બંધુઓ, હવે આ નહિ ચાલી શકે. વિદેશી શ્વાનોની સ્પર્ધામાં જો આપણે ટકી રહેવું હશે તો સંપીને ખાવું, ઓછું ભસવું, જ્યાં ત્યાં મોઢાં ન નાખવાં, પ્રણયમાં પાયમાલ ન થવું, શત્રુ-મિત્રને પહેચાનવા પડશે. લાંચની બદી દૂર કરવી પડશે, જાગૃતિ લાવવી પડશે.'

પ્રવચન આગળ ચાલ્યું, 'શ્વાનહિત વર્ધક મંડળની સ્થાપના કરી, ગામેગામ આવાં મંડળો ઊભાં કરવાનું હું ગંભીરપણે વિચારી રહ્યો છું. તેનાથી પણ આગળ જઈ અખિલ ભારત કક્ષાએ પણ એક મહાસંમેલન યોજાય એવું મારું સ્વપ્ન છે. તેને સાકાર કરવું આપના હાથની વાત છે. આપણા સંગઠન પર આપણી શક્તિનો આંક નીકળશે.

વચ્ચે વિનમ્રતાથી એક નિવેદન કરી લઉં. હું જ્ઞાતિનો માત્ર અદનો સેવક રહેવા ઇચ્છું છું. મને પદનું પ્રલોભન નથી. પ્રતિષ્ઠાની પરવા નથી. પ્રસિદ્ધિથી હું પર થઈ ગયો છું. કૃપા કરી મને ક્યાંય સંડોવશો નહિ.'

આટલું સાંભળતાં જ સર્વે શ્વાનો એકી અવાજે બોલી ઊઠ્યાં,

'આપણે આજે જ, અત્યારે શ્વાનહિતવર્ધક સભાની સ્થાપના કરીએ છીએ અને તેના પ્રમુખ તરીકે આપને જ સ્થાન ગ્રહણ કરવાનું છે. આપના જેવા શ્વાનશ્રેષ્ઠ જ્ઞાતિમાં કોઈ છે જ નહિ. આપના ત્યાગ અને વૈરાગ્યને અમે જાણીએ છીએ. આપના નહિ પણ અમારા હિતને ખાતર આપને આ સ્થાન અવશ્ય સંભાળવું પડશે.'

ત્યાં તો ચારે તરફથી અભિનંદનનો વરસાદ મંડ્યો વરસવા. 'શ્વાનશ્રેષ્ઠ ઝિંદાબાદ! શ્વાનશ્રેષ્ઠ ઝિંદાબાદ!' ના નારાથી વાતાવરણ ભરાઈ ગયું. પ્રતિભાવ આપવા ગંભીર વદને શ્વાનશ્રેષ્ઠ ઊઠ્યા. પ્રવચન ફરી શરૂ કર્યું, 'ભાઈ, આપની લાગણી હું જીવનભર ભૂલી નહીં શકું. પરંતુ મને પ્રમુખસ્થાન માટે વિચારવાની તક આપો.'

ત્યાં તો સભામાંથી અવાજો શરૂ થયા, 'નહીં, હરગિજ નહીં, આપને પ્રમુખસ્થાન સ્વીકારવું પડશે.' અંતે શ્વાનશ્રેષ્ઠે પ્રમુખસ્થાન સ્વીકાર્યું. પરિચિતો અને સહાયકોને અન્ય હોદ્દા પર ગોઠવી દેવામાં આવ્યા. તેમનું પ્રવચન પૂરું થયું.

શેરીના એક-બે દાદાઓએ પણ પ્રવચન કર્યા. પ્રમુખશ્રીના નિવાસસ્થાન અને ભોજનની વ્યવસ્થા સમાજે સ્વીકારી. જેથી તેઓ સારી રીતે સેવા કરી શકે. પ્રશંસકોથી વીંટળાયેલ શ્વાન નેતા બહાર નીકળ્યા. માદા સમાજે 'અમારું પણ પ્રતિનિધિત્વ હોવું જોઈએ.' એવી શરમાતાં- શરમાતાં માગણી મૂકી અને નેતાઓએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો, 'કોઈપણ તકલીફ હોય તો અવશ્ય મળે' તેવું સૂચન પણ કર્યું.

પછી તો ગામે ગામ શ્વાનહિતવર્ધક સભાઓ સ્થપાણી. તમામનું સંગઠન કરી અખિલ ભારત કક્ષાએ મહાસંમેલનનો પ્રસ્તાવ પણ બધી સભાઓએ સ્વીકાર્યો અને એક જ વર્ષ બાદ મહાસંમેલનની દિલ્હીમાં તૈયારીઓ થવા લાગી. અનેક પ્રકારની વ્યવસ્થાની વિચારણા થઈ. આવાસ, ભોજન, સભામંડપ, મહેમાનો માટે રાત્રે મનોરંજન કાર્યક્રમ વગેરે જુદી જુદી સમિતિઓ રચાઈ. અમારા શ્વાન સમાજમાં એકતાની લહેર પ્રસરી ગઈ.

પચીસમી ડિસેમ્બર મહાસંમેલનની તારીખ નક્કી થઈ. જોરદાર પ્રચારકાર્ય શરૂ થયું. ગામેગામથી સંમેલનમાં ભાગ લેવા પ્રતિનિધિઓ રવાના થયા. દેહદમન કરી-કરી ક્ષીણ થઈ ગયેલ સાધુચરિત શ્વાનો આવ્યા, તો બબ્બે શેરીનું અન્યનું ઝૂંટવીને ખાઈ ખાઈ વકરી ગયેલા દાદા-શ્વાનો આવ્યા. સમજદાર, પ્રેમાળ અને સરળ શ્વાનો આવી પહોંચ્યા. આજીવન ભેખધારીઓ આવ્યા અને તકસાધુ શ્વાનો પણ આવ્યા.

આપણા શ્વાનશ્રેષ્ઠને સમયસર સંમેલનમાં પહોંચી શકાય એટલા ખાતર વીસમી ડિસેમ્બરે સાથે દસ સ્વયંસેવકના કાફલા સાથે વિદાય આપવામાં આવી. વિદાય સમારંભમાં શુભેચ્છાઓ આપવામાં આવી. હારતોરા પહેરાવવામાં આવ્યા.


દિલ્હીમાં સંમેલનની નાનામાં નાની બાબતને આખરી ઓપ આપવાની તડામાર તૈયારીઓ રાતદિવસ ચાલતી હતી. ત્યાં ચોવીસની ડિસેમ્બરે કોઈ સ્વયંસેવક આવી સમાચાર આપ્યા કે શ્વાનશ્રેષ્ઠ નામના આ સંમેલનના પ્રેરક ખુદ આવી પહોંચ્યા છે અને પાદરે બીમાર હાલતમાં પડ્યા છે. તાબડતોબ સ્વાગતસમિતિ હારતોરા અને પ્રાથમિક સારવારનાં સાધનો સાથે, બોંબ-વિસ્ફોટ જેવી કોઈ આકસ્મિક ઘટના તો નહીં બની ગઈ હોય, તેવી શંકા-કુશંકા સાથે આવી પહોંચી. શ્વાનશ્રેષ્ઠ બેભાન હાલતમાં પડ્યા હતા. પ્રથમ પાણીનો છંટકાવ કરવામાં આવ્યો. શ્વાનશ્રેષ્ઠે ધીરેધીરે આંખો ખોલી. સૌએ ખબરઅંતર પૂછ્યાં અને આવી હાલત થવાનું કારણ પૂછ્યું.

શ્વાનશ્રેષ્ઠ કહ્યું, 'મારી સાથે દસ સ્વયંસેવકો હતા. અમે સમયસર હતા. અમે સમયસર પ્રસ્થાન કર્યું હતું. પરંતુ ગામે ગામ જ્ઞાતિ બહુ નડી. આપણા જ જ્ઞાતિબંધુઓએ હુમલા કર્યા. સ્વયંસેવકોની સંખ્યા ધીરે ધીરે ઓછી થતી ગઈ. ન ભોજન મળ્યું ન વિશ્રામ મળ્યો. ગામે-ગામ થતા હુમલાને લીધે હું ક્યાંય મુકામ કરી જ ન શક્યો. એક ગામના પાછળ થાય તે બીજે ગામ પહોંચાડે. આ પ્રમાણે અહીં ધાર્યા કરતાં બે દિવસ વહેલો પહોંચ્યો છું.'

પત્રકાર શ્વનોએ કહ્યું, 'આપનો સંદેશ?'

શ્વાનશ્રેષ્ઠે કહ્યું, 'હું નિરાંતે જીવન જીવતો હતો. મારી પ્રતિષ્ઠા હતી. નાનો પરિવાર હતો. રહેવા-જમવાની કોઈ સમસ્યા નહોતી. એમાં મારામાં મહત્વાકાંક્ષા જાગી. મારી લાયકાતથી વધુ, ગજાબહારની કામના મારામાં જાગી. મેં મારી મહેચ્છા પૂરી કરવા આ અગનખેલનો આરંભ કર્યો. મહેલની કલ્પના નહોતી ત્યાં સુધી તો ઝુંપડી જ મહેલ હતી. પણ મને પૈસો, પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના જાગી. સુખની કલ્પના કરી અને જીવનમાં દુઃખની શરૂઆત થઈ.'

શ્વાનશ્રેષ્ઠને દવાખાનામાં દાખલ કરવામાં આવ્યા. તરત જ સારવાર શરૂ થઈ. સંમેલનમાં તેઓ ભાગ ન લઈ શક્યા, પણ તેમની પ્રતિમા પટાંગણામાં મૂકવામાં આવી. સૌએ પ્રતિમાને હાર પહેરાવ્યો. તેમની સેવાને બિરદાવવામાં આવી. જ્ઞાતિબંધુઓના કૃત્યને વખોડી કાઢવામાં આવ્યું. શ્વાનશ્રેષ્ઠને સાજા થઈ પાછા ફરવામાં એક મહિનો થયો. આવીને જોયું તો ત્યાં તમામ સભાઓનું વિસર્જન થઈ ચૂક્યું હતું. તેમના પરિવારનો કબજો કોઈ બીજાએ સંભાળી લીધો હતો. સ્થાન પર પણ બીજા અધિકાર જમાવી બેસી ગયા હતા. ભારે હૃદયે શ્વાનશ્રેષ્ઠે જંગલનો મારગ લીધો અને એકાંત જંગલમા આવેલી જગ્યામાં પર્ણકુટિ બાંધી રહેતા એક મહાત્માનાં ચરણોમાં શેષ જીવન વિતાવ્યું. ■



"ROLEX" Brand
**Rushabh**
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

હાસ્યની હેલી

# હાશ! મારો આજનો આખો દિવસ સુધરી ગયો!

મધુસૂદન પારેખ

માણસ માત્ર સામાન્ય સારા નરસા વહેમમાં માનતો હોય છે. અલબત્ત બૌદ્ધિકોની ન્યાત જુદી. જો વહેમો ના હોત તો જોશી ભૂવા, અઠવાડિક ભવિષ્ય છાપનારા વર્તમાન પત્રો, અને બીજા ય કેટલાક બેકાર હોત.

હું પોતે વહેમમાં માનું છું. પણ બીજા બધાથી અલગ રીતે વહેમ વિશે મારી માન્યતા જુદી છે. મારી રોજનીશીનું એક પાનું બોલે છે. સવારે મોડા ઊઠવાથી દિવસ સારો જાય છે એ વહેમ સાચો પડ્યો.

ઊઠીને બ્રશ લેવા ગયો ત્યાં સામે ખૂણે જ અમારા સમજદાર નોકરે સાવરણી ઊંધી મૂકેલી – એને શીર્ષાસન કરાવેલું. આવા સરસ શુકન થયાં એટલે મનમાં રાહત થઈ કે હવે દિવસ સારો જશે. સારા દિવસની આશામા જ બ્રશ, દાઢી ઇત્યાદિ શુભ કર્મો પતાવ્યાં.

ઘરમાં એકલ રામ, પત્ની પિયરમાં. એટલે મનપસંદ ચા, સવારના દસ વાગ્યા સુધીમાં ત્રણ ચાર કપ પિવાય એટલી બનાવવા માટે રસોડામાં પ્રયાણ કર્યું.

ગેસ પર દૂધની તપેલી ચડાવતા, ન જાણે કેમ હાથ વંકાયો કે તપેલીનું છટકવું એટલે એ વાંકી વળી ગઈ અને નિરાંતે દૂધધારા વહેવા લાગી.

આપણે તો ખુશ ખુશ, દૂધ ઢોળાય એવાં શુભ શુકન સવાર-સવારમાં થાય એ તો...કોની કૃપા કહીશું? આપણા નસીબની જ તો! ઢોળાયેલા દૂધ પ્રત્યે અમે આનંદ પ્રગટ કર્યો. કેવા સરસ શુકન કરાવ્યાં, ચા પીવાની, રોજ કરતાં ય વધારે મજા આવી.

લોકો ભલે દૂધ ઢોળાય તે અપશુકન માને મને શુકનમાં જ ટેસ્ટી ચા પીવા મળી. રોજ આમ તપેલીમાંથી દૂધ છલકાઈને નીચે ઢોળાય તો કેવા શુકન રોજેરોજ થાય.

ના ભાઈ ના, એવા શુકન તો મોંઘા પડે, પત્ની હાજર હોય તો ખખડાવી નાખે. રોજેરોજ દુધ ઢોળીને દેવાળું કઢાવવું છે?

અલબત્ત આવી ઘટનાઓ અચાનક બને તોજ ભાગ્ય ઊઘડે.

ચાનો ભરેલો કપ લઈને આરામથી ખુરશી પર બેસીને ચાની ચુસ્કીઓ ભરી.

નહાવાનો સમય થયો એટલે ઘડિયાળમાં નજર નાખી... 'વાહ વાહ' હજી તો સાત જ થયા છે. ઘડિયાલ બંધ અને કાંટા મૌન વિસામો ધારણ કરીને બેઠા હતા. સમય પણ આરામ કરે છે એ જાણી ખુશી થઈ. રજાનો દિવસ હતો એટલે બંધ ઘડિયાળ આશીર્વાદ બની ગઈ. ચાલો હજી સાડા સાત જ થયા છે. બીજો એકાદ કપ ચાનો ઠસાવી દઈએ.

ચાનો બીજો કપ રસોડામાંથી ભરીને આવ્યો એટલામાં બારણાની ઘંટી વાગી. બારણાં ઊઘાડ્યાં, જોયું તો રોજરોજ મફતિયું છાપું વાંચનારા પડોશી હતા. એ નિરાંતે તેમના પિતાશ્રીનું મકાન હોય તેમ અંદર પ્રવેશ્યા. એમની પાછળ ઝડપથી ચાલવામાં મારું એક ચંપલ ઊંધું વળી ગયું. હું તો આવી બાબતોમાં બેધ્યાન હોઉં છું, પણ પાડોશી કહે : 'તમારું એક ચંપલ ઊંધું વળી ગયું છે.'

'ભલેને ઊંધા પડવાની મોજ માણે!'

'અરે, તમે સમજો! ચંપલ ઊંધા ચત્તા હોય તો ઝઘડો થાય...'

'કોની વચ્ચે? બે ચંપલો વચ્ચે?'

પડોશી કચવાયા : 'અરે ઘરમાં જે કોઈ હોય તેની સાથે ઝગડો થાય.'

'પણ ઘરમાં તો તમે અને હું એમ બે જ જણા છીએ. પછી ઝઘડો કોણ કરવાનું હતું?'

પડોશીના મનમાં અજંપો ચૂમવા માંડ્યો. એ જ સમયે ખુલ્લા બારણેથી પડોશી વિભાબહેન આવ્યા, મને કહે 'ગઈકાલે સાંજે સત્યનારાયણી કથા હતી. પ્રસાદ લાવી છું.'

આપણે ખુશ ખુશ. એ ગયાં એટલે મેં પડોશીને ટકોર કરતાં કહ્યું : 'જુઓ, ચંપલ ઊંધું પડ્યું તેમાં શીરાનો પ્રસાદ મળ્યો.' પણ એમના મનનું સમાધાન ના થાય તો નસીબ એમનાં!

ચંપલ જેમનાં તેમજ રહ્યાં. એ છાપું વાંચીને નિરાંતે, ચંપલ પર તિરસ્કાર ભરી નજર નાખી ચાલતા થઈ ગયા. એમને ચંપલ સીધું કરવાની તસ્દીમાં કશો લાભ જોયો નહિ હોય.

રજાનો દિવસ હતો. ટીફીન આવવાની વાર હતી એટલે જરા લટાર મારી આવવા માટે નીકળતો હતો ત્યાં પગથિયાંની સામે જ મઝાનો એક ગધેડો!

આપણે તો રાજી રાજી. ગોરો ગોરો ગધેડો ને મઝાનું વગર પૈસે સાંભળવા મળ્યું 'હોંચી, હોંચી, હોંચી' નું સુમધુર સંગીત!

મને ગાયના શુકન માટે વહેમ છે. બચપણમાં રસ્તે ઊભેલી ગાયનું પૂછડું આમળવાનો પ્રયોગ કરવા જતાં ગાયે 'ગોથાપ્રસાદ'

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૮ ઉપર)

હાસ્યની હેલી

# એરિસ્ટોટલ અને શેઠ બ્રધર્સ

હરીશ મહુવાકર

એરિસ્ટોટલે પુનઃ અવતાર ધારણ કર્યો છે. એ વખતે એમને એક શરીર હતું. એમના કાર્યથી ખુશ થઈ ઈશ્વરે એમની નોંધ લીધી અને આ વખતે એમને બે શરીર આપ્યાં. એમણે ગ્રીસ દેશની સેવા કરી પણ ઈશ્વરને અમારા ભાવનગર શહેરની ને સમગ્ર દેશની દયા આવી. એથી એરિસ્ટોટલ બે શરીર સ્વરૂપે ભાવનગરમાં 'અવતાર ધરીને આવે છે' શેઠ બ્રધર્સ સ્વરૂપે! અશોકભાઈ અને દેવેનભાઈ!

મને ખબર છે તમે કોઈ વાત માનો નહિ. સાબિતી જોઈએ. તો લો આ થોડા ગાંઠિયા ખાવ. અર્ધી કલાક જવા દો ને પછી તમને એરિસ્ટોટલ અને શેઠ બ્રધર્સની વાત સમજાઈ જશે. મારું કહેવાનું એમ થાય છે કે ગાંઠિયા આ બે વચ્ચે સેતુ રચી આપે છે.

અમારે ભાવનગરવાળાને ગાંઠિયા ઝાપટવા બહુ જોઈએ. રવિવાર સ્પેશિયલ ડ્યુટી પર હોય કોઈ પણ હસબન્ડ. સવારમાં ઊંઘ જામતી હોય ત્યાં શ્રીમતી ખખડાવે, 'એઈ, તમને કહું છું, આજે રવિવાર છે.'

'હા, છે તો? સૂવા દેને.'

'ગાંઠિયા લઈ આવો પછી સૂઈ જજો.'

હવે કહો, કયો કાકો જાગીને એક-દોઢ કિ.મી. દૂરની સારી દુકાને ગાંઠિયા લઈ આવ્યા પછી ઊંઘવાનો? અલબત્ત આપણને સહુને ખબર છે કે કષ્ટ ઉઠાવ્યાનું સારું પરિણામ મળતું હોય છે એમ ગાંઠિયા લઈ આવ્યા પછી ગરમા-ગરમ ચા સાથે ઝાપટવાની લહેજત આવી જાય તેની ના નહિ. તળેલા તીખા મરચા ને પપૈયાની ચટણીને આદુવાળી ચા ને માથે કિલ્લોલ કરતો પરિવાર હો અને ખુદ ખુદા આવીને કહે, 'માંગ માંગ, શું જોઈએ?' તો આ બંદો કહી દેવાનો, 'પ્રભુ, એક કલાક પછી પ્રગટ થજો ને.'

અમે ભાવનગરના અલબત્ત અમેરિકા સ્થિત ભાવનગરી સ્વ. શ્રી કિશોર રાવળ અમે ભાવનગરના એવું કહે — મહેમાનો આવે ત્યારેય હરખપદુડા ને જાય ત્યારેય હરખપદુડા આ ગાંઠિયાના નાતે. ગાંઠિયા ન ખવડાવીએ એવું બને જ નહિને પણ જતી વખતેય ગાંઠિયાના પડીકા હાથોહાથ અંબાવી જ દઈએ. એક વખત અમે નૈનીતાલ સ્થિત શ્રી અરવિંદ આશ્રમના સંચાલકને ગાંઠિયા આપ્યા ત્યાં તો શ્રી અરવિંદનો ચમત્કાર અમને થયો. સંચાલક કહે, 'ભાવનગર સે આયે હો ના?' અમે પૂછ્યું, 'આપકો કૈસે માલૂમ હુવા?' અરે, સિર્ફ ભાવનગરવાલે હી કુછ લેકે આતે હૈ, ઔર આપકા યે ગાંઠિયા બહુત બાર મિલ ચૂકા હૈ. આપકે ભાવનગર કી શાન હૈ ના?' કહો હવે હિમાલયના ઉત્તુંગ શિખરો સર ન કરીએ તો ચાલે કે નહિ? તમારા શહેરને કોઈ આમ યાદ કરે ત્યારે છાતી છપ્પનની નહિ એકસો બારની થઈ જાય કે નહિ?

ઘણા માણસોને પગે 'વા' હોય છે પણ મોટાભાગનાને પેટમાં 'વા' હોય જ. કેટલાક વહેમના 'વા' માં ફસાયેલા પડ્યા હોય. પરંતુ મન 'વા' એક વિશિષ્ટ રોગ છે જેમાં અન્યને મુશ્કેલીમાં મૂકવાનું મુખ્ય કાર્ય હોય છે. યુક્તિઓ પ્રયુક્તિઓ વડે તેમના મનમાં ભરાયેલો 'વા' આપણા ઉપર ઢોળે ત્યારે એમનું વિરેચન થાય છે. મતલબ મન શાંતિ પામે છે એમનું અને ભયના કંપન થકી મન અશાંતિ પામે છે આપણું. એરિસ્ટોટલનું બાકી રહેલું કાર્ય અમારા શેઠ બ્રધર્સ કરે છે. મોટા માણસોના કાર્યો કાળક્રમને વટાવી પૂરા થાય તે આનું નામ. ગાંધીજીનું સફાઈ અભિયાન હવે આપણે આદર્યું કે નહિ?

પણ ઘણી વખત 'વા' ચડી જાય. એક વખતે મારે લમણે આ એરિસ્ટોટલ ભણાવવાનો આવ્યો. મારા વિદ્યાર્થીઓ બધી રીતે બિચ્ચારા ને ગરીબ હોય. મને એ ધ્યાનભરી નજરે જુએ. ને હું એમને. મને એમનો ભય લાગે, એમને મારો. કોઈ કાળે અમારું કન્ફ્યુઝનનું કેથાર્સીસ નો થાય. મારા લેક્ચરના અંતે હું એરિસ્ટોટલ કેટલી વખત બોલ્યો એવું મને ગણીને બતાવે. ટોળામાંથી ક્યારેક 'આ ટોટાપીસણીયાએ તો નખ્ખોદ વાળ્યું' એવું સંભળાય. અલબત્ત એ એરિસ્તોતાલને કહેતા હશે કે મને એ મને હજુય સમજાયું નથી. આખીય વાતને સમજાવ્યા પછી મેં એમને શેઠ બ્રધર્સના કાયમ ચૂર્ણનો ફાયદો સમજાવ્યો. એ કેવી રીતે કામ કરે તે સમજાવ્યું ત્યારે એમને કેથાર્સીસમાં ગડ પડી.

તમને ન પડી? હવે લ્યો આ અઢીસો ગાંઠિયા. એકલા માટે ઘણા ઘણા થઈ રહેશે. ખાવ ખાવ તમતમારે. જુઓ હવે વાત એક - ચણાનો લોટ, બે-તળવા માટેનું ગમ્મે તેવું તેલ, ત્રણ-હિંગ, સંચળ, ઈ.મસાલો, ચાર તળેલા તીખા મરચા. આટલું ડમ્પિંગ ક્યાંયે ભેગું થાય તો પેટ કંપન મચી જાય કે નહિ? વલ્કેનીક ઈરપ્શન જ્વાળામુખીનો લાવા ધડાકા સાથે બહાર આવે અને શાંત રીતે પણ લાવા બહાર આવે ને ઘણી વખત માત્ર નીકળે ધુમાડા. પેટકંપન મચ્યે આમાંથી કોઈ પણ શક્યતા નકારી શકાય નહિ. જ્વાળામુખીની આ પ્રક્રિયા ત્વરિત કે પછીથી વિનાશ સર્જે એમ જ પેટકંપન ઘાતક, વિનાશક. બાજુમાં બેઠેલા કે દૂર, પરંતુ વર્તુળ

મર્યાદામાં આવનારને વાઈફાઈ કનેક્શન જેમ અસર કરે જ. અમને pity થાય સ્વયંની ને ખાધા હોય તેની. Fear માંથી બચવા સારુ અમે શેઠ બ્રધર્સને ઘરમાં અચૂક સ્થાન આપીએ. એરિસ્ટોટલ ઇચ્છતો હતો તે જ શેઠ ભાઈઓ પણ ઇચ્છે છે!

કેથાર્સીસ બાબતે-વિરેચન અંગે, દેહ શુદ્ધિકરણ અંગે ભાતભાતનાં મંતવ્યો છે. પણ મૂળ હકીકત એ છે કે કેટલાક લોકો વાયડા હોય છે. કશું સીધું લે નહિ. હવે વાયડા લોકો ગ્રીસમાં હતા. સોક્રેટિસને ઝેર પાનારા એ જ તો હતા. આવા લોકો કાળક્રમે યુરોપમાં ફેલાયા, ઇંગ્લેન્ડ ગયા ને ઇંગ્લેન્ડથી ભારત આવ્યા. અંગ્રેજો ને એમ વાયડાઓએ ભારતપ્રવેશ કર્યો ને પછી ફૂલ્યા-ફાલ્યા. આવા લોકો એમ કહે છે : એરિસ્ટોટલના બાપા વૈદ્ય હતા એટલે એ વાત માત્ર દેહશુદ્ધિની છે. પણ ટ્રેજેડીમાં ક્યાં દેહશુદ્ધિ જરૂરી છે! મન 'વા' નું વિરેચન કરવાનું છે. આટલી સાદી વાત તેમને ગળે ઉતરતી નથી. એરિસ્ટોટલની વાત શેઠ બ્રધર્સ બીજી રીતે સમજાવે. એરિસ્ટોટલ કહે તેમ ટ્રેજેડી જુઓ ને મન 'વા' છૂટો થાય. આ ભાઈઓ કહે, 'સાંજે એક ચમ્મચ, સવારે નો મચ મચ.' એટલે અમારે ભાવનગર ડિલે નરવું રહેવાનું કારણ સમજાયું? અમારે 'કાયમચૂર્ણ' ને 'કો'ક દિ ચૂર્ણ' એમ સમાંતરે ભાવનગરમાં વેચાય છે.

એરિસ્ટોટલે થિયરી આપીને લોક કેળવણી કરવાનું મુનાસીબ માન્યું. નાટકો જોતો જાય ને વિવેચન કરતો જાય. દાખલા દલીલો આપીને માંડીને વાત કરે. એથી એનું વિવેચન ધારદાર, અસરકારક, કાયમી રહ્યું. શેઠ બંધુઓએ એક વખત નાતો જોડ્યો કે પછી ફેવિકોલ કા બોન્ડ. એમણેય બાગ ખૂંદ્યા ને બગીચા ખૂંધ્યા, વનમાં ગયા ને ખેતરોના શેઢે ગયા. પૌરાણિક ગ્રંથો ને આધુનિક ગ્રંથોનો વિહાર કર્યો. આમ એમના ઉદ્યમથી આ ઔષધિઓનો થાળ રજૂ કરી આપ્યો. ગાંઠિયાનો થાળ નો હોય, ડીશ હોય તો ગાંઠિયા તો તમારી સામે છે જ. એટલે ગાંઠિયા વિના ઔષધિ નકામી. એ નકામી જાય તે પાલવે નહિ અને એથી ગાંઠિયા ત્યાં આવડા આ શેઠિયા.

એરિસ્ટોટલનું કામ અઘરું હતું આપણને નાટક સુધી દોરી જવાનું. નાટક માણસ હરરોજ કરે. રોજિંદી ઘટમાળમાં પણ જોવા જવાની વાત આવે તો થિયેટર લગી જાય નહિ. એ જમાનામાં બીજા કોઈ સાધનો મનોરંજનના નહોતા પણ અટાણે તો ઘરે બેઠા તમારી સામે બધા નાચવા આવે. આ મહાપુણ્યશાળી આત્માનું અધૂરું કાર્ય અમારા આ બંધુઓએ વર્તમાનની નાડ પારખીને હાથમાં લીધું ને ફિલ્મ બનાવી 'પીકુ' બચ્ચારા અમિતાભભાઈને હાથો બનાવ્યા. આ ભાઈઓની જૂની જાહેરાતોમાં એક માણસ બંદૂક લઈ કેટલાક એસિડીટી, ગેસ, કબજિયાત નામના દુષ્ટોને ગોળી મારી ખતમ કરવા ઇચ્છે છે પરંતુ ગોલીઓ કા કુછ અસર નહિ હોતા એવું એક જંગલના મા'ત્યા કે' ય ને પછી હાથમાં પકડાવે કાયમચૂર્ણ. અમને જાહેરાત એટલે ગમતી કે અમારા ઘરે આવડું આ ચૂર્ણ રહેતું ને અમે જાણ્યે અજાણ્યે બોટલ હાથમાં રાખી 'ઢીંચક્યા...વ' કરતા. અલબત્ત બાપા ભાળે નહિ એમ. નહિતર આપણું વિરેચન વહેલી તકે થઈ જાય. બાપાને હંમેશાં ગાંઠિયા પ્રિય રહેતા ને મહુવા ગયા હોય એટલે અમારા માટે ગાંઠિયા અને કેળા આવી જ ગયા હોય ને અમને એ ભાવતું બધું. હજુય તે સાંકળ છૂટી નથી. પરંતુ એક વાત છે. આવડા આ બંધુઓએ મારા બાપાની સેવા ખાસ્સી લગભગ અઢી દાયકા સુધી કરેલી. એમને ખબર ન હોય એ સ્વાભાવિક છે કારણ કે મોટા માણસોની મદદ મળી જાય પણ વ્યક્તિ હંમેશાં અદશ્ય રહે.

ગૂંચવણો આવ્યા કરે જીવનમાં. ક્યાંયેથી વિરેચન થાય નહિ એવે વખતે બાપા સ્મરણમાં આવી રહે ને માર્ગો આપોઆપ ખૂલી જાય. આજેય આ એરિસ્ટોટલ, ગાંઠિયા ને શેઠ બ્રધર્સ મારા-અમારા-આપણા સહુ માટે એક સાંકળ બની હળવા કરતા રહે છે એથી વિશેષ તમને શું જોઈએ? હેં?? ■

## હાશ! મારો આજનો આખો દિવસ સુધરી ગયો!

(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)

ચખાડ્યો હતો.

એસ.એસ.સી. ની પરીક્ષા આપવા જતાં, મમ્મી-પપ્પાએ ગાયનાં શુકનની રાહ જોવામાં મને ઘરના ઓટલા પર જ દસ મિનિટ રોકી રાખ્યો હતો. એના ટેન્શનમાં મારું પેપર બગડયું. બસ, ત્યારથી હું ગાયના શુકન હરગીજ લેતો નથી.

ગધેડાના શુકને લટાર મારી આવ્યો. મજા આવી ગઈ. રસ્તામાં એક કોલેજફ્રેન્ડ મળી ગઈ. બંને ખુશ ખુશ. મેં કહ્યું, 'આપણને ગધેડાએ મેળવી આપ્યા!'

કોલેજ કન્યા આશ્ચર્યવિભોર! લટાર સ-ફળ! ઘરમાં પ્રવેશવા જતાં, ન જાણે ક્યાંથી, કેમ ઠોકર વાગી ગઈ.

મારું મન ખાટું ખાટું થઈ ગયું. હવે છેલ્લે છેલ્લે ઠોકરનાં 'શુકન?' હું ઓટલા પર બેસી પડ્યો.

ત્યા પોસ્ટમેન આવ્યો : 'સાહેબ રજિસ્ટર છે.' કવર ફોડ્યું તો ઇન્કમટેક્સમાંથી રૂપિયા દસ હજાર બસોનું રીફંડ હતું.

હાશ! મારો આજનો આખો દિવસ સારો ગયો! ■

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**

**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**



# બાબુડે જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામેજે ફ્લેટમેં બચુકાકાજી છોરી જાનકી જા વિયાં વા સે વિયાં ત ભરાભર થે વ્યા. બ્યા મડે પ્રસંગ પતે વ્યા અતરે ઘરવારા મડે દુઃખી હૃદયસે વિદાય ડેના ને છોરી ૩૦-૪૦ ડગલા મડ અગીયા વઈ વી ને તેરંઈ દોડધી દોડધી પાછી આવઈ ને ઘરમેં ઘુસે વઈ. મા પે ઐયાં વિદાય ડેને પુઆ હેડી રીતે તેરંઈ પાછો ઘરમેં ન અચાજે, અપશુકન અસુભ ચોવાજે. સે જરા તપાસ ત કર, છોરી કુલા પાછી આવઈ વી ને મા-પે કે કુરો ચેંતે?

બચુડો : (તપાસ કે ને ચેં) અનમેં ગભરાય જેડી કીં ગાલ ન વી. છોરી પંઢજે મોબાઈલજો ચાર્જર ભૂલે વઈ વી સે ખણેલા પાછી આવઈ વી.

## ખિલજા મ ભલા

મમ્મી : મુન્ની, શું રમતી વખતે બુમાબુમ કરવી જરૂરી છે? આ શાંતાબેનનો મોન્ટુ કેવો ચૂપચાપ રમે છે!

મુન્ની : અમે ઘર-ઘર રમીએ છીએ અને મોન્ટુ પપ્પા બન્યો છે એટલે એ ચૂપ જ રહે છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : શાબ્બાશ. તું કમાલનો છોકરો છે.

વિદ્યાર્થી : ના, હું તો અકબર અલીનો છોકરો છું.

☺ ☺ ☺ ☺ ☺

કનુભાઈ : મનુભાઈ,તેં બંગલાના ઝાંપા પર કાણો ચોકીદાર કેમ રાખ્યો છે?

મનુભાઈ : મેં જાણી જોઈને એની પસંદગી કરી છે. કારણકે એને જોઈને અપશુકન થાય. એટલે કોઈ ભિખારી માંગવા જ ન આવે.

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : આજે જમવામાં શું છે?

ભિખારણ : પાંચ જાતના શાક, ચાર જાતની દાળ, ત્રણ જાતના ભાળ, શ્રીખંડ, પૂરી, રોટલી, ભાખરી, બાજરાનો રોટલો અને મિક્ષ અથાણું.

☺ ☺ ☺ ☺ ☺

માંગીલાલ : મારી પત્ની રાતના દોઢ-બે વાગ્યા સુધી સૂતી જ નથી.

છોગીલાલ : જાગતી રહીને એ શું કરે છે?

માંગીલાલ : મારી રાહ જોયા કરે છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : એવી કઈ ચીજ છે જે ડાયનાસોરથી મોટી છે પણ તેમાં વજન જરા પણ નથી હોતું?

પર્વ : ડાયનાસોરનો પડછાયો.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમે માત્ર મારા માટે જ પાન કેમ લાવ્યા, તમારું પણ લાવવું હતું ને?

પતિ : તેની કોઈ જરૂર નથી. હું પાન ખાધા વગર પણ ચૂપ રહી શકું છું.

☺ ☺ ☺ ☺ ☺

અક્ષય : ડૉક્ટર સાહેબ, મને એવા સપના આવે છે કે હું ચાલતો હોઉં ત્યારે મારા પગમાં કાંટા ઘૂસી જાય છે.

મનોવૈજ્ઞાનિક : આજથી રોજ રાત્રે બુટ પહેરીને સૂવાનું રાખો.

☺ ☺ ☺ ☺ ☺

દુકાનદાર : આટલો તંદુરસ્ત થઈને ભીખ માંગવામાં શરમ નથી આવતી?

ભિખારી : શરમ તો આવે છે પણ માંગ્યા વિના લેવામાં સજા થાય છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલો તનુ-મનુ, બિલાડી પર લખેલો તમારા બંનેનો નિબંધ એકસરખો કેમ છે?

તનુ-મનુ : તે હોય જ ને સાહેબ. અમે બંનેએ એક જ બિલાડી પર નિબંધ લખ્યો છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : જનક, તેં શાળામાં ઘણી રજાઓ પાડી છે. બોલ તું અંગ્રેજી બોલી શકે છે?

જનક : હા... કેમ નહીં... જરૂર બોલી શકું છું.

શિક્ષક : બોલ જોઈએ...

જનક : અંગ્રેજી

☺ ☺ ☺ ☺ ☺

હસમુખ : ધારો કે તમે જંગલમાં સિંહ દર્શન કરવા ગયા હો અને એકાએક સિંહ તારી પત્ની અને સાસુ ઉપર હુમલો કરે તો તું કોને બચાવે?

મનસુખ : એમાં પૂછવાનું ન હોય. મારે તો એ બંનેથી સિંહને જ બચાવવાનો હોય.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# આંજો કાગર

શિષ્ટ વાંચન માટે ''મંગલ મંદિર'' પ્રથમ હરોળનું માસિક છે. તેમાં પીરસાયેલી સામગ્રી માટે પસંદગીનો અવકાશ નથી. પહેલે પાનેથી અંતિમ પૃષ્ઠ સુધી વાંચવું અનિવાર્ય થઈ પડે છે. ધન્યવાદ.

વિદ્વતવર્ય સ્વામી સચ્ચીદાનંદનો માર્ચ માસનો મંગલ મંદિરનો સોન કંસારીનો લેખ સ્પર્શી ગયો. વિશેષ એટલા માટે કે સોન કંસારી સાથે મારી અંગત લાગણી જોડાયેલી છે. બરડા ડુંગરના બે શિખરો આભાપર અને વેણુમાંથી આભાપરની ટોચ પર સોન કંસારીના ડેરા તરીકે ઓળખાતા સપાટ શિખર પર નાના એવા તળાવની આસપાસ આઠમી સદીથી તેરમી સદી સુધીના વર્ષોની કથા આલેખતા મંદિરોની શ્રેણી છે જે ગુજરાતના દેવાલય સ્થાપત્યના અભ્યાસમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

હવે વાત સ્વામીજીના લેખની.

સ્વામીજીના લેખમાંના ઉપરા ઉપર આવતા વાક્યો ઉપદેશાત્મક અને વ્યંગાત્મક હોવા છતાં મનનીય છે.

'કથા તો સ્ત્રીઓની જ હોય' – રાણી લક્ષ્મીબાઈ અને પદ્માવતીની યાદ અપાવે છે.

'પ્રવૃત્તિનો ત્યાગ જ્યારે આધ્યાત્મિક રીતે કે આદર્શની રીતે થવા લાગે ત્યારે પ્રજાનું પતન થવા લાગે. પ્રજાનું પતન એ જ રાષ્ટ્રનું પતન બની જાય.'

જ્યારે કોઈ બાબતે પસંદગીનો સવાલ આવે અને દ્વિધા ઉત્પન્ન થાય ત્યારે સ્વામીજીનું આ વાક્ય 'દુષ્ટથી છૂટવું તે પરાક્રમ છે, પણ સજ્જનને વિના કારણે છોડી દેવો એ પલાયનવાદ કહેવાય' – દિશા સૂચક બની રહે છે.

'વહેમ અને વહાલ એકસાથે ન રહી શકે. કદાચ રહે તો તે છેતરવા માટે જ રહે છે.'

'લોકો વારાંગનાને સહન કરી લે છે પણ કુંતીને સહન કરી શકતા નથી.'

'રૂપ ક્યાંય સખણું ન રહે. તે જ્યાં જાય અને જ્યાં રહે ત્યાં મોજા ઉત્પન્ન થાય. આ કુદરતી પ્રક્રિયા છે. તેથી ડાહ્યા લોકો રૂપને ઢાંકેલું રાખતા હોય. ઉઘાડો પૈસો લૂંટાઈ જાય તેમ ઉઘાડું રૂપ પણ લૂંટાઈ જાય.'

આવું ઉત્તમ સાહિત્ય પીરસવા માટે સ્વામીજીને તેમજ તંત્રીશ્રીને પુનઃ ધન્યવાદ.

***દિનકર મહેતા - અમદાવાદ***

***સૂર્યની જેમ બધાને ચમકવું છે પરંતુ તેના માટે પ્રથમ તો સૂર્યની જેમ જાતને બાળવી પડે છે!***

# અન્ય સંસ્થાના સમાચાર

## ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઇન્ડસ્ટ્રીઝ

ડિવિઝનલ રેલવે મેનેજર દ્વારા ભાવનગર ડિવિઝનની ૨૦૧૮ તથા ૨૦૧૯ એમ બે વર્ષ માટે ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટી (DRUCC)ની રચના તાજેતરમાં કરવામાં આવેલ છે. જેમાં ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન **શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહ** કે જેઓ મૂળ કચ્છ નલિયાના વતની છે અને વર્ષોથી ભાવનગરને કર્મભૂમિ બનાવી વિવિધ ક્ષેત્રે કામગીરી કરી રહ્યા છે, તેમની વરણી આ કમિટીમાં કરવામાં આવી છે. શ્રી મહેન્દ્રભાઈ આ સંસ્થા સાથે છેલ્લા ૩૨ વર્ષથી સંકળાયેલા છે અને વિવિધ હોદ્દાઓ પર કામગીરી કરી હાલમાં સંસ્થાના ચેરમેન તરીકે કામગીરી કરે છે. આ ઉપરાંત ભાવનગર કચ્છ સમાજના તેઓ સ્થાપક પ્રમુખ છે અને તે સંસ્થાની પણ છેલ્લા ૩૨ વર્ષથી જવાબદારી સંભાળી રહ્યા છે. તેમની વહીવટી કામગીરી અને બહોળા અનુભવને ધ્યાનમાં લઈ GERC ની સપ્લાય કોડ રિવ્યુ પેનલ, જિલ્લા રોજગાર સમિતિ, ભાવનગર સ્ટેશન કન્સલ્ટેટીવ કમિટીના સભ્ય તરીકે કામગીરી કરી રહ્યા છે. આ ઉપરાંત રાજ્ય અને જિલ્લાની ઘણી બધી કમિટીઓમાં ઉદ્યોગોના પ્રતિનિધિ તરીકે કામગીરી કરી રહ્યા છે. ભાવનગરના મહારાજા દ્વારા સ્થાપવામાં આવેલ તખ્તસિંહજી વિશ્રાંતિગૃહના પણ તેઓ ટ્રસ્ટી છે અને વેપાર ઉદ્યોગના પ્રશ્નોના નિરાકરણ માટે તેઓ સતત કાર્યશીલ છે. DRUCC કમિટીમાં તેમની વરણી થતાં ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝના સભાસદો તેમજ ભાવનગર કચ્છ સમાજના પરિવારજનો દ્વારા શ્રી મહેન્દ્રભાઈની પસંદગીને આવકારી છે. ■

## સરકારશ્રીની નવી યોજના : 'બ્લડ ઓન કોલ'

તા. ૨૧-૫-૨૦૧૮ને સોમવારથી '૧૦૪' નંબર ભારતમાં રક્તની જરૂરિયાતો માટે ખાસ નંબર બનશે. આ સેવાનું નામ છે ''બ્લડ ઓન કોલ.'' ૧૦૪ ઉપર ફોન કર્યા પછી ૪૦ કિ.મી.ની ત્રિજ્યામાં ૪ કલાકની અંદર રક્ત પહોંચાડવામાં આવશે. જેનો ચાર્જ રૂા. ૪૫/- બોટલ દીઠ અને પરિવહન માટે રૂા. ૧૦૦/- આપવાના રહેશે. તદુપરાંત આ નંબર (૧૦૪) ઉપર ફોન કરતાં ઘરમાં કે ઘરની આજુબાજુ પડોશમાં કોઈ પણ વ્યક્તિને ૩-૪ દિવસથી તાવ આવતો હોય તો અને તેને દવાખાને ન લઈ જવાય તેવી પરિસ્થિતિ હોય તો ડૉક્ટર અને આરોગ્યની ટીમ ઘરે આવશે અને તરતજ પ્રાથમિક સારવાર આપશે. આ સેવા નિઃશુલ્ક છે. સવારના ૮.૦૦ વાગ્યાથી રાત્રિના ૮.૦૦ વાગ્યા સુધીમાં ગમે ત્યારે ૧૦૪ નંબર ઉપર ફોન કરી શકો છો.

***દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ) - અમદાવાદ***
***મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮***

## NanoNine® શબ્દ રમત-૧૪૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ■ | ૭ | ૮ |
| | ■ | ૯ | | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | ૧૩ | |
| ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | ■ | ■ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | | | ■ | ૨૨ | |
| ■ | ૨૩ | | | ■ | ૨૪ | | ■ | ■ | ૨૫ | | ■ |
| ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | ૨૯ | ■ | ૩૦ | | ૩૧ | | ■ |
| | ■ | ૩૨ | ■ | ૩૩ | | ૩૪ | | ■ | | ■ | ૩૫ |
| ૩૬ | ૩૭ | | | ■ | ■ | ૩૮ | | ૩૯ | ■ | ૪૦ | |
| ■ | | ■ | ■ | ૪૧ | | | ■ | ૪૨ | | | ■ |
| ૪૩ | | | ■ | ■ | ■ | ■ | ૪૪ | ■ | ■ | ૪૫ | ૪૬ |
| ■ | | ■ | ૪૭ | | ૪૮ | ■ | ૪૯ | ૫૦ | ■ | ૫૧ | |
| ૫૨ | | | | ■ | ૫૩ | | | ૫૪ | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૬-૨૦૧૮)*

### આડી ચાવીઓ

૧. શાહીને ચૂસી લે તેવો એક જાતનો કાગળ (૪)
૪. સત્તા અને અધિકારવાળું (૪)
૭. અગ્નિ, દેવતા, લાય (૨)
૯. મારફાડ, તોફાન, ધીંગાણું (૪)
૧૦. ખનિજ કાઢવા માટેનો ખાડો, ઢોરને ખાવાનું (૨)
૧૧. મોટું યુધ્ધ, રણભૂમિ, યુધ્ધક્ષેત્ર (૫)
૧૨. યુધ્ધ, લડાઈ, જંગ (૩)
૧૩. એક નાનું વજન (૨)
૧૪. વશીકરણ, ધંતર મંતર (૩)
૧૫. વીસ કિલોનું જૂનું તોલ (૨)
૧૬. સહેજ ઈશારો કે સૂચના (૩)
૧૯. આસક્ત, લીન (૨)
૨૦. જરાયુ, ભૂત પલીત વશ કરવાની _____ વિદ્યા (૨)
૨૧. સમુદ્ર, દરિયો (૩)
૨૨. ભભકો, દેખાવ, છટા, ઢબછબ (૨)
૨૩. પંચ, પંચાતિયો (૩)
૨૪. પત્તો, ખબર, શોધ (૨)
૨૫. લોખંડ, અરે, ઓ, હે (૨)
૨૬. નોકરી, કામકાજ (અં) (૨)
૨૭. ખેતીની પેદાશ (૩)
૩૦. ધાણાની ભાજી (૪)
૩૧. અમીર ઉમરાવ (૨)
૩૩. આડી અવળી નવરાશની વાત, ગપ્પાં (૪)
૩૬. નાની નવલકથા, ટૂંકી વાર્તા (૪)
૩૮. નવાઈ, આશ્ચર્ય, અચરજ (૩)
૪૦. નહીં જન્મેલું, બકરો, કામદેવ, ચંદ્ર, રામના દાદા (૨)
૪૧. અંગૂછો, અંગ લૂછવાનો કટકો, નાહીને શરીર લૂછવા (૩)
૪૨. સુવાસિત, કામધેનુ ગાય (૩)
૪૩. અગ્નિ, ગુસ્સો, આકાશમાં રહેનાર કાલ્પનિક પક્ષી (૩)
૪૫. પહેલ પાડેલો હીરો, મૂર્ખ માણસ, લુચ્ચો, ખંધો માણસ (૨)
૪૭. ઉડાવનારું, અતિ ખર્ચાળ (૩)
૪૯. જંગલ, અરણ્ય (૨)
૫૧. નાનો દડો, બાંધો (૨)
૫૨. હિંદી આપણી _____ છે (૪)
૫૩. માતૃભૂમિ, જન્મભૂમિ (૬)
૫૪. મૂળ ગામ કે દેશ (૩)

### ઊભી ચાવીઓ

૧. શરાફ, નાણાવટી, પ્રામાણિક (૪)
૨. ઔષધિનો ભૂકો (૩)
૩. સોગન, કસમ, શપથ (૨)
૪. શૂળ ભોંકાય એવું (૩)
૫. ધૈર્યવાન, અડગ (૨)
૬. શરીરને શોભાવના વસ્ત્ર, આભૂષણ (૪)
૭. તાજમહાલ _____માં આવેલું છે (૨)
૮. ખિન્ન, ઉદાસ (૪)
૯. રેતીનું મેદાન, લડાઈનું મેદાન (૨)
૧૦. નાનો ખાટલો, માંચી (૩)
૧૪. મોટરગાડી (ઈં) (૨)
૧૫. હેતુ, અર્થ (૪)
૧૭. રસવાળું, ફળદ્રુપ (૩)
૧૮. માટીનો ગારો (૨)
૨૦. ભીડ, જમાવ, ટોળું (૩)
૨૧. કપડાં વણવાનું ઓજાર (૨)
૨૨. કવિ, વિદ્વાન, શાયરી રચનાર (૩)
૨૩. લપ, જલ્દી (૨)
૨૪. ગુજરાત તથા કેન્દ્રમાં શાસન કરનાર પક્ષ (૩)
૨૫. રેડિયો પર બીનાકા ગીતમાલાના ઉદ્‌ઘોષક : _____ સાયાની (૩)
૨૬. ચાર ગાઉનું અંતર (૩)
૨૮. ચાલવાનો અવયવ (૨)
૨૯. નામ, મંત્ર વગેરેનું રટણ (૨)
૩૦. એક ધાતુ, તાંબુ (અં) (૩)
૩૧. માછલું, બારમી રાશિ (૨)
૩૨. યુદ્ધ, કળિયુગ, અસૂર (૨)
૩૪. આનંદથી આમતેમ ફરવું તે (૩)
૩૫. શરમ, મર્યાદા, મલાજો (૨)
૩૭. વચનભંગી, વચન ન પાળતું (૫)
૩૮. માથે લેવાનું બેડું (૨)
૩૯. એક ઈંચ જેટલું માપ (૨)
૪૦. ધન્યવાદ, શાબાસી, જૈનોના ૨૪મા તીર્થંકર : _____ સ્વામી (૫)
૪૪. _____ વરસાદ, ઘેબરિયો પ્રસાદ (૩)
૪૫. ઈન્દ્રનું ઉપવન, દીકરો (૩)
૪૬. ગેડ, આંટી (૨)
૪૭. પરોઢ (૨)
૪૮. પાર્વતી (૨)
૫૦. એક સંખ્યા (૨)
૫૧. દિવસ (૨)

## NanoNine® શબ્દ રમત-૧૪૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફા | ધ | ર | | ધો | બી | પ | છા | ડ | | અ | મી |
| ગ | ડ | મ | થ | લ | | મ | લ | | સં | ક | ટ |
| ણ | | ખા | ડો | | ધ | રા | | મા | ત | બ | ર |
| | વે | ણ | | મે | | ટ | પા | લ | | ર | |
| વ | ડ | | ત | ળા | વ | | મ | ણ | કો | | ની |
| ખ | મી | સ | | વ | ન | ચ | ર | | ના | ગ | ર |
| ત | | હ | વા | ડો | | પા | | શ | ર્ક | રા | |
| | પ્ર | વા | લ | | પા | ટી | દા | ર | | સ | |
| ઉ | જા | સ | | ટો | ળી | | સ | મ | જ | દા | ર |
| | સ | | | ચ | | હ | | | ના | ર | દ |
| વ | ત્તા | ઓ | છા | | હ | લ | વો | | દે | | |
| હુ | ક | મ | | પે | | ફું | | | શ | રી | ર |

*માસ એપ્રિલ-૨૦૧૮ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૩૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. ચંદ્રકાંત લોડાયા - અમદાવાદ
૩. ચેતના વોરા - અમદાવાદ
૪. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૫. નીના ગોરજી - અમદાવાદ
૬. પ્રતિમા શાહ - અમદાવાદ
૭. શ્વેતા છેડા - અમદાવાદ
૮. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૯. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૦. જ્યોતિ ગડા - અમદાવાદ
૧૧. પારિતોષ મહેતા - અમદાવાદ
૧૨. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૩. વર્ષા પારેખ - અમદાવાદ
૧૪. સ્મિતા શાહ - અમદાવાદ
૧૫. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૬. રંજન શાહ - અમદાવાદ
૧૭. જયશ્રી સંઘવી - અમદાવાદ
૧૮. નિખિલ પરીખ - અમદાવાદ
૧૯. દર્શના શાહ - અમદાવાદ
૨૦. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૨૧. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૨૨. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૨૩. દમયંતી દંડ - અમદાવાદ
૨૪. મૂકેશ મૈશેરી - અમદાવાદ
૨૫. નવલ શાહ - અમદાવાદ
૨૬. સ્વાતિ ગાલા - અમદાવાદ
૨૭. પ્રભા શેઠિયા - વલસાડ
૨૮. હસમુખ દેઢિયા - અડાલજ
૨૯. નેમજી ગંગર - અડાલજ
૩૦. નવલ નીસર - સુરત
